## જ્ઞાન સ્થપાશે યુગો સુધી આપ્તવાણી થકી !!

જગત 'જેમ છે એમ' બધા ફોડ થયા છે, બધાં ફોડ પડી જવા દો. એકવાર જેટલી વાણી નીકળી જાય ને, એટલી નીકળી જવા દો. લોકો પૂછતાં જશે ને નવા નવા ફોડ નીકળતાં જશે. રોજ રોજ નીકળવા માંડે છે એ બધું છપાઈ જશે ને ! પછી એમાંથી બધું તારણ કાઢી અને લોકો જ્ઞાનનું સ્થાપન કરશે. એટલે આપ્તવાણીઓમાં તો આત્માનો અનુભવ મહીં કહેવામાં આવ્યો છે. એમાં બધું આવી જાય છે.

હું જે બોલું છું તે એક શબ્દેય 'આમણે' નીચે પડવા દીધો નથી. બધાં શબ્દો આમાં ટેપરેકર્ડમાં સંઘરી રાખ્યા છે અને વિજ્ઞાન છેને ! આ જગતમાં બધા શાસ્ત્રો જે છે, પુસ્તકો છે તે બધાં જ્ઞાનમય છે, આ એકલું વિજ્ઞાનમય છે. વિજ્ઞાન એટલે ઈટસેલ્ફ ક્રિયાકારી, તરત ફળ આપનારાં છે. 'મોક્ષ' તરત જ આપે.

\- દાદાશ્રી


આત્મવિજ્ઞાની 'એ. એમ. પટેલ.' ની મહીં પ્રગટ થયેલા

## દાદા ભગવાનના
## અસીમ
## જય જયકાર હો

ISBN 818972581-5

આ પ્ત વા ણી

શ્રેણી ૧



# આપ્તવાણી
## શ્રેણી- ૧

દાદા ભગવાન પ્રરૂપિત

# આપ્તવાણી

## શ્રેણી - ૧

સંપાદક : ડૉ. નીરુબહેન અમીન

પ્રકાશક : શ્રી અજિત સી. પટેલ
મહાવિદેહ ફાઉન્ડેશન
૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજ પાછળ,
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત.
ફોન : (૦૭૯) ૨૭૫૪૦૪૦૮, ૨૭૫૪૩૯૭૯

© All Rights Reserved - Dr. Niruben Amin
Trimandir, Simandhar City, Ahmedabad-Kalol Highway,
Adalaj, Dist. : Gandhinagar-382 421, Gujarat, India.

| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | : ૫૦૦૦ | વર્ષ - ૧૯૯૫ |
| દ્વિતીય આવૃત્તિ | : ૫૦૦૦ | વર્ષ - ૧૯૯૯ |
| તૃતીય આવૃત્તિ | : ૩૦૦૦ | વર્ષ - ૨૦૦૨ |
| ચતુર્થ આવૃત્તિ | : ૩૦૦૦ | મે, ૨૦૦૬ |
| ચતુર્થ આવૃત્તિ | : ૩૦૦૦ | મે, ૨૦૦૬ |

ભાવ મૂલ્ય : 'પરમ વિનય'
અને
'હું કંઈ જ જાણતો નથી', એ ભાવ !

દ્રવ્ય મૂલ્ય : ૫૦ રૂપિયા (રાહત દરે)

લેસર કંપોઝ : દાદા ભગવાન ફાઉન્ડેશન, અમદાવાદ.

મુદ્રક : મહાવિદેહ ફાઉન્ડેશન (પ્રિન્ટીંગ ડિવિઝન),
પાર્શ્વનાથ ચેમ્બર્સના ભોંયરામાં,
નવી રિઝર્વ બેંક પાસે, ઉસ્માનપુરા, અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૭૫૪૨૯૬૪, ૨૭૫૪૦૨૧૬

## સમર્પણ

વિકરાળ કળિકાળ અશાંતિના
સંસાર સાગરના ઝંઝાવાતમાં જાગતિક
માનવ-મન મછવાઓના લાંગરવારૂપ
મનશાંતિ-બંદર અર્ધવિકસિત
ભારતવર્ષ બની રહે,
પૂર્ણ વિકસિત વૈજ્ઞાનિક જગતને વિશે,
એવી જગતકલ્યાણ ભાવના પ્રેરિત
વાત્સલ્યમૂર્તિ 'દાદા ભગવાન'ના
જગતકલ્યાણી મનોશાંતિ યજ્ઞે
અમ સૌ મુક્ત-સંસારી દાદા-આશ્રિતો થકી
કવિરાજ નવનીત રચિત
પદ્યભાવે પરમઋણીય સમર્પણ

* * *

## આપ્ત વિજ્ઞાપન

હે સુજ્ઞજન ! તારું જ સ્વરૂપ આજે હું તારા હાથોમાં આવું છું ! તેનો પરમ વિનય કરજે કે જેથી તું તારા થકી તારા સ્વ-ના જ પરમ વિનયમાં રહીને સ્વ-સુખવાળી, પરાધીન નહીં એવી, સ્વતંત્ર આપ્તતા અનુભવીશ !

આ જ સનાતન આપ્તતા છે - અલૌકિક પુરુષની આપ્તવાણીની !

આ જ સનાતન ધર્મ છે - અલૌકિક આપ્તતાનો.

– જય સચ્ચિદાનંદ



ત્રિમંત્ર

## દાદા ભગવાન પ્રરૂપિત આધ્યાત્મિક પ્રકાશનો

૧. ભોગવે તેની ભૂલ
૨. બન્યું તે જ ન્યાય
૩. એડજસ્ટ એવરીવ્હેર
૪. અથડામણ ટાળો
૫. ચિંતા
૬. ક્રોધ
૭. માનવધર્મ
૮. સેવા-પરોપકાર
૯. હું કોણ છું ?
૧૦. દાદા ભગવાન ?
૧૧. ત્રિમંત્ર
૧૨. દાન
૧૩. મૃત્યુ સમયે, પહેલાં અને પછી
૧૪. ભાવના સુધારે ભવોભવ
૧૫. વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર સ્વામી
૧૬. પૈસાનો વ્યવહાર (ગ્રં., સં.)
૧૭. પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર (ગ્રં., સં.)
૧૮. મા-બાપ છોકરાંનો વ્યવહાર (ગ્રં., સં.)
૧૯. પ્રતિક્રમણ (ગ્રંથ, સંક્ષિપ્ત)
૨૦. સમજથી પ્રાપ્ત બ્રહ્મચર્ય (ગ્રં., સં.)
૨૧. વાણીનો સિદ્ધાંત
૨૨. કર્મનું વિજ્ઞાન
૨૩. પાપ-પુણ્ય
૨૪. સત્ય-અસત્યના રહસ્યો
૨૫. અહિંસા
૨૬. પ્રેમ
૨૭. ચમત્કાર
૨૮. વાણી, વ્યવહારમાં....
૨૯. નિજદોષ દર્શનથી, નિર્દોષ
૩૦. ગુરુ-શિષ્ય
૩૧. આપ્તવાણી - ૧
૩૨. આપ્તવાણી - ૨
૩૩. આપ્તવાણી - ૩
૩૪. આપ્તવાણી - ૪
૩૫. આપ્તવાણી - ૫-૬
૩૬. આપ્તવાણી - ૭
૩૭. આપ્તવાણી - ૮
૩૮. આપ્તવાણી - ૯
૩૯. આપ્તવાણી - ૧૦ (પૂ.,ઉ.)
૪૦. આપ્તવાણી - ૧૧ (પૂ.,ઉ.)
૪૧. આપ્તવાણી - ૧૨ (પૂ.,ઉ.)
૪૨. આપ્તવાણી - ૧૩ (પૂ.,ઉ.)
૪૩. આપ્તવાણી - ૧૪ (ભાગ ૧-૨)
૪૪. આપ્તસૂત્ર
૪૫. ક્લેશ વિનાનું જીવન

**(ગ્રં.-ગ્રંથ,સં.-સંક્ષિપ્ત, પૂ.-પૂર્વાર્ધ, ઉ.-ઉતરાર્ધ)**

- હિન્દી, અંગ્રેજી, મરાઠી, તેલુગુ તથા સ્પેનીશ ભાષામાં ભાષાંતરિત થયેલા પ.પૂ. દાદા ભગવાનના પુસ્તકો પણ ઉપલબ્ધ છે.

**'દાદાવાણી' મેગેઝિન દર મહિને ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થાય છે.**



## 'દાદા ભગવાન' કોણ ?

જૂન ૧૯૫૮ની એ સમી સાંજનો છએક વાગ્યાનો સમય, ભીડમાં ધમધમતાં સુરતનાં સ્ટેશન પર બેઠેલા એ.એમ.પટેલ રૂપી દેહમંદિરમાં 'દાદા ભગવાન' સંપૂર્ણપણે પ્રગટ થયા અને કુદરતે સર્જ્યું અધ્યાત્મનું અદ્ભૂત આશ્ચર્ય ! એક કલાકમાં વિશ્વદર્શન લાધ્યું ! 'આપણે કોણ ? ભગવાન કોણ ? જગત કોણ ચલાવે છે ? કર્મ શું ? મુક્તિ શું ? 'ઈ. જગતનાં તમામ આધ્યાત્મિક પ્રશ્નોનાં સંપૂર્ણ ફોડ પડ્યા !

એમને પ્રાપ્તિ થઈ તે જ રીતે માત્ર બે જ કલાકમાં, અન્યને પણ પ્રાપ્તિ કરાવી આપતાં, એમના અદ્ભૂત જ્ઞાનપ્રયોગથી ! એને અક્રમ માર્ગ કહ્યો. ક્રમ એટલે પગથિયે પગથિયે, ક્રમે ક્રમે ઊંચે ચઢવાનું ! અક્રમ એટલે ક્રમ વિનાનો, લિફટ માર્ગ ! શોર્ટકટ !!

તેઓશ્રી સ્વયં પ્રત્યેકને 'દાદા ભગવાન કોણ ?'નો ફોડ પાડતા કહેતાં કે, ''આ દેખાય છે તે 'દાદા ભગવાન' ન્હોય, અમે તો જ્ઞાની પુરુષ છીએ અને મહીં પ્રગટ થયેલા છે તે દાદા ભગવાન છે, જે ચૌદલોકના નાથ છે, એ તમારામાંય છે, બધામાંય છે. તમારામાં અવ્યક્તરૂપે રહેલા છે ને 'અહીં' સંપૂર્ણપણે વ્યક્ત થયેલા છે ! હું પોતે ભગવાન નથી. મારી અંદર પ્રગટ થયેલા દાદા ભગવાનને હું પણ નમસ્કાર કરું છું.''

## આત્મજ્ઞાન પ્રાપ્તિની પ્રત્યક્ષ લિંક

પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી) ગામેગામ-દેશવિદેશ પરિભ્રમણ કરીને મુમુક્ષુ જીવોને સત્સંગ તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરાવતાં હતાં. દાદાશ્રીએ પોતાની હયાતીમાં જ પૂજ્ય ડૉ. નીરુબહેન અમીન (નીરુમા)ને આત્મજ્ઞાન પ્રાપ્તિ કરાવવાની જ્ઞાનસિદ્ધિ આપેલ. દાદાશ્રીના દેહવિલય બાદ નીરુમા તે જ રીતે મુમુક્ષુ જીવોને સત્સંગ તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિ નિમિત્ત ભાવે કરાવતા હતા. પૂજ્ય દીપકભાઈ દેસાઈને દાદાશ્રીએ સત્સંગ કરવા માટે સિદ્ધિ આપેલ. નીરુમાની હાજરીમાં તેમના આશીર્વાદથી પૂજ્ય દીપકભાઈ દેશ-વિદેશોમાં ઘણાં ગામો-શહેરોમાં જઈને આત્મજ્ઞાન કરાવી રહ્યા હતા. જે નીરુમાના દેહવિલય બાદ ચાલુ જ રહેશે. આ આત્મજ્ઞાન મેળવ્યા બાદ હજારો મુમુક્ષુઓ સંસારમાં રહીને જવાબદારીઓ પૂરી કરતાં પણ મુક્ત રહી આત્મરમણતા અનુભવે છે.

## સંપાદકીય

'સર્વજ્ઞ દાદા ભગવાનની' પ્રગટ સરસ્વતી સ્વરૂપ વાણીનું અહીં સંકલન કરવામાં આવ્યું છે. જેના સુચરણોમાં કાળ, કર્મ ને માયા થંભી જાય છે એવા પરમાત્મા સ્વરૂપની હૃદયસ્પર્શી પ્રગટ વાણીએ કંઈ કેટલાંયને દિવ્યનેત્રી કરી દીધા છે ! આશા છે કે જે કોઈ આ મહાગ્રંથને 'સાચું જાણવાના કામી' થઈને વાંચશે, તેને અવશ્ય દિવ્યચક્ષુ પ્રાપ્ત થઈ જ જાય તેવું છે ! શરત એટલી કે અંદરથી દૃઢ ભાવના હોવી ઘટે કે કેવળ એક 'પરમ સત્ય'ને જ જાણવું છે, બીજું કંઈ જ જાણવું નથી અને બીજું કંઈ પણ જાણવાની થોડીઘણીય છૂપી આકાંક્ષા હશે તો તે મતાગ્રહને લીધે જ હશે. 'પરમ સત્ય' જાણવાની એકમેવ તમન્ના અને 'મતાગ્રહ' એ બેઉ વિરોધાભાસ છે ! મોક્ષ, મુક્તિ, આગ્રહ એ મતમતાદિથી ક્યારેય પ્રાપ્ત ના થાય. સંપૂર્ણ નિરાગ્રહી, નિષ્પક્ષપાતી થાય ત્યારે કામ સફળ થાય ! મોક્ષ તો 'જ્ઞાની પુરુષ'ના ચરણોમાં જ છે ! એવા મોક્ષદાતા જ્ઞાની પુરુષની જો ઓળખાણ થાય અને સાંધો મળી જાય તો મોક્ષ રોકડો હાથમાં મળી જાય ! આવો રોકડો મોક્ષ અનેક લોકોએ પ્રાપ્ત કર્યો છે અને તેય એક કલાકમાં જ ! માન્યામાં ના આવે, સાંભળવામાં પૂર્વે ક્યારેય પણ ના આવી હોય તેવી આ અપૂર્વ વાત છે, છતાંય અનુભવમાં આવેલી હકીકત છે !

મોક્ષ અતિ અતિ સુલભ છે પણ 'જ્ઞાની પુરુષ'નો ભેટો થવો અતિ અતિ દુર્લભ છે ! અને તેમની ઓળખાણ પડવી એ તો અતિ અતિ સો વખત દુર્લભ, દુર્લભ, દુર્લભ છે !

'પરમ સત્ય જાણવાના કામી'ને જ્ઞાની પુરુષનું વર્ણન ઓળખાણ માટે ઘણું જ ઉપયોગી થઈ પડશે. જ્ઞાની પુરુષની ઓળખાણ શી રીતે પડે ? શી રીતે ઓળખાય ?

જ્ઞાની પુરુષની ઓળખાણ એકમાત્ર તેમની વીતરાગ વાણી ઉપરથી થઈ શકે. બીજું કોઈ સાધન આ કાળમાં નથી. પૂર્વેના કાળમાં તો લોકો એટલા બધા ડેવલપ થયેલા હતા કે જ્ઞાનીની આંખ જોઈને તે વીતરાગતા ઓળખી જાય. જ્ઞાની પુરુષ સમય માત્ર વીતરાગતા વિહોણા ના હોય !

બાકી જ્ઞાની પુરુષને એમના ગુણોથી ઓળખવા જોઈએ. પણ



એમના ગુણોની ઓળખાણ સામાન્ય મનુષ્યને શી રીતે પડે ?

જ્ઞાની પુરુષને ૧૦૦૮ ગુણો હોય. એમાં મુખ્ય ચાર ગુણ જે કોઈનેય પ્રાપ્ત ના થાય તેવા હોય.

(૧) જ્ઞાનીમાં સૂર્ય ભગવાન જેવો પ્રતાપ હોય. ગજબના પ્રતાપી હોય. પ્રતાપ એમની આંખોમાં જ હોય. એ પ્રતાપ તો એ જ્યારે દેખાડે ત્યારે ખબર પડે !

(૨) ચંદ્રમા જેવી સૌમ્યતા હોય. સૌમ્યતા એવી હોય કે એની ઠંડકને લીધે સહુ કોઈ મહાત્માઓને જ્ઞાની પાસેથી ખસવાનું જ મન ના થાય. એમની સૌમ્યતા તો સૂર્યના તાપનેય ઓગાળી નાખે તેવી હોય. ગમે તેવો તપેલો આવે ને આંખોમાં સૌમ્યતા જોતાં જ ઠંડોગાર થઈ જાય. પ્રતાપ અને સૌમ્યતા બેઉ ગુણ એકસાથે એકમાત્ર જ્ઞાનીને જ હોઈ શકે. બાકી કેટલાકને એકલો પ્રતાપ હોય ને સૌમ્યતા ના હોય અને સૌમ્યતા હોય તેને પ્રતાપ ના હોય. યથાર્થ જ્ઞાનીને એક આંખમાં પ્રતાપ અને એક આંખમાં સૌમ્યતા હોય.

(૩) સાગર જેવી ગંભીરતા હોય. જે કોઈ જે કંઈ આપે તે સમાવી લે અને ઉપરથી આશીર્વાદ આપે.

(૪) સ્થિરતા, અડગતા તો મેરુ પર્વત જેવી હોય. બાહ્ય કોઈ પણ સંયોગ તેમની આંતરિક સ્થિરતાને હલાવી ના શકે. આ અડગતા અને સંગી ચેતનામાં બહુ ફેર છે. કેટલાક દીવા ઉપર દશ મિનિટ વગર હાલ્યે હાથ રાખે તેને સ્થિરતા ના કહેવાય. એ તો હઠાગ્રહ કહેવાય, અહંકાર કહેવાય. જ્ઞાની સંપૂર્ણ નિર્અહંકારી હોય, સહજ હોય. દેહની અસરની સાથે લેવા-દેવા નથી. જ્ઞાની તો જ્યાં દઝાવાય ત્યાં એક તો હાથ નાખે જ નહીં ને ભૂલથી પડી જાય તો ઝટ લઈ લે ! દેહ પણ સહજ સ્વભાવમાં હોય. બાકી અંદરથી જ્ઞાન સ્થિરતા ગજબની હોય ! ગમે તે સંયોગમાં અંદરનું એકેય પરમાણુ ના હાલે તેને અસલ સ્થિરતા કહી છે ! મહીં જરાય ડખો ના થાય, જરાય બળતરા ઉત્પન્ન ના થાય તે જ સ્થિરતા. બહારની બળતરા તે તો દેહના સ્વાભાવિક ગુણથી ઉત્પન્ન થયેલી હોય. તેને ને આંતરિક બાબતોને કંઈ સંબંધ નથી.

જ્ઞાનીમાં અપાર કરુણા હોય, કરુણાના ધામ હોય. એમનામાં દયાનો છાંટોય ના હોય. દયા એ તો અહંકારી ગુણ, દ્વંદ્વગુણ કહેવાય. દયા હોય ત્યાં નિર્દયતા બીજે ખૂણે ભરી પડેલી જ હોય. એ તો નીકળે ત્યારે જ ખબર પડે. જ્ઞાની દ્વંદ્વાતીત હોય. જ્ઞાનીની આંખોમાં નિરંતર અમીવૃષ્ટિ જ હોય. 'આ પેટ્રોલના અગ્નિમાં ભડકે બળતા જગતના તમામ જીવોને કેમ કરીને કાયમી ઠંડક આપું' એ જ ભાવના નિરંતર વહેતી જ હોય.

જ્ઞાનીમાં બાળક જેવી નિર્દોષતા હોય. બાળકને અણસમજણમાં નિર્દોષતા હોય, જ્યારે જ્ઞાનીમાં સંપૂર્ણ ટોચ પરની સમજસહિત નિર્દોષતા હોય. તે પોતે નિર્દોષ દૃષ્ટિ કરી સ્વયં નિર્દોષ થયા હોય અને આખાય જગતને નિર્દોષ જ જુએ ! આડાઈ તો નામેય ના હોય જ્ઞાનીમાં. આડાઈ એ અહંકારનો પ્રત્યક્ષ ગુણ છે. મોક્ષની ગલી બહુ સાંકડી છે. તેમાં આડા થઈને જવાય તેવું છે જ નહીં. સીધો થઈને ચાલે તો આરપાર નીકળી જવાય તેવું છે. આડાઈ એ તો મોટામાં મોટી સંસારની અટકણ છે. જ્ઞાનીની સરળતા એ તો વર્લ્ડમાં ટૉપ ઉપરની હોય. સંપૂર્ણ નિર્‌અહંકારી પદે વિરાજેલા હોવાથી જેમ કહો તેમ કરે તેવા હોય. કોઈ કહે, 'આ ગાદી ઉપરથી ઊઠી જાવ.' તો તે કહે, 'ચાલ ભાઈ તેમ કરું.' કોઈ ગમે તેટલી સળી કરે પણ જ્ઞાની તે સળીમાં આવી ન જાય. જ્ઞાનીને તો સળી કરો તો ખબર પડે કે કેટલી વીતરાગતા છે ! સળી કરે અને ફેણ માંડે તો સમજવું કે આ જ્ઞાની નહોય. જ્ઞાની પુરુષમાં આગ્રહનું એકેય પરમાણુ ના હોય. સંપૂર્ણ નિરાગ્રહી હોય, આગ્રહ એ તો વિગ્રહ છે અને નિરાગ્રહથી મોક્ષ છે. ભગવાને કશાયનો પણ આગ્રહ કરવાની ના કહી છે. એકમાત્ર મોક્ષ માટે જ જ્ઞાની પુરુષનો આગ્રહ રાખજે. કારણ કે તેમનાં જ ચરણોમાં મોક્ષ છે. જ્ઞાની મળે અને તેમની જો કૃપાદૃષ્ટિ પ્રાપ્ત થાય તો મોક્ષ સહેજે હાથમાં આવી જાય તેમ છે !

જ્ઞાનીનો પ્રેમ તે શુદ્ધ પ્રેમ અને તે પરમાર્થ પ્રેમનું અલૌકિક ઝરણું હોય. એ પ્રેમઝરણું આખાય જગતના અગ્નિને ઠારે.

મોટામાં મોટી વાત તો એ કે જ્ઞાની પુરુષ સંપૂર્ણ નિષ્પક્ષપાતી હોય. જો પક્ષમાં પડ્યો તો મતાંધ થયો કહેવાય. મતાંધ ક્યારેય પણ સત્ય વસ્તુને



પામી ન શકે. એ તો જ્યારે સંપૂર્ણ નિષ્પક્ષપાતીપણું ઉત્પન્ન થાય, અરે જ્ઞાની તો ખુદના પોતાના મન-વચન અને કાયા માટે પણ નિષ્પક્ષપાતી હોય અને ત્યારે જ સર્વજ્ઞપદ પ્રાપ્ત થાય. જો એક જ પક્ષની વાત હોય તો તે એકપક્ષી કહેવાય, સર્વજ્ઞ ના કહેવાય. જ્ઞાની પુરુષની સભામાં તો ક્રિશ્ચિયન, મુસ્લિમ, વૈષ્ણવ, જૈન, સ્વામીનારાયણ, પારસી, ખોજા વગેરે બધાં જ અભેદ ભાવે બેસે. અને દરેકને જ્ઞાની પુરુષ પોતાના જ ધર્મના આપ્તપુરુષ લાગે. એક અજ્ઞાનીને લાખ મત હોય ને લાખ જ્ઞાનીઓનો એક જ મત હોય !

જ્ઞાની એક બાજુ સર્વજ્ઞ પણ હોય અને બીજી બાજુ અબુધ હોય. બુદ્ધિનો છાંટો પણ ના હોય. જ્યાં સંપૂર્ણ બુદ્ધિપ્રકાશ આથમી જાય ત્યાં સર્વજ્ઞ પદ સામું વાજતે-ગાજતે હારતોરા સાથે ઉદયમાં આવે ! આ જ નિયમ છે અને અબુધ થાય તે જ સર્વજ્ઞ થઈ શકે.

જ્ઞાનીનાં વાણી, વર્તન ને વિનય મનોહર હોય. તેમનાં વાણી, વર્તન ને વિનય તો ક્યાંય જોવા ના મળે તેવાં અનુપમ હોય ! સંપૂર્ણ સ્યાદ્‌વાદ વાણી કે જેનાથી કોઈપણ જીવમાત્રનું દૃષ્ટિબિંદુ ના દુભાય તેવી હોય. એમનું વચન તો સોંસરું જ ઊતરી જાય અને પછી અનુકૂળ કાળે તે પાછું પ્રતિબોધરૂપે આવે ! જ્ઞાનીએ નાખેલું બોધબીજ ઠેઠ મોક્ષે લઈ જાય. તે ક્યારેય પણ વૃથા ના થાય. વચનબળ તો ગજબનું હોય !

જ્ઞાની પુરુષ કોણ કે જેને વર્લ્ડમાં કશું જાણવાનું બાકી નથી, પુસ્તકો ઝાલવાનાં (વાંચવાના) નથી, એકેય સ્ટાન્ડર્ડ પાસ કરવાનું બાકી રહ્યું નથી તે ! એમને માળા ફેરવવાની ના હોય, કંઈ જ કરવાનું કે જાણવાનું એમને બાકી ના હોય. એ તો સર્વજ્ઞ હોય અને પાછા મુક્ત મનથી વિચરતા હોય !

જ્ઞાની પુરુષની દશા અટપટી હોય. સામાન્ય મનુષ્યથી કળાય તેમ ન હોય. જ્ઞાની પુરુષને આશ્રમનો શ્રમ ના હોય, ધજા ના હોય, પંથ કે વાડો ના હોય, બોર્ડ ના હોય, ભગવું કે સફેદ વસ્ત્ર ના હોય, સીધા સાદા વેશમાં ફરતા હોય, તે સામાન્ય જીવને શી રીતે ઓળખાણ પડે ? છતાંય એમને ઓળખવા માટે ભૂલ-થાપ ના ખાઈ જવાય એટલા માટે શાસ્ત્રો કહે છે કે જ્ઞાની પુરુષ તો તે જ કે જે નિશદિન આત્માના જ ઉપયોગમાં રહે,

તેમની વાણી અનુભવમાં આવે તેવી હોય, તેમને અંતરંગ સ્પૃહા ના હોય, ગર્વ કે ગારવતા ના હોય, જગતમાં કોઈ ચીજના તે ભિખારી ના હોય ! માનના, વિષયોના, લક્ષ્મીના કે શિષ્યોનાય ભિખારી ના હોય. સંપૂર્ણ અયાચકપણું પ્રાપ્ત થાય ત્યાં જ જ્ઞાનપ્રકાશ પ્રગટે. સંપૂર્ણ તરણતારણહાર થયેલા હોય, તે જ બીજાને તારે.

જ્ઞાની પુરુષમાં તો કેટલાક ઉચ્ચ સંયોગી પુરાવા ભેગા થયા હોય, ઉચ્ચ નામકર્મ હોય. યશકર્મ હોય. યશ તો વગર કશું કર્યે સામેથી ઉપર આવીને પડે તેમને. સુંદર મનોહર વાણી હોય. લોકપૂજ્ય પદ હોય અને એવા કેટલાય પુરાવા હોય ત્યારે જ્ઞાની પુરુષ પ્રગટ થાય.

જ્ઞાનીને પુસ્તક વાંચવાનું ના હોય, માળા ફેરવવાની ના હોય, ત્યાં આગળ ભક્ત અને ભગવાનનો ભેદ ના હોય. પોતે જ ભગવાન હોય. ભગવાન તો વિશેષણ છે અને ભગવત્ ગુણો જેને પ્રાપ્ત થાય તેને ભગવાન શબ્દ વિશેષણરૂપે લાગે !

જ્યાં સુધી ભૂલ હોય ત્યાં સુધી માથે ભગવાન હોય. પણ એકેય ભૂલ ના રહે તો કોઈ ભગવાનેય ઉપરી નહીં. જ્ઞાની પુરુષનામાં એકેય ભૂલ ના હોય, તેથી તેમનો કોઈ ઉપરી જ નહીં તેમજ કોઈ અન્ડરહેન્ડ પણ નહીં. પોતે સંપૂર્ણ 'સ્વતંત્ર' હોય.

જ્ઞાનીનું પ્રત્યેક કર્મ દિવ્ય હોય. એકેય કર્મ ક્યાંય બંધનકર્તા ના થાય. જગતનાં લૌકિક કર્મ તે બીજ નાખીને જાય, જ્યારે જ્ઞાનીનાં કર્મ મુક્તિ આપીને જાય. અરે, એ પોતે તો મુક્ત પુરુષ જ હોય પણ કેટલાયને મુક્તિ આપી શકે તેવા સામર્થ્યવાન હોય !

જ્ઞાની નિર્ગ્રંથ હોય. સર્વ ગ્રંથિઓ છેદાઈ ગયેલી હોય. જ્ઞાની પુરુષને ત્યાગાત્યાગ સંભવે જ નહીં. આ વાત તો ખુદ ભગવાને જ ખુલ્લી પાડી છે. જ્ઞાનીમાં નવીનતા ના હોય અને જે દશામાં જ્ઞાન પ્રગટ્યું હોય તે જ દશા હંમેશની હોય. તેથી જ તો તેમની દશા અટપટી હોય. લોક ત્યાગ જોઈને જ્ઞાની ખોળવા જાય તો ક્યાંથી ઓળખાણ પડે ?

જ્ઞાની પુરુષના ત્રણ ગુણ જો કોઈ શીખી જાય તો તેનો ઉકેલ આવી જાય ! મુક્ત જ રહે તે. તે ત્રણ ગુણો છે - કોમ્પ્રેસિબલ, ફ્લેક્સિબલ અને



ટેન્સાઈલ.

કોમ્પ્રેસિબલ એટલે ગમે તેટલું પ્રેસર આવે તો તે પોતે સંકોચાઈ જાય અને પાછા તેવા ખમી લે ને તેવાં તરત જ થઈ જાય ! ફ્લેક્સિબલ એટલે વાળો તેમ વળી જાય પણ તૂટી ના જાય ક્યારેય પણ ! અને ટેન્સાઈલ એટલે ગમે તેટલું ટેન્શન ઝીલી શકે !

આ ત્રણ ગુણોને લીધે જગત વ્યવહારમાં ક્યાંય પણ હીચ (મુશ્કેલી) ના આવે ને મોક્ષે નિર્‌અંતરાયથી પહોંચી જવાય !

જ્ઞાની ગુરુતમ-લઘુતમ હોય. જ્ઞાનીને જો કોઈ ગધેડો કહે તો કહે, 'તેનાથી પણ લઘુ છું ભાઈ, લઘુતમ છું. તારાથી પહોંચી નહીં વળાય તેટલો લઘુતમ છું.' અને જો કોઈ જ્ઞાની પુરુષને આચાર્ય કહે તો તેને કહે કે 'ભાઈ, તારે જો એથી વધારે પામવું હોય તો અમે એથીય વધારે ઊંચા પદમાં છીએ. ભગવાન છીએ.' જેને જેવું પામવું હોય તેવું સમજે તેનું કામ થાય ! આત્મા પોતે અગુરુ-લઘુ સ્વભાવનો છે.

જગતમાં 'આપ્ત પુરુષ' તે એકલા જ્ઞાની પુરુષ જ કહેવાય. આપ્ત એટલે બધી રીતે વિશ્વાસ કરવા યોગ્ય. સાંસારિક જ બાબતો માટે નહીં, પણ મોક્ષપ્રાપ્તિ માટે, ઠેઠ સુધી વિશ્વાસ કરવા યોગ્ય હોય. જ્યાં સુધી પોતાને આત્મભાન થયું નથી, આત્માની ઓળખાણ થતી નથી ત્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાની પુરુષ જ પોતાનો આત્મા છે. જ્ઞાની પુરુષ મૂર્તિમાન મોક્ષ સ્વરૂપ હોય. એમને જોઈને પોતાનો આત્મા પ્રગટ કરવાનો હોય. જ્ઞાની પોતે પારસમણિ કહેવાય. અને અજ્ઞાનીઓ તે લોખંડ, તે એમને અડતાં જ સોનું થઈ જાય ! પણ જો વચ્ચે અંતરપટ ના રાખે તો ! જ્ઞાની પુરુષ પાસે અનંત પ્રકારની જ્ઞાનકળા હોય, અનંત પ્રકારની બોધકળા હોય અને અનંત પ્રકારની પ્રજ્ઞાકળા હોય. માટે જેને જે જોઈએ તે લઈ જાવ ને ઉકેલ લાવો.

આત્મા જાણવા માટે તો જ્ઞાની પુરુષ પાસે જવું જ પડશે. જાણકાર વગર તો કોઈ વસ્તુએય મળતી નથી. ત્યારે નિર્વિકલ્પ સમાધિસ્થ એવા જ્ઞાની પુરુષ પાસે જ જવું પડે. જ્ઞાની પુરુષ શુદ્ધ ચૈતન્ય હાથમાં જ આપી દે. જ્ઞાની ચાહે સો કરે છતાંય તે નિમિત્ત ભાવમાં જ રહે. કોઈ વસ્તુના કર્તા જ્ઞાની ના હોય.

દરેક શાસ્ત્રો છેવટે તો એમ જ કહીને છૂટી જાય છે કે પ્રગટ આત્મા પ્રાપ્ત કરવો હોય તો તું જ્ઞાની પાસે જા. પ્રગટ દીવો જ દીવો પ્રગટાવી શકે. માટે 'ગો ટુ જ્ઞાની'. કારણ કે 'જ્ઞાની' સદેહે આત્મસ્વરૂપ થયા હોય અર્થાત્ તરણતારણહાર હોય !

જ્ઞાનીનો કાળ તો નિરંતર વર્તમાન જ હોય. ભૂતકાળ કે ભવિષ્યકાળમાં ના હોય. નિરંતર વર્તમાન જ વર્ત્યા કરે. તેમને પ્યાલો ફૂટી ગયો તે ભૂતકાળ અને હવે શું થશે એના જ વિચારો અને ચિંતા એ ભવિષ્યકાળ. જ્ઞાની કાળના નાનામાં નાના અવિભાજ્ય ફ્રેક્શન સમયમાં જ રહે. આખાય બ્રહ્માંડના પરમાણુએ પરમાણુમાં ફરી વળેલા હોય. તમામ જ્ઞેયોના જ્ઞાતા-દ્રષ્ટા જ હોય. સમય અને પરમાણુ સુધી પહોંચવું એ તો જ્ઞાનીઓનું જ કામ !

'ગત વસ્તુનો શોચ નહીં, ભવિષ્યની વાંચ્છના નહીં,

વર્તમાન વર્તે સોય જ્ઞાની.'

જ્ઞાની પાસે 'પરમ વિનય' અને 'હું કશું જ જાણતો નથી' આ બે જ વસ્તુ લઈને આવ્યો તો તે તર્યો જ. અરે, એક જ વખત જો જ્ઞાનીનાં ચરણોમાં સર્વ ભાવ અર્પણ કરી પરમ વિનયે નમ્યો તો તેને ય મોક્ષ થઈ જાય તેવું ગજબનું આશ્ચર્ય છે !

આ 'દાદા ભગવાને' ક્યારેય, સપને પણ કોઈનો અપરાધ કરેલો જ નહીં ને ફક્ત આરાધનામાં જ રહેલા. તેથી 'દાદા ભગવાનનું' નામ લઈને જે કંઈ સારા ભાવથી કરે તે અવશ્ય ફળે જ.

જ્ઞાનીનું વર્ણન કરવા વાણી અસમર્થ છે. કલમ અટકી જાય.

જ્ઞાની તો વણતોલ્યા ને વણમાપ્યા છે. એમને ના માપશો. એમને તોલશો નહીં. જ્ઞાની આગળ જો તોલવા ગયો તો કોઈ છોડાવનાર નહીં મળે. એવા ચારે બંધ પડશે. પોતાનાં વજનિયાંથી તે વળી જ્ઞાનીને તોલાતા હશે ? એમને માપવા જાય તેની જ મતિ મપાઈ જાય ! જેનો અક્ષરે ય જાણતા ના હોય, તેનો તોલ શી રીતે થાય ? જ્ઞાનીને બુદ્ધિથી ના તોલાય. જ્ઞાની પાસે અબુધ થઈ જવાનું હોય. બુદ્ધિ તો અવળું જ દેખાડે. જો જ્ઞાનીની



વાણી ના સમજાય તો સમજવું કે તેટલી આડાઈ મહીં ભરી પડી છે. પણ જો ભૂલેચૂકે જ્ઞાની આગળ આડાઈ કરી તો ક્યારેય મોક્ષ પ્રાપ્ત નહીં થાય. અલ્યા, મોક્ષ તો જ્ઞાનીનાં ચરણોમાં છે ને ત્યાં જ પાંસરો ન રહ્યો તો મોક્ષ ક્યાંથી મળે ?

એક ઘર તો ડાકણેય છોડે. માટે એક જ્ઞાનીનું સ્થાન છોડી બીજે ગમે ત્યાં ડખો કરી આવે તોય તેનો ઉકેલ આવશે, પણ જ્ઞાની પાસે નહીં ચાલે. ત્યાં ભારે બંધ પડી જશે.

જ્ઞાનીનો વિરોધ ચાલે પણ વિરાધના ના ચાલે. જ્ઞાનીની આરાધના ના થાય તો વાંધો નહીં, પણ વિરાધના તો ના થવી જોઈએ તે ખાસ જોવાનું. જ્ઞાનીનું પદ તો અજાયબ પદ હોય. તેની વિરાધનામાં ના પડાય.

જ્ઞાની પુરુષ ઉપર અભાવ ઉત્પન્ન થવો તે જ વિરાધના કહેવાય. અને જ્ઞાની પુરુષ તે જ પોતાનો આત્મા છે. માટે જ્ઞાનીની વિરાધના એટલે પોતાના જ આત્માની વિરાધના થઈ કહેવાય. 'પોતે' 'પોતાનો' જ વિરાધક થઈ ગયો કહેવાય !

સ્વભાવે આડાઈવાળાને તો ખાસ ચેતવાનું. જ્ઞાનીની એક વિરાધના અસંખ્ય કાળની નર્કગતિ બંધાવે !

જેને ત્રણ લોકના નાથ વશ થયા છે ત્યાં સરળ નહીં થાય તો કોના આગળ સરળ થશે ? જ્ઞાની પુરુષ આગળ તો એકદમ સરળ થાય તો જ કામ સરે.

પ્રસ્તુત જ્ઞાનગ્રંથ પ્રકાશનનું પ્રયોજન મુખ્યત્વે તો સાત્ત્વિક વિચારકો, વૈજ્ઞાનિક માનસ ધરાવનાર વિચારવર્ગ તથા સંસાર ઝાળથી તપ્ત થયેલાઓની આત્મશાંતિ માટેનું છે ! સજ્જડ ભાવના છે કે પ્રસ્તુત પ્રકાશન વિકરાળ કળિયુગી દાવાનળમાં સત્યુગી આત્મશાંતિની અનુભૂતિ કરાવવાનું પ્રબળ પરમ નિમિત્ત બની રહેશે અને એ જ શુદ્ધ ભાવે પ્રાર્થના !

**– ડૉ. નીરુબહેન અમીન**

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ધર્મ સ્વરૂપ | ૧ |
| જગત સર્જન | ૩ |
| જગત કોયડો | ૪ |
| ‘વ્યવસ્થિત’ શક્તિ | ૫ |
| ભગવાનનું એડ્રેસ | ૬ |
| ભગવાન ઉપરી અને મોક્ષ | ૭ |
| રિલેટિવ ધર્મો : રિયલ ધર્મ | ૮ |
| ક્રમિક મોક્ષમાર્ગ : અક્રમ મોક્ષમાર્ગ | ૧૦ |
| કોમન સેન્સ | ૧૧ |
| સાંસારિક સંબંધો | ૧૧ |
| સુખ અને દુઃખ | ૧૨ |
| પ્રારબ્ધ-પુરુષાર્થનું વિરોધાભાસી અવલંબન | ૧૩ |
| અવિરોધાભાસ અવલંબન | ૧૬ |
| આત્મા - અનાત્મા | ૧૭ |
| દિવ્યચક્ષુથી મોક્ષ | ૧૮ |
| પુનર્જન્મ | ૧૯ |
| મન-વચન-કાયા, ઈફેક્ટિવ | ૨૦ |
| આધિ-વ્યાધિ-ઉપાધિ | ૨૨ |
| જગત અને બ્રહ્મ | ૨૩ |
| મન-વચન-કાયાનાં વળગણ | ૨૪ |
| આગમ-નિગમ | ૨૫ |
| પૂરણ અને ગલન | ૨૫ |
| સંસારવિઘ્નો નિવારક ‘ત્રિમંત્ર’ | ૨૭ |
| ચિંતા અને અહંકાર | ૨૮ |
| પ્રાપ્તને ભોગવ | ૩૧ |
| ધ્યાન અને અપધ્યાન | ૩૧ |
| ગતિફળ - ધ્યાન અને હેતુથી | ૩૪ |
| બુદ્ધિ વપરાશની લિમિટ | ૩૬ |
| અવિરોધ વાણી પ્રમાણ | ૩૭ |
| જ્ઞાની તથા ધર્મનું સ્વરૂપ | ૩૭ |
| નિર્દોષ દૃષ્ટિ | ૩૯ |
| કેફ અને મોક્ષ | ૪૦ |
| મન-વચન-કાયાનું લફરું | ૪૦ |
| મોક્ષ જ ઉપાદેય છે | ૪૧ |
| જગત પોલંપોલ | ૪૩ |
| મનુષ્યોનું નિરાશ્રિતપણું | ૪૪ |
| કુદરતી તંત્રસંચાલન - ભૌતિક વિજ્ઞાન | ૪૫ |
| ભૌતિક ડેવલપમેન્ટ : આધ્યાત્મિક ડેવલપમેન્ટ | ૪૭ |
| પ્રાકૃત સાહજીકતા | ૪૮ |
| સાધક દશા | ૪૯ |
| પુણ્ય અને પાપ | ૫૦ |
| સંકલ્પ-વિકલ્પ | ૫૩ |
| સર્જન - વિસર્જન | ૫૩ |
| પુરુષ અને પ્રકૃતિ | ૫૩ |
| ત્રિગુણાત્મક પ્રકૃતિ | ૫૫ |
| આત્મા સગુણ-નિર્ગુણ | ૫૬ |
| પ્રાકૃતપૂજા - પુરુષપૂજા | ૫૭ |
| પ્રકૃતિ ધર્મ - પુરુષ ધર્મ | ૫૮ |
| પ્રાકૃત બગીચો | ૫૮ |
| વૈરાગ્યના પ્રકાર | ૫૯ |
| આત્માનો ઉપયોગ | ૬૦ |
| મનુષ્યપણાનું ડેવલપમેન્ટ | ૬૨ |
| માયા અને મુક્તિ | ૬૨ |
| સુખના પ્રકાર | ૬૩ |
| મળ-વિક્ષેપ-અજ્ઞાન : રાગ-દ્વેષ-અજ્ઞાન | ૬૪ |
| વાણીનું વિજ્ઞાન | ૬૫ |
| મૌન-પરમાર્થ મૌન | ૬૮ |
| અંતઃકરણ | ૬૮ |
| મન કેવું છે ? વિચાર શું છે ? | ૭૦ |
| કાર્યપ્રેરણા મનથી છે | ૭૨ |
| જ્ઞાતા - જ્ઞેયનો સંબંધ | ૭૩ |
| મન ઉપર બેસી જાવ | ૭૪ |
| લક્ષ્મીજી ક્યાં વસે ? | ૭૬ |
| મનનો સંકોચ-વિકાસ | ૭૭ |
| મનનાં વક્ર પરિણામ | ૭૮ |
| મનનો સ્વભાવ | ૭૯ |
| મનની ગાંઠો કેમ ઓગળે ? | ૮૧ |
| મન ફિઝિકલ છે | ૮૨ |
| મનના પ્રકાર | ૮૩ |
| મન-આત્માનો જ્ઞેય-જ્ઞાતા સંબંધ | ૮૪ |
| બુદ્ધિ પ્રકાશ - જ્ઞાન પ્રકાશ | ૮૪ |
| બુદ્ધિના પ્રકાર | ૮૫ |
| બુદ્ધિનો આશય | ૮૬ |
| ગણપતિ : બુદ્ધિના અધિષ્ઠાતા દેવ | ૮૮ |
| બુદ્ધિજન્ય અનુભવ : જ્ઞાનજન્ય અનુભવ | ૮૮ |
| મતભેદો શાથી ? | ૯૦ |
| ચોખ્ખો વેપાર કરો | ૯૪ |
| લક્ષ્મીજી શાથી ખૂટે છે ? | ૯૫ |
| બુદ્ધિક્રિયા અને જ્ઞાનક્રિયા | ૯૬ |
| બુદ્ધિભેદ ત્યાં મતભેદ | ૯૭ |
| અવધાનની શક્તિ | ૯૯ |
| અંતઃકરણનું ત્રીજું અંગ : ચિત્ત | ૧૦૧ |
| જ્ઞાની જ શુદ્ધ આત્મા આપી શકે | ૧૦૨ |
| ચિત્ત પ્રસન્નતા | ૧૦૪ |
| અહંકાર | ૧૦૬ |
| ત્યાગ શેનો કરવાનો ? | ૧૦૬ |
| ભોગવનાર કોણ છે ? | ૧૦૭ |
| અહંકારનો રસ ખેંચી લો | ૧૦૯ |
| હસતે મુખે ઝેર પીએ | ૧૧૦ |
| અદીઠ તપ એટલે શું ? | ૧૧૨ |
| માન-અપમાનનું ખાતું | ૧૧૩ |
| અહંકારનું ઝેર | ૧૧૪ |
| અહંકારનું સમાધાન | ૧૧૬ |
| અટકણ અને સેન્સિટીવનેસ | ૧૧૬ |
| અંતઃકરણનું સંચાલન | ૧૧૭ |
| ફરજિયાત-મરજિયાત | ૧૨૧ |
| જગતનું અધિષ્ઠાન | ૧૨૩ |
| નિશ્ચેતન ચેતન | ૧૨૮ |
| મનુષ્યદેહ મોક્ષનો અધિકારી | ૧૩૦ |
| ઈચ્છા | ૧૩૨ |
| ભાવ એટલે શું ? | ૧૩૫ |
| સજ્જનતા-દુર્જનતા | ૧૩૬ |
| દેહના ત્રણ પ્રકાર | ૧૩૭ |
| દેહાધ્યાસ ક્યારે તૂટે ? | ૧૪૧ |
| દેહની ત્રણ અવસ્થા | ૧૪૧ |
| મનુષ્ય દેહનું પ્રયોજન | ૧૪૪ |
| આચાર, વિચાર ને ઉચ્ચાર | ૧૪૫ |
| ઉદ્વેગ | ૧૪૭ |
| નિદ્રા | ૧૪૯ |
| સ્વપ્ન | ૧૫૧ |
| ભ્રમ | ૧૫૪ |
| હિતાહિતનું ભાન | ૧૫૬ |
| લાઈફ - એડજસ્ટમેન્ટ્સ | ૧૫૬ |
| અથડામણો | ૧૫૭ |
| ઈકોનોમી | ૧૫૯ |
| ‘વિષય’ | ૧૬૦ |
| પ્રેમ અને આસક્તિ | ૧૬૮ |
| નેચરલ લૉ - ‘ભોગવે તેની ભૂલ’ | ૧૭૦ |
| નિજદોષ દર્શન | ૧૭૪ |
| ભૂલો | ૧૭૮ |
| આડાઈ-સ્વચ્છંદ | ૧૮૩ |
| શંકા | ૧૮૭ |
| મતાગ્રહ | ૧૮૮ |
| દૃષ્ટિરાગ | ૧૮૮ |
| વેરભાવ | ૧૮૯ |
| સંસારસાગર સ્પંદનો | ૧૯૦ |
| ક્લેશ | ૧૯૩ |
| સાચેસાચ સુખ-દુઃખ શું છે ? | ૧૯૭ |
| દોષદૃષ્ટિ | ૧૯૮ |
| સ્મૃતિ | ૧૯૯ |
| અગવડતામાં સગવડતા | ૨૦૦ |
| ચાર્જ અને ડિસ્ચાર્જ | ૨૦૨ |
| મોહનું સ્વરૂપ | ૨૦૭ |
| માયા | ૨૦૯ |
| ક્રોધ | ૨૧૧ |
| લોભ | ૨૧૨ |
| કપટ | ૨૧૪ |
| ક્રોધ-માન-માયા-લોભનો ખોરાક | ૨૧૪ |
| હોમ ડિપાર્ટમેન્ટ : ફોરેન ડિપાર્ટમેન્ટ | ૨૧૬ |
| સંયોગો | ૨૧૭ |
| પ્રાકૃત સંયોગો | ૨૨૩ |
| યોગ-એકાગ્રતા | ૨૨૬ |
| નિર્વિકલ્પ સમાધિ | ૨૨૭ |
| ધ્યાતા-ધ્યેય-ધ્યાન | ૨૨૯ |
| ગુરુકિલ્લી | ૨૩૨ |
| ‘અક્રમ જ્ઞાન’ - ‘ક્રમિક જ્ઞાન’ | ૨૩૩ |
| લખ ચોરાશી - ચાર ગતિ ભટકણ શાથી ? | ૨૩૩ |
| પ્રજ્ઞા | ૨૩૬ |

# આપ્તવાણી

## શ્રેણી - ૧

### ધર્મનું સ્વરૂપ

'ધર્મ' એટલે શું ?

'વસ્તુ સ્વગુણધર્મમાં પરિણમે તે ધર્મ.'

ધર્મ એટલે તો વસ્તુનો સ્વભાવ અને એ જ એનો ધર્મ કહેવાય.

દા.ત. સોનાને સોનું ક્યારે કહેવાય ? જ્યારે એના ગુણધર્મો સોનાના દેખાય ત્યારે. આ દરાખ જો કદી કડવી લાગે તો શું કહો ? દરાખ એના ગુણધર્મમાં નથી. પિત્તળને જો બફીંગ કરીને મૂક્યું હોય તો તે એક્ઝેક્ટ (આબેહૂબ) સોના જેવું જ લાગે, પણ સોની પાસે લઈ જઈને ટેસ્ટ (કસોટી) કરાવે ત્યારે ખબર પડે કે આમાં તો સોનાના ગુણધર્મ નથી, તેથી સોનું ન હોય.

બે જાતની કેરીઓ તમારી સામે મૂકી છે. તેમાંથી એક કેરીમાં, કેરીની સુગંધ આવે, જરા સૂકાય, જરા કરચલી પડે, જરા કોહવાવા માંડે તે અને બીજી એવી જ આબેહૂબ હોય પણ લાકડાની હોય તો તેમાં બીજું બધું જ હોય પણ સુગંધ ના હોય, કરમાય નહીં, ગંધાય પણ નહીં. બન્નેય કેરીઓ જ છે પણ લાકડાની કેરી તે નામની કેરી છે. તે સાચી કેરીના સ્વભાવમાં નથી. જ્યારે સાચી કેરી તેના સ્વભાવમાં છે, ગુણધર્મમાં છે. તેમ વસ્તુ જ્યારે એના સ્વભાવમાં હોય, ગુણધર્મમાં હોય તો જ તે વસ્તુ



કહેવાય. તે વસ્તુ એના ધર્મમાં છે એમ કહેવાય. અનાત્માને-પુદ્‌ગલને 'હું' માનવામાં આવે છે, તે અવસ્તુ છે, પરધર્મ છે, સ્વધર્મ નથી. આત્માને આત્મા માનવામાં આવે તે વસ્તુ છે, તે જ ધર્મ છે, સ્વધર્મ છે, આત્મધર્મ છે.

તમે કોણ છો ?

**પ્રશ્નકર્તા :** હું ચંદુલાલ છું.

**દાદાશ્રી :** તમારું નામ શું ?

**પ્રશ્નકર્તા :** મારું નામ ચંદુલાલ છે.

**દાદાશ્રી :** 'હું ચંદુલાલ' અને 'મારું નામ ચંદુલાલ' એમાં વિરોધાભાસ લાગે છે કે ? નામી અને નામ બેઉ એક કેમના હોય ? નામ તો આ નનામી કાઢે છે તે દા'ડે લઈ લે છે. મ્યુનિસિપાલિટીના રજિસ્ટરમાંથી કટ (કાઢી) કરી નાખે છે.

આ હાથ કોનો છે ? આ પગ કોનો છે ?

**પ્રશ્નકર્તા :** મારો છે.

**દાદાશ્રી :** એ તો આ બૉડી (દેહ)ના સ્પેરપાર્ટસ છે, એમાં તારું શું છે ? તારી અંદર મન છે તે કોનું છે ?

**પ્રશ્નકર્તા :** મારું છે.

**દાદાશ્રી :** આ વાણી કોની છે ?

**પ્રશ્નકર્તા :** મારી છે.

**દાદાશ્રી :** આ દેહ કોનો છે ?

**પ્રશ્નકર્તા :** મારો છે.

**દાદાશ્રી :** 'મારો છે' કહેતાં જ એનો માલિક જુદો છે એમ વિચાર આવે કે ના આવે ?

**પ્રશ્નકર્તા :** આવે.

**દાદાશ્રી :** હા, તો એ તમે પોતે કોણ ? એનો કોઈ દિવસ વિચાર કર્યો છે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** આ ઘડિયાળ લાવ્યા તે રિયલાઈઝ (તપાસ) કરીને લાવ્યાને કે બરાબર છે કે નહીં, આ કપડું લાવ્યા તે પણ રિયલાઈઝ કરીને લાવ્યા. બાયડી લાવ્યા તે પણ રિયલાઈઝ કરીને લાવ્યા ને ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** તો પછી સેલ્ફ, પોતાનું જ રિયલાઈઝેશન ના કર્યું ? આ બધી જ વસ્તુઓ ટેમ્પરરી (વિનાશી) હશે કે પરમેનન્ટ (અવિનાશી) ? ઓલ ધીઝ આર ટેમ્પરરી એડજસ્ટમેન્ટસ. એમાં પોતે પરમેનન્ટ અને ટેમ્પરરી વસ્તુઓની જોડે ગુણાકાર કરે, તે શી રીતે જવાબ આવે ? અલ્યા, તું ખોટો, તારી રકમ જ ખોટી ને જવાબ સાચો ક્યાંથી આવે ?

આ સેલ્ફ રિયલાઈઝેશન ના કર્યું, તે નાની ભૂલ હશે કે મોટી ?

**પ્રશ્નકર્તા :** ભયંકર મોટી ભૂલ. આ તો બ્લન્ડર કહેવાય, દાદા !

## જગત સર્જન

**દાદાશ્રી :** આ જગત કોણે બનાવ્યું હશે ?

**પ્રશ્નકર્તા :** ........ (વિચારે છે)

**દાદાશ્રી :** તારી કલ્પના જે હોય તે કહે. અહીં આપણે ક્યાં કોઈને પાસ નાપાસ કરવા બેઠા છીએ ?

**પ્રશ્નકર્તા :** ભગવાને બનાવ્યું હશે.

**દાદાશ્રી :** તે ભગવાનનાં છોકરા કયાં કુંવારાં રહી ગયાં હતાં, તે તેમને આ બધું બનાવવું પડ્યું ? એ પરણેલા હશે કે વાંઢા ? એમનું સરનામું શું ?



મોક્ષ હશે કે કેમ ?

**પ્રશ્નકર્તા :** મોક્ષ તો ખરો જ ને !

**દાદાશ્રી :** જો ભગવાન જગત બનાવનાર હોય અને મોક્ષ હોય તો એ સંપૂર્ણ વિરોધાભાસ છે.

**પ્રશ્નકર્તા :** દાદા, આ વિરોધાભાસ કઈ રીતે ?

**દાદાશ્રી :** જો ભગવાન ઉપરી હોય અને તે જો મોક્ષે લઈ જનાર હોય, તો તો એ જ્યારે કહે કે અહીંથી ઊઠ, તો તમારે તરત જ ઊઠવું પડે. તેને મોક્ષ શી રીતે કહેવાય ? મોક્ષ એટલે સંપૂર્ણ સ્વતંત્ર. કોઈ ઉપરી નહીં અને કોઈ અંડરહેન્ડ પણ નહીં.

## જગત કોયડો

આ અંગ્રેજોય કહે છે કે, ગોડ ઈઝ ક્રિયેટર ઓફ ધીસ વર્લ્ડ (ભગવાન આ જગતનો રચનારો છે). મુસ્લિમોય કહે છે કે, અલ્લાને બનાયા. હિંદુઓય કહે છે કે, ભગવાને બનાવ્યું. પણ તે તેમના વ્યૂ પોઈન્ટ (દ્દષ્ટિબિંદુ)થી સાચું છે પણ ફેક્ટ (હકીકત)થી રોંગ (ખોટું) છે. જો તારે ફેક્ટ જાણવું હોય તો તે હું તને બતાવું. ૩૬૦ ડિગ્રીનું એક્સેપ્ટ (સ્વીકાર) કરે, તેને જ્ઞાન કહેવાય. અમને બધીય ૩૬૦ ડિગ્રીઓ માન્ય હોય. માટે અમે જ્ઞાની છીએ. કારણ કે અમે સેન્ટર (કેન્દ્ર)માં બેઠેલા છીએ અને તેથી અમે ફેક્ટ બતાવી શકીએ. ફેક્ટથી ગોડ ઈઝ નોટ એટ ઓલ (નથી જ) ક્રિયેટર ઓફ ધીસ વર્લ્ડ. આ જગત કોઈએ બનાવ્યું જ નથી. તો બનાવ્યું કોણે ? 'ધી વર્લ્ડ ઈઝ ધી પઝલ ઈટસેલ્ફ.' (જગત જાતે જ કોયડો છે.) પઝલસમ થઈ પડવાથી પઝલ કહેવું પડે છે. બાકી તો જગત ઈટસેલ્ફ બનેલું છે અને તે અમારા જ્ઞાનમાં અમે જાતે જોયેલું છે. આ જગતનું એક પણ પરમાણુ એવું નથી કે જેમાં હું ફર્યો ના હોઉં. જગતમાં રહીને અને એની બહાર રહીને હું આ કહું છું.

આ પઝલને જે સોલ્વ (ઉકેલ) કરે, તેને પરમાત્મપદની ડિગ્રી મળે છે અને સોલ્વ ના કરી શકે, તે પઝલમાં જ ડિઝોલ્વ (ઓગળી) થઈ ગયા

છે. અમે આ પઝલ સોલ્વ કરીને બેઠા છીએ અને પરમાત્મપદની ડિગ્રી પ્રાપ્ત કરી છે. અમને આ ચેતન અને અચેતન બન્નેય જુદાં દેખાય છે. જેને જુદું ના દેખાય તે પોતે જ તેમાં ડિઝોલ્વ થઈ ગયેલો છે.

ક્રિયેટર ભગવાન છે નહીં, હતો નહીં અને થશે નહીં. ક્રિયેટરનો અર્થ જ શું થાય ? ક્રિયેટરનો અર્થ જ કુંભાર થાય. તો એને મહેનત કરવી પડે. ભગવાન તો કંઈ મહેનતુ હશે ? આ અમદાવાદના શેઠિયાઓ વગર મહેનતે ચાર-ચાર મિલો ભોગવે છે, તો ભગવાન તે મહેનતુ હોતો હશે ? મહેનતુ એટલે મજૂર. ભગવાન તેવો નથી. જો ભગવાન તે બધાને ઘડવા બેસે તો તો બધાયનાં મોઢાં એકસરખાં આવવાં જોઈએ. પેલી ડાઈમાંથી કાઢે છે તેમ, પણ તેમ નથી. ભગવાનને નિષ્પક્ષપાતી કહીએ તો પછી એક માણસ જનમથી જ ફૂટપાથ પર અને બીજો મહેલમાં કેમ ?

તો આ બધું કેવી રીતે ચાલે છે, તેનો હું તમને એક વાક્યમાં જવાબ આપું છું. તું વિસ્તારથી ખોળી લેજે. આ જગત સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ માત્રથી ચાલે છે. ચલાવનારો કોઈ બાપોય ઉપર નવરો નથી. એને અમે 'વ્યવસ્થિત' શક્તિ કહીએ છીએ. તે બધાને વ્યવસ્થિત જ રાખે છે. આ સવારે તમે ઊઠો છો કે ઊઠી જવાય છે ?

**પ્રશ્નકર્તા :** એ તો હું જ ઊઠું છું ને !

**દાદાશ્રી :** ક્યારેક એમ નથી બનતું કે ઊંઘવું હોય છતાં નથી ઊંઘાતું. સવારે ચાર વાગ્યે ઊઠવું હોય છે ત્યારે કેમ પેલું એલાર્મ મૂકો છો ? નક્કી કરીને સૂતા હોઈએ કે પાંચને દસે ઊઠવું છે તો બરોબર ઊઠી જ જવું જોઈએ. તેમ બને છે ?

## 'વ્યવસ્થિત' શક્તિ

પોતે નથી કરતો ત્યાં આરોપ કરે છે કે મેં કર્યું. આને સિદ્ધાંત કેમ કહેવાય ? આ તો વિરોધાભાસ કહેવાય. તો કોણ ઉઠાડે છે તમને ? 'વ્યવસ્થિત' નામની શક્તિ તમને ઉઠાડે છે. આ સૂર્ય, ચંદ્ર, તારા બધું જ 'વ્યવસ્થિત'ના નિયમના આધારે ચાલે છે. આ મિલો બધી ધૂમાડાના ગોટા કાઢે જ જાય છે ને 'વ્યવસ્થિત' શક્તિ એને ક્લિઅર (ચોખ્ખું) કરી પાછું



'વ્યવસ્થિત' કરી નાખે છે. નહીં તો અમદાવાદના લોકો ક્યારનાય ગૂંગળાઈને મરી ગયા હોત ! આ વરસાદ પડે છે તે ઉપર કોણ પાણી બનાવવા જાય છે ? એ તો નેચરલ એડજસ્ટમેન્ટથી થાય. બે 'એચ'નાં અને એક 'ઓ'નાં પરમાણુઓ ભેગાં થાય અને બીજા કેટલાક સંયોગો જેમ કે હવા વિ. ભળે ત્યારે પાણી બને ને વરસાદ રૂપે પડે. આ સાયન્ટીસ્ટ શું કહે છે ? જો હું પાણીનો મેકર છું. અલ્યા, તને બે 'એચ'ના પરમાણુને બદલે એક જ 'એચ'નું પરમાણુ આપું છું, હવે બનાવ પાણી. ત્યારે મૂઓ કહે, ના, એ તો શી રીતે બને ? મૂઆ, તું ય એમાંનો એક એવિડન્સ છું. તું શાનો મેકર ? આ જગતમાં કોઈ મેકર છે જ નહીં, કોઈ કર્તા છે જ નહીં, નિમિત્ત છે. ભગવાને ય કર્તા નથી. કર્તા થાય તો ભોક્તા થવું પડે ને ? ભગવાન તો જ્ઞાતા-દ્રષ્ટા ને પરમાનંદી છે. પોતાના અપાર સુખમાં જ રાચ્યા રહે છે.

## ભગવાનનું એડ્રેસ

ભગવાન ક્યાં રહેતા હશે ? એમનું એડ્રેસ શું ? કોઈ દહાડો કાગળ-બાગળ લખવો હોય તો ? કઈ પોળમાં રહે છે ? એમનો સ્ટ્રીટ નંબર શું હશે ?

**પ્રશ્નકર્તા :** એ તો ખબર નથી. પણ બધા કહે છે કે ઉપર રહે છે.

**દાદાશ્રી :** બધા કહે છે તે તમેય માની લીધું ? આપણે તપાસ તો કરીએ ને ! જો હું તમને ભગવાનનું સાચું ઠેકાણું આપું. ગોડ ઈઝ ઈન એવરી ક્રીએચર વ્હેધર વિઝિબલ ઓર ઈન્વિઝિબલ. (ભગવાન દરેક જીવ માત્રમાં છે, પછી તે આંખે દેખાય એવા કે ન દેખાય એવા હોય) તમારી ને મારી વચ્ચે દૂરબીનથીય ન જોઈ શકાય એવા અનંત જીવો છે. તેમાં ય ભગવાન બેઠા છે. આ બધામાં શક્તિરૂપે રહેલા છે અને અમારામાં વ્યક્ત થઈ ગયેલા છે. સંપૂર્ણ પ્રકાશમાન થઈ ગયા છે ! તે પ્રગટ પરમાત્મા થઈ ગયા !! ગજબનો પ્રકાશ થયો છે !!! આ દેખાય છે તમને, તે તો અંબાલાલ મૂળજીભાઈ, ભાદરણના પાટીદાર ને કોન્ટ્રાક્ટનો નંગોડ ધંધો કરે છે પણ મહીં જે પ્રગટ થઈ ગયા છે તે તો ગજબનું આશ્ચર્ય છે !

તે 'દાદા ભગવાન' છે ! પણ તમને શી રીતે સમજાય ? આ દેહ તો પેકીંગ (ખોખું) છે. મહીં બેઠા છે તે ભગવાન છે. આ તમારુંય, ચંદુલાલનું પેકીંગ છે ને મહીં ભગવાન બેઠા છે. આ ગધેડો છે તે ગધેડાનું પેકીંગ છે ને મહીં ભગવાન બેઠા છે. પણ આ અકરમીઓને નહીં સમજાવાથી ગધેડો સામે મળે તો ગાળ ભાંડે. તે ભગવાન મહીં નોંધ કરે, હંઅ.... મને ગધેડો કહે છે ? જા, ત્યારે એક અવતાર તને ય ગધેડાનો જ મળશે. આ પેંકીગ તો ગમે તેનું હોય. કોઈ સાગનું હોય, કોઈ આંબાનું હોય. આ વેપારી પેકીંગ જુએ કે મહીંનો માલ જુએ ?

**પ્રશ્નકર્તા :** માલ જુએ.

**દાદાશ્રી :** હા, પેકીંગને શું કરવાનું ? કામ તો માલ સાથે જ છે ને ! કોઈ પેકીંગ સડેલું હોય, ભાંગેલું હોય પણ માલ ચોખ્ખો છે ને !

અમે આ અંબાલાલ મૂળજીભાઈની જોડે એક ક્ષણ પણ તન્મયતા નથી કરી. જ્યારથી અમને જ્ઞાન ઉપજ્યું ત્યારથી ધીસ ઈઝ માય ફર્સ્ટ નેબર (આ મારા પહેલા પાડોશી છે). પાડોશીની જેમ રહીએ છીએ.

## ભગવાન ઉપરી અને મોક્ષ

તેરમે વર્ષે મને વિચાર આવેલો કે માથે ઉપરી ના જોઈએ. માથે ભગવાન પણ ઉપરી ના જોઈએ. એ મને નહીં ફાવે. તે મારું ડેવલપમેન્ટ (વિકાસ) હું લાવેલો અને અનંત અવતારની ઈચ્છાઓ તે આ અવતારે ફળી. જો માથે ભગવાન ઉપરી હોય અને તે મોક્ષે લઈ જનારો હોય તો બેઠા હોઈએ ત્યાંથી ઉઠાડે અને આપણે ઊઠવું પડે. એ ના ફાવે. એને મોક્ષ કહેવાય જ કેમ ? મોક્ષ એટલે 'મુક્ત ભાવ', માથે કોઈ ઉપરીય નહીં ને કોઈ અંડરહેન્ડ પણ નહીં.

અહીં જીવતાં જ મોક્ષસુખ અનુભવાય તેમ છે. એકુય ચિંતા-ઉપાધિ ના થાય. ઈન્કમટેક્ષનું કાગળિયું આવે તોય સમાધિ ના જાય તે જ મોક્ષ. પછી ઉપરનો મોક્ષ તો આના પછી જોઈશું. પણ પહેલાં અહીં મુક્ત થયા પછી જ પેલી મુક્તિ મળે !



હું સોળ વરસે પરણ્યો ત્યારે પરણતી વખતે માથેથી ફેંટો સહેજ ખસી ગયો ને મને વિચાર આવ્યો કે આ અમારા બેમાંથી એકને તો રાંડવાનું જ છે એ તો નક્કી જ છે ને !

અનંત અવતારથી મૂઓ એનું એ જ ભણે છે ને પાછું એ આવરાય છે. અજ્ઞાનને ભણવાનું ના હોય. અજ્ઞાન તો સહજ ભાવે આવડે. જ્ઞાનને ભણવાનું. મારે આવરણ ઓછું, તે તેરમે વરસે ભાન થયેલું. સ્કૂલમાં માસ્તર લઘુતમ શીખવાડે કે એવી રકમ ખોળી લાવો કે જે નાનામાં નાની હોય ને બધામાં અવિભાજ્ય રૂપે રહેલી હોય. તે મેં તેના પરથી તરત જ ભગવાન શોધી કાઢેલા. આ બધી રકમો જ છે ને ! એમાં ભગવાન અવિભાજ્ય રૂપે રહેલા છે !

હું જે વાણી બોલું છું તે વાણીથી તમારું આવરણ તૂટે ને અંદર લાઈટ થાય અને તેથી તમને મારું સમજાય. બાકી એક શબ્દ પણ સમજવાનું તમારું ગજું નથી. બુદ્ધિ કામ જ ના કરે. આ બધા બુદ્ધિશાળીઓ કહેવાય છે તે બધા રોંગ બિલિફથી છે. અમે અબુધ છીએ. અમારી પાસે બુદ્ધિ નામેય ના હોય. બુદ્ધિ શું ? જ્ઞાન શું ? આખાય જગતના અનંત સબ્જેક્ટ (વિષયો) જાણે તોય તે બુદ્ધિમાં સમાય અને 'હું કોણ છું' એટલું જ જાણે તે જ્ઞાન. તારું બધું જ, બીજું બધું જ જાણેલું છે તે પોક મૂકવાનું. અહંકારી જ્ઞાન એ બુદ્ધિ અને નિર્અહંકારી જ્ઞાન એ જ્ઞાન. સ્વરૂપનું જ્ઞાન તે જ જ્ઞાન.

મતભેદ મટાડવાનો માર્ગ શું ? જીવન જીવવું શી રીતે ? કરોડો રૂપિયા હોય તોય મતભેદ થાય ને મતભેદથી અનંત દુઃખો ઊભાં થઈ જાય.

## રિલેટિવ ધર્મો : રિયલ ધર્મ

સર્કલ હોય છે ત્યાં ૩૬૦ ડિગ્રી હોય છે. અંગ્રેજો ૧૧૦ ડિગ્રી પર, મુસ્લિમો ૧૨૦ ડિગ્રી પર, પારસીઓ ૧૪૦ ડિગ્રી પર, હિન્દુઓ ૨૨૦ ડિગ્રી પર હોય. તે બધા જ પોતપોતાના વ્યૂ પોઈન્ટથી જુએ છે. એટલે સૌ સૌનું જોયેલું સાચું કહે છે. ૧૨૦ ડિગ્રી પર બેઠેલાને હું ૮૦ ડિગ્રી પર લાવું ને પછી કહું કે કોણ સાચું છે ? બધા વ્યૂ પોઈન્ટ ઉપર, ડિગ્રી

ઉપર બેઠેલા હોય છે. ૩૬૦ ડિગ્રી પૂરી કરીને અમે સેન્ટરમાં બેઠેલા પૂર્ણ પુરુષ છીએ. જ્ઞાની પુરુષ સેન્ટરમાં બેઠેલા હોય તે યથાર્થ વસ્તુ દેખી શકે, જાણી શકે અને તમને યથાર્થ આપી શકે. આ બધા જ ધર્મો સાચા છે. પણ તે રિલેટિવ ધર્મો છે, વ્યૂ પોઈન્ટના ધર્મો છે. પણ જો ફેક્ટ જાણવું હશે તો સેન્ટર (કેન્દ્ર)માં આવવું પડશે. સેન્ટરમાં જ રિયલ ધર્મ હોય, આત્મધર્મ હોય. સેન્ટરમાં બેઠેલો જ બધાના વ્યૂ પોઈન્ટ દેખી શકે. તેથી તેને કોઈ ધર્મ જોડે મતભેદ ના હોય. તેથી જ તો અમે કહીએ છીએ કે જૈનોના અમે મહાવીર છીએ, વૈષ્ણવોના કૃષ્ણ છીએ, સ્વામીનારાયણના સહજાનંદ છીએ, ક્રિશ્ચિયનોના ક્રાઈસ્ટ છીએ, પારસીના જરથોસ્ત છીએ, મુસ્લિમોના ખુદા છીએ. જેને જે જોઈતું હોય તે લઈ જાવ. અમે સંગમેશ્વર ભગવાન છીએ. તું તારું કામ કાઢી જા. એક કલાકમાં તમને ભગવાન પદ આપું છું. પણ તમારી તૈયારી જોઈએ. તમારી વારે વાર. કલાકમાં આખું કેવળજ્ઞાન આપી દઉં છું. પણ તમને પચશે નહીં. અમને જ ૩૫૬ ડિગ્રીએ અટક્યું છે કાળને લઈને. પણ તમને આપીએ છીએ સંપૂર્ણ કેવળ જ્ઞાન.

આ શક્કરિયું ભરહાડમાં મૂકે તો કેટલી બાજુથી બફાય ? ચોગરદમથી. તેમ આ આખું જગત બફાઈ રહ્યું છે. અરે, પેટ્રોલના અગ્નિથી બળતું અમને અમારા જ્ઞાનમાં દેખાય છે ! માટે આ લોકોનું કલ્યાણ કેમ થાય એ જ અમારે જોવાનું. અને એટલા જ માટે આ અમારો અવતાર થયો છે. આ અડધા જગતનું કલ્યાણ અમારા હાથે થશે અને બાકી અડધા જગતનું કલ્યાણ આ અમારા ફોલોઅર્સને હાથે થશે. અમે તેના કર્તા નથી, નિમિત્ત છીએ.

આ જર્મનીવાળાઓ એબ્સોલ્યુટીઝમ (પરમ તત્વ)ને ખોળે છે. તે અહીંના શાસ્ત્રોનાં શાસ્ત્રો ઉપાડી ગયા છે ને શોધખોળ કરે છે. અલ્યા, એમ જડે તેમ નથી. આ આજે અમે જાતે જ પ્રત્યક્ષ એબ્સોલ્યુટીઝમમાં છીએ. જગત આખું થીયરી ઓફ રિલેટિવીટીમાં છે. આ અમારા મહાત્માઓ થીયરી ઓફ રીયાલિટીમાં છે અને અમે જાતે થીયરી ઓફ એબ્સોલ્યુટીઝમમાં છીએ. થીયરી જ નહીં પણ થીયરમમાં છીએ. અમે જ્યારે જર્મની જઈશું ત્યારે કહીશું કે જે તારે જોઈતું હોય તે લઈ જા. આ અમે જાતે જ આવ્યા છીએ.



ધીસ ઈઝ કૅશ બેન્ક ઈન ધી વર્લ્ડ. (જગતમાં આ રોકડી બેન્ક છે) એક કલાકમાં તને રોકડું જ તારા હાથમાં આપી દઉં છું. રિયલમાં બેસાડી દઉં છું. બીજે બધે જ ઉધાર છે. હપ્તા ભર્યા કરો. અલ્યા, અનંત અવતારથી તું હપ્તા ભર ભર કરું છું ને હજુ ઉકેલ કેમ નથી આવતો ? કારણ કે રોકડું કોઈ અવતારમાં મળ્યું જ નથી.

## ક્રમિક મોક્ષમાર્ગ : અક્રમ મોક્ષમાર્ગ

મોક્ષે જવાના બે માર્ગ : એક ધોરી માર્ગ, તે સ્ટેપ બાય સ્ટેપ, પગથિયે પગથિયે ચઢવાનું. સત્સંગ મળે તો પાંચસો પગથિયાં ચઢી જાય અને કુસંગ મળ્યો કોઈ અવતારમાં તો પાંચ હજાર પગથિયાં ઉતારી પાડે. બહુ કષ્ટદાયક માર્ગ. જપ-તપ-ત્યાગ કરતાં કરતાં ચઢવાનું તોય ઠેકાણું નહીં કે ક્યારે પડશે ? અને બીજો અક્રમ માર્ગ, લિફ્ટ માર્ગ. તે પગથિયાં નહીં ચઢવાના, સીધું જ લિફ્ટમાં બેસીને, બૈરી-છોકરાં સાથે છોકરાં-છોકરીઓ પરણાવીને બધું જ કરીને પાછું મોક્ષે જવાનું. આ બધું જ કરતાં તમારો મોક્ષ ના જાય. આવો અક્રમ માર્ગ તે અપવાદ માર્ગ પણ કહેવાય છે. તે દર દસ લાખ વરસે પ્રગટ થાય છે.

ભરત રાજાને એકલાને આ અક્રમ જ્ઞાન મળ્યું હતું. ઋષભદેવ દાદા ભગવાને તેમના સો પુત્રોમાંથી એક ભરતને જ આ અક્રમ જ્ઞાન આપેલું. તેમના સો પુત્રોમાંથી અઠ્ઠાણું પુત્રોએ દીક્ષા લીધી હતી. રહ્યા બાહુબલીજી અને ભરત. તે બન્નેને રાજ સોંપ્યું. પાછળથી બાહુબલીજી વૈરાગી થઈને ચાલી નીકળ્યા ને તેમણેય દીક્ષા લીધી. એટલે ભરતને માથે રાજ આવ્યું. ભરતને પાછી રાણીઓ કેટલી, ખબર છે ? તેરસો રાણીઓ હતી. તે કંટાળી ગયેલા. આજે એક બૈરીથી જ કંટાળી જાય છે ને ? ભરત રાજાને તો બહુ ઉપાધિ. રાણીવાસમાં જાય તો પચાસનું મોઢું હસતું હોય ને પાંચસોનું મોં ચઢેલું હોય. ઉપરથી રાજની ઉપાધિઓ, લડાઈઓ કરવાની. તે ખરેખરા કંટાળી ગયેલા. તે ભગવાન પાસે જઈને કહે, 'ભગવાન ! મારે રાજ જોઈતું નથી. બીજાને સોંપી દો ને મને દીક્ષા આપો. મારેય મોક્ષે જ જવું છે.' ત્યારે ભગવાને કહ્યું કે, 'તું આ રાજ ચલાવવાનો નિમિત્ત છે અને ના ચલાવું તો આ રાજમાં ઝઘડા, મારામારી ને અંધાધૂંધી થઈ જશે. જા, અમે તને

એવું જ્ઞાન આપીએ છીએ કે રાજ અડે નહીં, તેરસો રાણીઓ અડે નહીં ને લડાઈઓય અડે નહીં. ઋષભદેવ ભગવાને ભરતને એવું જ્ઞાન આપ્યું, તે જ આ અક્રમ જ્ઞાન. અમે તમને અહીં આપીએ છીએ, એક કલાકમાં. અરે, ભરત રાજાને તો જ્ઞાન ખસી ના જાય તેટલા માટે ચોવીસે કલાક માટે નોકરો રાખવા પડતા. તે વારાફરતી દર પંદર મિનિટે ઘંટ વગાડીને બોલે, 'ભરત, ચેત, ચેત, ચેત !' પણ આ કાળમાં તમે જ દોઢસોની નોકરી કરતા હો, તે શી રીતે નોકર રાખો ? તેથી અમે મહીં જ એવું ગોઠવી દઈએ છીએ કે ક્ષણે ક્ષણે મહીં જ 'ચેત, ચેત, ચેત' બોલે !

આવું અજાયબ જ્ઞાન તો કોઈ કાળમાં સાંભળવામાં કે જોવામાં નથી આવ્યું. આ તો અગિયારમું આશ્ચર્ય છે આ કાળનું !

## કોમન સેન્સ

કોમન સેન્સ એટલે શું ? એની વ્યાખ્યા શી ? કોમન સેન્સ એટલે એવરીવ્હેર એપ્લીકેબલ, થિઅરેટિકલી એઝ વેલ એઝ પ્રેક્ટિકલી.

કોમન સેન્સ બહુ ઊંચી વસ્તુ છે. તે જ્યાં જરૂર હોય ત્યાં એપ્લીકેબલ (લાગુ) થઈ જાય. અમારામાં સો ટકા કોમન સેન્સ હોય. તમારામાં કોમન સેન્સ એક ટકોય ના હોય. ગૂંચ આવે ત્યારે દોરો તૂટ્યા વગર, કપાયા વગર ઉકેલી નાખવું તે કોમન સેન્સ છે. આ તો મૂઆ એક ગૂંચ ઉકેલવા જાય ને પાંચ બીજી પાડે તેમ છે. તે તેનામાં કોમન સેન્સના માર્ક શી રીતે મૂકાય ? અરે, ભલભલા વિદ્વાનોમાં વિદ્વત્તા હોય પણ કોમન સેન્સ ના હોય. અમારામાં બુદ્ધિ નામેય ના હોય. અમે અબુધ. બુદ્ધિ સંપૂર્ણ પ્રકાશમાન થયેલી હોય પણ અમારા જ્ઞાનપ્રકાશ આગળ તે ખૂણામાં બેસી રહે. એક કિનારે અબુધ પદ પ્રાપ્ત થાય તો સામે કિનારે સર્વજ્ઞ પદ હારતોરા લઈને નિયમથી જ સામું ઊભું જ હોય. 'અમે અબુધ છીએ, સર્વજ્ઞ છીએ.'

## સાંસારિક સંબંધો

આ તમારા બાપ જોડે, મા જોડે, બૈરી જોડે જે સંબંધ છે તે રિયલ સંબંધ છે ?



**પ્રશ્નકર્તા :** હાસ્તો ને !

**દાદાશ્રી :** તો બાપ મરી જાય એટલે તમારે નિયમથી મરી જ જવું જોઈએ. એવા આ મુંબઈમાં બાપ પાછળ કેટલા મર્યા ? જો હું તમને સમજણ પાડું. મા-બાપ, ભાઈ-બહેન, બૈરી-છોકરાં એ બધાં જોડે સંબંધ ખરો પણ તે રિયલ નહીં, રિલેટિવ સંબંધ માત્ર છે. રિયલ હોય તો કોઈનો ય બાપ જોડે સંબંધ ફ્રેક્ચર ના થાય. આ તો જો બાપને કહ્યું હોય કે 'તમારામાં અક્કલ નથી' એટલે ખલાસ ! બાપ કહે, 'જા, તારું આખી જિંદગી મોઢું ના દેખાડીશ. હું તારો બાપ નહીં ને તું મારો દીકરો નહીં.' તમે આ બૈરીનેય સગી માનેલી તેય ડિવોર્સ થાય છે કે નહીં ? તેવું છે આ જગત. ઓલ ધીઝ આર ટેમ્પરરી એડજસ્ટમેન્ટ્સ. અરે, આ દેહ પણ તમારો સગો નથી ને ? એય દગો કરી જાય. જો નક્કી કર્યું હોય કે આજે આટલો વખત સામાયિક કરવું છે, તે મૂઉં માથું દુઃખી આવે કે પેટમાં ચૂંક આવે. તે તેય ના કરવા દે. પોતે પરમેનન્ટ (કાયમી) અને આ બધું જ ટેમ્પરરી (વિનાશી), શી રીતે મેળ ખાય ? તેથી જ આખું જગત મૂંઝવણમાં સપડાયું છે ! આ રિલેશનમાં તો રિલેશનના આધારે જ વર્તવું જોઈએ. બહુ સત્ય-અસત્યની જક ના પકડવી. બહુ ખેંચવાથી તૂટી જાય. સામો સંબંધ ફાડે તો, આપણે જો સંબંધની જરૂર હોય તો સાંધી લઈએ તો જ સંબંધ જળવાય. કારણ કે આ બધાય સંબંધો રિલેટિવ છે. દા.ત. બૈરી કહે કે આજે પૂનમ છે, તમે કહો કે અમાસ છે તો બેઉની રકઝક ચાલે અને આખી રાત બગડે ને સવારે પેલી ચાનો કપ પછાડીને આપે, તાંતો રહે. એના કરતાં આપણે સમજી જઈએ કે આણે ખેંચવા માંડ્યું છે તે તૂટી જશે એટલે ધીરે રહીને પંચાંગ આમતેમ કરીને પછી કહીએ, 'હા, તારું ખરું છે. આજે પૂનમ છે.' એમ જરા નાટક કરીને પછી જ પેલીનું ખરું કરાવીએ, નહીં તો શું થાય ? બહુ દોરી ખેંચેલી હોય ને એકદમ તમે છોડી દો તો પેલી પડી જાય એટલે દોરી ધીમે ધીમે સામો પડે નહીં તેમ જાળવીને છોડવાની, નહીં તો તે પડે તેનો દોષ લાગે.

## સુખ અને દુઃખ

જગતમાં બધા જ સુખ ખોળે છે પણ સુખની વ્યાખ્યા જ નથી નક્કી કરતા. 'સુખ એવું હોવું જોઈએ કે જેના પછી ક્યારેય પણ દુઃખ ના આવે.'

એવું એકેય સુખ આ જગતમાં હોય તો ખોળી કાઢ, જા. શાશ્વત સુખ તો પોતામાં-સ્વમાં જ છે. પોતે અનંત સુખનું ધામ છે ને લોકો નાશવંત ચીજમાં સુખ ખોળવા નીકળ્યા છે ! આ સંસારીઓનાં સુખ કેવા છે ? શિયાળાનો દહાડો અને અગાશીનો મહેમાન અને લક્કડિયા હિમની શરૂઆત ટૂંકી રજાઈ અને તું લંબૂસ. તે માથું ઢાંકે ત્યારે પગ ઊઘાડા રહે, પગ ઢાંકે ત્યારે માથું ઉઘાડું રહે. તે મૂઆ આખી રાત હલવઈ હલવઈને કાઢે તેવું આ સંસારનું સુખ છે. હકીકતમાં આ જગતમાં દુઃખ જેવી કોઈ વસ્તુ જ નથી. દુઃખ એ અવસ્તુ છે. કલ્પનાથી ઊભું કરેલું છે. જલેબીમાં દુઃખ છે એમ કલ્પના કરે તો તેને તેમાં દુઃખ લાગે ને સુખ છે એમ કલ્પે તો સુખ લાગે. માટે તે યથાર્થ નહીં. જેને સાચું સુખ કહ્યું તો તેને બધાએ એક્સેપ્ટ કરવું જ જોઈએ. યુનિવર્સલ ટ્રુથ હોવું જોઈએ. પણ તું જેમાં સુખ માને છે તેમાં બીજાને અપાર દુઃખ લાગે તેવું આ જગત છે.

## પ્રારબ્ધ-પુરુષાર્થનું વિરોધાભાસી અવલંબન

લોક પ્રારબ્ધ-પુરુષાર્થ કહે છે. મૂઆ દળેલાને ફરી દળે છે ને ઊલટાના અડધો શેર ઊડાડી મૂકે છે. કેટલાક લોકો પ્રારબ્ધ પ્રારબ્ધ કરે છે ને કેટલાક પુરુષાર્થ પુરુષાર્થ કરે છે તે બન્નેય પાંગળાં અવલંબન છે. આ મજૂરો સવારથી સાંજ સુધી મિલોમાં પુરુષાર્થ કરે છે તે શું પામે છે ? રોટલો ને કઢી કે બીજું વધારે ? અને પ્રારબ્ધવાદીઓ હાથ જોડીને બેસી રહે તો ?

મૂઓ લાખ કમાય તો કહે 'હું કમાયો' અને ખોટ જાય તો કહે 'ભગવાને ઘાલી. મારા ગ્રહો રાશી હતા. ભાગિયો નઠારો મળ્યો.' વળી કહે, 'મી કાય કરું' ! તે મૂઆ તું જીવતો છે કે મરેલો ? સારું કર્યું ત્યારે કહેનાર તું હતો તે હવે કહેને કે મેં કર્યું. હવે કહે છે કે ભગવાને કર્યું. તેમ કહીને શું કામ ફજેતો કરો છો ? અને ગ્રહો પણ કશું જ કરતાં નથી. તારા ગ્રહ જ તને નડે છે. તારા મહીં જ નવેય ગ્રહો છે. તે જ તને નડે છે. હઠાગ્રહ, કદાગ્રહ, દુરાગ્રહ, મતાગ્રહ, સત્યાગ્રહ વિ. વિ. અમે નિરાગ્રહી થયા છીએ. આગ્રહ હોય ત્યાં વિગ્રહ થાય. અમારે આગ્રહ નથી તો વિગ્રહ ક્યાંથી ? આ તો ક્રમ આવે છે ને ત્યારે સફળ થાય છે અને અક્રમ આવે છે ત્યારે ભગવાન પર ઢોળી દે છે. ક્રમ અને અક્રમની આ બે લિન્કોને



લોકો પુરુષાર્થ કહે છે. જો પોતે પુરુષાર્થ કરતો હોય તો ક્યારેય ખોટ આવે જ નહીં. પુરુષાર્થ તો એનું નામ કે નિષ્ફળતા ના હોય. આ તો વિરોધાભાસ કહેવાય. તું પોતે જ પુરુષ નથી થયો, તે મૂઆ પુરુષાર્થ શું કરવાનો છું ? ખરો પુરુષાર્થ તો તે કે જે પુરુષાર્થ અને સ્વપરાક્રમ સહિત હોય. આ તો મૂઆ પ્રકૃતિ નચાવે તેમ નાચે છે ને કહે છે હું નાચ્યો !

કૃષ્ણ ભગવાને શું કહ્યું કે 'ઓધવજી અબળા તે શું સાધન કરે !' જૈનોના મોટામાં મોટા આચાર્ય આનંદઘનજી મહારાજ પણ પોતાને અબળા કહે છે. કારણ કે પુરુષ કોને કહેવાય કે જેણે ક્રોધ-માન-માયા-લોભ જીતી લીધાં હોય તેને. આ તો ક્રોધ-માન-માયા-લોભે જ જીતી લીધાં છે, તે અબળા જ કહેવાય ને !

હું પુરુષ થયો છું. પુરુષાર્થ અને સ્વપરાક્રમ સહિત છું. જ્યોતિષ અને પુરુષાર્થ એ બન્નેય વિરોધાભાસ છે. જ્યોતિષ તે સાચું છે ને જેને પુરુષાર્થ માને છે તે ભ્રાંતિ છે. મૂઆ ખોટ જાય છે ત્યારે જ્યોતિષી પાસે શું કામ જાઉં છું ? કરને પુરુષાર્થ ! આ પુરુષાર્થ તો આવતા ભવનાં બીજ નાખે છે.

આ એલેમ્બિકના કારખાનામાં કેટલાંય માણસો કામ કરે છે. ત્યારે કેમિકલો થાય છે અને તેય પાછું એક જ કારખાનું અને આ દેહ તો અનેક કારખાનાંનો બનેલો છે, લાખ એલેમ્બિકનાં કારખાનાંનો બનેલો છે. તે એમ ને એમ ચાલે છે. મૂઆ, રાતે ઓંઢવો (હાંડવો) ખાઈને સૂઈ ગયો, તે મહીં કેટલો પાચકરસ પડ્યો, કેટલું પિત્ત પડ્યું, કેટલું બાઈલ પડ્યું, તેની તપાસ કરવા જાઉં છું તું ? ત્યાં તું કેટલો એલર્ટ છું, મૂઆ ? એ તો સવારે એની મેળે બધી જ ક્રિયાઓ થઈને, પાણી પાણીની જગ્યાએ ને સંડાસ સંડાસની જગ્યાએથી છૂટું પડી નીકળી જાય છે ને તત્ત્વો બધાં લોહીમાં ખેંચાઈ જાય છે. તે મૂઆ, એ બધું તું ચલાવવા ગયો હતો ? અલ્યા મૂઆ, આ અંદરનું એમ ને એમ ચાલે છે તો બહારનું નહીં ચાલે ? તું કરું છું એવું શા માટે માને છે ? એ તો ચાલ્યા કરશે. રાતે ઊંઘમાં શરીર સહજ હોય છે. આ તો મૂઆ અસહજ. આ દહાડે તો લોક કહે છે કે, હું શ્વાસ લઉં છું, ખરા શ્વાસ લઉં છું, ઊંચા લઉં છું ને નીચા પણ લઉં છું. તો મૂઆ રાતે કોણ

શ્વાસ લે છે ? રાતે જે શ્વાસોચ્છવાસ ચાલે છે તે નોર્મલ છે. તેનાથી બધું જ સરસ પાચન થાય છે.

મનુષ્ય માત્ર ભમરડા છે. હું જ્ઞાની છું પણ આ દેહ ભમરડો છે. આ ભમરડા છે તે શ્વાસથી જ ચાલે છે. શ્વાસ પેઠે તે દોરી વીંટાઈને પછી શ્વાસ ચાલે છે ત્યારે ભમરડો ફરે છે. તે ફરતાં ફરતાં ગુલાંટ ખાય તે આપણને એમ લાગે કે હેંડ્યો હેંડ્યો ને પાછો મૂઓ ઊભો થઈને પાછો ફરવા માંડે, એવું છે આ બધું !

લીમડો પાને પાને કડવો થાય ને ડાળે ડાળે કડવો થાય. તેમાં તેનો કયો પુરુષાર્થ ? એ તો બીજમાં પડેલું પ્રગટ થાય છે. તેમ મનુષ્યો પોતાના પ્રાકૃત સ્વભાવથી વર્તે છે ને માત્ર 'મેં કર્યું'નો અહંકાર કરે છે, તેમાં તેણે શું કર્યું ?

આ જગતમાં જે તે લોકો પુરુષાર્થ કહે છે તે તો ભ્રાંત ભાષા છે. રિલેટિવ ભાષા છે. ઉદય કર્મથી થાય છે તેને 'મેં કર્યું' એમ કહે છે તે ગર્વ છે, તે અહંકાર છે. રિયલ ભાષાનો પુરુષાર્થ કે જે યથાર્થ પુરુષાર્થ છે અને જે પુરુષ થયા પછી જ, સ્વરૂપનું ભાન થયા પછી જ શરૂ થાય છે. તેમાં 'મેં કર્યું' એ ભાવ જ આખો ઊડી ગયેલો હોય છે. સંપૂર્ણ અકર્તા પદ હોય છે. રિલેટિવ બધું પ્રકૃતિ છે અને રિયલ પોતે પુરુષ છે. રિયલ પુરુષાર્થ કોને કહેવાય ? કોઈ આપણો હાથ કાપતો હોય ત્યારે 'પોતે' જ્ઞાતા-દ્રષ્ટા પદમાં રહે તે. જ્ઞાનક્રિયા અને દર્શનક્રિયા જ આત્માની ક્રિયા છે. બીજે બધે જ આત્મા અક્રિય છે, બીજી કોઈ પણ ક્રિયા આત્માની થતી નથી અને 'આત્મા' જ્ઞાન-દર્શનમાં જ રહે તે જ પુરુષાર્થ છે.

કબીરજીની બીબીને બાળક આવવાનું હતું. ત્યાર પહેલાં તો દૂધની કુંડીઓ ભરાઈ ગઈ. અને બાળક આવ્યું ત્યાર પછી શેડ છૂટી તે જોઈને કબીરજી બોલ્યા,

'પ્રારબ્ધ પહેલે બના, પીછે બના શરીર,
કબીર, અચંબા યે હૈ, મન નહીં બાંધે ધીર.'



## અવિરોધાભાસ અવલંબન

પ્રારબ્ધ પ્રારબ્ધ કરીનેય બેસી રહેવાય તેમ નથી. જો એકલું પ્રારબ્ધનું જ અવલંબન લઈને બેસી રહે તો સાવ અક્રિય બની જાય. એ અવલંબનથી મન પાંસરું રહે જ નહીં ને જો તારું પ્રારબ્ધનું અવલંબન સાચું હોય તો તને એક પણ ચિંતા ના થવી જોઈએ. પણ ચિંતાનું તો કારખાનું છે. તેથી તેય અવલંબન પાંગળું છે, ફેક્ટ નથી, સાયન્ટિફિક નથી. તેથી જ બધા માર ખાય છે. આ ખોટાં અવલંબનો લોકોને આપવામાં આવ્યાં છે, તેથી તો હિન્દુસ્તાનની અવદશા થઈ છે. એની આખી પ્રગતિ રૂંધાઈ ગઈ છે. અમે કરોડો અવતારની શોધખોળ કરીને જગતને એક્ઝેક્ટ જેમ છે તેમ કહીએ છીએ કે પ્રારબ્ધ અને પુરુષાર્થ એ બેઉ પાંગળાં અવલંબન છે અને 'વ્યવસ્થિત' એ જ સાચું અવલંબન છે, ફેક્ટ વાત છે, સાયન્ટિફિક છે.

'વ્યવસ્થિત' એટલે શું ? સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ માત્રથી જે જે કંઈ બને છે તે 'વ્યવસ્થિત' છે. 'વ્યવસ્થિત' એ સર્વ અવસ્થામાં સંપૂર્ણ સમાધાનકારી જ્ઞાન છે. એનો હું તમને સાદો દાખલો આપું છું. આ કાચનો પ્યાલો છે. તે તમારા હાથમાંથી છૂટવા માંડ્યો. તે તમે આમથી તેમ ને તેમથી આમ હાથ હલાવીને તેને છેક નીચે સુધી બચાવવા પ્રયત્ન કર્યો. તે છતાંય તે પડ્યો ને ફૂટી ગયો. તો તે કોણે ફોડ્યો ? તમારી ઈચ્છા જરાય નહોતી કે આ પ્યાલો ફૂટે. ઊલટાનો તમે તો છેક સુધી બચાવવાનો પ્રયત્ન કર્યો. ત્યારે શું પ્યાલાને ફૂટવાની ઇચ્છા હતી ? ના. તેને તો તેવું હોય જ નહીં. બીજું કોઈ ફોડનાર તો હાજર નથી તો પછી કોણે ફોડ્યો ? 'વ્યવસ્થિતે.' વ્યવસ્થિત એ એક્ઝેક્ટ નિયમથી ચાલે છે. ત્યાં પોપાબાઈનું રાજ નથી. જો 'વ્યવસ્થિત'ના નિયમમાં આ પ્યાલો ફૂટવાનો જ ના હોય તો આ કાચના પ્યાલાનાં કારખાનાં શી રીતે ચાલે ? આ તો વ્યવસ્થિતને તમારુંય ચલાવવું છે, કારખાનાંય ચલાવવાં છે અને હજારો મજૂરોનુંય ગાડું ચલાવવાનું છે. તે નિયમથી પ્યાલો ફૂટે જ, ફૂટ્યા વગર રહે જ નહીં. ત્યારે અક્કરમી ફૂટે ત્યારે કઢાપો ને અજંપો કર્યા કરે. અરે, નોકરથી ફૂટ્યો હોય ને બે-પાંચ મહેમાન બેઠા હોય તો મનમાં અજંપો કર્યા કરે કે ક્યારે આ મહેમાન જાય ને હું નોકરને ચાર તમાચા

ચોડી દઉં ! ને મૂઓ તેવું કરેય ખરો. અને જો તેણે જાણ્યું કે આ નોકરે નથી ફોડ્યો પણ 'વ્યવસ્થિતે' ફોડ્યો છે તો થાય કશું ? સંપૂર્ણ સમાધાન રહે કે ન રહે ? ખરી રીતે નોકર બિચારો નિમિત્ત છે. તેને આ શેઠિયાઓ બચકાં ભરે છે. નિમિત્તને ક્યારેય બચકાં ના ભરાય. મૂઆ, નિમિત્તને બચકાં ભરીને તું તારું ભયંકર અહિત કરી રહ્યો છું. મૂઆ, મૂળ રૂટ કૉઝ ખોળી કાઢને ! તો તારો ઉકેલ આવશે.

હું નાનપણમાં જરા ટીખળી સ્વભાવનો હતો. તે ટીખળ બહુ કરું. એક શેઠ એમના કુરકુરિયાને બહુ રમાડે. તે હું ધીરે રહીને પાછળથી ખબર ના પડે તેમ કૂતરાની પૂંછડી જોશથી દાબું. કૂતરું, મોઢા આગળ શેઠને જુએ ને તેમને ઝટ લઈને બચકું ભરી લે. શેઠ બૂમો પાડ પાડ કરે, આનું નામ નિમિત્તને બચકાં ભરવાં તે.

## આત્મા - અનાત્મા

આ તારા શરીરમાં આત્મા છે એ તો નક્કી ને ?

**પ્રશ્નકર્તા :** હાજી.

**દાદાશ્રી :** તો એ કયા સ્વરૂપે હશે ? મિક્ષ્ચર કે કમ્પાઉન્ડ ? આ આત્મા અને અનાત્મા મિક્ષ્ચર સ્વરૂપે હશે કે કમ્પાઉન્ડ સ્વરૂપે ?

**પ્રશ્નકર્તા :** કમ્પાઉન્ડ ?

**દાદાશ્રી :** જો કમ્પાઉન્ડ સ્વરૂપે હોય તો ત્રીજો નવા જ ગુણધર્મવાળો પદાર્થ ઉત્પન્ન થઈ જાય. અને આત્મા અને અનાત્મા એના પોતાના ગુણધર્મો જ ખોઈ બેસે તો કોઈ આત્મા પાછો પોતાના મૂળ સ્વભાવમાં આવી જ ના શકે અને ક્યારેય મુક્ત ન થઈ શકે. જો હું તને સમજ પાડું. આ આત્મા છે ને તે મિક્ષ્ચર સ્વરૂપે રહેલો છે અને આત્મા અને અનાત્મા બન્નેય પોતે પોતાના ગુણધર્મ સાથે રહેલા છે અને તે છૂટા પાડી શકાય તેમ છે. સોનામાં તાંબું, પિત્તળ, રૂપું એ બધું ધાતુઓનું મિશ્રણ થઈ ગયું હોય તો કોઈ સાયન્ટિસ્ટ એના ગુણધર્મ ઉપરથી છૂટાં પાડી આપી શકે કે નહીં ? તરત જ પાડી શકે. તેવી જ રીતે આત્મા, અનાત્માના



ગુણધર્મો જે કમ્પ્લિટ જાણે છે અને જે અનંત સિદ્ધિવાળા એવા સર્વજ્ઞ જ્ઞાની છે તે તેનું પૃથક્કરણ કરી આપી છૂટા પાડી શકે. અમે જગતના સૌથી મોટામાં મોટા સાયન્ટિસ્ટ છીએ. આત્મા અને અનાત્માના પરમાણુએ પરમાણુનું પૃથક્કરણ કરી, બન્ને છૂટા પાડી નિર્ભેળ આત્મા તમારા હાથમાં એક કલાકમાં જ આપીએ છીએ. જ્ઞાનીની પ્રગટ વાણી સિવાય બહાર જે 'આત્મા, આત્મા' એમ બોલાય કે વંચાય છે તે ભેળવાળો આત્મા છે. શબ્દબ્રહ્મ ! હા, પણ નિર્ભેળ નહીં.

આ બધા જે ધર્મો પાળે છે તે અનાત્માના ધર્મો પાળે છે. તે રિલેટિવ ધર્મો છે, નિર્ભેળ આત્માના નહીં. આત્માનો તો એકેય ગુણધર્મ જાણ્યો નથી, તો આત્મધર્મ શી રીતે પળાય ? એ તો જ્ઞાની પુરુષ તમને થીયરી ઓફ રિલેટિવીટીમાંથી જ્યાં સુધી રિયાલિટીમાં ના લાવે ત્યાં સુધી રિયલ ધર્મ ના પળાય. આ અમારા મહાત્માઓ તમારી મહીં રહેલા ભગવાનને જોઈ શકે છે, દર્શન કરી શકે છે. કારણ કે અમે તેમને દિવ્યચક્ષુ આપેલાં છે. આ તમારાં જે ચક્ષુ છે તે ચર્મચક્ષુ છે, તેનાથી બધી વિનાશી ચીજો દેખાય. અવિનાશી ભગવાન તો દિવ્યચક્ષુથી જ દેખાય.

## દિવ્યચક્ષુથી મોક્ષ

કૃષ્ણ ભગવાને મહાભારતના યુદ્ધ વખતે અર્જુનને દિવ્યચક્ષુ આપ્યા હતાં. પણ તે પાંચ જ મિનિટ માટે, તેનો વૈરાગ્ય ટાળવા. પછી પાછાં લઈ લીધાં હતાં. અમે તમને પરમેનન્ટ દિવ્યચક્ષુ આપીએ છીએ. પછી જ્યાં જુઓ ત્યાં ભગવાન દેખાય. અમારામાં દેખાય, આમનામાં દેખાય, ઝાડમાં દેખાય ને ગધેડામાંય દેખાય. જીવમાત્રમાં ભગવાન દેખાય, આત્મવત્ સર્વ ભૂતેષુ જ દેખાય બધેય. પછી છે કંઈ ઉપાધિ ?

જૈનોના મોટામાં મોટા આચાર્ય આનંદઘનજી મહારાજ શું કહી ગયા ત્રણસો વરસ ઉપર કે 'આ કાળમાં દિવ્યચક્ષુનો નિશ્ચયે કરીને વિયોગ થઈ પડ્યો છે.' તેથી બધાએ બારણાં બંધ કરી દીધાં. આ તો કુદરતી રીતે ગજબનું જ્ઞાન ઉત્પન્ન થઈ ગયું છે, નેચરલ એડજસ્ટમેન્ટ છે. તે દિવ્યચક્ષુ કલાકમાં જ સુલભ થઈ ગયાં છે !

ભગવાન શું કહે છે ? મોક્ષમાર્ગ અતિ, અતિ, અતિ સો વખત દુર્લભ, દુર્લભ, દુર્લભ છે, પણ જો જ્ઞાની પુરુષ મળે તો ખીચડી બનાવવા કરતાંય સહેલો છે !

આ અમારી વાત તો તમારો આત્મા જ કબૂલ કરે. કારણ કે તમારી મહીં હું જ બેઠેલો છું, તમે જો આડાઈ નહીં કરો તો ! અમને તમારામાં ને અમારામાં ભેદ ન હોય. આ બધા લોકો 'શ્રદ્ધા રાખો, શ્રદ્ધા રાખો' એમ બોલ બોલ કરે છે. તે મૂઆ પણ મને શ્રદ્ધા બેસતી નથી તેનું શું ? વ્યાખ્યાન કે પ્રવચનમાંથી નીચે ઊતર્યો કે ધોતિયું ખંખેરી નાખે ને પાછો મૂઓ વિચારે કે આજે રીંગણાં બહુ સસ્તાં થઈ ગયાં ! અમારી પાસે શ્રદ્ધા રાખવાની ના હોય. જો તારી મહીં આત્મા છે અને આડાઈ નથી તો તને અવશ્ય શ્રદ્ધા બેસવી જ જોઈએ. કારણ કે આ તો જ્ઞાનીની ડિરેક્ટ જ્ઞાનવાણી છે, તે તારાં બધાં જ આવરણો તોડીને સીધી તારા આત્માને પહોંચે અને તેથી તારા આત્માને કબૂલ કરવું જ પડે ! અમારી વાત તારી સમજમાં આવી જ જાય !

શ્રદ્ધાપૂર્વકની વાત અને સમજપૂર્વકની વાતમાં ફેર છે. સમજણપૂર્વકની વાત હોય તો જ સામો માને.

## પુનર્જન્મ

અમે ઔરંગાબાદથી પ્લેનમાં આવતા હતા. તે એક ફ્રેંચ સાયન્ટિસ્ટ માઈક્રોબાયોલોજીસ્ટ હતો તે મળ્યો. તે અમને પૂછવા લાગ્યો કે, 'તમે ઈન્ડિયન લોકો રીબર્થમાં માનો છો તેમ અમે લોકો નથી માનતા. તો તમે મને જરા સમજ પાડશો કે તે કેવી રીતે ? તમે કહો તેટલો વખત હું તમારી સાથે ઈન્ડિયામાં રહેવા તૈયાર છું.' અમે પૂછ્યું, 'કેટલો વખત તું રહી શકે તેમ છે ?' ફ્રેન્ચ સાયન્ટિસ્ટે કહ્યું, 'પાંચ વરસ, દસ વરસ.' મેં કહ્યું, 'ના, ના, એટલો બધો ટાઈમ અમારી પાસે નથી.' ત્યારે પેલો બોલ્યો, 'છ મહિનામાં ?' અમે કહ્યું, 'અલ્યા, અમે ક્યાં નવરા છીએ ? અમારે ઘણું કામ છે. આખા જગતનું કલ્યાણ કરવાનું છે. તેના અમે નિમિત્ત છીએ. એમ કર, આ સાન્તાક્રૂઝ એરપોર્ટ પર કલાકમાં ઊતરીશું ત્યારે તું



પુનર્જન્મમાં માનતો થઈ ગયો હોઈશ.' અમે તેને પ્લેનમાં જ સમજ પાડી સાયન્ટિફિકલી અને તે ખરેખર સમજી ગયો ! અને સાન્તાક્રૂઝ ઊતર્યા ત્યારે 'સચ્ચિદાનંદ, સચ્ચિદાનંદ' બોલવા લાગ્યો. અરે, એની લેડીનેય ભૂલી ગયો. અમારા ફોટા પાડીને જોડે લઈ ગયો !

## મન-વચન-કાયા, ઈફેક્ટિવ

આ મન-વચન-કાયા ઈફેક્ટિવ છે કે અનઈફેક્ટિવ ? ઈફેક્ટિવ છે. જન્મથી જ ઈફેક્ટિવ છે. ગર્ભમાં ય ઈફેક્ટિવ છે. ઈફેક્ટિવ કેવી રીતે ? જો સવારે કોઈએ કહ્યું હોય કે તમારામાં અક્કલ નથી તો રાત્રે દસ વાગ્યે ય ઊંઘવા ના દે અને ઈફેક્ટ ચાલુ થઈ જાય. તે શાથી ? ત્યારે કહે, મન ઈફેક્ટિવ છે તેથી. બીજું વાણી તો પ્રત્યક્ષ ઈફેક્ટિવ છે. જો કોઈને એક ગાળ ભાંડી એટલે તરત જ ખબર પડી જશે. અને ત્રીજો આ દેહ પણ ઈફેક્ટિવ છે. ઠંડીમાં ઠંડી લાગે, ગરમીમાં ગરમી લાગે. તે જન્મથી જ ઈફેક્ટિવ છે. તુર્ત જ જન્મેલા બાળકને ઠંડીમાં ઓઢાડેલું કપડું જો ખસી જાય તો તેય રડવા માંડે અને પાછું ફરી ઓઢાડે તો ચૂપ થઈ જાય. મોઢામાં ગળ્યું મૂકે તો ચાટવા માંડે ને કડવું મૂકે તો મોઢું બગાડે. આ બધી જ ઈફેક્ટિવ અસરો માત્ર છે. અરે, ગર્ભમાંય ઈફેક્ટિવ હોય છે. તેનો મેં જાતે જોયેલો દાખલો આપું.

આ વાત પચાસ વર્ષ ઉપરની છે. અમારા ભાદરણ ગામમાં એક બાઈને આઠેક માસનો ગર્ભ હશે. રસ્તે જતાં તેને ગાયે શીંગડું માર્યું અને તે શીંગડું ગર્ભાશયમાં જઈને વાગ્યું અને મહીંથી બચ્ચાની નાની આંગળી થોડી બહાર નીકળી ગઈ. કેટલાક ડૉક્ટરો બોલાવ્યા. તે વખતે મિશનરીના ડૉક્ટરોને મોટો પ્રશ્ન થઈ પડ્યો. બાઈની સ્થિતિ ગંભીર થવા માંડી. એટલામાં ગામનાં એક ૭૦-૮૦ વરસનાં ડોશીમાએ જાણ્યું. તે લાકડી ઠોકતાં ઠોકતાં આવી પહોંચ્યાં. તેમણે બધાને કહ્યું 'તમે બધા હવે આઘા ખસી જાવ ને નિરાંતે બેસી જાવ અને ભગવાનનું નામ લો ને જોયા કરો.' માજીએ તો સોય લીધી અને અણી જરાક ગરમ કરી. અને બહાર નીકળેલી આંગળીને જરાક અડાડી કે તુર્તજ આંગળી અંદર પેસી ગઈ ! અંદરના બચ્ચાને ઈફેક્ટ થઈ, તે એણે આંગળી મહીં ખેંચી લીધી !

ઈફેક્ટ છે તો કૉઝ અવશ્ય હોવાં જ જોઈએ. કૉઝિઝ છે તો ઈફેક્ટ છે અને ઈફેક્ટ છે તો કૉઝિઝ હોવાં જ જોઈએ. એમ કૉઝિઝ અને ઈફેક્ટ, ઈફેક્ટ અને કૉઝિઝની ઘટમાળ ચાલ્યા જ કરે છે.

કારણ સિવાય કાર્ય ન હોય અને કાર્ય હોય ત્યાં કારણ હોવું જ જોઈએ. પૂર્વભવના કારણને લીધે હાલનો દેહ તે કાર્યસ્વરૂપનો દેહ છે. જન્મે છે ત્યારે સ્થૂળ શરીર તથા સૂક્ષ્મ શરીર એમ બે શરીર સાથે હોય છે. પણ પછી તેનાથી જે ઈફેક્ટ આવે છે તેમાં રાગ-દ્વેષ કરીને બીજાં નવાં કારણો ઊભાં કરે છે ને આવતા ભવનાં બીજ નાખે છે. તે ઠેઠ મરે ત્યાં સુધી કારણ શરીર ઊભું કરતો જાય છે. મરે છે ત્યારે કારણ શરીર તથા સૂક્ષ્મ શરીર સાથે આત્મા છૂટે છે અને સ્થૂળ શરીર અહીં પડ્યું રહે છે. એ કારણ શરીરમાંથી પાછું કાર્ય શરીર એને મળી જ જાય છે, ઓન ધ વેરી મોમેન્ટ.

જો પુનર્જન્મ ના હોત અને બધાને ભગવાને ઘડ્યા હોત તો બધા જ સરખા હોત. એક જ બીબામાંથી નીકળ્યા હોય તેમ એક સરખા જ હોત. પણ આ તો એક મોટો ને એક નાનો, એક લાંબો ને એક ટૂંકો, એક ગોરો, એક કાળો, એક ગરીબ, એક શ્રીમંત એવા હોય છે, તે ના હોત. એ બધામાં જે ફેર દેખાય છે તે તેમના પૂર્વજન્મના આધારે. પૂર્વનાં કૉઝિઝના આધારે અત્યારની આ જુદી જુદી ઈફેક્ટ્સ માત્ર છે. દરેકનાં કૉઝિઝ જુદાં તેથી ઈફેક્ટ્સ પણ જુદી જુદી. જો પુનર્જન્મ ના હોય તો એકેય એવો પુરાવો દેખાડો કે જે તેમ પુરવાર કરે. આ અંગ્રેજો 'લકી' અને 'અનલકી' બોલે છે તે શું ? મુસ્લિમોય તકદીર અને તદબીર બોલે છે તે શું સૂચવે છે ? આ બધાની ભાષા પૂર્ણ છે પણ બિલિફ અપૂર્ણ છે. આ શબ્દ ક્યાં હોય કે જ્યાં પુનર્જન્મ હોય ત્યાં જ વપરાય.

જેવાં કૉઝિઝ ઉત્પન્ન કર્યાં હોય તેવી જ ઈફેક્ટ્સ આવે છે. સારાંની સારી અને ખરાબની ખરાબ. પણ ઠેઠ સુધી છૂટાય તો નહીં જ. એ તો કૉઝિઝ થતાં અટકે તો જ ઈફેક્ટ્સ બંધ થાય. પણ જ્યાં સુધી 'હું ચંદુભાઈ છું' એમ તમારી બિલીફમાં છે, જ્ઞાનમાં પણ 'હું ચંદુભાઈ છું' એમ છે ત્યાં સુધી કૉઝિઝ બંધ થાય જ નહીં. એ તો જ્ઞાની પુરુષ ઢંઢોળીને જગાડે ને



સ્વરૂપનું ભાન કરાવે ત્યારે કૉઝિઝ થતાં બંધ થાય. અમે કારણ શરીરનો નાશ કરી દઈએ છીએ. પછી આ ચંદુલાલની જેટલી ઈફેક્ટ્સ છે તેનો નિકાલ કરી દેવાનો, પછી એ ઈફેક્ટસનો નિકાલ કરતાં પણ તમને રાગ-દ્વેષ ના થાય અને એટલે નવાં બીજ પડે જ નહીં. હા, ઈફેક્ટ્સ તો ભોગવવી જ પડે. ઈફેક્ટ્સ તો આ જગતમાં કોઈ બદલી શકે તેમ છે જ નહીં ! આ કમ્પ્લિટ સાયન્ટીફિક વસ્તુ છે. ભલભલા સાયન્ટીસ્ટને પણ મારી વાત કબૂલ કરવી જ પડે.

આ કળિયુગનું, દુષમકાળનું ગજબનું આશ્ચર્યજ્ઞાન પ્રગટ થયું છે ! આ આશ્ચર્યકાળના અમે અક્રમ જ્ઞાની છીએ અને આમ અમારે જાતે બોલવું પડે છે. કારણ કે હીરાને જાતે ઓળખાવવા બોલવું પડે તેવો વર્તમાન આશ્ચર્યકાળ છે !

## આધિ-વ્યાધિ-ઉપાધિ

જગત આખું ત્રિવિધ તાપથી સળગી રહ્યું છે ! અરે, પેટ્રોલના અગ્નિથી ભડકે બળી રહ્યું છે !! તે ત્રણ તાપ ક્યા ? આધિ, વ્યાધિ ને ઉપાધિ.

પેટમાં દુઃખતું હોય તેનું નામ વ્યાધિ. ભૂખ લાગે તેનું નામ વ્યાધિ. આંખો દુઃખતી હોય તે વ્યાધિ. શારીરિક દુઃખને વ્યાધિ કહેવાય.

માનસિક દુઃખને આધિ કહેવાય. આખો દા'ડો ચિંતા કર્યા કરે એ આધિ. અને બહારથી આવી પડે તે ઉપાધિ કહેવાય. અત્યારે અહીં બેઠા છીએ અને કોઈ પથરો મારે તે ઉપાધિ. કોઈ આપણને બોલાવવા આવ્યું તે ઉપાધિ. ઉપાધિ બહારથી આવે તે, અંદરથી ન હોય.

આખું જગત પછી ભલે તે સાધુ હોય કે સંન્યાસી હોય, તોય ત્રિવિધ તાપથી સળગે છે. અમે જ્ઞાન આપેલું હોય, તેમને તો નિરંતર સમાધિ રહે. જેને શુદ્ધાત્માનું પદ છે, જે નિરંતર સ્વરૂપમાં જ રહે છે તેને તો દરેક અવસ્થામાં સમાધિ રહે. કારણ કે તે તો પ્રત્યેક અવસ્થાને જુએ અને જાણે.

આ કોના જેવું છે ? જો તમે કોઈના ઘરમાં પેઠા હો તો મહીં ફફડાટ રહે કે ના રહે ? રહે જ. હમણાં કોઈ કાઢી મૂકશે, ધમકાવશે એમ નિરંતર રહ્યા જ કરે. પણ જો પોતાના ઘરમાં બેઠા હો તો છે કશી ચિંતા ? શાંતિ જ હોયને પોતાના ઘરમાં તો ! તેવું છે. ચંદુલાલ તે તમારું ઘર ન હોય. તમે પોતે ક્ષેત્રજ્ઞ પુરુષ છો અને ભ્રાંતિથી પરાયા ક્ષેત્રમાં ક્ષેત્રાકાર થઈ ગયા છો. પરના સ્વામી થઈ બેઠા છો ને પાછા પરના ભોક્તા થઈ ગયા છો. તો નિરંતર ચિંતા, ઉપાધિ, આકુળતા અને વ્યાકુળતા રહ્યા કરે છે. પાણીમાંથી બહાર કાઢી નાખેલાં માછલાંની જેમ નિરંતર તરફડાટ તરફડાટ રહે છે. આ શેઠિયાઓ ડનલોપના ગાદલામાં સૂએ છે, મચ્છરદાની બાંધે છે ને એકેએક માંકણ વીણાવીને સૂઈ જાય છે. તોય મૂઆ આખી રાત પાસાં ફેરવ ફેરવ કરે છે. અઢી મણનું ધોકડું આમ ફેરવે ને તેમ ફેરવે. આખી રાત મહીં ચૂન ચૂન થયા કરે છે, તે શું કરે બિચારો ?! કંઈ ઓછું ખાટલેથી ઉપર અદ્ધર ચઢી જવાય છે ?

## જગત અને બ્રહ્મ

આ જગત સત્ય હશે કે ઈલ્યુઝન (મિથ્યા) ?

**પ્રશ્નકર્તા :** ઈલ્યુઝન.

**દાદાશ્રી :** ના, તેમ નથી. જો હું તમને ઈલ્યુઝન એટલે શું તે સમજ પાડું. ઈલ્યુઝન એટલે પાણી દેખાય ને ધોતિયું ઊંચું પકડે પણ ધોતિયું પલળે નહીં. બધું ભડકે ને ભડકે સળગતું દેખાય પણ દઝાય નહીં તે ઈલ્યુઝન. કેટલાય કહે છે, 'બ્રહ્મ સત્ય, જગત મિથ્યા.' જો મિથ્યા છે તો દેવતામાં હાથ નાખી જો ને ! તરત જ ખબર પડી જશે કે મિથ્યા છે કે નહીં ! અને જો મિથ્યા હોય તો કોઈએ કહ્યું હોય કે, 'ચંદુલાલમાં અક્કલ નથી' ! તો તે વાત ત્યાં ને ત્યાં જ મિથ્યા પુરવાર થઈ જ જવી જોઈએ. મિથ્યા કોને કહેવાય કે ત્યાં ને ત્યાં જ તે ક્ષણે તેની અસર ઈફેક્ટ પુરવાર થઈ જાય. દા.ત. ભીંત ઉપર ઈંટનો ટુકડો માર્યો કે તુર્ત જ તે જરા છુંદાય ને ભીંત ઉપર અસર રૂપે ખાડો કે લાલ ડાઘ પડે જ, પણ આ તો ચંદુલાલ ને રાતે બે વાગે ઊંઘમાંથી ઊઠે અને તેની ઈફેક્ટ્સ ચાલુ થઈ જાય કે મને



આવું કહેલું, તો પછી તેને મિથ્યા કેમ કહેવાય ? અમે કહીએ છીએ કે જગતેય સત્ય છે ને બ્રહ્મ પણ સત્ય છે. જગત રિલેટિવ સત્ય છે અને બ્રહ્મ રિયલ સત્ય છે. આ અમારી ત્રિકાળ સત વાણી છે. આ જગતનું રિલેટિવ સત્ય ક્યારે અસત્ય થઈ જાય તે કહેવાય નહીં. ઓલ ધીઝ રીલેટિવ્ઝ આર ટેમ્પરરી એડજસ્ટમેન્ટ્સ અને બ્રહ્મ તે રિયલ સત્ય છે, પરમેનન્ટ છે, શાશ્વત છે !

## મન-વચન-કાયાનાં વળગણ

મનુષ્ય માત્રને આ મન-વચન-કાયા એ ત્રણ વળગણ છે. તેથી તે બોલે છે કે 'હું ચંદુલાલ છું, કલેક્ટર છું, આનો ધણી છું, આનો બાપ છું.' મૂઆ, કાયમનો કલેક્ટર છું ? તો કહે, 'ના, રિટાયર થવાનો છું ને !' તે આ વળી નવી વળગણ ! આ દારૂડિયો દારૂ પીને ગટરમાં પડીને શું બોલે ? 'હું સયાજીરાવ ગાયકવાડ છું, હું રાજા છું, મહારાજા છું.' તે આપણે ના સમજી જઈએ કે મૂઓ આ નથી બોલતો પણ દારૂનો અમલ બોલે છે ! તેમ મન-વચન-કાયાની ત્રણ ભૂતાવળની વળગણ છે. તે તેનો અમલ બોલે છે કે, 'હું ચંદુલાલ છું, કલેક્ટર છું' ને તેના અમલમાં મૂઓ નાચે છે.

એક સાચી બનેલી વાત કહું. એક કાશી નામની બાઈ હતી. તે બધી પાડોશણો જોડે ટોળટપ્પાં કરતી હતી. એકાએક મૂઈ ધૂણવા લાગી ને ચિત્રવિચિત્ર ડોળા ફેરવવા મંડી. તે બધા ગભરાઈ ગયા. તેમાંથી એકે કહ્યું, આને તો વળગણ છે. ભૂવાને બોલાવો. તે પાછો તેનો ધણી ભૂવાને બોલાવી લાવ્યો. ભૂવો તો જોતાં જ સમજી ગયો કે આ તો ભૂતનું વળગણ છે. એટલે એણે તો સટાક સટાક ચાબખા મારવા માંડ્યા. બાઈ તો બૂમો પાડવા મંડી. તે ભૂવાએ પૂછ્યું, 'કોણ છે તું ?' તે કાશી બોલી, 'આઈ એમ ચંચલ, આઈ એમ ચંચલ.' ભૂવો સમજી ગયો. એણે પૂછ્યું. 'કેમ આવી છું તું ?' એટલે પેલી કાશી બોલી, 'આ કાશીએ મારા ધણીને એના રૂપમાં ફસાવ્યો છે.' અલ્યા, આ કાશીને અંગ્રેજીની એબીસીડી ય આવડતી નથી ને આ કડકડાટ અંગ્રેજીમાં શી રીતે બોલે છે કે, આઈ એમ ચંચલ, આઈ એમ ચંચલ. પછી તપાસ કરતાં ખબર પડી કે ચંચળ અંગ્રેજી ભણેલી

હતી ને અંગ્રેજીમાં સુંદર બોલતી હતી. તે પછી ભૂવાએ એને મારી, સમજાવી-પટાવી. એણે કહ્યું તે તે વસ્તુ ભાગોળે વડના બખોલમાં મૂકી આવી, ચંચળના વળગણને છૂટું કર્યું.

એવી છે આ ભૂતાવળ. ચંચળ તો ચાલી ગઈ. પણ એના સોળાં રહી ગયાં કાશીને. તેને બિચારીને લાય બળતી રહી રુઝાતાં સુધી !

આ મન-વચન-કાયાનાં ત્રણ ભૂતો જે તમને વળગ્યાં છે, તેના અમે ભૂવા છીએ. તે ત્રણેય વળગણથી તમને છૂટા કરાવી આપીએ છીએ. હા, જ્યાં સુધી સોળાં રુઝાય નહીં ત્યાં સુધી એની ઈફેક્ટ રહેશે, પણ ભૂતાંથી કાયમના મુક્ત થઈ જશો.

આ મન-વચન-કાયા એ વળગણ છે એટલું જ જો તું સમજ્યો તો પીસ્તાલીસમાંથી પચ્ચીસ આગમ ભણી ગયો !

ઘર-બાર, બૈરી-છોકરાં કે કપડાં છોડવાની જરૂર નથી. આ ત્રણ વળગણ વળગેલી છે, તેનાથી જ છૂટવાની જરૂર છે.

## આગમ-નિગમ

આગમ તો ગુરુની (જ્ઞાનીની) ગમ વગર વંચાય જ નહીં. આગમની ગમ જ્ઞાનીને જ હોય. પોતે અગમ, તેને આગમની ગમ શી રીતે પડે ? અમને તો આગમ-નિગમનું સુગમ જ હોય.

## પૂરણ અને ગલન

રિયલ 'હું'ને ખોળી કાઢ. 'હું હું' શું કરે છે ? આ બકરી ય 'મેં મેં' કરે છે ને તુંય 'હું છું, હું છું' કરે છે. તે શાને કરે છે ? આ દેહને ? આ તો પૂરણ-ગલન છે. ચઢ-ઉતર કરે તે સંસારનો સ્વભાવ છે. દરેકે માન્યું કે પૈસાને ભેગા કરવા. પણ તેય મૂઆ પૂરણ-ગલન છે. આ બેંકના એકાઉન્ટમાં બે ખાતાં હોય છે કે એક ? બે. ક્રેડિટ અને ડેબિટ. તે મૂઆ, તું એકલું ક્રેડિટ કેમ નથી રાખતો ? ના રખાય. નિયમથી જ જેનું જેનું પૂરણ થાય છે તેનું ગલન થવાનું જ. આ ખાય છે તે પૂરણ છે અને સંડાસ જાય



તે ગલન છે. પાણી પીવે છે તે પૂરણ છે અને બાથરૂમ જાય છે તે ગલન છે. મનમાંય વિચારો આવે છે ને જાય છે, તેય પૂરણ-ગલન છે.

ભોજનાલય-શૌચાલય, પૂરણ-ગલન અને શુદ્ધાત્મા એ સિવાય જ્ઞાનીને આ જગતમાં કશું દેખાય જ નહીં. ભોજનાલય તે ભોગવવાની વાપરવાની વસ્તુ, શૌચાલય તે ભોગવીને છોડી દેવાની વસ્તુ. બાકી રહ્યું તે પૂરણ-ગલન અને શુદ્ધાત્મા. આમાં બધું જ આવી જાય.

આ અક્કરમી બહુ ખા ખા કરે છે ને પછી ઝાડા થાય છે. તે તેનું ગલન ના થાય તો ? આફરો ચઢે. તેમ પૈસાનું થવાનું છે. તેનું કોઈનેય ભાન નથી. કોઈને કશાનું ગલન ન થયું હોય તેવો ખોળી કાઢ. મહીસાગરેય નર્મદાને કહે છે કે મારે ત્યાં જળ ખૂબ આવે છે અને જાય છે. પણ ઉનાળો આવે ત્યારે ત્યાંય આરપાર. મેં બધા ડૉક્ટરોને પૂછેલું કે આ નખ વધે છે તે શું છે ? તે ગમે તેમ કહેવા માંડ્યા : કેલ્શિયમને લીધે, પણ તેમ નથી. ખરી રીતે તો એ ગલન જ છે. ખોરાકમાં હાડકાના સંયોગી પુરાવા થાય છે તે હાડકાનું પૂરણ થઈ રહ્યું છે. તે નખ વાટે ગલન થાય છે. જે નકામા થાય છે તેનું ગલન નિયમથી જ થઈ જાય છે. તેમ આ દેહમાંય પરમાણુઓનું પૂરણ-ગલન થયા જ કરે છે. મનુષ્ય દસ વરસનો હતો ત્યારે જે પરમાણુ હતા, તે તેમાંનું એકેય પરમાણુ પચીસમે વરસે ના હોય. જૂનાનું ગલન થાય ને નવાનું પૂરણ થાય છે. પૂરણ-ગલન, પૂરણ-ગલન એમ ઘટમાળ ચાલ્યા જ કરે છે.

પાપનું પૂરણ કરે છે તે જ્યારે તેનું ગલન થશે ત્યારે મૂઆ ખબર પડશે ! ત્યારે મૂઆ તારા હાજાં ગગડી જશે ! દેવતા ઉપર બેઠાં હોઈએ તેવું લાગશે મૂઆ !! પુણ્યનું પૂરણ કરીશ ત્યારે એનું જ્યારે ગલન થશે ત્યારે ખબર પડશે કે કેવી ઓર મજા આવે છે ! માટે જેનું જેનું પૂરણ કરો, તે જોઈ વિચારીને કરજો કે ગલન થાય ત્યારે પરિણામ કેવું થાય છે ! પૂરણ કરતાં સતત ખ્યાલ રાખજો. પાપ કરતાં, કોઈને છેતરીને પૈસો ભેગો કરતાં સતત ખ્યાલ રાખજો કે એય ગલન થવાનું છે. એ પૈસો બેંકમાં મૂકશો તો તે ય જવાનો તો છે જ ! એનું ય ગલન તો થશે જ. અને એ પૈસો ભેગો કરતાં જે પાપ કર્યું, જે રૌદ્રધ્યાન કર્યું, તે તેની કલમો સાથે આવવાનું

તે વધારામાં અને જ્યારે તેનું ગલન થશે ત્યારે તારી શી દશા થશે ? લક્ષ્મીજી કોઈની આંતરી અંતરાય તેમ નથી. લક્ષ્મીજી તો ભગવાનની પત્ની છે. તેનેય મૂઆ તું આંતર આંતર કરે છે ? પહેલા આણામાં આવેલી વહુને જો આંતરી રાખી હોય ને પાછી પિયર જવા ના દે તો શી દશા થાય બિચારીની ?! તેવું લોકોએ આ લક્ષ્મીજી માટે કરવા માંડ્યું છે. તે લક્ષ્મીજીય હવે કંટાળ્યા છે. અમને તો વડોદરાના સ્ટેશને લક્ષ્મીજી જ્યારે જ્યારે મળે ત્યારે હાથ જોડીને કહીએ કે મામાની પોળ ને છઠ્ઠું ઘર, જ્યારે પધારવું હોય ત્યારે પધારજો ને જ્યારે જવું હોય ત્યારે જજો. તે હવે મને કહે છે કે હું તો આ શેઠિયાઓને ત્યાં ખૂબ જ કંટાળી છું. તે હવે હું તમારા મહાત્માઓને ત્યાં જ જઈશ. કારણ કે જ્યારે તમારા મહાત્માઓને ત્યાં જઉં છું, ત્યારે ફૂલહાર લઈને સ્વાગત કરે છે અને પાછી જઉં છું ત્યારેય ફૂલહાર પહેરાવીને વિદાય આપે છે. જે જે લોકો મને આંતરે છે ત્યાં હવે હું નહીં જાઉં અને જે જે મારો તિરસ્કાર કરે છે ત્યાં તો કેટલાય ભવ સુધી હું નહીં જાઉં ! રૂપિયા તો આવે ને જાય. દસ વરસ પછી તે લક્ષ્મી ના રહે. એ તો ફેરફાર થયા જ કરે.

આખુંય જગત આકુળતા ને વ્યાકુળતામાં જ સપડાયેલું છે. પછી તે ત્યાગી હો કે સંસારી, નિરાકુળતા કોઈ જીવને હોય જ નહીં. નિરાકુળતા તો સ્વરૂપનું ભાન થાય ત્યાર પછી જ ઉત્પન્ન થાય. ક્રમિક માર્ગમાં નિરાકુળતા પ્રાપ્ત કરવા આખો સંસારસમુદ્ર ઓળંગે અને સામે કિનારે જાય ત્યારે નિરાકુળતાની પાળ આવે. કેવી મહેનત પડે ? અને આ અક્રમ માર્ગમાં આ અમે તમારા માથે હાથ મૂકીએ, તે કાયમની નિરાકુળતા ઉત્પન્ન થઈ જાય !

## સંસારવિઘ્નો નિવારક 'ત્રિમંત્ર'

મંત્રનો સાચો અર્થ શું ? મંત્ર એટલે મનને શાંત રાખે તે. ભગવાનની ભક્તિ કરતાં સંસારમાં વિઘ્ન ન આવે તેટલા માટે ભગવાને ત્રણ મંત્રો આપેલા. (૧) નવકાર મંત્ર (૨) ૐ નમો ભગવતે વાસુદેવાય (૩) ૐ નમઃ શિવાય. તેય અહંકારી લોકોએ નવા નવા સંપ્રદાયોના વાડા બાંધી દીધા ને મંત્રો પણ વહેંચી દીધા. ભગવાને કહેલું કે, તમારે તમારી



સગવડ માટે મંદિરો-દેરાં વહેંચવાં હોય તો વહેંચી લેજો, પણ મંત્રો તો ભેગા જ રાખજો. તેય આ લોકોએ વહેંચી લીધા. અરે, આ લોકો તો એટલે સુધી પહોંચ્યા કે અગિયારસેય વહેંચી લીધી. શિવની જુદી ને વૈષ્ણવની જુદી. તે ભગવાન શી રીતે રાજી રહે ? ભગવાન જ્યાં વઢવાડ કે મતભેદ હોય ત્યાં ન હોય. આ અમારા આપેલા ત્રિમંત્રમાં તો ગજબની શક્તિ છે ! માગ્યા મેહ વરસે તેમ છે, સર્વ દેવો રાજી રહે. અને વિઘ્ન ના આવે. સૂળીનો ઘા સોયે સરી જાય. સંપૂર્ણ નિષ્પક્ષપાતી છે.

આ અમારો આપેલો ત્રિમંત્ર સવારમાં પાંચ વખત અમારું મોઢું યાદ કરીને બોલશો તો ક્યારેય પણ ડૂબશો નહીં અને ધીરેધીરે મોક્ષેય મળશે. અને તેની જોખમદારી અમે લઈએ છીએ.

અમે તો કહીએ છીએ કે આખાય જગતનાં દુઃખો અમને હો. તમારામાં જો શક્તિ હોય તો તમારાં સર્વ દુઃખો અમારા ચરણોમાં જરાય અંતરપટ રાખ્યા વગર અર્પણ કરી જાવ. પછી જો દુઃખ આવે તો અમને કહેજો. પણ આ કાળમાં એવાય લોકો મને મળ્યા છે કે જેઓ કહે છે કે દુઃખ આપી દઉં તો પછી મારી પાસે શું રહે ? પણ મૂઓ સમજતો નથી કે તું પોતે જ અનંત સુખનો કંદ છું. તે દુઃખ આપી દઈશ તો નર્યું અપાર સુખ રહેશે. પણ કોઈને દુઃખ આપતાંય નથી આવડતું !

'મનુષ્ય રૂપેણ મૃગાશ્ચરંતિ' એવું ક્યાંક લખેલું છે. તે ડરના માર્યા મૃગ શબ્દ વાપર્યો છે. મૂઆ, ૩૨ માર્કે ગધેડો થાય ને ૩૩ માર્કે મનુષ્ય થાય. તે એક માર્ક તો દેહમાં વપરાઈ ગયો તે રહ્યું શું ? ગુણ તો ગધેડાના જ ને ! ફોટો મનુષ્યનો પડે પણ મહીં ગુણો પાશવી હોય તો તે પશુ જ છે. અમે ચોખ્ખું કહી દઈએ. કારણ અમારે ઘાટ નથી, લાલચ નથી. તારું હિત એ જ અમારે જોવાનું છે. તારા પર અમને અપાર કરુણા હોય તેથી જ અમે તો નગ્ન સત્ય કહી દઈએ. આ જગતને અમે એકલા જ નગ્ન સ્વરૂપે કહીએ છીએ.

## ચિંતા અને અહંકાર

શ્રીકૃષ્ણ કહે છે : 'જીવ તું શીદને શોચના કરે,
કૃષ્ણને કરવું હોય તે કરે.'

ત્યારે આ અક્કરમી શું કહે છે ખબર છે ? કૃષ્ણ તો કહે, એમને જે કહેવું હોય તે. પણ આ સંસાર ચલાવવાનો, તે ચિંતા કર્યા વગર ઓછું ચાલે ? તે લોકોએ ચિંતાનાં કારખાનાં કાઢ્યાં છે ! એ માલેય વેચાતો નથી. ક્યાંથી વેચાય ? જ્યાં વેચવા જાય ત્યાંય તેનું કારખાનું તો હોય જ ને ! આ જગતમાં એક પણ એવો માણસ ખોળી લાવો કે જેને ચિંતા ના થતી હોય.

એક બાજુ કહે છે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' ને બીજી બાજુ કહે છે કે, 'હે કૃષ્ણ ! તું મારા શરણે થા.' જો કૃષ્ણનું શરણું લીધું છે, તો પછી ચિંતા શેની ? મહાવીર ભગવાનેય ચિંતા કરવાની ના કહી છે. તેમણે તો એક ચિંતાનું ફળ તિર્યંચ ગતિ કહ્યું છે. ચિંતા એ તો મોટામાં મોટો અહંકાર છે. 'હું જ આ બધું ચલાવું છું.' એમ જબરજસ્ત રહ્યા કરે ને તેના ફળ રૂપે ચિંતા ઊભી થાય.

સાચો ભગવાનનો ભક્ત તો ચિંતા થાય તો ભગવાનનેય ટૈડકાવે. તમે ના કહો છો ને મને ચિંતા કેમ થાય છે ? જે ભગવાનને વઢતો નથી તે સાચો ભક્ત નથી. જો કંઈ ઉપાધિ આવે તો તમારા મહીં ભગવાન બેઠેલો છે તેમને ભાંડજો, દબડાવજો. ભગવાનને પણ ટૈડકાવે તે સાચો પ્રેમ કહેવાય. આજે તો આ ભગવાનનો સાચો ભક્ત જડવોય મુશ્કેલ છે. સહુ પોતપોતાના ઘાટમાં ફરે છે.

'હું કરું છું, હું કરું છું' એમ કર્યા કરે છે તે ચિંતા થાય છે. નરસિંહ મહેતા શું કહે છે :

'હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જયમ શ્વાન તાણે.
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કો'ક જાણે.'

તે વાંચીને બધા યોગીઓ ફુલાઈ ગયા ! મૂઆ, આ તો આત્મયોગી અને આત્મયોગેશ્વર માટે કહે છે. આત્મયોગેશ્વર તો હજારો-લાખો વરસે એક પાકે. તે એકલો જ આખા બ્રહ્માંડનાં પરમાણુએ પરમાણુ ફરેલો હોય અને બ્રહ્માંડમાં ને બ્રહ્માંડની બહાર રહીને પરમાણુએ પરમાણુ ફરીને જોઈને બોલતો હોય. તે એકલો જ જાણતો હોય કે આ જગત કોણે



બનાવ્યું, કેવી રીતે બન્યું ને કેવી રીતે ચાલે છે. 'અમે આ કાળના આત્મયોગેશ્વર છીએ.' તે તું તારું કામ કાઢી જા. એક કલાકમાં તો તારી બધી જ ચિંતાઓ હું લઈ લઉં છું અને ગેરન્ટી આપું છું કે એકેય ચિંતા થાય તો વકીલ કરીને કોર્ટમાં મારા પર કેસ ચલાવજે. આવા અમે ચૌદસો મહાત્માઓને ચિંતારહિત કર્યા છે. મૂઆ, માગ. માગે તે આપું તેમ છું પણ જરા પાંસરું માગજે. એવું માગજે કે જે કદી તારી પાસેથી જાય નહીં. આ નાશવંત ચીજો ના માગીશ. કાયમનું સુખ માગી લેજે.

પરસત્તા વાપરવાથી ચિંતા થાય છે. પરદેશની કમાણી પરદેશમાં જ રહેશે. આ મોટર, બંગલા, મિલો, બૈરી, છોકરાં બધું જ અહીં મૂકીને જવું પડશે. આ છેલ્લે સ્ટેશને તો કોઈનાય બાપનું ચાલે તેમ નથી ને ! માત્ર પુણ્ય અને પાપ સાથે લઈ જવા દેશે. બીજી સાદી ભાષામાં તને સમજાવું તો અહીં જે જે ગુના કર્યા તેની કલમો સાથે આવશે. એ ગુનાની કમાણી અહીં જ રહેશે અને પછી કેસ ચાલશે. તે કલમોના હિસાબે નવો દેહ પ્રાપ્ત કરી ફરીથી નવેસરથી કમાણી કરી ને દેવું ચૂકવવું પડશે ! માટે મૂઆ પહેલેથી જ પાંસરો થઈ જાને ! સ્વદેશમાં તો બહુ જ સુખ છે પણ સ્વદેશ જોયો જ નથી ને !

આ આપણા વાળ આપણા થયા નથી તો બીજું શું થશે ? અક્કરમી આખો દહાડો માથે હાથ ફેરવ ફેરવ કરે છે. તે હજામે કાપ્યા પછી ફેરવને ? પછી હાથમાં આવ્યા હોય તો ગમે ?

ચિંતા એ જ અહંકાર. આ બાબાને ચિંતા કેમ નથી થતી ? કારણ કે એ જાણે છે કે હું નથી ચલાવતો. કોણ ચલાવે છે તેની તેને પડીય નથી. ચિંતા કરે તેય પાડોશીઓનું જોઈને. પડોશીને ઘેર ગાડી ને આપણે ઘેર નહીં. અલ્યા, જીવન જરૂરિયાત માટે કેટલું જોઈએ ? તું એકવાર નક્કી કરી લે કે આટલી આટલી મારી જરૂરિયાતો છે. દા.ત. ઘરમાં ખાવા-પીવાનું પૂરતું જોઈએ, રહેવા માટે ઘર જોઈએ, ઘર ચલાવવા પૂરતી લક્ષ્મી જોઈએ. તે તેટલું તને મળી રહેશે જ. પણ જો પાડોશીએ બેંકમાં દસ હજાર મૂક્યા હોય તો તને મહીં ખૂંચ્યા કરે. આનાથી તો દુઃખ ઊભાં થાય છે. દુઃખને મૂઓ જાતે જ નોતરે છે.

એક જમીનદાર મારી પાસે આવ્યો. તે મને પૂછવા લાગ્યો કે, 'જીવન જીવવા માટે કેટલું જોઈએ ? મારે ઘેર હજાર વીઘા જમીન છે, બંગલો છે, બે મોટરો છે ને બેંક બેલેન્સ પણ ખાસ્સું છે. તો મારે કેટલું રાખવું ?' મેં કહ્યું, જો ભાઈ, દરેકની જરૂરિયાત કેટલી હોવી જોઈએ તેનો ખ્યાલ તેના જન્મ વખતે કેટલી જાહોજલાલી હતી, તેના ઉપરથી આખી જિંદગી માટેનું ધોરણ તું નક્કી કર. તે જ દરઅસલ નિયમ છે. આ તો બધું એક્સેસમાં જાય છે અને એક્સેસ એ તો ઝેર છે, મરી જઈશ.

## પ્રાપ્તને ભોગવ

કૃષ્ણ ભગવાને શું કહ્યું છે કે, 'પ્રાપ્તને ભોગવ. અપ્રાપ્તની ચિંતા ના કરીશ.' આ અમદાવાદના એક શેઠિયાને ઘેર ગયો. તે શેઠાણીએ સુંદર રસોઈ ને કંસાર કર્યો. પછી શેઠ ને હું જમવા બેઠા. શેઠાણી શેઠને કહે, 'આજે તો પાંસરા જમો.' મેં પૂછયું, 'કેમ આમ કહો છો ?' ત્યારે શેઠાણી કહે, 'અરે, આ તો અહીં જમે તે ધોકડું જમે છે, ને શેઠ તો મિલમાં ગયા હોય છે ! તે કોઈ દહાડો પાંસરું જમતા નથી.' ઓત્તારીની ! અલ્યા આ થાળી અત્યારે તને પ્રાપ્ત થઈ છે તેને નિરાંતે ભોગવને ! મિલ અત્યારે અપ્રાપ્ત છે તેની ચિંતા શા માટે ? ભૂત અને ભવિષ્ય બન્નેય અપ્રાપ્ત છે. વર્તમાન પ્રાપ્ત છે તેને નિરાંતે ભોગવ. અરે આ અક્કરમી તો એટલી હદ સુધી પહોંચ્યા કે ચાર વરસની બેબીની પરણવાની ચિંતા અત્યારથી જ કરતા હોય ! તે મૂઓ છેલ્લે સ્ટેશને પહોંચ્યો હોય ને ઘરનાં બધાંએ દીવો બીવોય કરી દીધો હોય ત્યારે ડચકાં ખાતો હોય ! તે પેલી બિચારી છોડીય છેવટે આવીને કહી જાય કે 'બાપા, તમે નિરાંતે જાવ. મારી ચિંતા ના કરશો.' ત્યારે અક્કરમી કહે, 'તું શું સમજે એમાં !' અને મનમાં સમજે કે ઓછી અક્કલ ખરીને તેથી બેબી આમ બોલે. લે આ મૂઓ અક્કલનો કોથળો ! બજારમાં વેચવા જાય તો ચાર આનાય કોઈ ના આપે.

આત્મા જેવું ચિંતવે તેવું તર્ત જ ફળ મળે. એક એક અવસ્થામાં એક એક અવતાર બાંધે તેવું છે આ બધું !

## ધ્યાન અને અપધ્યાન

ભગવાને કહ્યું છે કે જીવ માત્ર ચાર ધ્યાનમાં જ રહ્યા કરે છે.



રૌદ્રધ્યાન, આર્તધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન.

**ધ્યાન-અપધ્યાન :** જે ચાર ધ્યાનમાં ન ખપે તે અપધ્યાન. પહેલાં લોકોને અપધ્યાન હતાં. પણ હવે તો પટાવાળાને પણ અપધ્યાન રહે છે. આ લોકોને આજે નહીં તો મારા ગયા પછી મારાં વાક્યો થથરાવશે.

દુર્ધ્યાન કરતાં ય અપધ્યાન ઊતરતું. અપધ્યાન આ કાળમાં જ ઉત્પન્ન થયું છે. જે ધ્યાન રૌદ્ર, આર્ત અને ધર્મ ધ્યાનમાં સમાવેશ ના પામે તે અપધ્યાન.

શુક્લધ્યાન તો આ કાળમાં છે જ નહીં એમ શાસ્ત્ર કહે છે. આ ચારેય ધ્યાનમાં જે ના સમાય તે અપધ્યાન.

છૂટવા માટેના ધ્યાનને પદ્ધતિસર ના કર્યું તે અપધ્યાનમાં ગયું. સામાયિક કરે ને ધ્યાનમાં હોય કે 'મેં કર્યું' ને પાછો કહે પણ ખરો 'મેં કર્યું !' ને વળી પાછો શીશી જુએ. શીશી જુએ તે ધ્યાનમાં શી રીતે કહેવાય ?

**રૌદ્રધ્યાન :** રૌદ્રધ્યાન કોને કહેવાય ? આ વેપારીઓ એક મીટરના વીસ રૂપિયા કહે છે. પૂછીએ કે પેલું કયું કાપડ ? ત્યારે જવાબ આપે કે ટેરિલિન. ઘરાકને તેનો ભાવ વીસ રૂપિયા મીટર કહે છે અને પછી કાપડ માપતાં શું કરે છે ? આમ આમ કંઈક ખેંચે છે ને ? શાની કસરત કરે છે ? આ રૌદ્રધ્યાન છે. ઘરાકને માપમાં કંઈક પણ ઓછું આપીને, સામાને છેતરીને તેના ભાગનું પડાવી લેવું તે રૌદ્રધ્યાન છે. જરૂરિયાત કરતાં વધારે અથવા તો માપતોલમાં ફેરફાર કરી પડાવી લે તે બધું જ રૌદ્રધ્યાન છે. આ ભેળસેળ કરે છે તે ય રૌદ્રધ્યાન જ છે. પોતાના સુખને માટે બીજાનું કિંચિત્‌માત્ર સુખ ખૂંચવી લેવાનો, લઈ લેવાનો વિચાર કરે તે રૌદ્રધ્યાન. કાયદો શું કહે છે ? તારે તારા ધંધામાં પહેલેથી જ પંદર ટકા કે વીસ ટકા ચઢાવીને ધંધો કરવો. તે ઉપરાંતે ય તું કપડું ખેંચે તે ગુનો છે. ભયંકર ગુનો છે. સાચા જૈનને તો રૌદ્રધ્યાન હોય જ નહીં. જેમ એક્સિડન્ટ કો'ક વખત જ હોય તેમ કો'ક વખત જ રૌદ્રધ્યાન હોય. આ ક્રોધ કરે, ગાળો ભાંડે, ક્લેશ કરે એ બધું જ રૌદ્રધ્યાન. કેવળી ભગવંતોએ રૌદ્રધ્યાનને બહુ જ કરકસરથી વાપરવાનું કહ્યું છે જૈનોને. ત્યારે આજે તો તે જ મુખ્ય વપરાય

છે ! આચાર્યો, ગુરુઓ પોતા કરતાં ઓછી અક્કલવાળા શિષ્ય ઉપર ચિઢાયા કરે તેય રૌદ્રધ્યાન છે. મનમાં જ ચિઢાય તેય રૌદ્રધ્યાન છે. ત્યારે આજે તો મોઢેય અપશબ્દો આપી દે છે વાતવાતમાં !

રૌદ્રધ્યાનનું ફળ શું ? નર્કગતિ.

**આર્તધ્યાન :** આર્તધ્યાન એટલે પોતાના આત્માને પીડાકારી ધ્યાન. બહારના કોઈ જીવ માત્રને અસર ન કરે પણ પોતે પોતાનો જ અગ્રશોચ કર્યા કરે, ચિંતા કરે તે આર્તધ્યાન. તે તો સારું કહેવાય. સામાને જરાય અસર ના કરે. ક્રોધ-માન-માયા-લોભ, આર્તધ્યાનમાં ન હોય. પણ આ કાળમાં આર્તધ્યાન ના હોય. આ કાળમાં મુખ્યત્વે રૌદ્રધ્યાન જ હોય. સતયુગમાં પાંચ ટકા હોય. દસ વરસની છોડીને પરણાવવાની ચિંતા કરે એ આર્તધ્યાન. ન ગમતા મહેમાન આવે ને કહે કે આ જાય તો સારું એ આર્તધ્યાન. 'ગમતો માણસ' એટલે કે અર્થ સંબંધ કે વિષય સંબંધી હોય અને એ આવે તો એ 'ના જાય' એમ ઈચ્છે તો એ પણ આર્તધ્યાન. શિષ્ય સારો ન મળ્યો હોય તો તેના પર મહીં અકળાયા કરે તેય આર્તધ્યાન.

આર્તધ્યાનનું ફળ શું ? તિર્યંચ ગતિ !

**ધર્મધ્યાન :** આખો દહાડો ચિંતા ના થાય અને આંતરક્લેશ સમાઈ ગયેલો રહે તે ધર્મધ્યાન. ધર્મધ્યાન એટલે રૌદ્રધ્યાન કે આર્તધ્યાનમાં ક્યારેય પણ ના હોય ને નિરંતર શુભમાં જ રહે. નીડર, ધીરજવાળા, ચિંતારહિત અને ક્યારેય અભિપ્રાય ન બદલે. સ્વરૂપના બેભાન ભલે હો, તેનો ભગવાનને વાંધો નથી પણ ક્લેશરહિત હંમેશાં રહો - અંતરથી અને બાહ્યથી.

આ કાળમાં ધર્મધ્યાન બહુ જ ઓછાને હોય. સેકડે બે-પાંચ મળે. કારણ આજના વિકરાળ કળિયુગમાં તો ચિંતા-ઉપાધિ એકલા સંસારી વર્ગને થાય એમ નથી પણ સાધુ-સાધ્વી, આચાર્યો, બાવાઓ એ બધાંયને પણ ચિંતા તો રહ્યા જ કરે ! અરે, કશું ના મળે તો છેવટે શિષ્ય ઉપરેય અકળાયા કરે.

ધર્મધ્યાનનું ફળ શું ? એકલું ધર્મધ્યાન જ હોય તો તેનું ફળ દેવગતિ અને ધર્મધ્યાનની સાથે આર્તધ્યાન હોય તેનું ફળ મનુષ્યગતિ.



**શુક્લધ્યાન :** શુક્લધ્યાનના ચાર પાયા. આત્માનું અસ્પષ્ટ વેદન તે પહેલો પાયો - પહેલું ચરણ. બીજા પાયામાં આત્માનું સ્પષ્ટ વેદન રહે. અમારું પદ તે બીજા પાયાનું શુક્લધ્યાન. કેવળી ભગવાનનું પદ તે ત્રીજા પાયાનું શુક્લધ્યાન, ચોથા પાયે મોક્ષ.

સ્પષ્ટ વેદન એટલે પરમાત્મા સંપૂર્ણ જાણી લીધો. પણ બધાંય જ્ઞેયો ના ઝળકે. અને સંપૂર્ણ કેવળ જ્ઞાનમાં સર્વ જ્ઞેયો ઝળકે.

અસ્પષ્ટ વેદન એટલે આ રૂમમાં અંધારામાં બરફ પડ્યો હોય ને એને અડીને પવન આવતો હોય તો પવન ઠંડો લાગે તે તેને સમજાય કે અહીં બરફ છે અને આત્માનું સ્પષ્ટ વેદન એટલે બરફને અડીને જ બેઠા હોય તેવો અનુભવ થાય.

અમે તમારી, અમારી અને કેવળી ભગવાનની વચ્ચે બહુ ફેર નથી રાખ્યો. કાળને લઈને અમને કેવળજ્ઞાન અટક્યું છે, તે ચાર ડિગ્રી ના પચ્યું. ૩૫૬ ડીગ્રીએ અટક્યું છે. પણ અમે તમને આપીએ છીએ સંપૂર્ણ કેવળજ્ઞાન.

શુક્લધ્યાનનું ફળ શું ? મોક્ષ !

અમે ખટપટિયા વીતરાગ કહેવાઈએ, સંપૂર્ણ વીતરાગ નહીં. અમે એક જ બાજુએ વીતરાગ નથી. બીજી બધી બાજુએ સંપૂર્ણ વીતરાગ છીએ. અમે ખટપટિયા તે ફલાણાને કહીએ કે આવો તમને મોક્ષ આપીએ. મોક્ષ આપવા માટે બધી જ ખટપટ કરી છૂટીએ !

## ગતિફળ - ધ્યાન અને હેતુથી

ભગવાન શું કહે છે ? અમે તારી ક્રિયાઓને નથી જોતા. એ તો ઉદયકર્મ કરાવે છે. પણ સામાયિક કરતાં, પ્રતિક્રમણ કરતાં તારું ધ્યાન ક્યાં વર્તે છે તેની જ નોંધ લેવામાં આવે છે. સામાયિક કરતો હોય અને ધ્યાન શીશીમાં હોય કે શિષ્ય પર ચિઢાયા કરતો હોય ને કહે કે મેં સામાયિક કર્યું !

ભગવાન મહાવીરની સામે આચાર્ય મહારાજ બેઠેલા. તેમને જ્ઞાન

આપેલું. માત્ર એક વ્યવસ્થિતનું જ જ્ઞાન નહીં આપેલું. તે આચાર્ય બરાબર સામાયિકમાં બેઠેલા ત્યારે બીજા મહાત્માઓએ પૂછયું કે 'મહારાજ, આ આચાર્યની શી ગતિ થશે ?'

ભગવાન બોલ્યા, 'અત્યારે દેવગતિમાં જશે.'

પછી વળી થોડીકવાર રહીને કોઈકે પૂછયું કે 'મહારાજ, હવે અત્યારે આ આચાર્યની કઈ ગતિ થશે ?'

ત્યારે ભગવાન બોલ્યા, 'અધોગતિમાં જશે.'

ત્યારે પછી પંદર મિનિટે કોઈકે પૂછયું કે, 'અત્યારે હવે કઈ ગતિમાં જશે ?'

ત્યારે ભગવાનને કહ્યું, 'હવે મોક્ષે જવાનો છે.'

ભગવાન આવું કેવું ? આ સંપૂર્ણ ધ્યાનમાં છે ને આવું કેમ ? ત્યારે ભગવાને કહ્યું, 'અમને જે દેખાય છે તે તમને દેખાતું નથી અને તમને જે દેખાય છે તે અમે જોતા નથી. જુઓ, તે બેઠો હતો તો સામાયિકમાં પણ તેનું ધ્યાન ક્યાં વર્તે છે તે અમે જ જોઈ શકીએ. પહેલાં ધ્યાનમાં દેવગતિનું ચિતરામણ હતું. બીજી વખતે નર્કગતિનું ચિતરામણ હતું, પછી તેણે સુંદર ચીતરવા માંડ્યું. મહીં ફોટા સારા પડવા માંડ્યા. તે મોક્ષે જાય તેવા હતા. ધ્યાન ઉપર ફળનો આધાર છે. ચીતરે છે પુદ્ગલ પણ તેમાં તમે પોતે તન્મયાકાર થયા તો તે સહી કરી આપી. પણ તન્મયાકાર ન થાય ને જાગૃતિ રાખે ને જે ચિતરામણ થયું હોય તેને માત્ર જુએ ને જાણે તો તે ચિતરામણથી છૂટો જ છે.

એક વેપારી કપડું ખેંચીને આપે છે અને ઉપરથી ખુશ થાય છે કે, 'હું ધંધામાં કેટલો હોશિયાર છું, હું કેટલું બધું કમાઉં છું.' પણ તેને ખબર નથી કે તે નર્કગતિ બાંધે છે ! તેનું રૌદ્રધ્યાન છે. હવે બીજો કપડું ખેંચીને આપે છે તેવા જ ધ્યાનથી, પણ મહીં તેને અપાર પશ્ચાત્તાપ રહે છે કે, 'આ ખોટું કરું છું. મહાવીરનો ભક્ત આવું ના કરે.' તે તિર્યંચ ગતિ બાંધે છે. ક્રિયાઓ સરખી છે પણ ધ્યાન જુદું જુદું હોવાથી ગતિ જુદી જુદી થાય છે.



આ કાળમાં સ્વરૂપનું ભાન તો કોઈને છે જ નહીં. ધર્મ કોઈ સમજતા હોત તો પણ ધર્મધ્યાન રહેત અગર તો ધર્મધ્યાન થઈ શકત. આજે આ લૌકિક ધર્મો છે તેય મૂળ પાયા ઉપર નથી. એટલે જગતના લોકોને ધર્મધ્યાન પણ નથી. માત્ર આર્ત અને રૌદ્રધ્યાનમાં જ છે. જગતના લોકો કહે છે કે શેઠે તો પચાસ હજારનું દાન આપ્યું, બહુ સારા કહેવાય. પણ શેઠના મનમાં શું હોય કે આ નગરશેઠે દબાણ ના કર્યું હોત તો આપણે કંઈ આપવા ના પડત. આ તો પરાણે આપવા પડે છે તે રૌદ્રધ્યાન કરે છે, નર્કગતિનું બાંધે છે. બીજા માણસ પાસે પૈસો નથી છતાં ધ્યાન ધરે કે ક્યારે મારી પાસે પૈસો આવે ને ધર્મમાં બે પૈસા ખરચું ! તે વગર દાન કર્યે ઉર્ધ્વગતિ બાંધે છે ને પેલા મૂઆએ પચાસ હજાર આપતાંય નર્કગતિનું ધ્યાન કર્યું.

## બુદ્ધિ વપરાશની લિમિટ

આ લોકો બુદ્ધિ વાપરીને, ટ્રીકો-ચાલાકી કરીને જે પૈસો કમાય છે તે તો ભયંકર ગુનો છે. જેટલી ટ્રીકો કરે તે હાર્ડ (કઠણ) રૌદ્રધ્યાન. ટ્રીક એટલે સામાની ઓછી બુદ્ધિનો પોતાની વધારે બુદ્ધિથી લાભ ઉઠાવવો તે.

બુદ્ધિ એ તો સંસારાનુગામી છે, ક્યારેય પણ મોક્ષે જવા ના દે. કૃષ્ણ ભગવાને પણ બુદ્ધિને 'વ્યભિચારિણી' કહી છે. બુદ્ધિ સંસારમાં જ ખૂંપાવી રાખે. નીકળવા દે નહીં. 'સ્વ'નું સંપૂર્ણ અહિત કરે. જેમ બુદ્ધિ વધતી જાય તેમ બળાપો વધતો જાય. બે વરસના છોકરાની મા મરી જાય તો તેને કંઈ થાય ? ને બાવીસ વર્ષના છોકરાની મા મરી જાય તો તેને કેટલું દુઃખ થાય ? આ શાથી ? તો આની બુદ્ધિ વધી તેથી.

ભગવાને શું કહ્યું કે સંસારમાં બુદ્ધિ વાપરવાની જ ના હોય અથવા તો કેટલી વાપરવાની હોય, તેની લિમિટ બાંધી આપી છે. જો મોટા પથરા નીચે તારો હાથ ખૂંપી ગયો હોય તો તેને કળે કરીને કાઢી લે અને ફરી ના ખૂંપે તેટલા પૂરતી જ બુદ્ધિ વાપરવાની છે. તે મૂઆ આ લોકોએ પૈસા કમાવા માટે, કાળાબજાર કરવા માટે બુદ્ધિ વાપરવા માંડી. લોકોને છેતરવા બુદ્ધિ વાપરવા માંડી. એટલું જ નહીં પણ લોકો ટ્રીકો કરવાનું શીખી ગયા.

ટ્રીક એટલે સામાને ખબર ના પડે ને તેને છેતરીને તેનું પડાવી લેવું તે. અલ્યા, આ તો ભયંકર રૌદ્રધ્યાન છે, તે સાતમી નરકમાંય જગા નહીં મળે.

## અવિરોધ વાણી પ્રમાણ

'સ્યાદ્વાદ' કોનું નામ ? કોઈનોય વિરોધ સહન ના કરી શકે, એને સ્યાદ્વાદ કહેવાય જ કેમ ? વિરોધ લાગે છે, એ તો સામાનો વ્યૂ પોઈન્ટ છે. કોઈનાય વ્યૂ પોઈન્ટને ખોટો ના કહે, કોઈનુંય પ્રમાણ ના દુભાય એ સ્યાદ્વાદ. સર્વ વ્યૂ પોઈન્ટ એમને માન્ય હોય. કારણ કે પોતે સેન્ટરમાં બેઠા હોય. અમે સ્યાદ્વાદ છીએ. સેન્ટરમાં બેઠા છીએ.

ભગવાને કહ્યું છે કે સામાયિક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન - જે આત્મહેતુક ક્રિયાઓ છે તે અમારી આજ્ઞા પ્રમાણે પાંસરો થઈને કરજે.

તાત્વિક દ્દષ્ટિએ જોઈએ તો દોષ કોઈનોય નથી. સંજોગો એવા છે તેથી પણ આ અમે કડક બોલીએ છીએ, તે સામા માટે સંપૂર્ણ કરુણા હોવાથી તેનો રોગ કાઢવા બોલીએ છીએ.

## જ્ઞાની તથા ધર્મનું સ્વરૂપ

આ જગતમાં કેટલાક લોકો એમ કહે છે કે અમારો વ્યવહાર ધર્મ છે. અલ્યા, એમ ના કહેવાય. જ્યાં સુધી નિશ્ચય ધર્મ પ્રાપ્ત થતો નથી. શુદ્ધાત્મા જાણ્યો નથી, ત્યાં સુધી વ્યવહાર ધર્મ છે એમ શી રીતે કહેવાય ? નિશ્ચય ધર્મ અને વ્યવહાર ધર્મ ક્યારે જુદા પડે કે જ્યારે જ્ઞાની પુરુષ પોતાની અનંત સિદ્ધિ વાપરી તારા આત્મા અને અનાત્મા વચ્ચે લાઈન ઑફ ડિમાર્કેશન નાંખી આપે અને નિરંતર છૂટું ને છૂટું જ રાખે અને ત્યારે જ સમજાય. આ પોતાનું ક્ષેત્ર અને આ પરાયું ક્ષેત્ર એમ બન્ને જુદાં પાડી આપે, હોમ અને ફોરેન ડીપાર્ટમેન્ટ જુદાં કરી આપે. જ્યાં સુધી નિશ્ચય પ્રાપ્ત નથી કર્યો ત્યાં સુધી વ્યવહાર ધર્મ બોલાય જ શી રીતે ? ત્યારે એને શું કહેવાય ? એ તો લૌકિક ધર્મ કહેવાય.

લૌકિક ધર્મ એટલે લોકોએ માનેલો ધર્મ. લોકોત્તર ધર્મ નથી. આ ધર્મ શું કરે ? આ ધર્મ કુટેવ કાઢે અને બીજી સુટેવ નાખે. લૌકિક ધર્મ



તો શું કહે છે કે અનુકૂળ હોય તે વીંટજે ને પ્રતિકૂળ હોય તે ના વીંટીશ. એ શું શીખવાડે કે ચોરી ના કરીશ, જૂઠું ના બોલીશ. જીવનમાં સુખ મળે, અનુકૂળતા પ્રાપ્ત થાય તેવું કર. આખા જગતે સત્ કાર્યોને જ સાચો ધર્મ માન્યો છે. અમે તેને લૌકિક ધર્મ કહીએ છીએ. તેનાથી ચતુર્ગતિ જ મળે. અશુભમાંથી શુભમાં આવવું તે લૌકિક ધર્મ-રિલેટિવ ધર્મ અને શુભમાંથી શુદ્ધમાં આવવું તે અલૌકિક ધર્મ-રિયલ ધર્મ છે. મોક્ષ જોઈતો હોય તો અલૌકિક ધર્મમાં આવવું જ પડશે. અલૌકિક ધર્મમાં તો સુટેવો અને કુટેવો, અનુકૂળ અને પ્રતિકૂળ, સારું-ખોટું આ બધાથી છૂટા થવાય ને ત્યારે જ મોક્ષ થાય. 'સ્વધર્મ' એ જ સાચો ધર્મ છે, એ જ આત્માનો ધર્મ છે, એ જ અલૌકિક ધર્મ છે. બાકી દેહધર્મ તે બધા પરધર્મ, રિલેટિવ ધર્મ-લૌકિક ધર્મ કહેવાય. રિયલ ધર્મમાં-અલૌકિક ધર્મમાં ક્યાંય વાડા ના હોય, પંથ ના હોય, ધજા ના હોય, ગ્રહણ-ત્યાગ ના હોય, મતભેદ ના હોય. અલૌકિક ધર્મ નિષ્પક્ષપાતી હોય. પક્ષપાતથી ક્યારેય મોક્ષ ના થાય.

લોકોને મોક્ષે જવું છે અને બીજી બાજુ મતમતાંતરમાં પડી રહેવું છે, પક્ષાપક્ષી કરવી છે. મારું સાચું એમ કહ્યું કે વગર બોલ્યે સામાને ખોટો ઠરાવી દે છે. કોઈનેય ખોટો કહીને તું ક્યારેય પણ મોક્ષે જઈ શકીશ નહીં. મતમતાંતર છોડી, પક્ષાપક્ષી છોડી, વાડાબંધી તોડી, જ્યારે તું સેન્ટરમાં આવીશ ત્યારે જ અભેદ ચેતનના ધામને પ્રાપ્ત કરીશ. અલ્યા, આ તો તેં પક્ષમાં પડી પક્ષના જ પાયા મજબૂત કર્યા ને તેમાં તારો અનંત અવતારનો સંસાર બાંધી દીધો ! અલ્યા, મોક્ષે જવું છે કે પક્ષમાં પડી રહેવું છે ? એક ધર્મમાં કેટલા બધા ફાંટા પડી ગયા ! ઝઘડા પડી ગયા ! કષાય ત્યાં મોક્ષ નહીં ને કષાય તે ધર્મ ના કહેવાય. પણ આ તો પક્ષને મજબૂત કરવા કષાયો કર્યા. અલ્યા, ધર્મને રેસકોર્સ બનાવી દીધો ? શિષ્યોની હરીફાઈમાં પડ્યા ! પેલાને પાંચ શિષ્યો તો મારે અગિયાર કરવા જ. ઘેર બાયડી ને બે છોકરાં એમ ત્રણ ઘંટ હતા તે છોડ્યા અને અહીં અગિયાર ઘંટ વળગાડ્યા ? ને ઉપરથી આખો દહાડો શિષ્યો પર કઢાપો-અજંપો કર્યા કરે, તેને મોક્ષનું સાધન કર્યું કેમ કહેવાય ?

આવી કડક વાણી અમને વીતરાગને ન હોય પણ શું કરીએ ?

એમના રોગને કાઢવા ગજબની મહીં વીતરાગતા સાથે સંપૂર્ણ કરુણાભરી વાણી સરી પડે છે !! એમાં એમનોય દોષ નથી, એમની ઈચ્છા તો મોક્ષે જ જવાની છે પણ અણસમજણથી અવળું થાય છે. કાળ જ બહુ વિચિત્ર આવ્યો છે. તેની આંધીમાં બધા લપટાયા છે.

અમને તો અપાર કરુણા હોય. અમને સહુ નિર્દોષ જ દેખાય. કારણ કે અમે જાતે નિર્દોષ દૃષ્ટિ કરીને આખાય જગતને નિર્દોષ જોઈએ છીએ !

## નિર્દોષ દૃષ્ટિ

ભગવાન મહાવીરની સભામાં આચાર્ય મહારાજ બેઠા હતા. તે તેમને મહીં જરાક કેફ થઈ ગયો કે 'હું બહુ જાણું છું' અને 'હું કંઈક જાણું છું.' તે તેમણે ભગવાનને પૂછયું, 'ભગવાન, તમારામાં અને મારામાં હવે ફેર કેટલો ? હજુ મારે કેટલા અવતાર બાકી રહ્યા છે ?' તે આચાર્ય મહારાજને એમ કે ત્રણેક ભવમાં મોક્ષ થઈ જશે ! ભગવાન તો વીતરાગ પણ અંદરખાનેથી આચાર્ય મહારાજની વાત સમજી ગયા. તેમણે કહ્યું, પ્રશ્ન તો સારો છે, પણ બે-પાંચનું પુણ્ય ઉદયમાં આવ્યું છે, તો તેમને પણ બોલાવો. ગામના નગરશેઠ, સતી, વેશ્યા, ગજવાં કાપનારને બોલાવો ને પેલો ગધેડો બહાર ઊભો છે તેનીય વાત તમને કહું. 'હે આચાર્ય મહારાજ ! મારામાં, તમારામાં આ નગરશેઠનામાં, સતીમાં, વેશ્યામાં, ગજવાં કાપનારમાં ને પેલા ગધેડામાં જરાય ફેર નથી.' મહારાજ બોલ્યા, 'શું બોલ્યા ભગવાન ! તમારામાં અને અમારામાં કંઈ ફેર નથી ? ફેર તો ઘણો બધો દેખાય છે ને ?'

ત્યારે ભગવાન બોલ્યા, 'જુઓ, ફેર તે તમને તમારી દૃષ્ટિથી દેખાય છે. અમે આજથી ત્રીજા અવતાર પૂર્વે જ્ઞાની પુરુષના શિષ્ય થયેલા. તેમણે અમારી દૃષ્ટિ નિર્દોષ કરી આપી. તે દૃષ્ટિનો અમે બે અવતારમાં ઉપયોગ કર્યો અને આ અવતારમાં સંપૂર્ણ નિર્દોષ થયા. સંપૂર્ણ નિર્દોષ દૃષ્ટિ કરી અને સર્વેને સંપૂર્ણ નિર્દોષ જોયા. તે નિર્દોષ દૃષ્ટિથી અમે કહીએ છીએ કે તમારા, અમારામાં ને બધાનામાં કંઈ જ ફેર નથી !' આચાર્ય મહારાજ કહે, 'પણ પ્રભુ ! અમને તો બહુ ફેર લાગે છે. તમે સતીને ને વેશ્યાને,



નગરશેઠને ને ગજવાં કાપનારને, મને અને પેલા ગધેડાને બધાંને એકસરખા શી રીતે કહો છો ? અમને નથી સમજાતું. આ વાત માન્યામાં નથી આવતી.' ભગવાને કહ્યું, 'જુઓ, આચાર્ય મહારાજ ! તમારામાં-અમારામાં, નગરશેઠનામાં, સતીમાં, વેશ્યામાં, ગજવાં કાપનારમાં ને પેલા ગધેડામાં માલ એક જ સરખો છે. બધાનામાં એકસો વીસ કાઉન્ટનું એક તોલો સૂતર ને તે ય પાછું ન્યુ શોરોક મિલનું છે. બધામાં સરખું જ છે. એ જ મિલનું અને એ જ એકસો વીસ કાઉન્ટનું એક તોલો સૂતર ! ફેર માત્ર એટલો જ છે કે તમારા બધાનું ગૂંચાયેલું છે ને મારી ગૂંચ નીકળી ગઈ છે ! આ સહુમાં સૌથી ઓછો અવતાર પેલા ગધેડાના થાય તેમ છે તેમ અમે અમારા જ્ઞાનથી જોઈને કહીએ છીએ. કારણ કે આચાર્ય મહારાજ, તમે શાસ્ત્રોનાં શાસ્ત્રો ભણ્યા, તેનો માનસિક બોજો ઉતારતાં તમને ઘણા અવતાર થાય અને આ ગધેડાને તો આગલે અવતારે જ્ઞાની પુરુષનો ભેટો થશે અને તેનો મોક્ષ થઈ જશે !'

## કેફ અને મોક્ષ

માનસિક બોજો એ કેફ છે. જેટલો કેફ ઓછો એટલો વહેલો મોક્ષ થાય !

કેફીનો મોક્ષ ક્યારેય પણ ના થાય. 'હું કંઈક જાણું છું' એ તો બહુ ભારે કેફ કહેવાય. ઊંઘમાંય તે કેફ રહે. મોક્ષ તો નિષ્કેફીનો થાય. કેફીનો ક્યારેય પણ ના થાય. આ શાસ્ત્રો વાંચ્યાં, ધારણ કર્યાં તે મોક્ષના સાધન માટે કે કેફ વધારીને ભવોભવ રખડામણનું સાધન કર્યું ? આ દારૂડિયાનો કેફ તો પાણી છાંટે તે તરત જ ઊતરી જાય. પણ 'હું કંઈક જાણું છું' તે શાસ્ત્રો વાંચ્યાનો કેફ ક્યારેય પણ ના ઉતરે.

## મન-વચન-કાયાનું લફરું

આ મોઢા પર એક બાજરીના દાણા જેટલી ફોલ્લી થઈ હોય તો મૂઓ, અરીસામાં મોઢું જો જો કરે. કારણ તે માને છે કે હું જ 'ચંદુલાલ' છું. તે દેહને પણ 'હું' જ છું તેમ માને છે. તેથી મૂઓ અરીસામાં જો જો કરે છે. પણ આ દેહ તમારો નથી. દેહ તો લફરું છે. કોઈ છોકરો, છોકરીને લઈને ફરતો હોય ત્યારે બાપ કહે, 'અલ્યા ! આ લફરું ક્યાં વળગાડ્યું ?'

તે છોકરો કહે, 'શું કહો છો ? એ શું લફરું છે ? તમે શું સમજો એમાં !' પણ થોડાક દિવસ પછી પેલી છોકરી જોડે મેળ ના ખાય કે પછી પેલી છોકરી હાથતાળી દઈને બીજા જોડે ફરતી હોય ત્યાર પછી તેને સમજાય કે એ તો લફરું હતું. તેમ આ દેહ એ લફરું છે. દેહનો અનુભવ ગયો એટલે તે લફરુંય ગયું. લફરું દગા વગરનું હોય જ નહીં. આ મનની, વાણીની ને દેહની શી ફસામણ છે ? ફસામણ એટલે ? જેમાંથી છૂટવું હોય તોય ના છૂટાય તે ફસામણ. બીજા શબ્દમાં ફસામણ એ જ લફરું. જ્યારથી જાણ્યું કે આ લફરું છે ત્યારથી છૂટવાના ઉપાયો ખોળ્યા કરે. પણ જો લફરાને જ પ્રિય કર્યું તો ? તો એ વધારે ને વધારે વળગતું જાય ને ભારે ઊંડી ફસામણ ઊભી થઈ જાય. લફરું એ તો રાગ-દ્વેષને આધીન છે. અમે રાગ-દ્વેષ છોડાવીએ એટલે લફરું એની મેળે જ છૂટતું જાય. એને કંઈ માર મારીને કાઢવાનું છે ? ના, વીતરાગતાથી કાઢવાનું, અહિંસાથી કાઢવાનું છે. આ મન-વચન-કાયા એ લફરું છે. તેને સંપૂર્ણ જોયું ને જાણ્યું એટલે તે એની મેળે છૂટતું જ જાય.

## મોક્ષ જ ઉપાદેય છે !

મોક્ષનો જ આગ્રહ કરવા જેવો છે. બીજે બધે જ નિરાગ્રહી થા. વસ્તુ ઝેર નથી પણ તારો આગ્રહ એ જ ઝેર છે. અમે એ ચોખ્ખે ચોખ્ખું કહીએ છીએ કે જેટલો મહેનત માર્ગ છે તે બધો સંસારમાર્ગ છે. મોક્ષની જ ઈચ્છા કરવા જેવી છે. મોક્ષનો વિચાર જો એક વખત આવ્યો હોય તો લાખ અવતારેય જ્ઞાની પુરુષ ભેગા થશે ને તારો મોક્ષ થશે. મોક્ષ એટલે 'મુક્ત ભાવ', સર્વ સાંસારિક દુઃખોથી મુક્તિ. મહેનત તો સંસાર માટે હોય, મોક્ષ માટે ના હોય. મોક્ષ તો પોતાનો સ્વભાવ જ છે. આત્માનો સ્વભાવ જ મોક્ષ સ્વરૂપ છે. જેમ પાણીનો સ્વભાવ ઠંડો છે. પણ તેને ગરમ કરવા મહેનત કરવી પડે પણ ઠંડું કરવા મહેનત કરવી પડે ? ના કરવી પડે. એ તો એની મેળે જ, એના સ્વભાવથી ઠંડું થઈ જશે. પણ શી રીતે આ વાત સમજાય ? પોતાનો સ્વભાવ જ મોક્ષ સ્વરૂપ છે તે ન સમજાવાનું કારણ એ કે જબરજસ્તની ભ્રાંતિ વર્તે છે. તે ભ્રાંતિ કોઈ કાળે જાય તેમ નથી. એ તો જ્ઞાની પુરુષનો ભેટો થાય તો તે ઉકેલ લાવી આપે. માટે જ્ઞાની પુરુષને



ખોળજો, સજીવન મૂર્તિને ખોળજો.

જે પોતે છૂટ્યા છે તેવાંને ખોળજો. પોતે તર્યા છે ને અનેકોને તારવાનું સામર્થ્ય જેનામાં છે એવાં તરણતારણ જ્ઞાની પુરુષને ખોળજો ને એમની પૂંઠે પૂંઠે નિર્ભય થઈને ચાલ્યા જજો. આ કાળના અમે એકલા જ તરણતારણ છીએ. ગજબનો જ્ઞાનાવતાર છે. કલાકમાં મોક્ષ આપી દઈએ તેમ છીએ. તારે કંઈ જ કરવાનું નહીં. કંઈ જ આપવાનું નહીં. કારણ કે અમે કોઈ ચીજના ભિખારી નથી. જેમનું સંપૂર્ણપણે ભિખારીપણું મટ્યું હોય, ગયું હોય, તેમનામાં જ ભગવાન પ્રગટ થાય. લક્ષ્મીના ભિખારી ના હોય એવા કેટલાક સાધુઓ મળશે, વિષયોના ભિખારી ના હોય તેવાય મળશે, ત્યારે તે માનના ભિખારી હશે કે કીર્તિના ભિખારી હશે કે શિષ્યોના ભિખારી હશે ! કો'ક ને કો'ક ખૂણે ભિખારીપણું રહેલું જ હોય. જ્યાં સંપૂર્ણ અયાચકપણું પ્રાપ્ત થાય ત્યાં જ પરમાત્મા સ્વરૂપ પ્રગટ થાય ! અમે લક્ષ્મીના, વિષયોના, શિષ્યોના કે કીર્તિના એ કશાયના ભિખારી નથી, કોઈ ચીજના ભિખારી અમે નથી. અમારે કંઈ જ જોઈતું નથી. હા, તારે અમારી પાસેથી જે જોઈતું હોય તે લઈ જા. પણ જરા પાંસરું માગજે કે ફરી માગવું ના પડે.

જગતનાં ભૌતિક સુખો તો બાય પ્રોડક્ટ છે અને આત્મા પ્રાપ્ત કરવો તે મેઈન પ્રોડકશન છે. મેઈન પ્રોડકશનનું કારખાનું છોડી લોકોએ બાય પ્રોડક્ટનાં કારખાનાં નાખ્યાં છે તે ક્યારે દહાડો વળશે ? મોક્ષનો માર્ગ નહીં જાણવાથી આખું જગત ભટક ભટક કરે છે ને જ્યાં જાય છે ત્યાં ભૂલો પડે છે. મોક્ષ જોઈતો હોય તો છેવટે જ્ઞાની પાસે જ જવું પડશે. અરે, દાદર સ્ટેશને જવું હોય તો ય તેના રસ્તાના જ્ઞાનીને તારે પૂછવું પડે. તો આ તો મોક્ષની ગલી સાંકડી, અટપટી ને વળી ભૂલભૂલામણીવાળી. જાતે જવા જઈશ તો ક્યાંય અટવાઈ જઈશ. માટે જ્ઞાની ખોળી કાઢીને તેમને પગલે પગલે ચાલ્યો જા. અલ્યા, અમે મોક્ષદાતા છીએ. મોક્ષ આપવાના લાયસન્સદાર છીએ. ઠેઠ સુધીનું આપી શકીએ તેમ છીએ. આ તો અક્રમ જ્ઞાનાવતાર છે ! એક કલાકમાં અમે તને ભગવાનપદ આપી શકીએ તેમ છીએ ! પણ તારી સંપૂર્ણ તૈયારી જોઈએ.

અમારી પાસે બે જ વસ્તુ લઈને આવજો. એક 'હું કંઈ જ જાણતો નથી' ને બીજું 'પરમ વિનય'. 'હું કંઈક જાણું છું', એ તો મૂઆ કેફ છે અને જો ખરેખર જાણ્યું એટલે એ તો પ્રકાશ કહેવાય ને પ્રકાશ હોય ત્યાં ઠોકર ન વાગે. ત્યારે આ તો ઠેર ઠેર ઠોકર વાગે છે, તેને જાણ્યું શી રીતે કહેવાય ? એકેય ચિંતા ઘટી ? સાચું જાણ્યું હોય તો એક પણ ચિંતા ના થવી જોઈએ. જો 'હું કંઈક જાણું છું' તેમ તું માને છે તો પછી તારા અધૂરા ઘડામાં હું શું રેડું ? તારો ઘડો ખાલી હોય તો હું તેમાં અમૃત ભરી આપું. પછી તારે જ્યાં જવું હોય ત્યાં જજે. છોકરાં-છૈયાં પરણાવજે, સંસાર ચલાવજે પણ મારી આજ્ઞામાં રહેજે.

આ વાત અપૂર્વ કહેવાય. પૂર્વે સાંભળેલી ના હોય, વાંચેલી ના હોય. આખા જગતનું કલ્યાણ કરવાના અમે નિમિત્ત છીએ, કર્તા નહીં.

## જગત પોલંપોલ

આ જગત આખું પોલંપોલ છે. તે અમે અમારા જ્ઞાનથી જોઈને કહીએ છીએ. તું જો જગતને ચોક્કસ માનીને ચાલે તો તે તારી જ ભૂલ છે. પોલંપોલ એટલે અવકાશ-આકાશ.

એક વૈદ્ય હતો. તેણે તેના એક દર્દીને બહુ સરસ દવા આપી. તેણે માત્ર એક મરચાંની ચરી પાળવાની કહી. કારણ કે એ રોગ જ એક્સેસ મરચાં ખાવાથી ઉત્પન્ન થતો હતો. વૈદે બિચારાએ બહુ મહેનત કરી, સારામાં સારી દવા આપી. આમ બદલી ને તેમ બદલી. પણ મહિનો-બે મહિના થયા તોય દરદમાં કંઈ ફેર પડે નહીં. એક દા'ડો વૈદ્ય અચાનક એ દર્દીને ઘેર જઈ પહોંચ્યો. તે તેણે જોયું કે, દર્દી જમવા બેઠો હતો ને થાળીમાં બે મોટાં લીલા મરચાં હતાં. તે વૈદ્ય એકદમ રોષે ભરાયો. અને એકદમ ઈમોશનલ થઈ જતાં ત્યાં ને ત્યાં તેનું હાર્ટ ફેઈલ થઈ ગયું ! આમાં દોષ કોનો ? મૂઆ, દર્દી તો ઝેર પીએ પણ તેં શું કામ ઝેર પીધું ? આ તો પોલંપોલ છે. કોઈ સ્ટેશને ચોંટી રહેવા જેવું જ નથી. નહીં તો ફસાયો જ સમજ. આ તો મરચાં દર્દી ખાય ને મગજમાં પારો ચઢીને નસ ફાટી જાય વૈદ્યની ! આ તો દેખ્યાનું જ ઝેર છે ને ! જો ચામાં લીંટ પડેલી



જુએ તો ઝેર ચઢે, પણ ના જાણ્યું હોય તે ટેસથી મૂઆ પી જાય. આ તો દેખે ત્યારે એને લાગે કે ખોટું થયું, એનું જ નામ પોલંપોલ. સાચી વાત જાણે ત્યારે ભડકે ને ના જાણે તો કશું જ નહીં.

એક માણસ મારી પાસે આવતો. તે તેને એક છોડી હતી. તેને મેં પહેલેથી જ સમજાવ્યું હતું કે આ તો કળિયુગ છે. એમાં કળિયુગની અસર છોડીનેય થાય. માટે ચેતતો રહેજે. તે એ માણસ સમજી ગયો. અને જ્યારે એની છોડી બીજા જોડે નાસી ગઈ ત્યારે એ માણસે મને યાદ કર્યો. ને મારી પાસે આવ્યો ને કહેવા લાગ્યો, 'તમે કહી હતી તે વાત સાચી. જો તમે મને આવી વાત ના જણાવી હોત તો મારે ઝેર જ પીવું પડત.' આવું છે આ જગત ! પોલંપોલ. જે થાય તે સ્વીકાર્ય કરી લેવું પડે. એમાં તે કંઈ ઝેર પીવાય ? ને મૂઆ, એ તો તું ગાંડો ગણાઈશ. આ તો કપડાં ઢાંકીને આબરૂ રાખે છે અને કહે છે કે અમે ખાનદાન.

જ્યારે જ્ઞાની પુરુષ બહુ ડાહ્યા હોય. આખું સડી જાય તે પહેલાં જ કાપી નાખે. આ જગતને કમ્પ્લિટલી પોલંપોલ જોવું એ શું જેવી તેવી વાત છે ?

આ ભરવાડો શું કરે છે ? 'ટીહી ટીહી' કરીને ઘેટાંને 'વાડા'માં બાંધે છે તે પછી તો તે એકેય ઘેટાંને છટકવા ના દે. ઘેટાં જાણે કે વાઘથી રક્ષણ કરે છે અને ભરવાડ કહેય ખરો કે હું ઘેટાંનું રક્ષણ કરું છું. પણ ભરવાડો એ ઘેટાંનો શો શો ઉપયોગ કરી લે છે તે ઘેટાંને શું સમજાય ? રોજ દોહી લ્યે. એના વાળ જે એનું ઠંડીથી રક્ષણ કરતા હતા તે ઉતારી લે ને છેવટે મહેમાન આવે ત્યારે શાક કરી ખાય ! આનું નામ પોલંપોલ !

## મનુષ્યોનું નિરાશ્રિતપણું

આ કળિયુગના બધા જ મનુષ્યોને નિરાશ્રિત કહેવાય. આ જાનવરો બધા આશ્રિત કહેવાય. આ મનુષ્યોને તો કોઈનોય આશરો નથી. કોઈનો આશરો લીધો હોય તો પોતે જ નિરાશ્રિત હોય તે તારો શો શક્કરવાર વળવાનો ? હવે નિરાશ્રિત કેવી રીતે તે હું તમને ભગવાનની ભાષામાં સમજાવું.

એક શેઠ, એક મહારાજ અને તેમનું પાળેલું એક કૂતરું એમ ત્રણ જણા પ્રવાસે નીકળ્યા. તે રસ્તામાં ઘનઘોર જંગલ આવ્યું અને સામા ચાર બહારવટિયા ધારિયાં, બંદૂક સાથે મળ્યા. આ પ્રસંગની ત્રણેયની શી ઈફેક્ટ થાય ? શેઠને થાય કે આ મારી પાસે દસ હજારની પોટલી છે તે મૂઆ લઈ લેશે તો મારું શું થશે ? ને મારી નાખશે તો મારું શું થશે ? મહારાજને શું થાય આપણી પાસેથી તો કંઈ લેવાનું છે જ નહીં. આ લોટું-બોટું છે તે મૂઆ લેશે તો દેખા જાયેગા. પણ મૂઆ મારો ટાંટિયો-બાંટિયો ભાંગી નાખશે તો મારું શું થશે ? મારી ચાકરી કોણ કરશે ? અને કાયમનો લંગડો થયો તો મારું શું થશે ? જ્યારે પેલું કૂતરું તો એક વારકું બહારવટિયાઓની સામું ભસશે ને બહારવટિયા જો એને લાકડી મારશે તો એ ક્યાંઉં.... ક્યાંઉં.... કરતું ટગર ટગર શેઠને પડતો માર જોયા કરશે. તેને એમ ના થાય કે મારું શું થશે ? કારણ કે તે આશ્રિત છે ને આ અક્કરમીઓ નિરાશ્રિત છે. હવે મારું શું થશે એવું એકવાર પણ વિચારમાં આવ્યું તો તે નિરાશ્રિત છે. ભગવાન શું કહે છે ? 'જ્યાં સુધી પ્રગટનાં દર્શન કર્યાં નથી ત્યાં સુધી તમે નિરાશ્રિત છો અને પ્રગટનાં દર્શન થાય તો તમે આશ્રિત છો.'

પ્રગટનાં દર્શન થયા પછી બહારના કે અંદરના ગમે તેવા સંજોગો આવે તોય મારું શું થશે એવું ના થાય.

અમારો જે આશરો લે, તેનું અનંતકાળનું નિરાશ્રિતપણું મટી જાય.

ગમે તેવા ભયંકરમાં ભયંકર સંયોગો હશે પણ જ્ઞાની પુરુષના આશ્રિતને મારું શું થશે તેમ નહીં થાય. કારણ ત્યાં 'અમે' અને 'અમારું જ્ઞાન' બન્નેય હાજર થઈ જ જાય અને તમારું સર્વ રીતે રક્ષણ કરે !

## કુદરતી તંત્રસંચાલન - ભૌતિક વિજ્ઞાન

આજે ફોરેનમાં બધે ભૌતિક સાયન્સ એક્સેસ થઈ ગયું છે, એબોવ નોર્મલ થઈ ગયું છે. એમાં નોર્માલિટી જોઈશે, વસ્તુમાં નોર્માલિટી જોઈશે અને તો જ તું સુખી થઈશ. સત્તાણું ફેરનહીટ ઈઝ ધી બીલો નોર્મલ ફીવર એન્ડ નવ્વાણું ફેરનહીટ ઈઝ એબોવ નોર્મલ ફીવર. અઠ્ઠાણું ઈઝ ધી નોર્માલિટી.



આ અમેરિકા ને બીજા ફોરેનના દેશો એબોવ નોર્મલ ફીવરમાં સપડાયા છે અને ભારત દેશ બીલો નોર્મલ ફીવરમાં સપડાયો છે. નોર્માલિટી જોઈશે. આ ફોરેનવાળાની એબોવ નોર્મલ શોધખોળ થઈ રહી છે. અને પાછું જોઈએ છે એ એમને મળતું નથી. એ શું બતાવે છે કે ભૂલા પડ્યા છે. અત્યારે તો ત્યાં એટલા બધા એબોવ નોર્મલ થઈ ગયા છે કે અડસઠમો માઈલ અને ત્રણ ફર્લાંગ પર મોટરને પંકચર પડ્યું હોય તો તેની ખબર આપવાનાં સાધનો ત્યાં રાખે છે. મૂઆ, દેહને જરૂર છે તે સાધનો ખોળને ! આ પુરુષોને રોજ દાઢી કરવી પડે છે તેથી દાઢી જ ના ઊગે તેવું કંઈક શોધી કાઢને ! દેહ વિષયવાળો છે તે દેહને જેની જરૂર છે તે તેને આપવા જોઈએ. એકદમ વરસાદ પડ પડ કરે તો શું થાય ? બધે નુકસાન જ થાય. એબોવ નોર્મલથી નુકસાન થાય છે. લોકો તો થોડોક વધારે તાપ પડે તો બૂમો પાડે. મારે એક ભાઈબંધ એક દહાડો એવી બૂમો પાડતો હતો કે 'બહુ તાપ છે, બહુ તાપ છે.' તે મેં તેમને કહ્યું કે 'આ તાપના કંટ્રોલ સ્ટેશને તમને કંટ્રોલર તરીકે મૂકવામાં આવે તો આજે તમે કેટલો તાપ મૂકો ?' તો એ કહે, 'આટલો જ મૂકું.' તો મૂઆ, આટલો જ તાપ તુંય મૂકું તો બૂમો શાનો પાડે છે ? એ તો નેચરલ છે. જ્યારે જેટલી જરૂર હોય ત્યારે તેટલું જ એની મેળે સહજ મળ્યા કરે. પણ આ અક્કરમીઓ એને શાપ આપી એને આંતરે છે.

એક માણસ સરસ ઈસ્ત્રીબંધ કપડાં પહેરી બહાર જતો હોય ને રસ્તામાં જોરથી વરસાદ પડે તો પેલો મૂઓ વરસાદને ગાળો ભાંડે. કેટલાંક કહે, આજે છોડીનું લગન છે તે વરસાદ ના આવે તો સારું ને પણે ખેડૂત ખેતરમાં બિચારો ચાતકની જેમ વરસાદની રાહ જોતો હોય. આવો વિરોધાભાસ ઉત્પન્ન થાય તો નેચર પણ અંતરાય. તમારા ભાવ અને નેચરનું એડજસ્ટમેન્ટ એના આધારે આ બધું તંત્ર ચાલી રહ્યું છે. માટે નેચરમાં કોઈ ડખો ના કરશો. એની મેળે સહજ રીતે નેચરલી બધું મળી જ રહેશે. 'આ આવતી કાલે સવારે સૂરજ નહીં ઊગે તો શું થશે' એવો કોઈને વિચાર આવે છે ? અને આવે તો શું થાય ? નર્યો ડખો, ડખો ને ડખો. માટે નેચરમાં ડખો ના કરતા.

આ બધા બાહ્ય વિજ્ઞાનમાં એટલા બધા આગળ વધી ગયા છે,

એબોવ નોર્મલ થઈ ગયા છે કે લોકો જ બધા કહેશે કે અમારે આ સાયન્ટીસ્ટ ના જોઈએ. આ બધી ક્રાંતિની તૈયારીઓ થઈ રહી છે.

જ્યાં જ્યાં એક્સેસ થયું એ બધાથી થાક લાગે. વધારે બેસવાનું થયું તો તેનાથીય થાક લાગે. અને વધારે સૂવાથીયે થાક લાગે. દુઃખ અને સુખ રિલેટિવ છે. કોઈ શેઠ તાપમાં ફરતો હોય તો તે પછી બાવળિયો હોય તોય ત્યાંય છાંયડો ખાવા, ઠંડક ખાવા બેસે. અને જો એને ત્યાં જ બાવળિયા નીચે ચાર કલાક બેસવા કહીએ તો તે ના કહે. કારણ કે બેસીને થાકી જાય.

હિન્દુસ્તાનમાં સાડા સાત ફૂટનો માણસ આવે તો એ લાંબો લાગે અને આપણે સાત ફૂટવાળાના દેશમાં જઈએ તો ઠીંગણાં લાગીએ. આ તો બધું રિલેટિવ છે. એકના આધારે બીજો લાંબો-ટૂંકો લાગે.

કોઈ માણસ પંચાવન વર્ષ સુધી ભણ ભણ કરે તે લોક શું કહે ? અલ્યા, તું ભણ ભણ કરીશ તો પરણીશ ક્યારે ? એ એબોવ નોર્મલ. જ્યારે બે વરસના બાબાને પરણાવાય એ બિલો નોર્મલ.

## ભૌતિક ડેવલપમેન્ટ : આધ્યાત્મિક ડેવલપમેન્ટ

હિન્દુસ્તાનના લોકોને આ ફોરેનવાળા છીટ છીટ કરે છે. તેમને અન્ડરડેવલપ્ડ કહે છે. ત્યારે મારે કહેવું પડે છે કે મૂઆ, તું અન્ડરડેવલપ્ડ છે. આધ્યાત્મિક માટે તું અન્ડરડેવલપ્ડ છે અને ભૌતિકમાં તું ફુલ્લી ડેવલપ્ડ છે. ભૌતિકમાં તમારો દેશ ફુલ્લી ડેવલપ્ડ છે. જ્યારે ભારત દેશ ભૌતિકમાં અન્ડરડેવલપ્ડ છે અને આધ્યાત્મિકમાં ફુલ્લી ડેવલપ્ડ પ્રજા છે. અહીંના ગજવાં કાપનારને ય હું એક કલાકમાં ભગવાન બનાવી દઈ શકું તેમ છું. બહારની બધી જ પ્રજા આંતરવિજ્ઞાનમાં અન્ડરડેવલપ્ડ છે, તે શી રીતે હું તમને સમજ પાડું ?

ત્યાંના લોકોને ક્રોધ-માન-માયા-લોભ હજુ ડેવલપ થાય છે. જ્યારે હિન્દુસ્તાનનાં લોકોના ક્રોધ-માન-માયા-લોભ ફુલ્લી ડેવલપ થઈ ગયાં છે, ટોપ ઉપર જઈ પહોંચ્યાં છે.

ત્યાં ફોરેનમાં તમારો સહેજ ઓળખાણવાળો હોય ને તેને તમે કહો



કે મારે અહીંથી પચાસ માઈલ દૂર જવું છે. તો તે તમને તેની મોટરમાં લઈ જશે ને પાછો લાવશે ને વળી રસ્તામાં હોટલનું બિલ પણ તે આપશે. જ્યારે અહીં તમારા કાકાના દીકરાની પાસે મોટર માગશો તો તે હિસાબ કાઢશે કે પચાસ માઈલ જવાના ને પચાસ માઈલ આવવાના, સો માઈલ થાય. પેટ્રોલનો ખર્ચ આટલો, ઓઈલ પાણીનો ખર્ચ આટલો ને ઉપરથી મારી મોટર એટલી ઘસાશે એવોય મહીં હિસાબ કાઢી મૂકે. તે મૂઆ જૂઠું બોલે કે 'કાલે તો મારા સાહેબ આવવાના છે.'

તે શું છે ? પેલાનો લોભ જ ડેવલપ નથી થયો ને આનો લોભ ફુલ્લી ડેવલપ થઈ ગયો છે. સાત પેઢી સુધીનો ડેવલપ થઈ ગયો છે. જ્યારે ત્યાંની પ્રજાનો લોભ કેટલો ડેવલપ થયેલો હોય ? પોતા પૂરતો જ. વિલિયમ ને મેરી પૂરતો જ અને છોકરો અઢાર વરસનો થાય એટલે તું જુદો ને અમે જુદાં. ને જો મેરી જોડે જરાક અથડામણ થઈ તો તું જુદી ને હું જુદો, તરત જ ડિવોર્સ. જ્યારે આપણે અહીં તો મમતા ઠેઠ સુધીની ડેવલપ થયેલી હોય. એક એંસી વરસનાં ડોસીને પંચ્યાસી વરસના ડોસા આખી જિંદગી રોજ ઝઘડે, રોજ કચકચ ચાલે ને જ્યારે ડોસા ગુજરી ગયા ત્યારે ડોસીએ સરવણી કરી. અને ખાટલામાં 'તારા કાકાને આ ભાવતું હતું ને તારા કાકાને પેલું ગમતું હતું.' તેમ યાદ કરી કરીને મૂક્યું. મેં કહ્યું, 'કેમ કાકી, તમે તો રોજ ઝઘડતા હતા ને ?' ત્યારે કાકી કહે, 'એ તો એમ જ હોય. પણ તારા કાકા જેવા મને ફરી નહીં મળે. મારે તો ભવોભવ તે જ જોઈએ.' મમતાય ટોપ સુધી પહોંચેલી હોય !

## પ્રાકૃત સાહજિકતા

ફોરેનની પ્રજા સાહજિક કહેવાય. સાહજિક એટલે ના-મારકણી ગાય હોય તો તેને નાનું બચ્ચુંય શીંગડું ઝાલે તોય ના મારે ને મારકણી ગાય હોય તો નામેય ના લે તોય મારે. એ લોકોનું એવું સાહજિક હોય. એમણે તમને લઈ જવા હોય તો તરત જ હા પાડે ને ના પાડવાવાળો હોય તો તેય ના પાડી દે. પણ જૂઠું-બુઠું ના બોલે. એમને બેઉ બાજુનું હોય. સીધા તો એકદમ સીધા ને વાંકા તો તેય બાજુ એટલા જ વળેલા. ભારતના લોકો તો અસહજ. હિન્દુસ્તાનમાં સાહજિકતા હતી પણ તે સતયુગના કાળમાં.

તે ખરેખર આદર્શ સાહજિકતા હતી. ભારતમાં પહેલાં ચાર વર્ગો પાડેલા હતા; બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. તે ડેવલપમેન્ટ બતાવતા હતા. હવે તો ડેવલપમેન્ટ ટોપ પર ગયું. સુથારના દીકરાયે એટલા જ પાવરધા. સાહજિકતા એ કાળમાં પરિપૂર્ણ હતી, તે એટલું બધું ઊંચે ગયું હતું, તે ત્યાંથી ધીમે ધીમે નીચે ઊતરવા લાગ્યું. નિયમ એવો જ છે. જે ચાર વર્ગો હતા તેનો લોકોએ દુરુપયોગ કર્યો. તે હરિજનોનો તિરસ્કાર કર્યો. તે બુદ્ધિનો એટલો બધો તીક્ષ્ણ દુરુપયોગ કર્યો કે તે અસહજ બનતા ગયા ને ભારતનો સૂરજ આથમી ગયો. ભયંકર દુરાગ્રહી થઈ ગયા. છેલ્લામાં છેલ્લી કોટિના, રાક્ષસી કોટિના આચાર થઈ ગયેલા. અરે, કોઈ વીસ વરસની રાંડેલી મળે તો બિચારીને શાંતિ આપવાને બદલે અપશુકન થયા તેમ કહે ! મૂઆ, રાંડેલી એટલે તો ગંગાસ્વરૂપ કહેવાય, તેના અપશુકન કેવી રીતના હોય ? ત્યાર પછી અંગ્રેજો આવ્યા. તે તેમની સહજતાનું મિશ્રણ થયું. એટલે અહીંના લોકોને કંઈક ઠંડક વળી.

આ તો બધું એક્સેસ થઈ ગયું હતું, તેનાં પરિણામ હતાં. હવે ભારતનો સૂરજ ઊગે છે. અત્યારે ફોરેનમાં બધે સંધ્યાકાળના પાંચ વાગ્યા છે ને અહીં ભારતમાં મળસકાના પાંચ વાગ્યા છે. તે ફૂલ લાઈટ થવાનું છે. અમે ૧૯૪૨ની સાલથી કહીએ છીએ કે ૨૦૦૫ની સાલમાં હિન્દુસ્તાન વર્લ્ડનું કેન્દ્ર થઈ ગયું હશે. અત્યારે થઈ રહ્યું છે. પછી ફોરેનની પ્રજા અહીં ભણવા આવશે કે જીવન કેમ જીવવું ? નોર્માલિટી કોને કહેવાય ? તેઓ એટલા બધા એબવ નોર્મલ થઈ ગયા કે જીવન જીવતાંય ના આવડ્યું ! ભૌતિક સુખો અપાર વધારી દીધાં તોય મૂઆ રાતે તો ઊંઘની ગોળીઓ ખાઈને સૂઈ જાય છે ! અલ્યા, ઝેર ખાઉં છું તું ! એટલો બધો એક્સેસ થઈ ગયો કે ઊંઘ એ તો કુદરતી બક્ષિશ છે તેય ખોઈ બેઠો. આને જીવન કેમ કહેવાય ? અલ્યા, ચંદ્ર સુધી પહોંચી ગયા પણ તેમાં તારું શું વળ્યું ? તારી ઊંઘવાની ગોળીઓ ખાવાની મટી ?

## સાધક દશા

સાધુ કોને કહેવાય ? આત્મદશા સાધે તે સાધુ. સાધુ તો સાધક જ હોય. જ્યારે આજે કળિયુગમાં સાધુ તો સાધક-બાધક દશામાં જ રહે છે.



આ સામાયિક-પ્રતિક્રમણ કે ધ્યાન કરે ત્યારે સો કમાય અને શિષ્ય જોડે કઢાપો-અજંપો કરે તે એકસો પચાસની ખોટ ખાય ! નિરંતર સાધક દશા તો સ્વરૂપનું ભાન થયા પછી જ ઉત્પન્ન થાય. સાધક દશા એટલે સિદ્ધ દશા ઉત્પન્ન થતી જ જાય. સિદ્ધ દશાથી મોક્ષ ને સાધક-બાધક દશાથી સંસાર. આમાં કોઈનો દોષ નથી. અણસમજણની ફસામણ છે. બાકી તેમનીય ઈચ્છા તો સાધક દશાની જ હોય ને !

## પુણ્ય અને પાપ

જગતમાં આત્મા ને પરમાણુ બે જ છે. કોઈને શાંતિ આપી હોય, સુખ આપ્યું હોય તો પુણ્યના પરમાણુ ભેગા થાય ને કોઈને દુઃખ આપ્યું હોય તો પાપના પરમાણુ ભેગા થાય. પછી એ જ કરડે. 'ઈચ્છા મુજબ થાય છે તે પુણ્ય અને ઈચ્છા વિરુદ્ધ થાય છે તે પાપ.' પાપ બે પ્રકારનાં ને પુણ્ય બે પ્રકારનાં :

(૧) **પાપાનુબંધી પાપ :** અત્યારે પાપ ભોગવે છે ને પાછો અનુબંધ પાપનો નવો બાંધે છે. કોઈને દુઃખ આપે છે ને પાછો ખુશ થાય છે.

(૨) **પુણ્યાનુબંધી પાપ :** પૂર્વના પાપને લીધે અત્યારે દુઃખ (પાપ) ભોગવે છે, પણ નીતિથી અને સારા સંસ્કારથી અનુબંધ પુણ્યનો બાંધે છે.

(૩) **પાપાનુબંધી પુણ્ય :** પૂર્વના પુણ્યથી આજે સુખ ભોગવે છે પણ ભયંકર પાપનો અનુબંધ બાંધે છે. અત્યારે બધે પાપાનુબંધી પુણ્ય છે. કોઈ શેઠને એવો મોટો બંગલો હોય ત્યારે સુખેથી બંગલામાં ના રહી શકે. શેઠ આખો દિવસ પૈસાને માટે બહાર હોય. જ્યારે શેઠાણી મોહબજારમાં સુંદર સાડી પાછળ હોય ને શેઠની દીકરી મોટર લઈને ફરવા નીકળી હોય. નોકર એકલા ઘેર હોય અને આખો બંગલો ભેલાઈ જાય. બધું પુણ્યના આધારે, બંગલો મળ્યો, મોટર મળી, ફ્રીજ મળ્યું. એવું પુણ્ય હોય છતાં પાપનો અનુબંધ બાંધે તેવાં કરતૂત હોય. લોભ-મોહમાં સમય જાય અને ભોગવી પણ ના શકે. પાપાનુબંધી પુણ્યવાળા લોકો તો વિષયોની લૂંટબાજી જ કરે.

(૪) **પુણ્યાનુબંધી પુણ્ય :** પુણ્ય ભોગવે ને સાથે આત્મકલ્યાણ અર્થે

અભ્યાસ-ક્રિયા કરે. પુણ્ય ભોગવે ને નવું પુણ્ય બાંધે જેથી અભ્યુદયથી મોક્ષફળ મળે.

બધા હઠથી કરેલાં કામ, હઠાગ્રહી તપ, હઠાગ્રહી ક્રિયાઓથી પાપાનુબંધી પુણ્ય બંધાય. જ્યારે સમજીને કરેલું તપ, ક્રિયાઓ, પોતાના આત્મકલ્યાણ હેતુસર કરેલાં કર્મોથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય ને કો'ક કાળે જ્ઞાની પુરુષ ભેગા થઈ જાય ને મોક્ષે જાય.

પુણ્ય વગર લક્ષ્મી હાથમાં ના આવે.

આ જગતમાં વધુમાં વધુ પુણ્યશાળી કોણ ? જેને સહેજ વિચાર આવે તે નક્કી કરે ને વરસો ને વરસો સુધી વગર ઈચ્છાએ વગર મહેનતે મળ્યા જ કરે તે.

બીજા નંબરમાં ઈચ્છા થાય ને ફરી ફરી નક્કી કરે ને સાંજે સહજ રીતે મળે તે.

ત્રીજા નંબરનાને ઈચ્છા થાય ને પ્રયત્ન કરે ને પ્રાપ્ત થાય. ચોથા નંબરનાને ઈચ્છા થાય ને ભયંકર પ્રયત્ને પ્રાપ્ત થાય. પાંચમાને ઈચ્છા થાય ને ભયંકર પ્રયત્ને પણ પ્રાપ્ત ના થાય. આ મજૂરોને કઠોર મહેનત કરવી પડે ને ઉપરથી ગાળો ખાય છતાં પૈસા ના મળે. મળે તોય ઠેકાણું નહીં કે ઘેર જઈને ખાવાનું મળશે. તેઓ સૌથી વધારે પ્રયત્ન કરે છે, છતાં નથી પામતા. કેટલાક કહે છે કે અજાણતાં પાપ થાય તો તેનું ફળ કંઈ ના આવે. ના કેમ આવે ? મૂઆ, અજાણથી દેવતા ઉપર હાથ મૂકે એટલે ખબર પડશે કે ફળ આવે છે કે નહીં ? જાણીને કરેલું પાપ અને અજાણથી કરેલું પાપ એ બન્નેય સરખાં છે. પરંતુ અજાણથી કરેલા પાપનું ફળ અજાણમાં ને જાણીને કરેલા પાપનું ફળ જાણીને ભોગવવું પડે એટલો ફેર. દા.ત. બે ભાઈઓ છે. એક સોળ વરસનો અને એક બે વરસનો. તેમની મા મરી ગઈ. તે પાપનું ફળ બન્નેયને ભોગવવાનું આવ્યું. પણ મોટાને જાણીને ભોગવવું પડ્યું ને નાનાને અજાણમાં ભોગવાઈ ગયું !

પુણ્ય પણ અજાણથી થાય છે. દા.ત. તમે રેશનમાંથી કંટ્રોલની ચાર કલાક લાઈનમાં ઊભા રહીને સાકર ઘેર લઈ જાવ છો. તે થેલીને સહેજ



કાણું હોય તો સાકર વેરાતી વેરાતી જાય. તે કીડીઓનું ભલું થઈ જાય, તે અજાણનું પુણ્ય. તેનું ફળ પણ અજાણમાં ભોગવાઈ જાય.

પુણ્ય અને પાપ, પાપ અને પુણ્ય - એના અનુબંધમાં જ મનુષ્ય માત્ર ભટક્યા કરે છે. તે ક્યારેય તેમાંથી મુક્તિ મળે નહીં. બહુ પુણ્ય કરે તો બહુ બહુ તો દેવગતિ મળે, પણ મોક્ષ તો ના જ મળે. મોક્ષ તો જ્ઞાની પુરુષ મળે ને તમારાં અનંતકાળનાં પાપોને બાળીને ભસ્મીભૂત કરી તમારા હાથમાં શુદ્ધાત્મા આપે ત્યારે થાય. ત્યાં સુધી તો ચાર ગતિમાં ભટક ભટક કર્યા જ કરવાનું.

આત્મા ઉપર એવાં પડ છે, આવરણ છે કે એક માણસને અંધારામાં, અંધારી કોટડીમાં ગોંધી રાખે ને માત્ર બે વખત ખાવાનું નાખે અને જે દુઃખનો અનુભવ થાય તેવાં અપાર દુઃખનો અનુભવ આ ઝાડપાન વિગેરે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોને થાય. આ પાંચ ઈન્દ્રિયવાળા મનુષ્યને આટલું દુઃખ છે તો ઓછી ઈન્દ્રિય છે તેને કેટલું દુઃખ હશે ? પાંચથી છઠ્ઠી ઈન્દ્રિયવાળો કોઈ નથી. આ ઝાડપાન ને જાનવર તે તિર્યંચ ગતિ. તે તેમને સખત કેદની સજા છે. આ મનુષ્યગતિ તે આસન (સાદી) કેદવાળા અને આ નર્કગતિમાં તો ભયંકર દુઃખ, તેનું જેમ છે તેમ વર્ણન હું કરું તો સાંભળતાં જ મનુષ્ય મરી જાય. ચોખા ઉકાળે ને ઊછળે, તેનાથી લાખગણું દુઃખ થાય. એક અવતારમાં પાંચ-પાંચ વખત મરણવેદના અને છતાં પણ મરણ ના થાય. ત્યાં દેહ પારા જેવો હોય. કારણ કે તેમને વેદવાનું હોય, એટલે મરણ ન થાય. તેમનાં અંગે અંગ છેદાય ને પાછાં જોડાય. વેદના ભોગવ્યે જ છૂટકો. નર્કગતિ એટલે જન્મટીપની સજા.

દેવલોકને નજરકેદ હોય, પણ તેમનેય મોક્ષ તો ના હોય. તમે કોઈના લગ્નમાં ગયા હો, તો તમે બધું જ ભૂલી જાવ. સંપૂર્ણ મોહમાં તન્મય હો. આઈસ્ક્રીમ ખાવ તે જીભ ખાવામાં હોય. બેન્ડ વાગે તે કાનને પ્રિય હોય. આંખો વરરાજાના તાનમાં હોય. ગંધ એ અગરબત્તી ને સેંટમાં જાય. તે પાંચેય ઈન્દ્રિય કામમાં રોકાઈ ગઈ હોય. મન ભાંજગડમાં હોય. આ બધું હોય ત્યાં આત્મા સાંભરે નહીં. તેમ દેવલોકને સદાય એવું હોય. આથી અનેકગણું વિશેષ સુખ હોય. એટલે તે ભાનમાં જ ના હોય. તેમને આત્મા ખ્યાલમાં જ ના હોય. પણ દેવગતિમાંય કઢાપો-અજંપો ને ઈર્ષા હોય.

દેવલોકોય પછી તો નર્યાં સુખોથી કંટાળી જાય. તે કેમનું ? ચાર દિવસ લગનમાં લાડવા રોજ જમ્યા હોય તો પાંચમે દિવસે ખીચડી સાંભરે તેવું છે ! તો તે લોકોય ઈચ્છે કે ક્યારે મનુષ્યદેહ મળે ને ભરતક્ષેત્રે સારા સંસ્કારી કુટુંબમાં જન્મ થાય ને જ્ઞાનીપુરુષનો ભેટો થઈ જાય ! જ્ઞાની પુરુષ મળે તો જ ઉકેલ આવે તેમ છે, નહીં તો ચતુર્ગતિની ભટકામણ તો છે જ.

## સંકલ્પ-વિકલ્પ

વિકલ્પ એટલે 'હું' ને સંકલ્પ એટલે 'મારું'. 'હું ચંદુલાલ' એ વિકલ્પ, મોટામાં મોટો વિકલ્પ અને 'આ મારી બાયડી, આ મારાં છોકરાં ને આ મારો બંગલો, મોટર' વિગેરે એ બધું સંકલ્પ.

## સર્જન - વિસર્જન

પોતે બ્રહ્મ ને રાતે ચાદર ઓઢીને સૂઈ ગયો, મૂઓ. તે જાત જાતની યોજના ઘડે. તે વખતે બ્રહ્મા થઈને સર્જન કરે છે. પછી વિસર્જન નેચરના હાથમાં. વિસર્જન એના હાથમાં નહીં. વિસર્જન થાય છે ત્યારે તે ભ્રમિત પદમાં આવે છે ને રઘવાયો ને બેબાકળો થઈ જાય છે. યોજના ઘડી, વિચાર આવ્યો ને તેમાં તન્મયાકાર થયો તે સર્જન અને રૂપકમાં આવે તે વિસર્જન. વિસર્જનને કોઈ બાપોય ફેરવી શકે નહીં. જો વિસર્જન પોતાના હાથમાં હોય તો કોઈ ના ગમતું થવા જ ના દે. ગમતું જ રૂપકમાં લાવે. પણ વિસર્જન પરસત્તામાં છે. વ્યવસ્થિતના હાથમાં છે. ત્યાં કોઈનુંય ચાલે તેમ નથી. માટે સર્જન પાંસરો થઈને કરજે. એકવાર બ્રહ્મા થઈ બેઠો પછી ક્યારેય બ્રહ્મપદ ન મળે. હા, જ્ઞાનીને મળે ત્યારે જ્ઞાની પુરુષ તેની જગતનિષ્ઠા ઉઠાવી એક કલાકમાં બ્રહ્મમાં નિષ્ઠા મૂકી દે. તે બ્રહ્મનિષ્ઠ બનાવી દે છે અને નિરંતર પછી તો બ્રહ્મપદમાં જ રહે. એટલે એ નવું સર્જન ન કરે અને જે દેહ છે તેનું વિર્સજન થઈ જાય.

મનુષ્ય અવતાર સર્જનાત્મક છે. તેમાંથી જ બધી ગતિઓનું સર્જન થાય છે અને મોક્ષ પણ અહીંથી જ પ્રાપ્ત થઈ શકે તેમ છે.

## પુરુષ અને પ્રકૃતિ

આખું જગત પ્રકૃતિને સમજવામાં ફસાયું છે.



પુરુષ અને પ્રકૃતિને તો અનાદિથી ખોળ ખોળ કરે છે. પણ એમ એ હાથમાં આવે તેમ નથી. ક્રમિક માર્ગમાં પ્રકૃતિ આખીને ઓળખે ત્યાર પછી પુરુષ ઓળખાય. તે અનંત અવતારેય ઉકેલ આવે તેમ નથી. જ્યારે અક્રમ માર્ગમાં જ્ઞાની પુરુષ માથે હાથ મૂકે તો પોતે પુરુષ થઈ આખી પ્રકૃતિને સમજી જાય. અને બન્નેય કાયમનાં છૂટાં ને છૂટાં જ રહે. પ્રકૃતિની ભૂલભૂલામણીમાં ભલભલા ફસાયા છે અને તે ય શું કરે ? પ્રકૃતિથી જ પ્રકૃતિને ઓળખવા જાય છે ને, તે ક્યારે પાર આવે ? પુરુષ થઈને પ્રકૃતિને ઓળખવાની છે, તો જ પ્રકૃતિના પરમાણુએ પરમાણુ ઓળખાય.

પ્રકૃતિ એટલે શું ? પ્ર=વિશેષ અને કૃતિ=કરેલું. સ્વાભાવિક કરેલી વસ્તુ નહીં. પણ વિભાવમાં જઈને, વિશેષે કરીને કરેલી વસ્તુ તે પ્રકૃતિ.

પ્રકૃતિ એ તો સ્ત્રી છે, સ્ત્રીનું સ્વરૂપ છે ને 'પોતે' (સેલ્ફ) પુરુષ છે. કૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું કે 'ત્રિગુણાત્મકથી વેગળો થા.' તે ત્રિગુણ ! તે પ્રકૃતિના ત્રણ ગુણથી મુક્ત એવો 'તું' પુરુષ થા. કારણ કે પ્રકૃતિના ગુણમાં રહીશ તો 'તું' અબળા છે અને પુરુષના ગુણમાં રહે તો 'તું' પુરુષ છે.

'પ્રકૃતિ એ ભમરડા સ્વરૂપ છે.' ભમરડો એટલે શું ? દોરી વીંટાય એ સર્જન, દોરી ઉકલે ત્યારે ફરે છે તે પ્રકૃતિ. દોરી વીંટાતી હોય ત્યારે કળામય જ વીંટાય અને ઉકલે ત્યારેય કળામય જ ઉકલે. બાળક હોય તોય ખાય તો કોળિયો મોંમાં નાખવાને બદલે કાનમાં નાખે ? સાપણ મરી ગઈ હોય અને તેનાં ઈંડાં ફૂટ્યા અને બચ્ચાં નીકળ્યા તેય ફેણ મારવા માંડે તરત જ. આની પાછળ શું છે ? આ તો પ્રકૃતિની અજાયબી છે ! પ્રકૃતિનું કળામય કાર્ય તે અજાયબી છે. પ્રકૃતિ આઘીપાછી ક્યાં સુધી થાય ? તેની શરૂઆતથી વધુમાં વધુ આઘીપાછી થવાની લિમિટ છે. ભમરડો ફરે તેય એની લિમિટમાં જ ફરે. દા.ત. વિચાર આટલી જ લિમિટમાં આવે. મોહ થાય તો કે આટલી જ લિમિટમાં થાય. તે દરેક જીવને ડૂંટી એ સેન્ટર છે અને ત્યાં આત્મા આવરાયેલો નથી. શુદ્ધ જ્ઞાનપ્રકાશ ત્યાં રહેલો છે. જો પ્રકૃતિ લિમિટની બહાર જાય તો તે પ્રકાશ આવરાઈ જાય ને પથરો થઈ

જાય, જડ થઈ જાય. પણ તેમ બને જ નહીં. લિમિટમાં જ રહે. આ મોહ થાય છે, તે તેનું આવરણ આવે. ગમે એટલો મોહ ટોપ સુધી પહોંચ્યો હોય પણ જ્યાં એની લિમિટ આવી કે પાછો ઊતરે છે. આ બધું નિયમથી જ થાય છે. નિયમની બહાર ના થાય.

## ત્રિગુણાત્મક પ્રકૃતિ

બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ એ ત્રણ ગુણોના અધિપતિ દેવતા છે. સત્ત્વ, રજ અને તમો. તમોગુણવાળા મહાદેવને ભજે. સત્ત્વગુણવાળા બ્રહ્માને ભજે ને રજોગુણવાળા વિષ્ણુને ભજે. જેને ભજે તેને તે ગુણ પ્રાપ્ત થાય. ઈન્ડિયામાં રજોગુણવાળા વધારે હોય છે પણ જગત તમોગુણમાં પડ્યું છે. આ ત્રણ ગુણના ત્રણ દેવતા છે. તે જન્મ્યા નથી, રૂપક મૂક્યા છે. વેદ પણ 'આ ત્રણ ગુણોથી મુક્ત થઈ તું પુરુષ થા' એમ કહે છે.

આ પ્રકૃતિ નાચ નચાવે છે ત્યારે અક્કરમી કહે છે કે હું નાચ્યો. મૂઆ ભમરડો ફરે છે તેમાં તેનો શો પુરુષાર્થ ? લાખ કમાયો ત્યારે કહે છે કે હું કમાયો ને ખોટ જાય છે ત્યારે મૂઆ કહે ને કે મેં ખોટ ઘાલી ! ત્યારે તો મૂઓ ભગવાન ઉપર ઢોળી પાડે છે. ભગવાને ખોટ ઘાલી, કહે છે. તે ભગવાન બિચારાને બાપ નહીં, કોઈ ઉપરાણું લેનારું નહીં, તેથી મૂઆ આ લોકો ભગવાન પર ખોટા આરોપ કરે છે !

આ તો પ્રકૃતિ પરાણે કરાવે છે ને કહે છે કે હું કરું છું. દાન આપવું, જપ-તપ, ધર્મધ્યાન, દયા, અહિંસા, સત્ય એ બધા જ પ્રાકૃત ગુણો છે. સુટેવો ને કુટેવો એ ય પ્રાકૃત ગુણો છે. પ્રાકૃત ગમે તેવું રૂપાળું હોય પણ ક્યારે વેહ (વેશ) કાઢે કે ફજેત કરે તે કહેવાય નહીં. એક રાજા હોય, બહુ દાનેશ્વરી ને ધર્મનિષ્ઠ હોય પણ જંગલમાં ભૂલો પડ્યો હોય ને ચાર દિવસ ખાવાનું ના મળ્યું હોય તો જંગલમાં ભીલને ત્યાં ભીખ માગીને ખાતાં તેને શરમ આવે ? ના આવે. ત્યારે ત્યાં તેનું દાનવીરપણું ક્યાં ગયું ? ત્યાં રાજાપણું ક્યાં ગયું ? અલ્યા ! મહીંથી પ્રકૃતિ બૂમ પાડી માગે છે, તે સંયોગોના સપાટામાં આવ્યો છે, તે વખતે રાજા પણ ભિખારી બની જાય તો પછી બીજાનું ગજું જ શું ? આ તો પ્રકૃતિ દાન અપાવે છે ને પ્રકૃતિ ભીખ મંગાવે



છે, તેમાં તારું શું ? એક ચોર વીસ રૂપિયાની ચોરી કરે છે ને હોટલમાં નાસ્તાપાણી કરી મજા લૂંટે છે ને જતાં જતાં દસની નોટ પતિયાને આપી દે છે એ શું ? આ તો પ્રકૃતિની માયા છે ! કળાય તેમ નથી !

કોઈ કહેશે કે આજે મેં ચાર સામાયિક કર્યાં ને પ્રતિક્રમણ કર્યાં ને બે કલાક શાસ્ત્રો વાંચ્યાં. તેય મૂઆ પ્રકૃતિ કરાવે છે ને તું કહે છે કે 'મેં કર્યું.' જો તું જ સામાયિકનો કર્તા હોઉં તો બીજે દહાડે પણ કરને ! ત્યારે બીજે દહાડે કહે કે, આજે તો 'મારાથી નથી થતું' એમ બોલે છે અને કાલે 'મેં કર્યું' એમ બોલેલો તે કેટલો મોટો વિરોધાભાસ ! જો કરનારો તું જ હોઉં તો ક્યારેય 'નથી થતું' એમ બોલાય જ નહીં. નથી થતું એનો અર્થ જ એ કે તું કરનારો નથી. આખું જગત આવી ઊંધી સમજણથી અટક્યું છે. ત્યાગ કરે છે તેય પ્રકૃતિ કરાવે છે ને ગ્રહણ કરે છે તેય પ્રકૃતિ કરાવે છે. આ બ્રહ્મચર્ય પણ પ્રકૃતિ પરાણે પળાવે છે, છતાં કહે છે કે હું બ્રહ્મચર્ય પાળું છું. કેટલો મોટો વિરોધાભાસ !

આ રાગ-દ્વેષ, દયા-નિર્દયતા, લોભી-ઉદાર, સત્ય-અસત્ય આ બધા દ્વંદ્વ ગુણો છે. તે પ્રકૃતિના ગુણો છે ને પોતે દ્વંદ્વાતીત છે.

## આત્મા : સગુણ - નિર્ગુણ

કેટલાક લોકો ભગવાનને નિર્ગુણ કહે છે. અલ્યા, ભગવાનને ગાળ શું કામ દે છે ? આ ગાંડાને પણ નિર્ગુણી કહે છે, તે ગાંડાને નિર્ગુણી શી રીતે કહેવાય ? ગાંડપણ એ તો ગુણ છે, તે તેને નિર્ગુણ શી રીતે કહેવાય ? એનો અર્થ આત્માને ગાંડા કરતાંય નિર્ગુણ કહીને ખરાબ દેખાડે છે, જડ જેવો દેખાડે છે. મૂઆ જડેય નથી અને નિર્ગુણ પણ નથી. એનાય ગુણ છે. આ આત્માને-ભગવાનને નિર્ગુણ કહીને તો લોકો ઊંધે માર્ગે ચઢી ગયા છે. તે મારી પાસે આવ, તો તને સાચી સમજ આપું. 'આત્મા પ્રકૃતિના ગુણે કરીને નિર્ગુણ છે અને સ્વગુણોથી ભરપુર છે.' આત્માના સ્વગુણો તો અનંત ગુણો છે. અનંત જ્ઞાનવાળો, અનંત દર્શનવાળો, અનંત શક્તિવાળો, અનંત સુખનું ધામ, પરમાનંદી છે, એને નિર્ગુણ શી રીતે કહેવાય ? એને નિર્ગુણ કહીશ તો ક્યારેય પણ આત્મા પ્રાપ્ત નહીં થાય. કારણ આત્મા એના ગુણોથી કંઈ જુદો નથી. વસ્તુમાં વસ્તુના ગુણધર્મ

રહેલા છે, તે વસ્તુને ઓળખવા તેના ગુણધર્મ જાણ્યા તો વસ્તુ ઓળખાય. દા.ત. બધી ધાતુઓમાંથી સોનાને ઓળખવું હોય તો તેના ગુણધર્મ જાણ્યા હોય તો તે ઓળખી શકાય. અને સોનું એના ગુણધર્મથી કંઈ ભિન્ન ના હોય. ફૂલ અને સુગંધ બન્નેય ભિન્ન ના હોય. એ તો સુગંધ પરથી ફૂલની ખબર પડી જાય. તેમ આત્માને આત્માના ગુણધર્મથી જ ઓળખાય. અને એ જ ધર્મ જાણવાનો છે, આત્મધર્મ જાણવાનો છે. પ્રકૃતિના ધર્મો તો અનંત અવતાર જાણ જાણ કર્યા પણ તોય ઉકેલ ના આવ્યો, પાર ના આવ્યો. આ રિલેટિવ ધર્મો છે, લૌકિક ધર્મો છે તે બધાય પ્રકૃતિના ધર્મો છે, દેહના ધર્મો છે. અલૌકિક ધર્મ તે જ આત્મધર્મ છે, રિયલ ધર્મ છે.

આ દેહને નવડાવે, ધોવડાવે, ખવડાવે, ઉપવાસ કરાવડાવે એ બધા પ્રાકૃત ધર્મ છે. પ્રાકૃત ધર્મનું ઠામઠેકાણું ના હોય. કારણ કે તે પોતાની સત્તાની બહારનો ધર્મ છે. આ તો વગર જુલાબની દવા લીધે ઝાડા થઈ જાય અને જુલાબ અટકાવવાની દવા ના લીધી હોય તોય બંધ થઈ જાય, તેવું પ્રકૃતિનું કામ છે !

## પ્રાકૃતપૂજા - પુરુષપૂજા

આ બધી જગતમાં ભક્તિ ચાલે છે તે પ્રાકૃત ગુણોની ચાલે છે. પ્રાકૃત ગુણો એટલે જેનું કાયમનું અસ્તિત્વ નથી, એવા કાલ્પનિક ગુણો. પ્રાકૃત ગુણો વાત, પિત્ત અને કફને આધીન છે. પોતાના ગુણો સ્વાવલંબી છે. પ્રકૃતિના ગુણો પરાવલંબી છે. તે તો જ્યારે સનેપાત થાય ત્યારે ખબર પડે. જગતમાં બધે પ્રકૃતિની જ પૂજા ચાલી રહી છે. પુરુષની ક્યાંય પૂજા જોવામાં આવતી નથી. પ્રકૃતિની પૂજાનું ફળ સંસાર છે અને પુરુષની પૂજાનું ફળ છે મોક્ષ !

આપણે પોતે પુરુષ તરીકે, શુદ્ધાત્મા તરીકે, સ્વવશ છીએ અને પ્રકૃતિએ કરીને પરવશ છીએ. પ્રકૃતિ અને રેગ્યુલેટર ઓફ ધી વર્લ્ડના હિસાબે આ બધું ચાલી રહ્યું છે. એમાં ભગવાન હાથ ઘાલતો જ નથી. પુરુષ બન્યા પછી પ્રકૃતિની સાથે કંઈ જ લેવા દેવા રહેતી નથી. બન્યું તે પ્રકૃતિ. તેના પર રાગ-દ્વેષ ના થયો તે શુદ્ધાત્મા. મારામારી કરતાં ય રાગ-દ્વેષ ના થાય એવું અમારું ગજબનું જ્ઞાન છે !



## પ્રકૃતિ ધર્મ - પુરુષ ધર્મ

જેટલા વિકલ્પ થયા તે બધા જ પ્રકૃતિમાં આવે. વિકલ્પ થયા ના હોય તે પ્રકૃતિમાં ના આવે.

આ વણિક છે, આ પટેલ છે, આ મુસલમાન છે, તે તેની પ્રકૃતિથી ઓળખાય. વાણિયાની પ્રકૃતિ વિચારશીલ ને ડહાપણવાળી હોય. પટેલ તો ક્ષત્રિય કહેવાય. તેમની પ્રકૃતિ સામાનું માથું કાપી લાવે ને વખત આવે તો માથુંય મૂકી દે તેવી હોય. મુસલમાનની પ્રકૃતિ તે રમખાણી વૃત્તિની હોય. ખરી રીતે પ્રકૃતિ તો માણસે માણસે જુદી જુદી હોય. એનો પાર આવે તેમ નથી !

મન-વચન-કાયા એ પ્રકૃતિના ત્રણ ભાગ છે. ત્રણેય વસ્તુ ઈફેક્ટિવ છે. તે ઈફેક્ટમાં ભ્રાંતિથી પાછાં કૉઝીઝ ઊભાં થાય છે ને તેમાંથી કારણ પ્રકૃતિ બંધાય છે અને તેની ઈફેક્ટ તે કાર્ય પ્રકૃતિ.

જ્યાં સુધી સંદેહ ના જાય ત્યાં સુધી પ્રાકૃત ધર્મ છે. સંદેહ જાય, આત્મા માટે સંપૂર્ણ નિઃશંક થાય ત્યારે પુરુષ થાય અને ત્યારપછી જ કારણ પ્રકૃતિ બંધાતી બંધ થાય.

## પ્રાકૃત બગીચો

જે જે ઈફેક્ટ છે, કાર્ય પ્રકૃતિ છે તે ક્યારેય પણ ના ફરે. દરેક બાપ એમ ઈચ્છે કે મારો દીકરો મારા જેવો થાય. અલ્યા, ઘરને બગીચો બનાવવો છે કે ખેતર ? દરેકની પ્રકૃતિ જુદી જુદી દરેકનાં ફૂલ જુદાં જુદાં આવે. તે બીજાના છોડ ઉપર પોતાના જેવાં ફૂલ આવે તે કેમ બને ? જો એકલા ગુલાબ જ હોય તો શું તે બગીચો કહેવાય ? ના, ગુલાબનું ખેતર કહેવાય. જેમ બાજરીનું ખેતર તેમ ગુલાબનું ખેતર. આ તો જોડે મોગરો હોય, ચંપો હોય, જૂઈ હોય ને કાંટાય હોય ત્યારે બગીચો કહેવાય. પ્રકૃતિ એ તો બગીચો છે !

લોકોને ગુલાબ જોઈએ પણ કાંટા ના ગમે. તે કાંટા વગર ગુલાબ શી રીતે હોય ?

આ લીંબોળી વાવે તે શાનાથી ઉછરે ? પૃથ્વી, જળ, વાયુ, તેજ ને અવકાશ એ તત્ત્વોથી ઉછરે. પોષણ મળે તો તે પોષણમાં સ્વાદ છે ? ખાટો રસ છે ? ના, તો પછી ખટાશ ક્યાંથી આવી ? અને બાજુમાં કડવો લીમડો વાવ્યો તેનામાં પાને પાને ને ડાળે ડાળે કડવાશ ક્યાંથી આવી ? પોષણ તો બન્નેવને સરખું જ પાંચ તત્ત્વનું આપ્યું. શું પાણી કડવું હતું ? ના. તો આ કેવી રીતે બન્યું ? એ તો બીજમાં જ ખટાશ ને બીજમાં જ કડવાશ હતી તે તેવું ફળ આવ્યું. આ વડનું બીજ રાઈથીયે નાનું હોય છે ને વડ કેટલો વિશાળ હોય છે ? તે વડના બીજમાં જ આખો વડ, ડાળીઓ, પાન ને વડવઈઓ સાથે સૂક્ષ્મરૂપે હોય છે, શક્તિરૂપે હોય છે. તે વ્યવસ્થિત શક્તિ સંયોગો ભેગા કરી આપે અને વડરૂપે પરિણમે તે તેના પ્રાકૃત સ્વભાવથી જ.

આવું ગજબનું પ્રકૃતિનું જ્ઞાન છે ! નદીની પાર જઈ શકે, પણ પ્રકૃતિની પાર ના જઈ શકે તેવું છે.

## વૈરાગ્યના પ્રકાર

વૈરાગ્ય ત્રણ પ્રકારનાં :

(૧) **દુઃખગર્ભિત વૈરાગ્ય :** દુઃખના માર્યા સંસાર છોડી ભાગી જાય. તે બૈરી-છોકરાંને રખડાવી મારે. સંસારમાં ઠેકાણું પડતું ન હોય તે વિચાર કરે કે ચાલો, વૈરાગ્ય લઈ લઈશું તો બે ટંક ખાવાનું તો મળશે ને ! એકલું ઉઘાડા પગે ચાલવાનું ને માગીને ખાવાનું એટલું જ દુઃખને ! તે તો દેખા જાયેગા. તે તેમ કરીને વૈરાગ્ય લે, તે એનું પરિણામ શું આવે ? કેટલાય અવતાર ભટક ભટક જ કરવાનું.

(૨) **મોહગર્ભિત વૈરાગ્ય :** શિષ્યો મળશે, માન મળશે, કીર્તિ મળશે, વાહ વાહ બોલાશે, લોકો પૂજશે, એ લાલચે વૈરાગ્ય લઈ લે, તે તેનુંય ફળ સંસારમાં ભટકામણ જ છે.

(૩) **જ્ઞાનગર્ભિત વૈરાગ્ય :** આ જ યથાર્થ સ્વરૂપે વૈરાગ્ય છે. જ્ઞાન માટે વૈરાગ્ય લે તે. જ્ઞાન માટે તો કોઈક જ વૈરાગ્ય લે. પણ જ્ઞાન મળવું બહુ કઠિન છે.



જ્ઞાન તો જ્ઞાની પાસે જાય તો જ મળે તેમ છે અને તે પછી જ જ્ઞાનપ્રકાશથી યથાર્થ વૈરાગ્ય ઉત્પન્ન થવા માંડે.

## આત્માનો ઉપયોગ

આત્માના ઉપયોગ ચાર પ્રકારના :

(૧) **અશુદ્ધ ઉપયોગ :** કોઈક જણ દેખીતા કારણ વગર હરણાંનો શિકાર કરે અને તે ફક્ત શિકાર કર્યાનો આનંદ મેળવવા માટે જ પાછો ગર્વ કરે કે મેં કેવું માર્યું ! હેતુ વગર કેવળ મોજ માણવા જ મારે તે આત્માનો અશુદ્ધ ઉપયોગ. કોઈકનું ઘર બાળીને ગર્વ લે, ખોટું કરીને હસે, સામાનું નુકસાન કરીને પાછો મૂછો ઉપર હાથ દે - આ બધા થર્ડ કલાસના પેસેન્જર જેવા છે. તેનું ફળ નર્કગતિ.

(૨) **અશુભ ઉપયોગ :** ઘરનાં કહે કે આજે તો હરણું ખાવું જ પડશે. કારણ કે બીજું કશું જ ઘરમાં ખાવાનું નથી. તે બૈરી-છોકરાં ભૂખે ટળવળતાં હોય ને પેલો હરણું મારી લાવીને ઘરમાં આપે. પણ મહીં તેને અપાર દુઃખ થાય, પશ્ચાત્તાપ થાય કે મેં કર્યું તે ખોટું કર્યું. તે આત્માનો અશુભ ઉપયોગ. અશુદ્ધ અને અશુભ ઉપયોગમાં ક્રિયા એક જ સરખી પણ હોય ! છતાં એક કરેલી ક્રિયા પર ગર્વ લે, મોજ માણે, જ્યારે બીજો પશ્ચાત્તાપનાં આંસુ પાડે તેટલો ફેર. આ બધા અશુભ ઉપયોગવાળા જીવો સેકન્ડ કલાસના પેસેન્જર જેવા છે. એ તિર્યંચ ગતિ બાંધે.

(૩) **શુભ ઉપયોગ :** શુભ ઉપયોગમાં ઘરનાં ભૂખે ટળવળતાં હોય, છતાંય પેલો તો એમ જ કહે કે, કોઈને મારીને મારે ભૂખ નથી મટાડવી. તે આત્માનો શુભ ઉપયોગ, પારકા માટે સારી ભાવના રાખે, લોકોનું ભલું કરે, ઓબ્લાઈજ (પરોપકાર) કરે. દિલ સાચું નીતિમય રાખે તે શુભ ઉપયોગ. એકલો શુભ ઉપયોગ તો કો'કને જ હોય. બધેય શુભાશુભ ઉપયોગ હોય. શુભાશુભ ઉપયોગ તે ફર્સ્ટ ક્લાસના પેસેન્જર. મનુષ્યગતિ તેનું ફળ. જ્યારે એકલા શુભ ઉપયોગમાં જ જે રહે તે તો એરકન્ડીશન્ડ ક્લાસના પેસેન્જર જેવા છે એ દેવગતિ પામે.

(૪) **શુદ્ધ ઉપયોગ :** શુદ્ધ ઉપયોગ કોને કહેવાય ? શુદ્ધ ઉપયોગી શુદ્ધને જ જુએ. મહીંના માલને જુએ, પેકીંગને ના જુએ. તત્ત્વદૃષ્ટિથી જોવું તે શુદ્ધ ઉપયોગ. શુદ્ધ ઉપયોગ આત્મા પ્રાપ્ત કર્યા પછી જ શરૂ થાય. ઉપયોગ સંપૂર્ણ શુદ્ધ થાય ત્યારે કેવળજ્ઞાન થાય. શુદ્ધ ઉપયોગનું ફળ મોક્ષ. અમે સંપૂર્ણ શુદ્ધ ઉપયોગી છીએ. એક મહારાજ મને પૂછે કે 'તમે આ મોટરમાં ફરો છો તો કેટલાય જીવો છૂંદાય, તે તમને દોષ ના લાગે ?' મેં તેમને કહ્યું, મહારાજ ! તમારાં શાસ્ત્રો શું કહે છે ?

'શુદ્ધ ઉપયોગી ને સમતાધારી, જ્ઞાન-ધ્યાન મનોહારી રે,
કર્મ કલંકકુ દૂર નિવારી, જીવ વરે શિવનારી રે.'

અમે શુદ્ધ ઉપયોગી છીએ. શુદ્ધ ઉપયોગીને હિંસા હોય ? મહારાજ કહે કે 'ના'. મેં કહ્યું કે અમને દોષ ના લાગે, તમને લાગે. કારણ 'હું મહારાજ છું, આ પગ મારા છે ને આ જીવડાં મારાથી વટાય છે' એવું જ્ઞાન, એવું ભાન તમને નિરંતર વર્તે છે. અરે, ઊંઘમાંય વર્તે છે. તે તમને દોષ લાગે. જ્યારે અમે નિરંતર શુદ્ધ ઉપયોગમાં જ રહીએ. આ દેહ મારો છે એવું એક ક્ષણ પણ અમને ના હોય. આખો માલિકીભાવ જ અમારો ઊડી ગયો હોય. તે અમને દોષ ના લાગે.

એક પ્લોટ તમારો હોય. તે તમે આઠ દિવસ ઉપર લલ્લુભાઈને વેચી દીધો હોય. દસ્તાવેજ પણ કરી દીધો હોય. અને એક દહાડો પોલીસ તમારે ઘેર હાથકડી લઈને આવે ને કહે ! 'ચાલો ચંદુભાઈ ! તમારે પોલીસ સ્ટેશને આવવું પડશે.' તે તમે પૂછશો, 'કેમ ભઈ, શું ગુનો કર્યો મેં ?' ત્યારે પોલીસ કહે, 'તમારા પ્લોટમાંથી દસ લાખનું દાણચોરીનું સોનું દાટેલું પકડાયું છે તે તમારો ગુનો છે.' એટલે તમે તરત જ 'હાશ' કરીને પોલીસને લલ્લુભાઈને પ્લોટનું વેચાણ કર્યું તેનો દસ્તાવેજ બતાવશો એટલે પોલીસ સમજી જશે અને ઉપરથી તમારી માફી માંગી હેંડતો થશે ને જશે લલ્લુભાઈની પાસે.

તેવું અમારું છે. આ દેહના પણ અમે માલિક નથી. અમે આખા બ્રહ્માંડના સ્વામી છીએ પણ માલિકીભાવ એકેય પ્લોટમાં અમારો ના હોય.



આખા બ્રહ્માંડને ધ્રુજાવે તેવી શક્તિ 'અમારામાં' છે પણ આ અંબાલાલ મૂળજીભાઈમાં શેક્યો પાપડ ભાંગવાનીય શક્તિ નથી !

## મનુષ્યપણાનું ડેવલપમેન્ટ

આ જગતમાં મનુષ્યોના ચૌદ લાખ થર છે. તેમાંથી ઉપરના પચાસ હજાર થર જ આ વાત સાંભળવાને લાયક છે. મનુષ્યગતિમાં હોય પણ બધાનું ડેવલપમેન્ટ એકસરખું ના હોય. દરેકનાં સ્ટાન્ડર્ડ જુદાં જુદાં હોય. એટલે તેમના ડેવલપમેન્ટના આધારે તેમના ભગવાન હોય. તે નિયમથી જ તેમને તે ભગવાનની ભક્તિ પ્રાપ્ત થાય અને શાસ્ત્ર પણ તેના ડેવલપમેન્ટના હિસાબે ભેગું થઈ જાય. આ બધાં મનુષ્યો ડેવલપમેન્ટના આધારે સ્ટાન્ડર્ડમાં હોય અને તેમને તેમના સ્ટાન્ડર્ડના હિસાબના ભગવાન પણ હોય. તે સ્ટાન્ડર્ડ લૌકિક ધર્મના-રિલેટિવ ધર્મના છે.

## માયા અને મુક્તિ

'માયા માથે શિંગડા, લંબે નવ નવ હાથ,
આગે મારે શિંગડાં ને પીછે મારે લાત.'

માયા (અજ્ઞાનતા) શું કહે છે ? મારો માન નામનો છોકરો જ્યાં સુધી જીવતો છે, ત્યાં સુધી મારા બધાય છોકરાંઓને મારશો તો ય તે પાછા સજીવ થશે, ક્રોધ-માન-માયા(કપટ)-લોભ, રાગ-દ્વેષ એ મારા છ છોકરાં ને સાતમી હું, એમ અમારી વંશાવળીનો વાડો લીલો રહેશે. તે આ માયા અને તેના છ પુત્રોએ આખા જગતને લડાવી માર્યું છે. અલ્યા, એટમબોંબ નાખવો હોય તો તેના ઉપર નાખને ! વઢવાડ આ જ કરાવે છે ને સંસાર ઊભો ને ઊભો જ રહે છે. એના છ છોકરામાં ક્રોધ ભોળો છે. તરત જ ભડભડ કરી નાખે. એને તો કોઈકે ય ઓળખાવી આપે. કોઈકેય કહે કે 'અલ્યા, શું ક્રોધ કરે છે ?' માન, તે પણ સારો છે. પણ ક્રોધ કરતાં તે સહેજ ઊતરતો. કોઈકે ય કહે કે 'અલ્યા, શું છાતી કાઢીને ફરે છે ?' કપટ અને મોહ, તો કોઈને ય ના દેખાય ને ધણીને પોતાને ય ખબર ના પડે. અને છેલ્લામાં છેલ્લો નંબર આવે લોભનો. કપટ, મોહ અને લોભથી તો ભગવાનેય કંટાળે. જલદી મોક્ષે જ ના જવા દે. એ તો બહુ જબરી વંશાવળી

છે, આ માયાની તો ! છેક છેલ્લે સુધી આ માયા જીતાય તેવી નથી, ક્રમિક માર્ગમાં ભગવાન પદ સામું હારતોરા લઈને આવે ત્યારે, આ માયા ! એ ભેગું ના થવા દે. એ તો જ્ઞાની પુરુષ મળે તો જ ઉકેલ આવે ને માયાની વંશાવળી નિર્મૂળ થાય. અમે બીજું કશું જ ના કરીએ. માન, અહંકાર નામનો જે એનો સૌથી મોટો છોકરો તેને જ જડમૂળથી ઉખાડી નાખીએ, કાઢી નાખીએ. એટલે બીજા પાંચેય છોકરા ને માયા ડોશી બધાં ય મરી જાય. એટલે છૂટકારો થાય ને મુક્તિ થાય. અમે જ્ઞાન આપીએ, એટલે તમારી સર્વે માયાથી મુક્તિ અપાવીએ.

## સુખના પ્રકાર

જગતમાં ત્રણ પ્રકારનાં સુખ છે :

(૧) ઈન્દ્રિય સુખ (૨) નિરિન્દ્રિય સુખ (૩) અતીન્દ્રિય સુખ.

આ પંચેન્દ્રિયથી જ વિષયો ભોગવે છે તે ઈન્દ્રિય સુખ. ઈન્દ્રિય સુખની ડાળ છોડી દીધી ને અતીન્દ્રિય સુખ હાથમાં આવ્યું નથી, તે અધવચ્ચે લટક્યા. નિરિન્દ્રિય સુખમાં, ગદ્ધા મસ્તાનીમાં સ્તો ! અને અતીન્દ્રિય સુખ તે કેવળ પોતાનું, આત્માનું અનંત સુખ. એ તો આત્મા જાણ્યા વગર ઉત્પન્ન થાય જ નહીં.

શિયાળાની રાતની કડકડતી ટાઢ હતી ને એક ગામમાં મુસાફરખાનામાં એક ઈન્દ્રિય સુખવાળો, બીજો નિરિન્દ્રિય સુખવાળો ને ત્રીજો અતીન્દ્રિય સુખવાળો એમ ત્રણ જણા જઈ ચઢ્યા. રાત્રે હીમ પડ્યું ને ત્રણેયની પાસે ઓઢવા પાથરવાનું કંઈ જ ન હતું. તે આખી રાત તેમની ત્રણેયની કેવી ગઈ, ખબર છે ? ઈન્દ્રિય સુખવાળો પાંચ પાંચ મિનિટે બરાડી ઊઠે, 'ઓ બાપરે ! મરી ગયો રે, આ ટાઢમાં તો હું મરી ગયો.' તે સવારે ખરેખર જ તે મરી ગયેલો હતો.

નિરિન્દ્રિય સુખવાળો થોડી થોડી વારે બોલે, 'અબે સાલી ઠંડી બહુત હૈ. પર છીટ, મેરે કો કહાં લગતી હૈ ? યે તો દેહ કો લગતી હૈ.' એમ અહંકાર કરીને આખી રાત કાઢે અને સવારે જુઓ તો શરીર આખું ઠંડું પડી ગયું હોય. પણ મૂઆના ધીમા ધીમા શ્વાસ ચાલતા હોય !



અને અતીન્દ્રિય સુખવાળો ? એ તો હીમ બહાર પડવા માંડે ને પોતાની જ્ઞાન ગુફામાં જ પેસી જાય ! દેહથી સંપૂર્ણ છૂટો જ રહે આખી રાત ! પોતાના અનંત સુખના ધામમાં જ રહે ! અને સવારે પડ્યે ચાલતી પકડે.

નિરિન્દ્રય સુખવાળો અહંકારની મસ્તીમાં જ રહ્યા કરે. લોક બાપજી, બાપજી કરે ને પેલો ગધ્ધા મસ્તાનીમાં રહે !

## મળ-વિક્ષેપ-અજ્ઞાન : રાગ-દ્વેષ-અજ્ઞાન

વેદાંતમાં કહ્યું છે કે મળ, વિક્ષેપ ને અજ્ઞાન જાય તો મોક્ષ થાય. ત્યારે જૈનદર્શનમાં કહ્યું છે કે રાગ, દ્વેષ ને અજ્ઞાન જાય તો મોક્ષ થાય.

દેહના મળ તો આ જુલાબથી જાય પણ મનના મળ ન જાય. ને ચિત્તનો તો કશાયથી ના જાય. જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી બધા વિક્ષેપ રહે. કંઈક શાંતિ રહે માટે આ લોકો મળ, વિક્ષેપ કાઢ કાઢ કરે છે. જ્ઞાન મળે પછી શું રહ્યું ? મળ, વિક્ષેપ તે તો સત્સંગમાં આવે એટલે જતાં રહે.

આ જીવ શાનાથી બંધાયો છે ? અજ્ઞાનથી. તો છૂટે શાનાથી ? જેનાથી બંધાયો છે તેના પ્રતિપક્ષીથી એટલે કે જ્ઞાનથી.

'હું ચંદુલાલ છું' એ જ આરોપિત જગ્યાએ રાગ છે અને બીજી જગ્યાએ દ્વેષ છે. એટલે કે સ્વરૂપમાં દ્વેષ છે. એક બાજુ રાગ હોય તો તેની સામી બાજુએ, સામે ખૂણે દ્વેષ હોય જ. અમે સ્વરૂપનું ભાન કરાવીએ. શુદ્ધાત્માનું લક્ષ બેસાડીએ એટલે તે જ ક્ષણે તે 'વીતદ્વેષમાં' આવ્યો અને જેમ જેમ આગળ વધ્યો તેમ તેમ વીતરાગ થતો જાય. વીતરાગ એટલે મૂળ જગ્યાનું, સ્વરૂપનું જ્ઞાન-દર્શન તે. અમે તમને આખું કેવળ જ્ઞાન અને કેવળ દર્શન આપીએ છીએ. તે તમને સંપૂર્ણ કેવળ દર્શન ઉત્પન્ન થાય છે. અને કેવળજ્ઞાન ત્રણસો સાઈઠ ડીગ્રીનું સંપૂર્ણ નથી પચતું. કાળને લીધે. અરે, અમને જ ચાર ડીગ્રીનું અજીર્ણ થયું ને ! અમે આપીએ છીએ ત્રણસો સાઈઠ ડીગ્રીનું કેવળ જ્ઞાન પણ તે તમને પચશે નહીં. તે તમે અંશ કેવળ જ્ઞાની કહેવાઓ. જેટલા અંશે આત્મસ્વભાવ પ્રગટ થતો જાય તેટલા અંશે કેવળ જ્ઞાન પ્રગટ થતું જાય. સર્વાંશે આત્મસ્વભાવ પ્રગટ થાય ત્યારે સર્વાંશે કેવળ જ્ઞાન કહેવાય.

ભ્રાંતિથી ભ્રાંતિને કાપવું એમ ક્રમિક માર્ગમાં કહ્યું છે. દા.ત. કપડું મેલું હોય તો તેનો મેલ કાઢવા સાબુ જોઈએ. હવે તે સાબુ એનો મેલ મૂકતો જાય. તે સાબુનો મેલ કાઢવા વળી ટીનોપોલ જોઈએ. તે ટીનોપોલ સાબુનો મેલ કાઢે ને પાછો તે પોતાનો મેલ મૂકતો જાય. આમ ઠેઠ સુધી જે જે સાધનો વાપરે તે તે તેનો મેલ મૂકતાં જાય. નિર્મળ ક્યારેય ના થાય. એ તો નિર્મળ એવા જ્ઞાની પુરુષનો ભેટો થાય ત્યારે જ નિર્મળ થાય. જ્ઞાની પુરુષ જે પોતે સંપૂર્ણ નિર્મળ થયા હોય, શુદ્ધ થયા હોય, તે જ તમારા એક એક પરમાણુને છૂટા પાડી તમારાં પાપોને ભસ્મીભૂત કરીને કેવળ શુદ્ધાત્મા તમારા હાથમાં આપે ત્યારે ઉકેલ આવે. ત્યારે જ મોક્ષ થાય. નહીં તો અનંત અવતાર લૂગડું ધો ધો કરવાનું અને જેનો સાબુ ધોવા લીધો તેનો મેલ ચોંટતો જાય.

## વાણીનું વિજ્ઞાન

સાસુ સવારથી સાંજ સુધી કચ કચ કરે તે વહુ મહીં ધૂંધવાયા કરે. એ જો ચાર કલાક સુધી એકધારી ગાળો ભાંડતી હોય ને આપણે તેને કહીએ કે 'સાસુમા, ફરીથી એની એ જ ગાળો એની એ જ રીતે કહી જાવ તો.' તો તે કહે ખરી ? ના. શાથી ? મૂઆ, એ તો રેકર્ડ બોલી. આ રેકર્ડ બોલે કે 'ચંચળમાં અક્કલ નથી, ચંચળમાં અક્કલ નથી.' તો શું ?! ચંચળ રેકર્ડને કહે ખરી કે 'તારામાં અક્કલ નથી ?' વાણી એ રેકર્ડ સ્વરૂપ છે એવો ફોડ પાડનાર અમે જ છીએ ! વાણી જડ છે, રેકર્ડ જ છે. આ ટેપ રેકર્ડ વાગે છે, તે તેની પહેલાં પટ્ટી ઊતરે છે કે નહીં ? તેવી જ રીતે આ વાણીની પણ આખી પટ્ટી ઊતરી ગયેલી છે ને તેને સંયોગ મળતાં જ, જેમ પીન વાગે ને રેકર્ડ શરૂ થઈ જાય તેમ વાણી શરૂ થઈ જાય છે ને અક્કરમી મૂઓ કહે કે 'હું બોલ્યો.' આ વકીલ કોર્ટમાં કેસ જીતી આવે તે બધાને કહે કે મેં આમ પ્લીડીંગ કરી ને તેમ કરીને કેસ જીતી ગયો. તો તું હારું છું ત્યારે તારી પ્લીડીંગ ક્યાં જાય છે ? ત્યારે તો કહે કે મારે આ દલીલ કરવાની હતી, પણ તે કરવાની રહી ગઈ ! અલ્યા, તું નથી બોલતો. એ તો રેકર્ડ બોલે છે. મૂઆ, ગોઠવીને જો બોલવા જાય તો એક અક્ષરેય ના નીકળે.

ઘણીવાર એમ બને છે કે નહીં કે તમે દૃઢ નિશ્ચય કર્યો હોય કે



સાસુની સામે કે ધણીની સામે નથી બોલવું, છતાં બોલાઈ જાય છે કે નહીં ? બોલાઈ જાય છે એ શું છે ? આપણી તો ઈચ્છા નહોતી. ત્યારે શું ધણીની ઈચ્છા હતી કે વહુ મને ગાળ દે ? ત્યારે કોણ બોલાવે છે ? એ તો રેકર્ડ બોલે છે અને ઊતરી ગયેલી રેકર્ડને કોઈ બાપોય ફેરવી ના શકે.

ઘણીવાર કોઈ મનમાં નક્કી કરીને આવ્યું હોય, કે આજે તો પેલાને આમ સંભળાવું ને તેમ કહી નાખું અને જ્યારે તેની પાસે જાય ને બીજા પાંચ જણને જુએ તો અક્ષરેય બોલ્યા વિના પાછો આવે કે નહીં ? અરે, બોલવા જાય પણ બોબડી ના વળે, એમ બને કે નહીં ? જો તારી સત્તાની વાણી હોય, તો તું ધારે તેવી જ વાણી નીકળે. પણ એવું બને છે ? ક્યાંથી બને ? આ અંબાલાલ મૂળજીભાઈ, દેહધારી હોવા છતાં મહીં પરમાત્મા સંપૂર્ણ પ્રગટ થઈ ગયા છે, છતાં પણ તેમનીય વાણી રેકર્ડ સ્વરૂપ છે. અમારામાં બોલવાની સત્તા જ નથી. અમે તો રેકર્ડ કેવી લાગે છે, તે જોઈએ ને જાણીએ. વાણી સંપૂર્ણ જડ છે. પણ અમારી વાણી ચેતનને-પ્રગટ પરમાત્માને સ્પર્શીને બહાર નીકળે છે, તેથી જેમાં ચેતન ભાવ છે, પ્રત્યક્ષ સરસ્વતી છે. આ ફોટામાંની સરસ્વતી તે પરોક્ષ સરસ્વતી છે. અમારી વાણી એ તો પ્રત્યક્ષ સરસ્વતી છે. તે સામાના અનંતાભવનાં પાપોને બાળીને ભસ્મીભૂત કરે છે.

અમારી વાણી સંપૂર્ણ વીતરાગ હોય, સ્યાદ્‌વાદ હોય. વીતરાગને ઓળખવાની સાદી રીત તેની વાણી છે. જેટલું તમારું ઝવેરીપણું હશે, તેટલી આની કિંમત થશે. પણ આ કાળમાં ઝવેરીપણું જ ક્યાંય રહ્યું નથી. મૂઆ, પાંચ અબજના હીરાની કિંમત પાંચ રૂપિયા કરે છે, ત્યારે હીરાને જાતે બોલવું પડે, કે મારી કિંમત પાંચ અજબની છે. તેમ આજે અમારે જાતે બોલવાનો વારો આવ્યો છે કે અમે ભગવાન છીએ ! અરે, ભગવાનના ઉપરી છીએ. સંપૂર્ણ વીતરાગ ! ભગવાને અમને ઉપરીનું પદ જાતે આપ્યું. તેમણે કહ્યું કે 'અમે પાત્ર શોધતા હતા, તે અમને તમારામાં દેખાયું. અમે તો હવે સંપૂર્ણ વીતરાગ થઈ મોક્ષમાં બેઠા છીએ. હવે અમે કોઈનુંય કાંઈ ધોળી ના શકીએ. માટે તમે પ્રગટ સ્વરૂપે સર્વ શક્તિમાન છો. દેહધારી હોવા છતાં સંપૂર્ણ વીતરાગ છો. તેથી અમે તમને અમારુંય

ઉપરીપણું આપીએ છીએ ! ચૌદલોકના નાથના અમે આજે ઉપરી છીએ. સર્વ સિદ્ધિ સહિત આ જ્ઞાનાવતાર પ્રગટ્યો છે ! મૂઆ, તારો દીવડો સળગાવીને ચાલતો થા. બહુ ફેંદ ફેંદ ના કરીશ. વણતોલ્યા ને વણમાપ્યા જ્ઞાની પુરુષ તેની તું શું કિંમત કરવાનો છે ? ઘેર બાયડી તો તને ટૈડકાવી જાય છે કે તમારામાં અક્કલ નથી, તે તમે જ્ઞાની પુરુષને શું માપી શકવાના છો ? ઝવેરીપણું છે તમારામાં ? અલ્યા, મને માપવા જઈશ તો તારી જ મતિ મપાઈ જશે. એના કરતાં બધી જ આડાઈઓને વાંદરાની ખાડીમાં પોટલું વાળીને નાખી આવ અને પાંસરો થઈને, સીધો થઈને 'હું કશું જ જાણતો નથી' કહી દે અને અનંતકાળની ભટકામણમાંથી છોડાવો એમ કહે. બસ એટલું જ કહે એટલે અમે તારો ઉકેલ લાવી નાખીશું. જ્ઞાની પુરુષ ચાહે સો કરે, કારણ મોક્ષદાનનું લાયસન્સ એમના હાથમાં હોય ! અલ્યા, જ્ઞાની જગતમાં કેટલા હોય ? પાંચ કે દસ ? મૂઆ, કો'ક કાળે જ્ઞાની પાકે. અને તેમાંય અક્રમ માર્ગના જ્ઞાની તો દસ લાખ વર્ષે પાકે અને તેય આવા વર્તમાન આશ્ચર્યયુગ જેવા કળિયુગમાં જ ! લિફ્ટમાં જ ઊંચે ચઢાવે. પગથિયાં ચઢીને હાંફવાનું નહીં. અલ્યા, ઝબકે મોતી પરોવી લે ! આ વીજળીનો ચમકારો થયો છે ત્યારે તારું મોતી પરોવી લે. પણ ત્યારે મૂઓ દોરો ખોળવા જાય ! શું થાય ? પુણ્યૈ કાચી પડી જાય.

વીતરાગ વાણી જ એકલી મોક્ષે લઈ જનાર છે. અમારી વાણી મીઠી, મધુરી હોય, અપૂર્વ હોય. પૂર્વે ક્યારેય સાંભળેલી ના હોય તેવી હોય, ડિરેક્ટ (પ્રત્યક્ષ) વાણી હોય. શાસ્ત્રમાં જે વાણી હોય તે ઈનડિરેક્ટ (પરોક્ષ) વાણી હોય. ડિરેક્ટ વાણી જો એક કલાક જ સાંભળે તો સમકિત થઈ જાય. અમારી વાણી સ્યાદ્વાદ હોય. કોઈનું પણ પ્રમાણ ન દુભાય, એનું નામ સ્યાદ્વાદ. સર્વ નય સંમત હોય. સર્વ વ્યૂ પોઈન્ટને માન્ય કરે. કારણ અમે પોતે સેન્ટરમાં હોઈએ. અમારી વાણી નિષ્પક્ષપાતી હોય. હિન્દુ, મુસ્લિમ, પારસી, ખોજા બધા જ અમારી વાણી સાંભળે છે ને તેમને અમે આપ્તપુરુષ લાગીએ છીએ. કારણ અમને ભેદબુદ્ધિ ના હોય. બધાંની મહીં હું જ બેઠેલો હોઉં ને ! બોલનારેય હું ને સાંભળનારેય હું જ.



સંપૂર્ણ રીતે સામાનું આત્મકલ્યાણ કેમ કરીને થાય એ ભાવવાળી વાણી, તે જ વીતરાગ વાણી ! અને એ જ એનું કલ્યાણ કરે, ઠેઠ મોક્ષે લઈ જાય !

## મૌન - પરમાર્થ મૌન

આ અમારી આખો દહાડો રેકર્ડ ચાલે પણ છતાંય અમે મૌન છીએ. આત્માર્થ સિવાય બીજા કોઈ અર્થે અમારી વાણી ના હોય. તેથી અમે મૌન કહીએ છીએ. મૌન પાળે તે મુનિ ! પણ આ મુનિ તો બહારનું મૌન પાળે ને મહીં અજંપો રહ્યા કરે છે, તેને મુનિ શી રીતે કહેવાય ? અમે મહામુનિ છીએ ! સંપૂર્ણ મૌન છીએ ! આને પરમાર્થ મૌન કહેવાય છે.

હિત, મિત ને પ્રિય - આ ત્રણ ગુણાકારવાળી વાણી તે સત્ય છે ને બીજી બધી અસત્ય છે. વ્યવહાર વાણીમાં આ નિયમ લાગુ પડે છે.

આ અમારી વાણીને નટુભાઈ તમે ઉતારી લો છો, પણ તે તમને પચાસ ટકાનું ફળ આપશે અને બીજો વાંચશે તેને બે ટકાય ફળ નહીં મળે. આ પરપોટો જ્યાં સુધી ફૂટ્યો નથી, ત્યાં સુધી કામ કાઢી સાંધો મેળવી લો. પછી કંઈ જ કામમાં નહીં આવે. અમે બધાને કહીએ છીએ કે અમારી પાછળ અમારી મૂર્તિ કે ફોટા ના મૂકશો. આ મહાવીરના ને કૃષ્ણના ફોટા શું નથી ? એ જ રહેવા દેજો. અમારો ના મૂકશો. પછી એ કંઈ જ કામમાં નહીં આવે. અમે અમારી પાછળ જ્ઞાનીઓની વંશાવળી મૂકી જઈશું. અમારા વારસદાર મૂકતા જઈશું ! અને ત્યાર પછી જ્ઞાનીઓની લિંક ચાલુ રહેશે. માટે સજીવન મૂર્તિને ખોળજો ! એના વગર ઉકેલ આવે તેમ નથી.

## અંતઃકરણ

આખું વર્લ્ડ જે સાયન્સ ખોળી રહ્યું છે, તે સાયન્સનો પહેલ વહેલો સંપૂર્ણ ફોડ અમે આપીએ છીએ. મનને સમજવું બહુ મુશ્કેલ છે. મન શું ? બુદ્ધિ શું ? ચિત્ત શું ? અહંકાર શું છે ? એ બધાનો જેમ છે તેમ ફોડ આપીએ છીએ.

અંતઃકરણ ચાર વસ્તુનું બનેલું છે. (૧) મન (૨) બુદ્ધિ (૩) ચિત્ત અને (૪) અહંકાર.

ચારેય રૂપી છે અને વાંચી શકાય તેમ છે. ચક્ષુગમ્ય નથી, જ્ઞાનગમ્ય છે. કમ્પ્લિટ ફિઝિકલ છે. શુદ્ધ આત્માને અને એને કંઈ જ લેવાદેવા નથી. એનાથી સંપૂર્ણ છૂટું જ છે. અમે સંપૂર્ણ છૂટા છીએ. તેથી તેનું દરઅસલ વર્ણન કરી શકીએ.

દરેકનું ફંક્શન (કાર્ય) જુદું જુદું હોય છે છતાં પણ દરેક કાર્ય ચારેયના ભેગા સહકારથી જ થાય છે. મનુષ્ય દેહ જેના આધારે કાર્ય કરે છે તેના બે વિભાગ છે : (૧) સ્થૂળ - બાહ્ય વિભાગ, જેને બાહ્યકરણ કહે છે. (૨) સૂક્ષ્મ - આંતર વિભાગ, જેને અંતઃકરણ કહે છે.

કોઈ પણ કાર્યનો પહેલો ફોટો, પહેલી છાપ એક્ઝેક્ટ અંતઃકરણમાં પડે છે અને પછી તે જ બાહ્યકરણમાં તથા બાહ્ય જગતમાં રૂપકમાં આવે છે.

શરીરમાંથી ક્યારેય પણ બહાર ન નીકળે તે મન. મન તો અંદર બહુ જ કૂદાકૂદ કરે. જાતજાતનાં પેમ્ફલેટ દેખાડે. મનનો સ્વભાવ રખડેલ નહીં. લોકો મારું મન ભટકે છે, તેમ બોલે છે. તે ખોટું છે. ભટકે છે તે ચિત્ત છે. ચિત્ત એકલું જ આ શરીરની બહાર જઈ શકે. તે જેમ છે તેમ ફોટા પાડે છે. તે જોઈ શકાય છે. બુદ્ધિ સલાહ આપે છે અને ડીસીઝન બુદ્ધિ લે છે ને અહંકાર તેમાં સહી કરી આપે છે. મન, બુદ્ધિ અને ચિત્ત એ ત્રણની સોદાબાજી ચાલે છે. તે બુદ્ધિ બેમાંથી જેમાં ભળે, ચિત્તની સાથે કે મનની સાથે, તેમાં અહંકાર સહી કરી આપે છે.

દા.ત. તમે સાન્તાક્રુઝમાં બેઠા છો ને મહીં મને પેમ્ફલેટ દેખાડ્યું કે દાદર જવું છે. તે ચિત્ત તુર્ત જ દાદર પહોંચી જશે ને દાદરનો હુબહુ ફોટો અહીં રહ્યા રહ્યા દેખાશે. પછી મન બીજું પેમ્ફલેટ દેખાડશે કે ચાલો બસમાં જઈએ, તે ચિત્ત બસ જોઈ આવશે. પાછું મન ત્રીજું પેમ્ફલેટ દેખાડશે કે ટેક્સીમાં જ જઈએ. પછી ચોથું પેમ્ફલેટ દેખાડશે, કે ટ્રેઈનમાં જઈએ. ત્યારે ચિત્ત ટ્રેઈન, ટેક્સી, બસ બધું જ જોઈ આવે. ત્યાર પછી ચિત્ત ટેક્સી જ દેખાડ દેખાડ કરશે. છેવટે બુદ્ધિ ડીસીઝન લે કે ટેક્ષીમાં જ જવું છે, એટલે અહંકાર ઈન્ડિયાના પ્રેસિડેન્ટની જેમ સહી કરી આપશે. એટલે કાર્ય તરત



જ થઈ જશે ! ને તમે ટેક્સી માટે ઊભા રહેશો. જ્યાં બુદ્ધિએ ડીસીઝન આપ્યું, કે તરત જ મન પેમ્ફલેટ બતાવવાનું બંધ કરી દેશે. પછી પાછું બીજા વિષયનું પેમ્ફલેટ દેખાડશે. બુદ્ધિ + મનનો અહંકાર સહી કરશે અથવા તો બુદ્ધિ + ચિત્તનો અહંકાર સહી કરશે. બુદ્ધિ તો મન અને ચિત્તમાં કોમન રૂપે રહે છે. કારણ બુદ્ધિ વગર કોઈ પણ કાર્યનું ડીસીઝન ના આવે અને ડીસીઝન આવે એટલે અહંકાર સહી કરી આપે ને કાર્ય થાય. અહંકાર વગર તો કશું જ કામ થાય નહીં, પાણી પીવા માટેય ના ઊઠાય.

આ અંતઃકરણ એ તો પાર્લામેન્ટરી સિસ્ટમ છે.

## મન કેવું છે ? વિચાર શું છે ?

હવે આ મન શું છે ? તેનું સ્વરૂપ શું છે ? તે સમજાવું.

મન એ તો ગ્રંથિ છે. ગાંઠોનું બનેલું છે. મન સૂક્ષ્મ છે. અણુ પણ નહીં ને પરમાણુ પણ નહીં. બન્નેની વચ્ચેની સ્ટેજ છે. જે જે અવસ્થા ઊભી થાય તેમાં તન્મય થઈ જાય. એ અવસ્થામાં રાગ કરે કે દ્વેષ કરે, એટલે તે 'અવસ્થામાં' 'અવસ્થિત' થાય છે. તે 'કારણ મન' રૂપે તૈયાર થાય છે અને તેનું જે ફળ આવે છે, તે 'વ્યવસ્થિત' ફળ આપે છે. તે 'કાર્ય મન' રૂપે હોય છે. દરેકનું જુદું જુદું મન હોય છે. કારણ કે કારણ મન જુદું જુદું હોય છે. જેમ વધુ ને વધુ 'અવસ્થામાં' 'અવસ્થિત' થતો જાય તેમ તેમ તેના વધારે ને વધારે પરમાણુ ભેળા થતા જાય ને તેની જ ગ્રંથિ બને છે. 'મન ગ્રંથિ સ્વરૂપ છે.' જ્યારે એ 'વ્યવસ્થિત'ના નિયમના આધારે ટાઈમીંગનો સંયોગ મળતાં ફૂટે છે, ત્યારે તેને વિચાર કહેવાય છે. વિચાર ઉપરથી મનનું સ્વરૂપ સમજી શકાય કે શેની ગાંઠ પડેલી છે. વિચાર આવે છે તેને વાંચી શકાય છે. ગમતા વિચાર આવે છે તેમાં રાગ કરે છે અને ના ગમતા વિચાર આવે છે તેમાં દ્વેષ કરે છે અને કહે છે કે અમે મનને વશ કરવા જઈએ છીએ. મન તો ક્યારેય પણ વશ થઈ શકે જ નહીં. એ તો મનને જ્ઞાનથી જ બાંધી શકાય, જેમ પાણી ભોટવાથી-કુંજાથી બંધાય છે તેમ. મનને વશ કરવું એ મોટામાં મોટો વિરોધાભાસ છે. પોતે ચેતન છે અને મન અચેતન છે, તે બન્નેનો ગુણાકાર શી રીતે

થાય ? એ તો ચેતન ચેતનનું કાર્ય કરે ને મનને મનનું કાર્ય કરવા દે તો જ ઉકેલ આવે. હા, જાગૃતિ એટલી રાખવાની કે મનના કાર્યમાં ડખો નહીં કરવાનો, તન્મય નહીં થવાનું.

આ મનની ગાંઠો કેવી હોય છે તે હું તમને સમજ પાડું. એક ખેતરમાં ઉનાળામાં ગયા હો તો તમને ખેતર ચોખ્ખુંચટ દેખાશે. તે તમે એમ માની લેશો કે આપણું ખેતર એકદમ ચોખ્ખું છે. ત્યારે હું કહીશ, 'ના, બા, હજી વરસાદ પડવા દે, પછી જો.' તે વરસાદ પડે ને વાડોએ ને બધે જાતજાતની વેલો ઊગી નીકળે. કંકોડાંની, કારેલાંની, ગીલોડાંની ને પાડાવેલીની એમ જાતજાતની વેલો ફૂટી નીકળે, તે આ વેલો ક્યાંથી ફૂટી ? અહીં દરેક વેલની ગાંઠ હતી, તે વરસાદનો સંયોગ ભેગો થતાં ફૂટી. પછી તમે તમારું ખેતર ચોખ્ખું કરવા મૂળ સહિત વેલાઓ ઉખેડી નાખો ને ખુશ થાવ કે હવે મારું ખેતર ચોખ્ખું થઈ ગયું. ત્યારે હું કહું, 'ના, હજી ત્રણ વરસ સુધી વરસાદ પડ્યા પછી તપાસ કરતા રહો ને ત્યાર પછી જો વેલો ના ઊગે તો જ તમારું ખેતર ચોખ્ખું થયું કહેવાય.' ત્યાર પછી જ નિગ્રંથ થાય. તેમ આ મન પણ ગાંઠોનું બનેલું છે. જેની ગાંઠ મોટી તેના વિચારો વધારે આવે અને જેની ગાંઠ નાની તેના બહુ જૂજ વિચારો આવે. દા.ત. એક વાણિયાનો છોકરો છે તેને પૂછીએ કે તને માંસાહારના વિચાર કેટલી વાર આવ્યા ? તો તે કહેશે કે, મારી બાવીસ વરસની ઉંમરમાં ચાર-પાંચ વખત આવ્યા. એનો અર્થ એ કે, એની માંસાહારની ગાંઠ નાની છે સોપારી જેવડી. જ્યારે એક મુસલમાનના છોકરાને પૂછીએ તો એ કહેશે, કે મને તો રોજ માંસાહારના કેટલીય વાર વિચારો આવે છે. એનો અર્થ એ કે, એની માંસાહારની ગાંઠ બહુ મોટી છે, સૂરણની ગાંઠ જેવડી. જ્યારે કોઈ ત્રીજાને- જૈનના છોકરાને પૂછીએ તો કહેશે, કે મને જિંદગીમાં માંસાહાર કરવાનો વિચાર જ નથી આવ્યો. એનો અર્થ એ કે, એનામાં માંસાહાર કરવાની ગાંઠ જ નથી.

હવે તમને સોંપ્યું હોય કે એક મહિનાનો ગ્રાફ દોરી લાવો. ગ્રાફમાં નોંધ કરો કે સૌથી વધારેમાં વધારે કયા વિષયના વિચારો આવ્યા ? પછી એનાથી ઓછા બીજા નંબરના શાના વિચારો આવ્યા ? એમ નોંધ કરતા જાવ. પછી એક અઠવાડિયાનો ગ્રાફ દોરી લાવો, પછી એક દિવસનો ગ્રાફ



દોરી લાવો. એટલે તમને ખબર પડી જશે કે શાની શાની ગાંઠો મહીં પડેલી છે અને કેવડી કેવડી છે. મોટી મોટી ગાંઠો તો પાંચ દસ જ હોય છે, તેનો વાંધો છે. નાની નાની ગાંઠોનો બહુ વાંધો નથી. આટલું કરી શકાય કે નહીં ?

અમારામાં એકુય ગાંઠ ના હોય. અમે નિગ્રંથ કહેવાઈએ. મનુષ્ય માત્ર ગાંઠાળું લાકડું કહેવાય. તેનું ફર્નિચર પણ ના થાય. હવે આ મનની ગાંઠો બહુ જ એક્સેસ થઈ જાય તો દેહ ઉપર પણ ફૂટી નીકળે છે, ટ્યુમર્સ કહે છે તેને.

મન પોતાના સ્વરૂપથી તદ્દન જુદું જ છે અને ક્યારેય પણ એક નથી થઈ શકતું. જ્યારે ગમતા વિચારો આવે છે ત્યારે ભ્રાંતિથી એમ લાગે છે કે હું વિચાર કરું છું, મારા કેટલાં સારા વિચારો છે અને જ્યારે ના ગમતા વિચારો આવે છે ત્યારે કહે છે, કે મને બહુ ખરાબ વિચારો આવે છે. ના પાડું છું તો પણ આવે છે. એ શું સૂચવે છે ? સારા વિચારો કરનારો તું ને ખરાબ વિચાર આવે છે ત્યારે મૂઆ કહે છે, કે હું શું કરું ? જો પોતે જ વિચાર કરતો હોય, વિચાર કરવાની પોતાની સત્તા હોય તો સહુ કોઈ ગમતા જ વિચારો કરે. ના ગમતા વિચારો કોઈ કરે જ નહીં ! પણ તેમ બને છે ખરું ? ના. એ તો ગમતા અને ના ગમતા બન્નેય વિચારો આવવાના જ !

## કાર્યપ્રેરણા મનથી છે

કેટલાક કહે છે, કે ચોરી કરવાની મને મહીંથી ભગવાન પ્રેરણા આપે છે. તે મૂઆ તું ચોખ્ખો અને ભગવાન ચોર, એમ ! મૂઆ, ભગવાન તે આવી પ્રેરણા આપતો હશે ? ભગવાન તો ચોરી કરવાનીય પ્રેરણા ના આપે અને ચોરી ના કરવાનીયે પ્રેરણા ના આપે. એ શું કરવા તમને પ્રેરણા આપી ચોર ઠરે ? કાયદો શું કહે છે કે ચોરને ચોરી કરવાની જે પ્રેરણા આપે તે ચોર.

ભગવાન આવામાં તે હાથ ઘાલતા હશે ? એ તો જ્ઞાતા-દ્રષ્ટા ને પરમાનંદી. બધું જ જુએ અને જાણે. ત્યારે એ પ્રેરણા શું હશે ? મૂઆ, એ તો મહીંથી ચોરી કરવાની ગાંઠ ફૂટે છે ત્યારે તેને ચોરી કરવાનો વિચાર

આવે છે. મોટી ગાંઠ હોય તો બહુ વિચાર આવે અને ચોરી કરી પણ આવે. અને પાછો કહે છે કે મેં કેવી ચાલાકીથી ચોરી કરી ! એવું કહે, એટલે ચોરીની ગાંઠને ખોરાક મળી જાય. પોષણ મળે એટલે નવાં બીજ પડ્યા કરે ને ચોરીની ગાંઠ મોટી ને મોટી થતી રહે. જ્યારે બીજો ચોર હોય તે ચોરી કરે ખરો પણ સાથે સાથે એને મહીં ડંખ્યા કરે કે આ ચોરી થાય છે તે બહુ ખોટું થાય છે, પણ શું કરું, પેટ ભરવા કરવું પડે છે. તે હૃદયપૂર્વક પશ્ચાત્તાપ કરતો રહે એટલે ચોરીની ગાંઠને પોષણ ના મળે. અને આવતા ભવ માટે ચોરી ના કરવી એવાં બીજ નાખે છે, તે બીજા ભવે ચોરી ના કરે.

મન જે જે વિચાર બતાવે છે તેમાં પોતે અજ્ઞાનતાથી સંકલ્પ-વિકલ્પ કરે છે તેના ફોટા પડે છે. તેની નેગેટિવ ફિલ્મ તૈયાર થાય છે ને ગમે ત્યારે તે રૂપકમાં આવે છે ત્યારે તે પડદા ઉપર પિક્ચર જોઈએ તેવું હોય છે. આ સિનેમામાં જે ફિલ્મ જુએ છે તે તો ત્રણ કલાક પછી 'ધી એન્ડ' બતાડે છે તે એન્ડવાળી ફિલ્મ છે, જ્યારે મનની ફિલ્મ એન્ડલેસ છે. અને એનો જ્યારે ધી એન્ડ થાય ત્યારે મોક્ષ થાય. તેથી જ તો કવિએ આ ઔરંગાબાદમાં સિનેમાના ઓપનિંગમાં ગાયું હતું કે

''તીન ઘંટે કા ફિલ્મ દિખાવા દુનિયાભર મેં ચલતે હૈં,
કિન્તુ મન કી ફિલ્મોં કા 'ધી એન્ડ' કો મોક્ષ હી કહતે હૈં.''

આ લોકો તો મનને વશ કરવા નીકળ્યા છે. તે ના ગમતી ફિલ્મ દેખાય છે, ત્યારે મૂઓ, એને કાપ કાપ કરે છે. તે શી રીતે કપાય ? એ તો ફિલ્મ ઉતારતી વખતે જ ચોક્કસ રહેવું હતું ને ? મન એ તો ફિલ્મ છે. ફિલ્મમાં જે આવે તે જોવાનું અને જાણવાનું. એમાં રડવાનું કે હસવાનું ના હોય. કેટલાક તો ફિલ્મમાં બાયડી મરી જાય તો મૂઓ અહીં ખુરશીમાં બેઠો બેઠો રડે. જાણે એની જ બાયડી ના મરી ગઈ હોય ! અલ્યા, એમાં રડવાનું ના હોય ! એ તો ફિલ્મ છે !

## જ્ઞાતા - જ્ઞેયનો સંબંધ

અમે તો મનની ફિલ્મને જોઈએ અને જાણીએ. કયા કયા વિચારો આવ્યા ને ગયા તે જોઈએ અને જાણીએ. અમારે અને વિચારને ખાલી



હાથ મિલાવવા પૂરતો જ સંબંધ હોય. શાદી ના કરી દઈએ. મહાવીર ભગવાન પણ તેમ જ કરતા. તેમને તો વિચારો આવતા દેખાય અને જતા દેખાય. આવે અને જતા રહે. તેમને પણ વિચારો ઠેઠ સુધી આવતા. અલ્યા ! વિચાર છે તો તું છે ! એ જ્ઞેય છે ને તું જ્ઞાતા છે. જ્ઞેય-જ્ઞાતાનો સંબંધ છે. જો જ્ઞેય જ ના હોય તો તું શાનો જ્ઞાતા ? છેક મોક્ષે જવાના છેલ્લા સમય સુધી મનની ફિલ્મ દેખાય અને એ પૂરી થાય એટલે સંપૂર્ણ મુક્ત થાય, નિર્વાણ થાય. એકલા અંધારામાં નીકળતા હોય અને જો ચોરના વિચાર આવે તો સમજી જવું કે આજે નહીં તો કો'ક દહાડેય લૂંટાવાના છીએ. જો વિચાર જ ના આવે તો સમજી જવું કે લૂંટાવાના નથી. વિચાર આવે છે તે ફોરકાસ્ટ થાય છે. એ માલ મહીં ભરેલો છે તેથી વિચાર સ્વરૂપે પ્રગટ થાય છે. આવો વિચાર આવ્યો એ એક એવિડન્સ (સંયોગ) છે. 'આપણે' તો જોવાનું ને જાણવાનું અને ત્યાં આગળ વિશેષ જાગૃત રહેવાનું. જગતમાં મનનું સાયન્સ ખાસ સમજવા જેવું છે. બધા મનોલય કરવા જાય છે. અલ્યા, મનનો નાશ કરવાનો નથી. મનનો નાશ થાય તો મેન્ટલ થઈ જાય. મનમાં સારું આવે એવું ના હોવું જોઈએ. જે આવે તે ભલે આવે. મનને આપણે શું કહેવાનું ? તારે ભોં ભોં વગાડવું હોય તો એવું વગાડ અને પીપૂડું વગાડવું હોય તો તે વગાડ. કાર્ય મનને રોકનાર કે ફેરવનાર આપણે કોણ ? કોઈ બાપોય તેને ફેરવી ના શકે. કારણ તે તો ઈફેક્ટ છે. એનાથી બીવાનું શું ? એ વાજું ના વગાડે તો આપણે સાંભળીએ શું ? આપણે એડજસ્ટમેન્ટ લેવાનું. જેમનું ગાવું હોય તેમનું ગાઓ. અમને તો બધી જ બાજુનો શોખ છે. જ્ઞાન થતાં પહેલાં સારાનો શોખ હતો એથી બીજું સાંભળવાનું નહોતું ગમતું. હવે તો અમે તારી સાથે એડજસ્ટ થઈ ગયા છીએ. માટે તારે જે વગાડવું હોય તે વગાડ. હવે રાગ-દ્વેષ કરે એ બીજા.

## મન ઉપર બેસી જાવ

અમને જ્ઞાન ન્હોતું તો પણ અમને મનમાં વિચાર આવે ત્યારે હું સમજી જાઉં કે આજે ઊંઘવા દે તેમ નથી. તે હું મનને કહું, 'દોડો, દોડો, બહુ સારું, બહુ સારું, દોડ, દોડ, તું ઘોડો અને હું ઉપર બેસનાર. તારે જે રસ્તે ચાલવું હોય તે રસ્તે ચાલ. તું છે અને અમે છીએ.' તે સવારના સાત

વગાડે. આ જગતમાં શું નિયમ છે ? જેને આંતર્યું, જેના પર કંટ્રોલ આણ્યો, તે ઉપર ચઢી બેસે. જેમ ખાંડનો કંટ્રોલ આવે તો ખાંડની કિંમત ઉપર ચઢી બેસે. મનનું પણ તેમ જ છે. મનને જો આંતરવા જશો તો તે બમણા વેગથી દોડશે. માટે મનને આંતરવાનું નહીં. આજ્ઞાધીન મન હોય ને આંતરે તો ચાલે. આજ્ઞાધીન ના હોય તેને તો દોડાવ દોડાવ કરવાનું. તે થાકી જાય, હાંફી જાય, આપણે શું ? લગામ આપણા હાથમાં છે ને ! ત્યારે લોકો શું કહે ? મેલ પૂળો આ મનનો. સાલું, ઊંઘ નહીં આવે. તે ઊંઘવા માટે મનને દબાવ દબાવ કરશે. આંતર આંતર કરશે. મૂઆ, ઊંઘવાનું મેલને બાજુએ. આ તો ખરું ફાવ્યું છે. મન ઉપર બેસવા મળે છે, તે આવો લાગ ફરી ક્યારે મળશે ?

અમે તો મન ઉપર સવારીઓ કરી ત્યારે તો આ અવિરોધાભાસ જ્ઞાન ઉત્પન્ન થયું છે !

અલ્યા, મન એ તો સંસાર સમુદ્રનું નાવડું છે. તે આ લોકો મનને ફ્રેકચર કરી નિર્વિચાર ભૂમિકા કરી નાખે છે. પણ નિર્વિચાર પદ ક્યારેય પણ પ્રાપ્ત થાય તેમ નથી. નિર્વિચાર થયો એટલે પથરો જ થઈ ગયો કહેવાય. આ લોકો નિર્વિચાર પદ શેને કહે છે ? અમુક બાબતમાં - જે બાબતમાં મન બહુ કૂદાકૂદ કરે તે બાબતોને દાબી દે. ત્યારે મૂઆ, બીજી બાજુ કૂદાકૂદ કરવા માંડશે. નિર્વિચાર પદ તો કોને કહેવાય ? 'સમયે સમયે આવતા વિચારોને પોતે શુદ્ધાત્મ દશામાં રહીને સંપૂર્ણ જુદા રહીને જુએ અને જાણે તે જ ભગવાનની ભાષાનું નિર્વિચારી પદ છે.

મનને વશ કરવા મૂઆ લંગોટી એકલી લઈને બધું જ છોડીને, ઘર-બાર, બૈરી-છોકરાં, બધુંય છોડીને જતા રહ્યા. અહીં લોક દર્શન છોડીને જંગલમાં જંગલી જાનવરોના અને ઝાડવાંનાં દર્શન કરવા ગયા. પણ મૂઆ, પેલું મન તો જોડે લઈને ગયા તે બધું જ કરવાનું. ગાય-બકરી પાળશે, ગુલાબનો છોડ રોપશે, ઝૂંપડી બાંધશે. અલ્યા, મનનો સ્વભાવ જ એવો છે કે જ્યાં જાય ત્યાં સંસાર ઊભો કરે ! હિમાલયમાં જાય ત્યાં પણ સંસાર ઊભો કરે. હવે આવા મનને તે શી રીતે તમે વશ કરશો ? મનને વશ કરવું એ તો મોટો વિરોધાભાસ છે. મનના સ્વભાવને વશ



કરી શકાય એવું નથી. પણ યોગીઓ વિગેરે હોય છે તે પૂર્વેની એવી ગ્રંથિ લઈને આવેલા હોય છે તે તેમને અત્યારે એમ લાગે કે મન વશ થયેલું છે. પણ તેમનેય જ્યારે મન આડું થાય ત્યારે પોતાને ખબર પડે કે મન વશ નથી. યોગવાળાને જો સળી કરવામાં આવે ત્યારે એમને મન કેટલું વશ છે તે સમજાય. યોગ કરવાની તેમની ગાંઠ છે. એ તો પ્રાકૃત સ્વભાવથી યોગ થાય છે. ત્યારે એ એમ સમજે છે કે મેં યોગ કર્યો ! મેં મનને વશ કર્યું !

મન જ્ઞાનને વશ થાય છે એટલે કે જ્ઞાની 'સ્વરૂપ જ્ઞાન'થી ગ્રંથિઓ ઓગાળી નાખે છે અને નિર્ગ્રંથ પદને પામે છે.

તમારું મન એ જ તમારી શ્રીમંતાઈનો ફોટો છે. મનને ઓળખી લો. એનો સ્વભાવ કેવો છે તે પૂરેપૂરો જાણી લો.

ક્ષત્રિયનું મન કેવું હોય ? રાજમાન રાજેશ્રી જેવું હોય. મંદિરમાં ગયા હોય ને ખિસ્સામાં હાથ નાખ્યો ને જેટલા પૈસા નીકળ્યા તેટલા નાખે. પછી એ જોવા ના રહે કે કેટલા નીકળ્યા ને કેટલા નાખ્યા ? વણિક બુદ્ધિવાળાનું મન બહુ સાંકડું હોય. પાટીદાર તો ક્ષત્રિય કહેવાય. તેમનું રાજેશ્રી મન હોય. ત્યારે તેમનામાં વણિકનું વ્યવહારુ ડહાપણ ના હોય. કોઈ પણ પૂર્ણ ના હોય.

## લક્ષ્મીજી ક્યાં વસે ?

લક્ષ્મીજી શું કહે છે ? જે એકસો જણને સીન્સિયર રહે છે ત્યાં મારો વાસ હોય છે. વાસ એટલે દરિયો ઊભરાય તેમ લક્ષ્મીજી આવે. જ્યારે બીજે બધે મહેનત જેટલું જ ફળ મળ્યા કરે. સીન્સિયર એટલે શું ? કઈ રીતે સીન્સિયર કહેવાય ? ત્યારે કહે, મનને ઓળખી લો. એની સીન્સિયારિટી કેવી છે, એનો વિસ્તાર કેવો છે તે ઓળખી લો.

મહેનતથી કમાતા નથી. આ તો મોટા મનવાળા કમાય છે. આ જે શેઠિયાઓ હોય છે તે શું મહેનત કરે છે ? ના, એ તો રાજેશ્રી મનવાળા હોય છે. મહેનત તો એમનો મુનિમજી જ કર્યા કરે ને

શેઠિયાઓ તો લહેર-પાણી કર્યા કરે.

મન તો દૈવી હોવું જોઈએ. દૈવી મન એટલે અપકારી ઉપર ઉપકાર કરે તે. સામો આપણું ખાઈ ગયો હોય ને ઉપરથી આપણને મૂરખ કહેતો હોય. પણ જ્યારે તે સંયોગોમાં સપડાય ત્યારે દૈવી મનવાળો જ એને મદદ કરે. દૈવી મનવાળો દેવગતિ બાંધે.

આ વણિક બુદ્ધિ શું કરે ? આપણને ઠંડીમાં ઓઢવાનું મળ્યું હોય ને પેલાને ના મળ્યું હોય તો પોતે ઓઢીને સૂઈ જાય. માથે-મોઢે ઓઢીને સૂઈ જાય ને ઊંઘી ગયાનો ઢોંગ કરે. પોતે જાગતો હોય તો સામો માંગેને ! તે આ જ મન બહુ માર ખવડાવે. જેટલા રાજેશ્રી તેટલું તમારું. આ દુનિયા તમારી છે. તમને ભોગવતાં આવડવું જોઈએ. કબીરો બહુ ડાહ્યો હતો, તે કહેતો કે,

'ખા-પી, ખીલાઈ દે, કર લે અપના કામ,<br>ચલતી બખત હે નરો ! સંગ ન આવે બદામ.'

અપના કામ કર લે એટલે મોક્ષનું કામ કાઢી લે. સાંકડા મનથી જ લક્ષ્મીજી અંતરાય. નહીં તો તો લક્ષ્મીજી અંતરાય કેમ ? આ વણિક બુદ્ધિ ડહાપણવાળી કહેવાય પણ મોક્ષે જવા માટે કેટલી બધી નડતરરૂપ છે !

## મનનો સંકોચ-વિકાસ

મન જો રોજનો રોજ હિસાબ કરે તો આવતી કાલે કઢીય ના થાય. ચાર આના પણ દુકાનમાં કમાણી ના થઈ હોય તો શું બીજે દહાડે કઢી ના કરવી ? આ મનનું કેવું છે ? જો રસ્તો પાંચ ફૂટ પહોળો હોય તોય ઝૈડુ (ઝાંખરું) વળગે, બે ફૂટ પહોળો રસ્તો હોય તોય ઝૈડુ વળગે. સાવ સાંકડો એક માણસ માંડ નીકળી શકે એટલો રસ્તો હોય તોય ઝૈડુ વળગે. પણ પેલો એમાંથી નીકળી જાય ખરો. જેટલો રસ્તો હોય તેટલામાંથી નીકળી તો જાય જ. આજે કયા બાકામાંથી જવાનું છે તે મન જાણે. તે સંકડાઈને ગમે તે રસ્તે જતું રહે. બે તારની વચ્ચેથીય જતું રહે. તેથી જ



અમે કહીએ છીએ કે રાજા જેવું મન થયેલું હોય, તેને ભિખારી ના કરશો. ફૂલ નહીં તો ફૂલની પાંખડી વેરજો પણ મન ભિખારી ના કરશો. અલ્યા, સંજોગોવશાત્ તો રાજા પણ ભીખ માગે છે પણ તેથી કંઈ તેનું મન ઓછું ભિખારી થઈ જાય છે ? એ તો રાજેશ્રી જ રહેવાનું. જેટલું મન વિશાળ તેટલી વિશાળ જગ્યા મળે. જેટલું સંકુચિત મન તેટલી સાંકડી જગ્યા મળે.

આ તો એવું છે કે જેને જેવી મનની ગાંઠ હશે તેવું તેને ખેંચશે. લોભિયાને લોભની ગાંઠ હોય, દાનેશ્વરીને દાનની ગાંઠ હોય, તપસ્વીને તપની ગાંઠ હોય, ત્યાગીઓને ત્યાગની મોટી ગાંઠ હોય. તે ગાંઠ જ તેને ત્યાગ કરાવે છે ને પેલો કહે કે મેં ત્યાગ કર્યો. મૂઆ, આ તો તેં ગાંઠને વધારે મજબૂત કરી, ઘોડાગાંઠ વાળી. તે ક્યારે ઉકેલ આવશે ? ગાંઠને તો જોવાની ને જાણવાની 'તું' જુદો, તારી મનની ગાંઠ જુદી. મન આપણાથી જુદું, એ તો પ્રત્યક્ષ વર્તાય. કારણ કે જ્યારે સૂઈ જવું હોય ત્યારે મહીં મન કૂદાકૂદ કરે ને સૂવા ના દે. બધી રીતે સૂવાની સગવડો હોય પણ શાંતિથી સૂવા ના દે.

આ મનની શાંતિ ખોળવા ફોરેનના લોકો ઈન્ડિયામાં દોડી દોડીને આવે છે. તે એમ શાંતિ શી રીતે થાય ? આ જૈનો પણ શાંતિને માટે શાંતિનાથ ભગવાનનાં દર્શન કરવા જાય છે ! પણ ભગવાન કહે છે, કે મારાં દર્શન કરે છે ને જોડે જોડે જોડાનાંય દર્શન કરે છે ને પાછાં દુકાનનાંય દર્શન કરે છે ! તે શાંતિ ક્યાંથી થાય ? મૂઆ, છોડીનું નામ 'શાંતિ' પાડ, તે 'શાંતિ, શાંતિ' કર્યા કરીશ એટલે તને શાંતિ થશે !

## મનનાં વક્ર પરિણામ

આ કાળમાં માનવીનું મન જુદું, તેની વાણી જુદી ને તેનું વર્તનેય જુદું.

દા.ત. ચંદુ અને તેનો મિત્ર ફરવા ગયા. તે ચંદુના મનમાં જુદું, વાણી જુદી ને વર્તન જુદું. તે મનમાં એમ રાખે કે ઓછા ભાવે પડાવી લેવું ને વાણી અને વર્તનમાં બતાવે કે વાજબી ભાવે લેવું છે. જ્યારે એનો

મિત્ર મનથી, વાણીથી અને કાયાથી એમ જ રાખે કે વાજબી ભાવે આપે તે ભાવે લઈ લેવું. તે ચંદુનો મિત્ર ઊર્ધ્વગતિમાં જાય અને ચંદુ અધોગતિમાં જાય. મન જુદું કેમ રાખ્યું ? એ જ વક્ર પરિણામ મનનું. તેથી તેનું એટલું ચોંટ્યું. મન-વચન-કાયાની જે જુદાઈ રાખે છે તે ભગવાનની જાણ બહાર ના જાય. આ કળિયુગ એટલે વક્ર પરિણામ અને તે ગળથૂથીમાંથી જ દરેકને વધતાં-ઓછાં પરિણામમાં હોય !

## મનનો સ્વભાવ

મનનો સ્વભાવ કેવો ? એને પોતાનાથી ઓછા સુખવાળાને બતાવીએ એટલે મનને વધારે સુખ લાગે કે પોતે વધારે સુખી છે. જો તારે બે રૂમ છે તે કો'ક દહાડો મન કૂદાકૂદ કરે કે આપણે જરા ફ્લેટ હોય તો ઠીક રહે. તે આપણે મનને દેખાડવું કે આ પેલી એક રૂમમાં રહે છે તે શી રીતે રહે છે ? એને ઘેર તો બેસવાની ખુરશીય નથી, તે કેમનું કરે છે ? એટલે પાછું તારું મન ખુશ થઈ જાય. આ તો મન નવરું પડે કો'ક દહાડો તે ખોરાક માગે તે આપણે મનને આવી કેળવણી આપવી જોઈએ. એ તો જેનું મન ઢીલું પડ્યું હોય તેને જરા કેળવવું પડે. બાકી અમે આપીએ છીએ તે જ્ઞાન જ એવું છે કે કશાની જ જરૂર નહીં. 'વ્યવસ્થિત'નું જ્ઞાન જ એવું છે કે મન બૂમ ના પાડે. મન જ્યાં જાય ત્યાં સમાધાન, સમાધાન ને સમાધાન જ રહે. સર્વ અવસ્થામાં સંપૂર્ણ સમાધાન રહે તે જ્ઞાન, તે જ ધર્મ.

મનનો સ્વભાવ તો ઘણો જ વિચિત્ર છે. એ તો એવું છે કે કોઈકની પાસે જૂઠું બોલીને પાંચ રૂપિયા પડાવી લે ને પાછો બહાર નીકળે તો કોઈને બે રૂપિયા આપી પણ દે. જેની ઉપર નિરંતર ફૂલાં વરસાવતા હોઈએ તેની ઉપર ક્યારેક અભાવ પણ ઉત્પન્ન કરી દે તેવું મન છે. માટે ચેતતા રહેવું. મનના ચલાવ્યા ના ચાલીએ. કબીરો શું કહે છે 'મનકા ચલતા તન ચલે, તાકા સર્વસ્વ જાય.' મન ક્યારે છેતરી જાય એની ખબર ના પડવા દે તેવું ચંચળ છે. મનમાં જો આત્માની શક્તિઓ જાય, તન્મયાકાર થાય તો સેબોટેજ કરાવી નાખે. અરે, તળાવમાંય જઈને પડે પછી બૂમો પાડે 'બચાવો, બચાવો.'



આ કાળમાં લોકોનાં મન ફ્રેકચર થઈ ગયેલા હોય, તે જ્યારે ટોચ ઉપર જાય ત્યારે દરિયામાં પડતું નાખે તેવું છે.

મન તો નાચનારી જેવું છે. લોક કહે છે કે બાદશાહ નર્તકીને નચાવે છે. હું કહું છું કે ના, નર્તકી બાદશાહને નચાવે છે, તેમ તમારું મન તમને નચાવે છે.

બે મિત્રો જતા હોય અને એમાંના એકને રસ્તામાં હોટલમાંથી માંસની સુગંધ આવી. તેને માંસાહાર માટેની મનની ગાંઠો ફૂટવા માંડે, એને તો મહીં ગલગલિયાં થાય, માંસાહાર કરવાની તીવ્ર ઈચ્છા થાય. એટલે એ તો તેના મિત્રને કહે કે, 'મારે મારા સગાને મળવા જવું છે. તું અહીં ઊભો રહે.' અને એમ જૂઠું બોલીને માંસાહાર કરી આવે. અરે, ભગવાનના જૂઠા સોગંધ પણ ખાય. ગાંઠ ફૂટે એટલે બધું અવળું જ બોલે. આને જ ભગવાને કષાયો કહ્યા છે. તે મૂઓ, કપટની ગાંઠ બાંધે, જૂઠની ગાંઠ બાંધે ને માંસાહારની ગાંઠને મજબૂત કરે. અજ્ઞાનીને એક ગાંઠ ફૂટે ને પાંચ બીજી નવી બાંધે. એના કરતાં તો જ્યારે માંસાહાર કરવાની ગાંઠ ફૂટે તે ઘડીયે જરા કૂણો થઈ જાય તો તેનો ક્યારેક ઉકેલ આવે પણ ખરો. અજ્ઞાન દશામાં ગાંઠથી છૂટે તો નહીં જ પણ જો સાચું કહીને જાય કે હું માંસાહાર કરવા જાઉં છું તો તેનો તેને બહુ ફાયદો થાય. સામો ભાઈબંધ ખાનદાન હોય તો માંસાહારની ગાંઠમાંથી છોડાવેય ખરો અથવા તો કંઈ રસ્તો બતાવે, સમજાવે અને પસ્તાવો જો કર્યા કરે તો છેલ્લે એ ટેવમાંથી છૂટી પણ જાય. પણ કૂણો ના થાય અને જૂઠ ને કપટ કરીને જાય તો ક્યારેય ના છૂટે. ઉપરથી કપટની ને જૂઠની નવી ગાંઠો બાંધે. એટલા માટે જ ભગવાને મન-વચન-કાયાથી ચોરી નહીં કરું એવો નિયમ પાળવાનો કહ્યો હતો. જેથી કરીને ગમે ત્યારે એ ગાંઠ ઓગળી જાય.

મહીં તો જાતજાતની મનની ગાંઠો હોય - લોભની, માનની, કપટની, ક્રોધની, બધાયની હોય. લોભના કરતાં માનની ગાંઠ સારી. લોભની ગાંઠ તો મહા ખરાબ. ધણીને પોતાને ય ખબર ના પડે. જ્યારે માનની ગાંઠ તો સામાને દેખાઈ જાય. તે કો'કે ય કહી આપે કે 'અલ્યા, શું આટલી છાતી કાઢીને ફરે છે ? શું અક્કડ થઈ ગયો છે !' એટલે માનની

ગાંઠ છેદાય. લોભની ગાંઠની તો કો'ક દહાડો ખબર પડેય ખરી પણ કપટની ગાંઠની તો ક્યારેય પણ ખબર ના પડે.

## મનની ગાંઠો કેમ ઓગળે ?

લોભની ગાંઠ અને ક્રોધની ગાંઠ પોતાને માર ખવડાવે અને સામાને પણ માર ખવડાવે. ભગવાને લોભની ગાંઠવાળાને દાન આપવાનું કહ્યું છે. એક ફેરો પાંચ-પચીસ રૂપિયાનું પરચૂરણ કરી રસ્તામાં નાખતા જવું. તે પાછું મન કૂદાકૂદ કરવા માંડે એટલે વધારે નાખવું એટલે ધીમે ધીમે મન ચૂપ થઈ જાય. અને જો વિચારે કરીને લોભની ગાંઠ છેદાય તો એના જેવું એકેય નહીં. જો વિચારે કે આટલું બધું ભેગું કરું છું તે કોના માટે ? પોતાના કયા સુખ માટે ? પોતાનું સુખ પ્રાપ્ત નહીં કરતાં પરાયાને માટે આપણે આપણું સુખ ખોઈ નાખીએ છીએ અને ઉપરથી જે જે ગુનાઓ કર્યા તેની કલમો લાગુ પડી જાય.

જ્યારે જ્ઞાની પુરુષને ગાંઠ ફૂટે ત્યારે એ તો ગાંઠને જુએ અને જાણે. જ્ઞાની પુરુષની આજ્ઞાથી, શુદ્ધાત્મ દૃષ્ટિથી મનની ગાંઠો ઉપર દૃષ્ટિ નાખ નાખ કરે તો ગાંઠો ધીમે ધીમે ઓગળતી જાય. અમારી પાસે તો અનંત સિદ્ધિઓ છે. તે તમારી ગાંઠો ઓગાળી આપી શકીએ, પણ બને ત્યાં સુધી અમે સિદ્ધિઓ નકામી ના વાપરીએ. અમે તમને રસ્તો દેખાડીએ. એ ગાંઠો ફૂટે તો તમને એક્સપિરિયન્સ થાય અને તમને જોવાની ફિલ્મ મળે. જો જ્ઞેય ના હોય તો જ્ઞાતા શું કરે ? જેટલું મન ખીલે એટલો જ આત્મા ખીલે. જેટલાં જ્ઞેય વધે તેટલી જ શુદ્ધાત્માની જ્ઞાનશક્તિ વધે.

મનને જ્યાં જ્યાં કાદવ લાગ્યો છે, ત્યાં ત્યાં અમારાં જ્ઞાનનાં વાક્યોનો સાબુરૂપી ઉપયોગ કરશો તો મેલ ધોવાઈ જશે.

મન જો ભજિયાં ખાવાનું દેખાડે તો તરત જ જાગૃતિ રાખજે કે આ વ્યવસ્થિત બોલે છે કે લબાડો બોલે છે ? જો ત્રણ વાર ટકોરા થાય તો સમજી જજે કે આ વ્યવસ્થિત છે. શરીરને જરૂરિયાત પૂરતો જ જો ખોરાક મળી રહે તો મન-બુદ્ધિ ઠેકાણે રહે. છતાંય અમારા જ્ઞાનમાં ગ્રહણ-ત્યાગ નથી, 'વ્યવસ્થિત' તમને દેખાડશે.



મનને હંમેશાં ખોરાક જોઈએ, પ્રેશર જોઈએ. ભીડમાં જ એકાંત હોય, એકાંતમાં તો ઊલટાનું મન બહેકે. અમારું જ્ઞાન પામેલા મહાત્માઓ તો સંસારમાં નિર્લેપ રહે અને સખત ભીડમાં એકાંત અનુભવે. સખત ભીડ હોય ત્યારે મનને તેનો ખોરાક મળી જાય તે મન એના કામમાં પરોવાઈ જાય ત્યારે જ 'શુદ્ધાત્મા' એકલા પડે ને પરમાનંદ માણે.

કોઈનું મન જરા ઢીલું પડી ગયું હોય તો આ અજ્ઞાનીય બોલે કે શું વિચાર કર કર કરે છે ? ચાલ નીકળ ને બહાર જા. મન તો બધી જ જાતનું બોલે.

શું આ મરણનો વિચાર બધાને નથી આવતો ? આવે જ. બધાયને મરણનો વિચાર આવે. પણ લોકો શું કરે ? વિચાર આવતાં જ તેને કાઢી મેલે. તે અલ્યા, બધા જ વિચારોને કાઢી મૂકને ? પણ ના, બીજો ગમતો વિચાર આવે તો ના કાઢે. અમારું જ્ઞાન જ એવું છે કે મરણની પળ આવે ત્યારે 'પોતે' સંપૂર્ણ પ્રગટ જ થઈ જાય. તે વખતે 'પોતાની' ગુફામાં જ પેસી જાય. મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર બધું જ ચૂપ. બોંબ પડવાનો હોય ત્યારે મૂઓ કેવો ચૂપ થઈ જાય છે ? તેમ આ બધા ચૂપ થઈ જાય. તે મરણ વખતે સમાધિ થઈ જાય. અમારા જ્ઞાનીઓને (મહાત્માઓને) સમાધિ મરણ હોય !

## મન ફિઝિકલ છે

મન તો કમ્પ્લિટ ફિઝિકલ છે, મિકેનિકલ છે. દા.ત. કોઈ એક માણસ અમુક મશીનરી બનાવે છે. એ બનાવે છે ત્યારે તેનો આત્મા મશીનરી સાથે એકાકાર થઈ જાય છે અને મશીનરી ચાલે ત્યારે અહંકાર કરે કે મેં કેવું સરસ બનાવ્યું ? પણ જો તે મશીન બંધ કરવાનું સાધન તેમાં ના હોય તો પછી પેલો માણસ એને કેવી રીતે બંધ કરે ? અને જો ભૂલેચૂકે એના જ બનાવેલા મશીનના કોઈ ગીયરમાં તેની આંગળી આવી જાય તો શું મશીન તેની શરમ રાખે ? ના રાખે, ફટ દઈને આંગળી કાપી નાખે, કારણ મશીન ફિઝિકલ છે. તેમાં બનાવનારની સત્તા ચાલતી નથી. તેવું જ મનનું છે. બૉડીના પરમાણુ કરતાં હલકા પરમાણુ હોય, તેનાથી વાણી બંધાય અને તેનાથી પણ હલકા પરમાણુથી મન બંધાય.

## મનના પ્રકાર

મન બે પ્રકારનું છે; સ્થૂળ મન અને સૂક્ષ્મ મન. એને જ બીજા શબ્દોમાં સૂક્ષ્મ મનને 'ભાવ મન' અને સ્થૂળ મનને 'દ્રવ્ય મન' કહે છે, કારણ મન અને કાર્ય મન. ભાવ મનનું સ્થાન કપાળમાં, સેન્ટરમાં ભ્રમરથી અઢી ઈંચ દૂર રહેલું છે અને સ્થૂળ મન હૃદયમાં છે. સ્થૂળ મન પાંખડીઓવાળું છે. તેથી જ ઘણા લોકો કહે છે કે, મારું હૃદય કબૂલ કરતું નથી. કંઈક ધ્રાસકો પડે તો હૃદયમાં ખળભળાટ થઈ જાય છે. તે દ્રવ્ય મન છે. દ્રવ્ય મન કમ્પ્લિટ ઈફેક્ટ છે, ડિસ્ચાર્જ સ્વરૂપે છે. જ્યારે ભાવ મન કૉઝ ઉત્પન્ન કરે છે. તે ચાર્જ કરે છે.

ભાવ મન સહેતુક છે. તેથી નવાં બીજ પડે છે. હેતુ પરથી ભાવ મન પકડાય, પણ તે હેતુ જોવાની દૃષ્ટિ પોતાને હોય નહીં ને ! જ્યાં 'પોતે' શુદ્ધાત્મા થાય અને સંપૂર્ણ નિષ્પક્ષપાતીપણું ઉત્પન્ન થાય અને મનને કમ્પ્લિટ જુદું, ફિલ્મની જેમ દેખી શકે, ત્યારે જ ભાવ મન શું છે તે સમજાય. ભાવ મન સુધી તો સર્વજ્ઞ સિવાય કોઈ પહોંચી જ ના શકે. જ્ઞાની પુરુષ જે સર્વજ્ઞ છે તે તમારા ભાવ મન આગળ દાટો મારી આપે. એટલું નવું મન ચાર્જ ના થાય અને કેવળ ડિસ્ચાર્જ મન જ રહે. તે પછી તેની ઈફેક્ટને જ જોવાની અને જાણવાની.

આ અંગ્રેજો સબકોન્શિયસ અને કોન્શિયસ માઈન્ડ કહે છે. તે બધું જ સ્થૂળ મન છે. સૂક્ષ્મ મનનું એક પરમાણુ પણ કોઈથી પકડી શકાય તેમ નથી. એ તો જ્ઞાની પુરુષનું જ કામ છે. કારણ કે તે જ્ઞાનગમ્ય છે.

તમને મહાત્માઓને મેં સ્વરૂપનું જ્ઞાન આપ્યું એટલે તમે મનથી સંપૂર્ણ છૂટા થયા. તમારું ચાર્જ મન મેં બંધ કરી દીધું અને ડિસ્ચાર્જ મનના તમને જ્ઞાતા-દ્રષ્ટા બનાવી દીધા એટલે હવે તમારે મનની અનંતાગુણી અનંત અવસ્થાઓ આવે છતાં તમે સ્વસ્થ રહી શકો. તે જ જ્ઞાન છે ! અને જે મનની અવસ્થામાં અસ્વસ્થ થાય છે ત્યાં તે અવસ્થિત થઈ જાય છે ને પછી તેનું વ્યવસ્થિત આવીને ઊભું રહે છે. ત્યારે પાછો વળી અસ્વસ્થ થાય છે ને આમ ઘટમાળ ચાલુ ને ચાલુ જ રહે છે.



## મન-આત્માનો જ્ઞેય-જ્ઞાતા સંબંધ

આપણે અચલ છીએ અને વિચારો વિચલ છે. બન્નેય છૂટા છે. જ્ઞાતા-જ્ઞેયના સંયોગ સંબંધ સિવાય આપણને બીજો કોઈ સંબંધ નથી.

તેથી જ અમે બધાને કહીએ છીએ કે ગમે તેવા સંયોગોમાં ભાવ ના બગાડશો. અણધાર્યો મહેમાન કવેળાએ આવે પણ ભાવ ના બગાડશો. રોટલા ને શાક ખવડાવજો પણ તમારો ભાવ ના બગાડશો. મન પાતળું ના થવા દેશો.

ક્રોધથી તો સામાનું મન તૂટી જાય તે ફરી ક્યારેય સંધાય નહીં અને અનંત અવતાર સુધી ભટકાવે. કહેવત છે ને કે મન, મોતી ને કાચ તૂટ્યાં પછી પાછાં સંધાય નહીં.

'મનઃપર્યવ જ્ઞાન' એટલે સામી વ્યક્તિના મનમાં શા વિચારો ચાલે છે તેનો પડઘો પોતાના અંતઃકરણમાં પડે તે પહેલાં સમજાય અને પછી ધીમેધીમે સ્પષ્ટ રીતે પોતે વાંચે, જુએ ને જાણે, તે મનઃપર્યવ જ્ઞાન કહેવાય. વીતરાગની ભાષામાં પોતાના મનના દરેકે દરેક પર્યાયને જુએ અને જાણે તે 'મનઃપર્યવ જ્ઞાન.'

અમે વર્લ્ડમાં 'મન'ના ડોક્ટર છીએ. દેહના ડૉક્ટર ઠેર ઠેર મળશે પણ મનના ડૉક્ટર ખોળી લાવો જોઈએ ! મનના રોગથી દેહના રોગ ઉત્પન્ન થાય છે. અમે તમારા મનના બધા જ રોગ મટાડી દઈએ, નવા થતા અટકાવીએ અને તંદુરસ્તી જે પ્રાપ્ત થઈ છે તેને મેઈન્ટેઈન કરીએ. તમારું મન તમારાથી છૂટું પાડી આપીએ છીએ અને 'શુદ્ધાત્મા' રોકડો તમારા હાથમાં આપીએ છીએ. પછી મન તમને પજવે નહીં. પછી તો તે મન જ તમને મોક્ષે લઈ જશે એટલું જ નહીં પણ તે જ મન તમને સંપૂર્ણ વશ વર્તશે !

## બુદ્ધિ પ્રકાશ - જ્ઞાન પ્રકાશ

આખા જગતના તમામ વિષયોનું જ્ઞાન તે બુદ્ધિમાં સમાય અને નિર્અહંકારી જ્ઞાન તે જ્ઞાનમાં સમાય.

જગતના તમામ સબ્જેક્ટ્સનું જ્ઞાન હોય પણ તેમાં અહંકાર હોય તો તે સર્વ બુદ્ધિમાં સમાય. અહંકારી જ્ઞાન-બુદ્ધિજન્ય જ્ઞાન ક્યારે શૂન્ય થઈ જાય તેનો ભરોસો નહીં. ભલભલા બુદ્ધિશાળીઓ સંયોગોના સપાટામાં આવીને બુદ્ધુ થઈ ગયા. બુદ્ધિવાળો જ બુદ્ધુ થાય.

બુદ્ધિ એ તો ઈન્ડિરેક્ટ પ્રકાશ છે. અહંકારના મીડિયમ થ્રુ આવે છે. અહંકારના માધ્યમમાંથી આવે છે. દા.ત. સૂર્યનો પ્રકાશ છાપરામાંના કાણામાંથી આવી તકતા ઉપર (આરસા ઉપર) પડે અને તેમાંથી પાછું એળિયું પડે તેમ.

જ્યારે જ્ઞાન એ તો આત્માનો ડિરેક્ટ પ્રકાશ છે, ફુલ લાઈટ છે. જેમ છે તેમ દરઅસલ દેખાડે તે જ્ઞાન. બુદ્ધિ પર-પ્રકાશક છે, સ્વયં પ્રકાશક નથી. જ્યારે જ્ઞાન સ્વયં પ્રકાશક છે, પોતે સ્વયં જ્યોતિર્મય છે અને આખા બ્રહ્માંડને પ્રકાશિત કરી શકે તેટલી તેનામાં અનંત શક્તિ છે. દા.ત. સૂર્ય સ્વ-પર પ્રકાશક છે, જ્યારે ચંદ્ર પર-પ્રકાશક છે.

સંપૂર્ણ જ્ઞાનપ્રકાશ આગળ બુદ્ધિ એ તો સૂર્યની સામે દીવડા સમાન છે. અમારી પાસે સંપૂર્ણ જ્ઞાન પ્રકાશ છે. તેથી બુદ્ધિ નામેય નહીં અમારામાં. અમે પોતે અબુધ છીએ. અમને એક કિનારે અબુધ પદ પ્રાપ્ત થયું ત્યાં સામે કિનારે સર્વજ્ઞ પદ આવીને ખડું થયું. અબુધ થાય તે જ સર્વજ્ઞ થઈ શકે.

## બુદ્ધિના પ્રકાર

બુદ્ધિના બે પ્રકાર : (૧) સમ્યક્ બુદ્ધિ (૨) વિપરીત બુદ્ધિ.

(૧) સમ્યક્ બુદ્ધિ એટલે સવળીએ ચઢેલી બુદ્ધિ. સમકિત થયા પછી જ સમ્યક્ બુદ્ધિ ઉત્પન્ન થાય. અને તે પછી સવળું જ દેખાડે. જેમ છે તેમ દેખાડે. કો'કને જ સમ્યક્ બુદ્ધિ પ્રાપ્ત થાય. (૨) વિપરીત બુદ્ધિ - જ્યાં સમ્યક્ બુદ્ધિનો અભાવ ત્યાં વિપરીત બુદ્ધિ અવશ્ય હોય જ. વિપરીત બુદ્ધિ એટલે મોક્ષ માટે વિપરીત. બુદ્ધિનો સ્વભાવ જ છે કે એવું દેખાડે કે જેથી કરીને સંસારના ને સંસારના જ પાયા મજબૂત થાય. ક્યારેય પણ મોક્ષે ના જવા દે તે વિપરીત બુદ્ધિ. બુદ્ધિ સંસારાનુગામી છે એટલે કે સંસારનું જ હિતાહિત રાખનારી છે, મોક્ષનું નહીં.



જેમ જેમ બુદ્ધિ વધે તેમ તેમ બળાપો વધતો જાય. બે વરસના બાબાની મા મરણ પથારીએ હોય તો તેને કંઈ જ ના લાગે, હસતો-રમતો હોય. જ્યારે વીસ વરસનો છોકરો કેટલોય બળાપો કરતો હોય. તે બુદ્ધિ વધી તેમ બળાપો વધ્યો. આ મજૂરોને ક્યાંય ચિંતા નથી થતી. એ તો રોજ નિરાંતે ઊંઘે છે. જ્યારે આ શેઠિયાઓ ચિંતા કર કર કરે છે. તે મૂઆ રાત્રેય નિરાંતે ઊંઘતા નથી. તે શાથી ? બુદ્ધિ વધી તેથી. બુદ્ધિની સામે બળાપો કાઉન્ટર વેઈટમાં જ હોય.

બુદ્ધિ હોય ત્યાં 'હું કરું છું' એવો અહંકાર હોય જ અને તેથી જ ચિંતા રહ્યા કરે. ભગવાનથી તે જ વિખૂટા રાખે છે.

કૃષ્ણ ભગવાને બુદ્ધિને વ્યભિચારિણી કહી છે. એ તો સંસારમાં જ રખડાવી મારે છે, તેમ કહ્યું છે.

બુદ્ધિની જરૂર કેટલી ? જ્યાં સુધી જ્ઞાન પ્રાપ્ત થયું નથી ત્યાં સુધી બુદ્ધિની જરૂર ખરી. પણ તે કેટલી ? સંસારમાં પથરા નીચે આંગળી ફસાઈ ગઈ હોય તો તેને કળથી કાઢી લેવા પૂરતી જ અને ફરી આંગળી ના આવી જાય તેટલા પૂરતી જ બુદ્ધિ વપરાય. પૈસા કમાવા કે કોઈને છેતરવા બુદ્ધિ ના વપરાય. એ તો બહુ મોટું જોખમ કહેવાય.

લક્ષ્મી તો પુણ્યૈની આવે છે, બુદ્ધિ વાપરવાથી નથી આવતી. આ મિલ માલિકો ને શેઠિયાઓમાં છાંટોય બુદ્ધિ ના હોય પણ લક્ષ્મી ઢગલાબંધ આવતી હોય ને એમનો મુનિમ બુદ્ધિ વાપર વાપર કરે. ઈન્કમટેક્ષની ઓફિસમાં જાય ત્યારે સાહેબની ગાળોય મુનિમ જ ખાય, જ્યારે શેઠ તો લહેરથી ઊંઘતો હોય.

## બુદ્ધિનો આશય

દરેક માણસને પોતાના ઘરમાં આનંદ આવે. ઝૂંપડાવાળાને બંગલામાં આનંદ ના આવે અને બંગલાવાળાને ઝૂંપડામાં આનંદ ના આવે. એનું

કારણ એની બુદ્ધિનો આશય. જે જેવું બુદ્ધિના આશયમાં ભરી લાવ્યો હોય તેવું જ તેને મળે. બુદ્ધિના આશયમાં જે ભરેલું હોય તેના બે ફાંટા પડે. (૧) પાપફળ અને (૨) પુણ્યફળ. બુદ્ધિના આશયનું દરેકે વિભાજન કર્યું તે સો ટકામાંથી મોટા ભાગના ટકા મોટર-બંગલા, છોકરા-છોકરીઓ અને વહુ એ બધા માટે ભર્યું. તે એ બધું મેળવવા પુણ્ય એમાં ખર્ચાઈ ગયું અને ધર્મને માટે માંડ એક કે બે ટકા જ બુદ્ધિના આશયમાં ભર્યા.

બે ચોર ચોરી કરે છે. તેમાંથી એક પકડાઈ જાય છે ને બીજો આબાદ છૂટી જાય છે. એ શું સૂચવે છે ? ચોરી કરવી એમ બુદ્ધિના આશયમાં તો બન્નેય ચોર લાવ્યા હતા. પણ એમાં જે પકડાઈ ગયો તે તેનું પાપફળ ઉદયમાં આવ્યું ને વપરાયું, જ્યારે બીજો છૂટી ગયો તેનું પુણ્ય તેમાં વપરાઈ ગયું. તેમ દરેકના બુદ્ધિના આશયમાં જે હોય છે તેમાં પાપ અને પુણ્ય કાર્ય કરે છે. બુદ્ધિના આશયમાં લક્ષ્મી પ્રાપ્ત કરવી છે એમ ભરી લાવ્યો તે તેનું પુણ્ય તેમાં વપરાયું તો લક્ષ્મીના ઢગલે ઢગલા થાય. બીજો બુદ્ધિના આશયમાં લક્ષ્મી પ્રાપ્ત કરવી એવું લઈને તો આવ્યો પણ તેમાં પુણ્ય કામ લાગવાને બદલે પાપફળ સામું આવ્યું. તે લક્ષ્મીજી મોઢું જ ના દેખાડે. અલ્યા, આ તો એટલો બધો ચોખ્ખે ચોખ્ખો હિસાબ છે કે કોઈનું જરાય ચાલે તેમ નથી. ત્યારે આ અક્કરમીઓ એમ માની લે છે કે હું દસ લાખ રૂપિયા કમાયો. અલ્યા, આ તો પુણ્યૈ વપરાઈ અને તેય અવળે રસ્તે. એના કરતાં તારો બુદ્ધિનો આશય ફેરવ. ધર્મ માટે જ બુદ્ધિનો આશય બાંધવા જેવો છે. આ જડ વસ્તુઓ મોટર, બંગલા, રેડિયો એ બધાંની ભજના કરી તેના જ માટે બુદ્ધિનો આશય બાંધવા જેવું નથી. ધર્મ માટે જ, આત્મધર્મ માટે જ બુદ્ધિનો આશય રાખો. અત્યારે તમને જે પ્રાપ્ત છે તે ભલે હો પણ હવે તો માત્ર આશય ફેરવીને સંપૂર્ણ સો ટકા ધર્મ માટે જ રાખો.

અમે અમારા બુદ્ધિના આશયમાં સો ટકા ધર્મ અને જગતકલ્યાણની ભાવના લાવ્યા છીએ. બીજે ક્યાંય અમારું પુણ્ય ખરચાયું જ નથી. પૈસા, મોટર-બંગલો, દીકરો-દીકરી ક્યાંય નહીં.

અમને જે જે મળ્યા ને જ્ઞાન લઈ ગયા, તેમણે બે-પાંચ ટકા ધર્મ



માટે, મુક્તિને માટે નાખેલા તેથી અમે મળ્યા. અમે સોએ સો ટકા ધર્મમાં નાખ્યા તેથી બધેથી જ અમને ધર્મ માટે 'નો ઓબ્જેક્શન' સર્ટિફિકેટ મળ્યું છે.

## ગણપતિ : બુદ્ધિના અધિષ્ઠાતા દેવ

ગણપતિ એ બધા ગણોમાં અધિપતિ છે, બુદ્ધિના અધિષ્ઠાતા દેવ છે. શાસ્ત્ર લખવાનો મુખ્ય અધિકાર તો એમને જ. એમને કોઈ પણ જગ્યાએ બુદ્ધિનો પ્રકાશ ના પડે એવું ના હોય. તેથી તેમની બુદ્ધિમાં જરાય કચાશ નહીં. એટલા માટે જ એમને સર્વ દેવોમાં પહેલા મૂકવામાં આવે છે. પૂજા વગેરેમાં પણ ગણપતિને પ્રથમ મૂકવામાં આવે છે. એમની પૂજાથી બુદ્ધિ વિનમ્ર થાય, વિભ્રમ ના થાય, વિપરીત ના થાય. મહિનામાં બે અડચણ આવી હોય પણ રોજ ભો લાગે એ જ વિપરીત બુદ્ધિ. એવી બુદ્ધિ વિભ્રમ ના થાય, વિપરીત ના થાય એટલા માટે ગણના પતિને - ગણપતિને પ્રથમ પૂજામાં મૂકે છે, પણ સમજ્યા વગર પૂજા થાય છે તેથી ફળ જોઈએ તેવું મળતું નથી. સમજીને પૂજા થાય તો ઘણું જ સુંદર ફળ મળે.

ગણપતિ બુદ્ધિની દરેક આંટીઘૂંટીમાંથી પસાર થઈ ગયેલા દેવ છે. તે તેમની સમજીને પૂજા કરવાથી બુદ્ધિનો ભ્રમ ટળી જાય ને સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય.

## બુદ્ધિજન્ય અનુભવ તથા જ્ઞાનજન્ય અનુભવ

જેણે આઈસક્રીમ ખાધો જ નથી, તેને અંધારામાં આઈસક્રીમ આપીએ તો તે કલ્પના કર્યા જ કરે કે આઈસક્રીમ ઠંડા જ સ્વભાવનો હશે ? દૂધનો સ્વભાવ પણ આવો જ ઠંડો હશે ? ઈલાયચી પણ ઠંડા સ્વભાવની હશે ? પણ આઈસક્રીમ અને તેની મહીંની વસ્તુઓનો જે પૃથક્ પૃથક્ બુદ્ધિજન્ય અનુભવ હોય તે બધીય વસ્તુઓના ગુણોના આધારે પૃથક્ પૃથક્ જાણે અને આઈસક્રીમ ઠંડો શાથી લાગે તેય જાણે. તે બુદ્ધિગમ્ય અનુભવથી જાણે. બુદ્ધિતત્ત્વ જ્યારે સંસારમાં આટલું બધું કામ કરે છે તો આત્મતત્ત્વ શું કામ ના કરે ? એ તો ડિરેક્ટ પ્રકાશ છે.

જ્ઞાનપ્રકાશ આપ્યા પછી અમે બધાને બુદ્ધિને પેન્શન આપી દેવાનું

કહીએ છીએ. આખા જગતને બુદ્ધિની જરૂર છે. તે તેમનું અવલંબન છે પણ સ્વરૂપ જ્ઞાન એવું છે કે બુદ્ધિની તેમાં જરૂર નથી. અમે બુદ્ધિને લબાડ કહીએ છીએ. તેનું ક્યારેય પણ માનશો નહીં. તેને તો કહી દો, ''હે બુદ્ધિબેન ! તમે ભવોભવ મને પજવો છો. બેન, હવે તમે પિયર પધારી જાવ. જેમને તમારી જરૂર છે તેમની પાસે જાવ. અમને હવે તમારો ખપ નથી.'' માટે હવે બુદ્ધિને પેન્શન આપીને વળાવી દો. બુદ્ધિને તરછોડ મારવાની નથી. કારણ એકુય તરછોડ હશે ત્યાં સુધી મોક્ષ પ્રાપ્ત નહીં થાય. માટે તેને સમજાવી-પટાવીને પેન્શન આપીને વળાવી દો. પેન્શન એટલે આશ્વાસન.

જો તમારે મોક્ષે જ જવું હોય તો બુદ્ધિનું જરાય સાંભળવાનું નહીં. બુદ્ધિ તો એવી છે કે જ્ઞાની પુરુષનું પણ અવળું દેખાડે. અલ્યા, જેના થકી તને મોક્ષ પ્રાપ્ત થાય તેમ છે તેમનું જ અવળું દીઠું ? તે તમારો મોક્ષ તમારાથી અનંત અવતાર છેટો થઈ જશે !

બુદ્ધિ જ સંસારમાં અથાડી મારે છે. અરે, એક બાયડીનું સાંભળીને ચાલે તોય પડતી આવે, અથડામણ થઈ જાય, તો આ તો બુદ્ધિબેન ! તેમનું સાંભળે તે ક્યાંનો ક્યાંય ફેંકાઈ જાય. અરે, રાત્રે બે વાગે ઉઠાડીને બુદ્ધિબેન અવળું દેખાડે. બૈરી તો અમુક વખત ભેગી થાય પણ બુદ્ધિબેન તો નિરંતર સાથે ને સાથે જ રહે. તે બુદ્ધિ તો ડીથ્રોન (પદભ્રષ્ટ) કરાવે તેવી છે.

એક હીરો પાંચ અબજનો છે અને તમે સો ઝવેરીઓને કિંમત કરવા બોલાવી લાવો તો બધા જ જુદી જુદી કિંમત આંકશે. કારણ કે સૌ સૌની બુદ્ધિ પ્રમાણે કરે. અલ્યા, હીરો તો એનો એ જ ને કિંમત કેમ જુદી જુદી ? દરેકની બુદ્ધિમાં ફેર છે માટે. એટલે હું કહું છું કે 'આ' 'જ્ઞાનાવતાર' તમારી બુદ્ધિના માપમાં આવે તેમ નથી. માટે માપશો નહીં.

જ્ઞાની પુરુષ પાસે તો ભૂલેચૂકે બુદ્ધિને વાપરવાની ના હોય. જ્ઞાની પુરુષનું તો એકેએક અંગ, એમના એકેએક દિવ્ય કરમને પૂજવા જેવું છે. ત્યાં આગળ બુદ્ધિ ના વપરાય. આ જ્ઞાની પુરુષ તો દેહધારી છે પણ મહીં તો ગજબના અહર્નિશ જાગૃત છે. તમને જે દેખાય છે તે આ દેહધારી



જ્ઞાનીનો નાટકનો ભાગ છે. સંપૂર્ણ નાટકીય ભાવમાં જ રહીએ. અમે અબુધ છીએ. અબુધના સંગથી જ અબુધ થવાય.

જગતના લોકનું કામ બુદ્ધિ ચલાવે છે, જ્યારે જ્ઞાનીઓનું 'વ્યવસ્થિત' ચલાવે છે. પછી તેમાં ડખો હોય જ નહીં.

બુદ્ધિ શું છે ? એ તો આગલા ભવનો તમારો વ્યૂ પોઈન્ટ છે. દા.ત. તમે હાઈવે પરથી જતા હો અને પહેલા માઈલે અમુક વ્યૂ દેખાય. તે બુદ્ધિ સહી કરી આપે કે આપણને તો આવું જ હોય તો સારું. તે પહેલા માઈલનો વ્યૂ પોઈન્ટ નક્કી થઈ જ જાય. પછી જ્યારે આગળ ચાલે ને બીજા માઈલે આવે ત્યારે તેને જુદું જ દેખાય. વ્યૂ આખોય બદલાઈ જાય. ત્યારે વ્યૂના હિસાબે આપણને આવું જ જોઈએ તેમ બુદ્ધિ પાછી સહી કરી આપે. પણ પાછલો વ્યૂ પોઈન્ટ તેનાથી ભૂલી નથી જવાતો. તેથી તે આગળ ને આગળ આવે. જો પાછલા વ્યૂ પોઈન્ટનો અભિપ્રાય ન લો તો વાંધો નથી. પણ તે લીધા વગર ચાલે જ નહીં. અભિપ્રાય આગળ આવીને ઊભો જ રહે. આને અમે ગત જ્ઞાન-દર્શન કહીએ છીએ. કારણ બુદ્ધિએ સહીસિક્કા કરી આપેલા છે તેથી અંદર મતભેદ પડ્યા કરે છે. આજની તમારી બુદ્ધિ તે ગયા ભવનો તમારો વ્યૂ પોઈન્ટ છે અને આજનો વ્યૂ પોઈન્ટ એ તમારા આવતા ભવની બુદ્ધિ થાય અને એમ ચાલ્યા જ કરે.

ચોર ચોરી કરે છે તે તેનો વ્યૂ પોઈન્ટ છે. તે ગયા ભવનો બુદ્ધિએ સિક્કો મારી આપેલો છે. તેથી આ ભવે ચોરી કરે છે ને જો સારાનો સંગ મળે તો પાછો તેનો વ્યૂ પોઈન્ટ બદલાઈ યે જાય. અને એવું નક્કી કરે કે ચોરી કરવી એ ખોટું છે. તેથી ગયા ભવના વ્યૂ પોઈન્ટના આધારે આ ભવે તે ચોરી તો કરે છે, પણ અત્યારનો તેનો વ્યૂ પોઈન્ટ ચોરી ના કરવી એવો થઈ રહ્યો છે, તે તેને આવતા ભવે ચોરી ના કરવાની બુદ્ધિ પ્રાપ્ત થાય.

## મતભેદો શાથી ?

કોઈની જોડે મતભેદ પડે છે. તે શેનાથી પડે છે ? દરેકના જુદા જુદા વ્યૂ પોઈન્ટ હોવાથી દરેક જુદું જુદું જુએ. ચોર ચોરી કરે તે તેનો વ્યૂ પોઈન્ટ છે. તે પોતે ચોર નથી. કોઈના વ્યૂ પોઈન્ટને ખોટો કહેવો એટલે તેના

આત્માને ખોટા કહ્યા બરાબર છે. કારણ તેની બિલિફ તેમાં છે. એટલે તે તો તેને જ ચેતન માને છે. માટે ચેતનને ખોટું કહ્યું કહેવાય. તેના વ્યૂ પોઈન્ટથી તે સાચું છે. કારણ કે જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી વ્યૂ પોઈન્ટ જ તેનો આધાર છે. જ્ઞાન મળ્યા પછી સેન્ટરમાં આવે એટલે અજ્ઞાન અને વ્યૂ પોઈન્ટ નિરાધાર થાય.

અમે કોઈનેય 'તું ખોટો છે' એમ ના કહીએ. ચોરને ય ખોટો ના કહીએ. કારણ તેના વ્યૂ પોઈન્ટથી તે સાચો છે. હા, અમે તેને ચોરી કર્યાનું ફળ શું આવશે તે જેમ છે તેમ તેને સમજાવીએ.

જગતના તમામ મનુષ્યો સદ્‌બુદ્ધિ અને દુર્બુદ્ધિમાં જ રમ્યા કરે છે. સદ્‌બુદ્ધિ તે શુભ દેખાડે અને દુર્બુદ્ધિ અશુભ દેખાડે. સરવાળે તો બન્ને પ્રકારની બુદ્ધિ સંસારાનુગામી છે. તેથી અમે તેને વિપરીત બુદ્ધિ કહીએ છીએ. વિપરીત બુદ્ધિ લેવાવાળો ને દેવાવાળો બન્નેયનું અહિત કરે. જ્યારે સમ્યક બુદ્ધિ લેવાવાળો ને દેવાવાળો બન્નેયનું હિત જ કરે.

બુદ્ધિ તો જબરજસ્ત માર ખવડાવે. જો ઘરમાં કોઈ બીમાર થયું હોય ને જો બુદ્ધિ દેખાડે કે આ મરી જશે તો ? બસ, થઈ રહ્યું ! આખી રાત બુદ્ધિ રડાવે.

વાણિયાઓમાં બુદ્ધિ બહુ હોય. તે તેમને બહુ જ માર પડે. વણિક બુદ્ધિથી તો મોક્ષમાર્ગેય અંતરાય બંધાય. મોક્ષે જવું એ તો શૂરવીરોનું કામ છે, ક્ષત્રિયોનું કામ છે. આત્મા વર્ણથી તો જુદો છે પણ પ્રાકૃત ગુણો એને મૂંઝવે, અવળું દેખાડે. ક્ષત્રિયો તો જબરા હોય. ચોવીસેય તીર્થંકરો ક્ષત્રિય હતા. ક્ષત્રિયોને તો જ્યાં મોક્ષ માટે ભાવ આવે ત્યાં સંસારની વસ્તુઓનો તોલ ના કરે. જ્યારે વણિક તો મુક્તિનો ભાવ આવે ત્યારેય સંસારની વસ્તુઓનો તોલ કરે. વણિક બુદ્ધિ તો ધ્યાનમાં રાખવા જેવી છે. એનાથી જાગૃત રહેવા જેવું. મોક્ષમાર્ગે વણિક બુદ્ધિ બહુ મૂંઝવ્યા કરે.

વણિકને લોભની ગાંઠ બહુ મોટી હોય અને એ તો દેખાય પણ નહીં. જ્યારે ક્ષત્રિય તો કૂદાકૂદ કરે. જ્યાં-ત્યાં રમખાણી વૃત્તિ બતાવે. પણ એ તો માર ખાય. ત્યારે ઠેકાણે આવી જાય. પણ વણિકને ઠેકાણે લાવવો બહુ ભારે.



ક્ષત્રિયો મંદિરમાં પૈસા નાખવા ખિસ્સામાં હાથ નાખે તે જેટલા પૈસા નીકળે તેટલા પેટીમાં નાખી દે. જ્યારે વણિક તો ઘેરથી નક્કી કરીને જ જાય કે પાંચ પૈસા નાખવા છે તે રસ્તામાં છુટ્ટા કરાવીને પૈસા લેશે અને દરેક મંદિરમાં પાંચ કે દસ પૈસા નાખશે. જ્યારે ભાવ થાય ત્યારે વણિક બુદ્ધિ વાપરે.

પૈસો-બૈસો શું છે ? પૂરણ-ગલન છે. પૂરણ થયું એટલે ગલન થવાનું જ. ચોપડાના હિસાબ છે. એમાં લોક બુદ્ધિ વાપરીને ડખો કરી મેલે છે. આ તો મૂઆ, પૂરણ-ગલનમાં શક્તિઓ વેડફે છે. પૈસો તો બેન્ક બેલેન્સ છે, હિસાબ છે, નક્કી થયેલું છે. એમાં પૈસા કમાવામાં બુદ્ધિ વાપરે છે એ પોતાનું ધ્યાન બગાડે છે અને આવતો ભવ બગાડે છે.

અધૂરામાં પૂરું ટ્રીકો કરતાં શીખી ગયા છે. ટ્રીક એટલે સામાની ઓછી બુદ્ધિનો ગેરલાભ ઉઠાવી પોતાની વધારે બુદ્ધિથી છેતરીને સામાનું પડાવી લેવું તે. તે ટ્રીકવાળો બહુ ચપળ હોય, બીજો ચોર પણ ચપળ હોય. ટ્રીકવાળો તો ભયંકર અધોગતિ પામે.

વણિકો તો બુદ્ધિથી એવી વાડો કરી લે કે પોતપોતાનું જ સંભાળે, પાડોશીનું ના જુએ. તે વ્યવહારમાં સારા શાથી દેખાય ? બુદ્ધિની વાડથી. એ તો પોતાના જ ભણી દૃષ્ટિ કરતો હોય. સ્વાર્થમાં ને સ્વાર્થમાં જ હોય. તે સ્વાર્થને માટે મગનું નામ મરી ના પાડે. જો તેમને ન્યાય કરવા કહ્યો હોય તો તેમાં સામાને સુખ થશે કે દુઃખ થશે એ જોવા બેસે. એટલે ન્યાય એવો કરે કે સામાને ખોટું ના લાગે. તે સામાને ખોટું ના લગાડવા મૂઓ જૂઠું બોલે, ખોટો ન્યાય કરે. તે ભગવાન તો મહીં બેઠેલા તે જુએ કે આને તો બેઉ બાજુ પડદો રાખ્યો છે. અલ્યા, ચોખ્ખે ચોખ્ખું બોલીએ, કડવું ના લાગે તેવું સત્ય કહીએ. પણ આ તો પડદો રાખી જૂઠો ન્યાય કરે. તે ભયંકર જોખમદારી વહોરી કહેવાય. સામો જૂઠો હોય તેને સાચો ઠરાવવો તે બહુ મોટી જોખમદારી લીધી કહેવાય. જેમ છે તેમ કહી દેવું જોઈએ.

આ બધું શાનાથી ઊભું થયું છે ? તો કહે કે સામાને ના દેખાય ત્યાં સુધી સ્વાર્થમાં રહે છે તેથી. સંસારમાં શાંતિ રહે એટલા સારુ નઠારો

સંગ્રહ કર્યો, તે મોક્ષે જતાં કૈડી કૈડીને એ માલ જશે. આ માલ બહુ પજવશે. સીધી રીતે મોક્ષે નહીં જવા દે.

આ વણિક બુદ્ધિવાળા તો કોઈ જીવડાંને મારતા નથી અને કોઈના ગજવામાંથી લઈ લેતા નથી. તે સ્થૂળ ચોરીઓ અને સ્થૂળ હિંસા બંધ કરી પણ સૂક્ષ્મ ચોરી અને સૂક્ષ્મતમ ચોરીઓ જથ્થાબંધ થાય. આ સ્થૂળ ચોરીવાળાની નાત તો ઊંચી આવશે પણ આ સૂક્ષ્મ ચોરીવાળાની નાત ઊંચી ના આવે. આ ટ્રીકવાળો તો બેઠો હોય ઘેર, પણ એવી બધી સૂક્ષ્મ મશીનરીઓ તેણે ગોઠવી દીધી હોય કે ખેડૂતો બિચારાનાં હાડકાં ને ચામડી જ રહે ને લોહી લોહી પેલો ટ્રીકોવાળો ચૂસી ખાય. ભગવાને આને સૂક્ષ્મ હિંસા કહી છે. બંદૂકથી મારી નાખનારાઓનો ઉકેલ આવશે પણ આ ટ્રીકબાજનો ઉકેલ નહીં આવે, તેમ ભગવાન કહ્યું છે.

બંદૂકથી મારનારો તો નરકે જઈને પાછો ઠેકાણે આવી જશે ને મોક્ષનો રસ્તો ખોળશે. ત્યારે ટ્રીકથી મારવાવાળો સંસારમાં વધારે ને વધારે ખૂંપશે. લક્ષ્મીના ઢગલા થશે ને પાછો દાનમાં નાખી આવશે, તે બિયાં ઊગ્યા જ કરશે ને સંસાર ચાલુ ને ચાલુ જ રહેશે. આ તો પોલિશવાળી ટ્રીકો કહેવાય.

જ્ઞાની પુરુષમાં એકેય ટ્રીકવાળો માલ જ ના હોય. વણિક બુદ્ધિ ટ્રીક ઉપર જ રહી છે ને ! એના કરતાં ના આવડ્યું તે સારું. હું જ્ઞાન ઉપજ્યા પહેલાં લોકોને ટ્રીકો શીખવાડતો હતો. તેય સામો ફસાઈ ગયો હોય તે તેના ઉપર કરુણા આવે તેથી. પણ પછી તો તેય બંધ કરી દીધું. અમારે ટ્રીક ના હોય. જેમ છે તેમ હોવું જોઈએ. મનથી, વાણીથી અને દેહથી એક જ હોવું જોઈએ, જુદાઈ ના હોય.

આ ઘડિયાળ તમે નેવું રૂપિયામાં લીધું ને વેચવા કાઢ્યું એકસો દસ રૂપિયામાં. તે મૂઆ ટ્રીક વાપરી કહે કે મેં તો એકસો દસ રૂપિયામાં લીધું છે. તે એકસો દસમાં જ વેચે. એના કરતાં ચોખ્ખે ચોખ્ખું કહી દે ને કે નેવુંમાં લીધું ને એકસો દસમાં વેચવું છે તે સામાને લેવું હશે તો તે એકસો દસ રૂપિયા આપીને લઈ જશે. 'વ્યવસ્થિત' એવું છે કે, એકસો દસ રૂપિયા



તને મળવાના જ છે, તું ટ્રીક વાપર કે ન વાપર. જો આટલું બધું હિસાબી છે તો ટ્રીક વાપરી મફતમાં શા માટે જોખમદારી વહોરવી ? આ તો ટ્રીકનું જોખમ વહોર્યું. તેનું ફળ અધોગતિ છે.

લક્ષ્મીજીના અંતરાય શાથી પડે છે ? આ ટ્રીકો વાપર વાપર કરે છે તેથી. ટ્રીકની ટેવ પડી ગઈ છે તેથી. નહીં તો વણિક તો વેપાર કરે, ચોખ્ખો વેપાર કરે. એને તે વળી નોકરી કરવાની હોતી હશે ?

## ચોખ્ખો વેપાર કરો

માટે અમે પરમ હિતનું કહીએ છીએ. ટ્રીકો વાપરવાની બંધ કરો. ચોખ્ખે ચોખ્ખો વેપાર કરો. ઘરાકને સાફ કહી દો કે ભાઈ, આમાં મારા પંદર ટકા છે. તમારે જોઈતું હોય તો લઈ જાવ. ભગવાને શું કહ્યું છે ? જો તને ત્રણસો રૂપિયા મળવાના છે તો ચોરી કરીશ કે ટ્રીકો વાપરીશ કે પછી ચોખ્ખો રહીને ધંધો કરીશ, તને તેટલા જ મળશે. એમાં એક પૈસો પણ આઘોપાછો નહીં થાય. ત્યારે મૂઆ ચોરી અને ટ્રીકોની જોખમદારી શું કામ વહોરે છે ? થોડા દહાડા ન્યાયમાં રહીને જ ધંધો કરી જુઓ. શરૂઆતમાં છ-બાર મહિના અડચણ પડશે. પણ પછીથી ફર્સ્ટ કલાસ ચાલશે. લોકો પણ સમજી જશે કે, આ માણસનો ધંધો ચોખ્ખો છે, ભેળસેળિયો નથી. તે એની મેળે વગર બોલાવ્યે તમારી જ દુકાનમાં આવશે. કેટલા ઘરાક આજે તમારી દુકાનમાં આવશે તે 'વ્યવસ્થિત' 'વ્યવસ્થિત' જ હોય છે. ત્યારે અક્કરમી ગાદીએ બેસી હમણાં ઘરાક આવે તો સારું, હમણાં આવે તો સારું એમ ચીતર ચીતર કરશે. તે પોતાનું ધ્યાન બગાડે છે.

જો મનમાં એવું નક્કી કર્યું હોય કે મારે તો ચોખ્ખો ભેળસેળ વગર ધંધો કરવો છે તો તેવો મળી આવે. ભગવાને કહ્યું છે, કે ખાવાની વસ્તુઓમાં, સોનામાં ભેળસેળ કરીશ તો એ ભયંકર ગુનો છે.

કચ્છીઓને પણ આ ટ્રીકનો ભયંકર રોગ. એ તો વાણિયાનેય ટપી જાય !

અત્યારે તો ટ્રીકવાળાની વચ્ચે જ રહેવું પડે તેવો જમાનો છે. છતાં આપણાથી ટ્રીકોમાંથી ક્યારે છૂટાય, એ જ નિરંતર લક્ષમાં હોવું જોઈએ.

એ લક્ષમાં હશે તો પશ્ચાત્તાપથી મોટી જોખમદારીમાંથી છૂટી જશો ને એવા સંયોગ પણ મળી રહેશે કે તમારે એકુય ટ્રીક વાપરવી નહીં પડે ને ધંધો સરસ ચાલશે. પાછા લોક તમારા ધંધાને વખાણશે.

જો આપણે મોક્ષે જવું હોય તો જ્ઞાનીના કહ્યા અનુસાર કરવું જોઈએ અને જો મોક્ષે ના જવું હોય તો જમાનાને અનુસરીને કરવું. પણ મનમાં એટલો ખટકો તો અવશ્ય રાખવો જ કે મારે આવો ટ્રીકવાળો ધંધો નથી કરવો. તે એવો ધંધો મળી આવશે. વેપારમાં તો એવું હોવું જોઈએ કે નાના છોકરા આવે તોય માબાપને ભો ના હોય કે છોકરો છેતરાશે.

## લક્ષ્મીજી શાથી ખૂટે છે ?

લક્ષ્મી શાથી ખૂટે છે ? ચોરીઓથી. જ્યાં મન, વચન, કાયાથી ચોરી નહીં થાય ત્યાં લક્ષ્મીજી મહેર કરે. લક્ષ્મીનો અંતરાય ચોરીથી છે.

પૈસા કમાવવા માટે અક્કલ વાપરવાની ના હોય. અક્કલ તો લોકોનું ભલું કરવા માટે જ વપરાય.

જ્ઞાન જાણવાથી પ્રકાશમાં આવે કે શું કરવાથી પોતે સુખી થાય અને શું કરવાથી દુઃખી થાય છે ? અક્કલવાળા તો ટ્રીક વાપરીને બધું બગાડે છે.

ટ્રીક શબ્દ જ ડિક્શનરીમાં ના હોવો જોઈએ. 'વ્યવસ્થિત'નું જ્ઞાન શા માટે આપ્યું છે ? 'વ્યવસ્થિત'માં જે હોય તે ભલે હો. અગિયારસો રૂપિયા નફો હોય તો ભલે હો અને ખોટ હોય તો તે પણ ભલે હો. આ તો 'વ્યવસ્થિત'ના હાથમાં સત્તા છે, આપણા હાથમાં સત્તા નથી. જો આપણા હાથમાં સત્તા હોય તો કોઈ માથાના વાળ ધોળા જ ના થવા દે. ગમે તે ટ્રીક ખોળી કાઢે ને કાળાને કાળા જ વાળ રાખે.

ટ્રીક વગરનો માણસ સરળ લાગે. તેનું મોઢું જોઈએ તોય રાજી થઈ જવાય. પણ ટ્રીકવાળાનું મોઢું તો ભારે લાગે. દિવેલ પીધેલા જેવું લાગે. પોતે 'શુદ્ધાત્મા' થયા પછી આ બધો માલ ચોખ્ખો કરવો પડશે ને ? જેટલું લિયા એટલું દિયા તો કરવું જ પડશે ને ! અને ટ્રીકથી ભરેલો માલ માર



ખાઈને પણ દિયા તો કરવો પડશે જ ને ? તેથી જ અમે કહીએ છીએ કે 'ઓનેસ્ટી ઈઝ ધી બેસ્ટ પોલિસી એન્ડ ડીસ્ઓનેસ્ટી ઈઝ ધી બેસ્ટ ફૂલિશનેસ.'

## બુદ્ધિક્રિયા અને જ્ઞાનક્રિયા

જે જે અશુદ્ધ, અશુભ કે શુભ જાણે તે બુદ્ધિક્રિયા છે, જ્ઞાનક્રિયા નહીં. જ્ઞાનક્રિયા તો કેવળ શુદ્ધને જ જુએ અને જાણે. બુદ્ધિ જ્ઞેયને જ્ઞાતા મનાવે. 'હું ચંદુલાલ છું' એ જ્ઞેય છે. તેને જ જ્ઞાતા મનાવે છે. તે બુદ્ધિ છે. એમાં અહંકાર ભળેલો જ હોય. જ્ઞેયને જ્ઞાતા માને. બુદ્ધિક્રિયાને જ જ્ઞાનક્રિયા માની લે તો પછી મોક્ષ કેમ કરીને અનુભવાય ?

બુદ્ધિથી બિલકુલ સામીપ્ય ભાવવાળું દેખાય. છતાં બુદ્ધિનું ગજું જ નથી કે જ્ઞેયને જ્ઞેય અને જ્ઞાતાને જ્ઞાતા જોઈ શકે. કારણ બુદ્ધિ સ્વયં જ્ઞેય સ્વરૂપ છે. એટલે રિયલ સત્યને ના જોઈ શકે.

જગતનો આદિ-અંત છે જ નહીં. એ બાબતમાંયે બધાએ બુદ્ધિ વાપરીને ડખો કર્યો. અલ્યા, એ જાણવાથી તને શો લાભ ? જગત અનાદિ-અનંત છે, ગોળ જેવું છે. ગોળમાં આદિ કેવું અને અંત કેવો ? અનાદિ-અનંત છે એવું તો તું જ્યારે બુદ્ધિથી પર થઈને જ્ઞાની થઈશ એટલે એની મેળે સમજાઈ જશે.

સ્વચ્છંદ એટલે બુદ્ધિભ્રમ, સ્વચ્છંદથી પોતે પોતાનું ભયંકર અહિત કરી રહ્યા છે. પોતપોતાની સમજણે ચાલે તે સ્વચ્છંદ. પછી તે શુભ કે અશુભ કાર્યમાં હો કે શાસ્ત્ર વાંચવામાં હો. જો એક અવળી સમજણ શાસ્ત્ર વાંચતા ઉત્પન્ન થઈ ગઈ તો અનંત અવતાર ભટકવાનું સાધન ઊભું થઈ જશે ? માટે સ્વચ્છંદથી ચેતતા રહેજો.

જ્યાં વિપરીત બુદ્ધિ શરૂ થઈ ગઈ ત્યાં યુ આર હોલ એન્ડ સોલ રિસ્પોન્સિબલ ફોર ધેટ, તમે જ પૂરા જવાબદાર, ત્યાં પછી ભગવાન હાથ ઘાલવા ના આવે. વિપરીત બુદ્ધિ તો આપનાર અને લેનાર - બન્નેયને દુઃખી કરે.

બે જાતની બુદ્ધિ; આંતર બુદ્ધિ ને બાહ્ય બુદ્ધિ. હિન્દુસ્તાનના લોકોને આંતર બુદ્ધિ હોય અને પરદેશીઓને બાહ્ય બુદ્ધિ હોય, આંતર બુદ્ધિવાળા વધારે દુઃખી થાય. કારણ કે બુદ્ધિ બહુ ડેવલપ થઈ હોય તેમ બળાપો વધે જ. વળી બહારની પ્રજા સાહજિક છે. જ્યારે ઈન્ડિયન્સ (ભારતીય) તો કેટલીક બાબતોમાં સાહજિક છે અને કેટલીક બાબતોમાં વિકલ્પી છે. આધ્યાત્મિક માટે આંતર બુદ્ધિ જ કામની છે.

આ બુદ્ધિ બહાર શોધખોળ કરે છે તે બહાર બધે પાર વગરનાં ઝાંખરાં છે. મહીં શોધખોળ કરે તો ફાયદો છે. લોકોની બુદ્ધિ નિરંતર બહાર ફર્યા કરે છે. તે પછી થાકી જાય. હું અંદર જ નિરંતર ફરે એવી બુદ્ધિ આપું ત્યારે તેનું કામ થઈ જાય. તમારી બુદ્ધિ વિપરીત છે, તે સુખને કાઢી મૂકે અને દુઃખને ઈન્વાઈટ કરે. તમે સુખ અને દુઃખને પણ ઓળખી શકતા નથી.

બુદ્ધિ તો વક્ર જ દેખાડે. જડમાં સુખ જે અસ્થાયી છે તેને બુદ્ધિ ગ્રહણ કરે છે. ખરી રીતે વસ્તુમાં સુખ કે આનંદ છે જ નહીં. નવી મોટર ઉપર કોઈ ચાર લીટી કરે તો ? ગોબો પાડે તો ? બુદ્ધિગ્રાહ્ય જે જે સુખ છે તે તો અંતે દુઃખ પરિણામી છે. વસ્તુના આકર્ષકપણાને લીધે બુદ્ધિ તેમાં સુખનું આરોપણ કરે છે. અનંત વસ્તુઓ છે. પોતાના સુખને શોધવા માટે એક વસ્તુ ચાખી જુએ છે અને દરેક જીવ નક્કી કરે છે કે કોના પ્રભાવથી આ સુખ ઉત્પન્ન થાય છે ? તે શોધવા નીકળી પડ્યા. પહેલું એ નક્કી કર્યું કે, પૈસાનું સુખ છે. તે પૈસાના પ્રભાવથી સુખ મળે છે, પણ પછી તે તેની પાછળ ગાંડો થઈને ફરે છે ને દુઃખી થાય છે. પછી બીજું નક્કી કરે છે કે, સ્ત્રીમાં સુખ છે. સ્ત્રીએ પુરુષને અને પુરુષે સ્ત્રીને એમ નક્કી કરી સેક્સ અને પૈસો બે ખોળી કાઢ્યા. આ બે વસ્તુથી જ સુખ મળે તેમ નક્કી કર્યું. પણ જો વહુ સામી થાય તો દુઃખના દાવાનળ પ્રગટે. પૈસો સામો થાય તો ? એન્ફોર્સમેન્ટવાળા જો ધાડ પાડે તો એ જ પૈસો સામે થાય ને મહા દુઃખ ઊભું કરે.

## બુદ્ધિભેદ ત્યાં મતભેદ

આજના જગતમાં ત્રણ માણસો ઘરમાં હોય પણ સાંજ પડે તેત્રીસ



મતભેદો પડે ત્યાં ઉકેલ કેમ આવે ? અરે શિષ્ય અને ગુરુ, બન્નેની વચ્ચે કંઈ કેટલાય મતભેદો સાંજ સુધી થાય ! તે શી રીતે પાર આવે ? જ્યાં ભેદ બુદ્ધિ છે ત્યાં મતભેદ અવશ્ય થવાના જ. અભેદ બુદ્ધિ જો ઉત્પન્ન થઈ જાય તો કામ જ નીકળી જાય. પોતે નિષ્પક્ષપાતી થાય તે સેન્ટરમાં બેસી બધાંને નિર્દોષ જુએ. બુદ્ધિ અવળું દેખાડે કે તરત જ સમ્યક બુદ્ધિને આપણે કહી દઈએ કે જાવ, નિકાલ કરી આવો. તે નિકાલ કરી આવે.

આત્મા ભ્રમિત થયો ત્યારે સંસાર ઊભો થયો, બુદ્ધિ ભ્રમિત થશે ત્યારે જ્ઞાન પ્રગટ થશે.

હું કોઈનીય 'બુદ્ધિ' ના જોઉં, હું તો 'સમજ' જોઉં. બુદ્ધિ તો એક લાઈનમાં ત્રણસો જગ્યાએ વાંકી હોય પણ સમજ છતી હોય તો વાંધો નથી. બુદ્ધિવાળો તો બુદ્ધિમાં ઊંચે ચઢે અને પાછો પડેય ખરો. જ્યારે 'સમજ' વાળો, દર્શનવાળો ઊંચે ને ઊંચે, ઠેઠ સુધી ચઢી જાય, પણ પડે તો નહીં જ. બુદ્ધિ એ પ્રાકૃત ગુણ છે, સ્વગુણ નથી. દર્શન એ સ્વગુણ છે.

તેજ (પિત્ત) તત્ત્વવાળાને બુદ્ધિ વધારે હોય અને વાત તત્ત્વવાળાને સમજ ઊંડી હોય.

બધું જ બુદ્ધિની કલ્પનાથી ઊભું થયું છે, લૌકિક છે. બધા જ ધર્મોમાં જેની કલ્પનામાં જે જે આવ્યું તે શાસ્ત્રમાં લખ્યું. શાસ્ત્ર એ બુદ્ધિજન્ય જ્ઞાન જ છે. ચેતન એમાં ના જડે. જ્યારે જ્ઞાન એ તો સ્વયંપ્રકાશ છે અને એ જ્ઞાનીના હૃદયમાં જ હોય. બુદ્ધિના પર્યાયો છે, એની બોધકળાઓ પાર વગરની છે. બુદ્ધિ અવસ્થાને સ્વરૂપ મનાવવા ફરે તેવી છે. માટે અમે કહીએ છીએ કે બુદ્ધિથી ચેતજો. બુદ્ધિ દેખાડે તે સમયે 'દાદા'ને યાદ કરીને કહે કે, 'હું વીતરાગ છું', તે બુદ્ધિબેન બેસી જાય.

જ્ઞાન કોઈનીય ભૂલ ના કાઢે. બુદ્ધિ સર્વની ભૂલ કાઢે. બુદ્ધિ તો સગા ભાઈનીય ભૂલ કાઢે અને જ્ઞાન તો 'ઓરમાન મા'નીય ભૂલ ના કાઢે. ઓરમાન મા હોય તે છોકરો ખાવા બેઠો હોય તો નીચેની બળી ગયેલી ખીચડીના ખબડાં મૂકે ત્યારે બુદ્ધિ ઊભી થાય. તે કહે કે આ ઓરમાન મા જ ખરાબ છે. તે નર્યો બળાપો કરાવે. પણ જો છોકરાને જ્ઞાન મળ્યું

હોય તે તરત જ જ્ઞાન હાજર થાય ને કહે છે, 'અલ્યા, એ શુદ્ધાત્મા અને હું પણ શુદ્ધાત્મા છું. અને આ તો પુદ્‌ગલની બાજી છે, તે નિકાલ થઈ રહ્યો છે.' દેહ તો માટીનો બનેલો છે અને બુદ્ધિ તે તેજની બનેલી છે. તે પ્રકાશ પણ આપે અને દઝાડે પણ ખરી. તેથી જ અમે બુદ્ધિને લબાડ કહીએ છીએ. અબુધ થવાની જરૂર છે. બુદ્ધિ તો માણસને એબવ નોર્મલ કરી નાખે અને ક્યારેક પાછી બિલો નોર્મલ પણ કરી નાખે. જગતમાં એકેએક વસ્તુ નોર્માલિટીમાં જોઈશે. 'અબુધ' થયા વિના નોર્માલિટી ક્યારેય પણ નહીં આવે.

અમે 'અબુધ' છીએ, નિરાગ્રહી છીએ, નોર્માલિટીમાં છીએ. મારા એક જ વાળમાં જગત આખાયનું 'જ્ઞાન' સમાયેલું છે.

જેની બુદ્ધિ ઓછી હોય તેનું હૃદય કૂણું-કોમળ હોય. તે કામ કાઢે તો કાઢીય નાખે અને નહીં તો અવળુંય પણ એવું જ કરે. અઠવાડિયામાં એક રવિવારે એક જ દિવસ જે બુદ્ધિનો ઉપયોગ ના કરે તો તે કામ કાઢી લે. આવતા ભવનું બીજ નાખવું હોય તો બુદ્ધિ વાપરજે. બુદ્ધિનો પ્રકાશ વધારવાનું તારા હાથમાં નથી પણ ડિમ કરવાનું તો તારા જ હાથમાં છે. તો બુદ્ધિનો પ્રકાશ ડિમ રાખજે. બુદ્ધિ સામુદાયિક હિતકારી ના હોય. જ્ઞાન સામુદાયિક હિતકારી હોય.

## અવધાનની શક્તિ

ટૂંકી બુદ્ધિવાળાને દ્વેષ વધારે આવે. વિકાસ થયેલી બુદ્ધિવાળાને દ્વેષ ના આવે. આપણે સંગ્રહસ્થાન જોવા જઈએ છીએ તો કોઈ પણ વસ્તુ ઉપર દ્વેષ કરીએ છીએ ? કુસંગ એટલે બુદ્ધિની ચૂંથાચૂંથ. આમ ચૂંથે ને તેમ ચૂંથે.

અવધાન લિમિટેડ-સીમિત છે. એ બુદ્ધિની શક્તિ પર આધાર રાખે છે. દરેક માણસ પોતાના બુદ્ધિના આશયમાં જે માલ ભરીને લાવેલો છે તે જ માલ આ ભવમાં નીકળે. તે સિવાય બીજું કશું જ નથી. આ હિન્દુસ્તાનના ચોરોને ચોરી કરતી વખતે સોળ-સોળ અવધાન એકી સાથે રહે છે. ચોર મૂઓ ચોરી કરવા જાય તે ખાધા-પીધા વિના જાય. તેથી તેની અવધાન શક્તિ વધે. તે ચોરી ક્યાં કરવી છે ? કયા પોઈન્ટ પર કરવી



છે ? કયા સમયે કરવી છે ? પોલીસવાળો ક્યાં છે ? પાકીટ કયા ખિસ્સામાં છે ? કેવી રીતે ગજવું કાપવું ? નાસવું ક્યાંથી ? આવાં આવાં તો સોળ-સોળ અવધાન એટ એ ટાઈમ આપણા હિન્દુસ્તાનના ચોરોને રહે છે. અવધાન શક્તિ કમ્પ્લિટ બુદ્ધિજન્ય છે, જ્ઞાનજન્ય નથી. અવધાન ઘડીકમાં વધે ને અડધો શેર બાસુંદી ખાધી હોય તો ઊતરીય જાય. એવું વિચિત્ર છે આ બધું ! જ્ઞાનજન્ય હોય તો એકધારું જ હોય. ચઢ-ઊતર ના હોય.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ એ જ માયા ?

**દાદાશ્રી :** ના. માયા એટલે અજ્ઞાન. જ્ઞાન મળે એટલે અજ્ઞાન-માયા જાય પણ અંતઃકરણ તો રહે જ. બુદ્ધિ રહે જ. બુદ્ધિ સંસાર માટે હિતકારી વસ્તુઓમાં હાથ ઘલાવે ને સંસારમાં ભટકાવે છે. બુદ્ધિ શું છે ? કોઈ તમારા છોકરાને ફસાવતો હોય તો તમારી બુદ્ધિ વચ્ચે પડાવે. ખરી રીતે તો 'વ્યવસ્થિત' જ બધું કરે છે છતાં બુદ્ધિ ડખો કરાવે છે. પહેલાં મન બુદ્ધિને ફોન કરે ત્યારે પોતે મહીં ડખો કરી શકે, શું કહ્યું ? શું કહ્યું ? બધાંયમાં એનો ડખો પહેલો. રાત્રે ઊંઘમાં સ્વપ્નમાં એ ડખો નથી કરતી તો પાંસરું ચાલે છે, તે મૂઆ આ જાગતાંય સ્વપ્નું જ છે ને !

આ મોટર ડ્રાઈવર ડ્રાઈવીંગનું કામ કરે છે ને સામેથી જો બસ આવે ને બાજુમાં બેઠેલો જો ચલાવનારનો હાથ ઝાલી લે તો ? મૂઆ અથડાઈ જશે ! તે લોકો બહુ પાકા હોય છે. બસ આવે તોય સ્ટિયરિંગ ઝાલી નથી લેતા. કારણ જાણે છે કે સ્ટિયરિંગ ચલાવનારના હાથમાં છે. જેનું કામ તે જ કરે. આમાં મોટરની સ્થૂળ બાબતમાં લોકો સમજે છે. પણ આ 'મહીં'ની બાબતમાં શી રીતે સમજે ? તે 'પોતે' ડખો કરે જ છે તેથી ડખલ થઈ જ જાય છે. જો 'મહીં'ની બાબતમાં પણ મોટર ડ્રાઈવર પર છોડે છે તેમ સમજી જાય તો કશી જ ડખોડખલ ના થાય.

તત્ત્વ બુદ્ધિ એટલે 'હું શુદ્ધાત્મા છું.' અને એ હાથમાં આવી ગયું એટલે દેહ બુદ્ધિ જતી રહે. દેહમાં જે બુદ્ધિ હતી તે હવે તત્ત્વમાં પરિણમી. તત્ત્વ બુદ્ધિ એટલે સમ્યક બુદ્ધિ. સમ્યક જ્ઞાન ઉત્પન્ન થાય એટલે સમ્યક બુદ્ધિ, તત્ત્વ બુદ્ધિ ઉત્પન્ન થાય. તે વગર તો વિપરીત બુદ્ધિ જ હોય !

## અંતઃકરણનું ત્રીજું અંગ : ચિત્ત

અંતઃકરણનું ત્રીજું અંગ તે ચિત્ત છે. ચિત્તનું કાર્ય ભટકવાનું છે એ જેમ છે તેમ ફોટા પાડી આપે. અહીં બેઠા બેઠા અમેરિકાની ફિલ્મ જેમ છે તેમ દેખાડે એ ચિત્ત છે. મન તો આ શરીરની બહાર જ ના જાય. જાય છે તે ચિત્ત અને બહાર ભટકે છે તે અશુદ્ધ ચિત્ત. શુદ્ધ ચિત્ત તે જ શુદ્ધ આત્મા.

ચિત્ત એટલે જ્ઞાન + દર્શન.

અશુદ્ધ ચિત્ત એટલે અશુદ્ધ જ્ઞાન + અશુદ્ધ દર્શન.

શુદ્ધ ચિત્ત એટલે શુદ્ધ જ્ઞાન + શુદ્ધ દર્શન.

મન પેમ્ફલેટ બતાવે ને ચિત્ત પિક્ચર દેખાડે. એ બેની ગડમથલ બુદ્ધિ ડિસીઝન આપે અને અહંકાર સહી કરે એટલે કાર્ય થાય. ચિત્ત એ અવસ્થા છે. અશુદ્ધ જ્ઞાન-દર્શનના પર્યાય તે ચિત્ત. બુદ્ધિ ડિસીઝન આપે તે પહેલાં મન, ચિત્તની ઘડભાંજ ચાલે, પણ ડિસીઝન થયા પછી બધા ચૂપ. બુદ્ધિને બાજુ પર બેસાડે તો ચિત્ત કે મન કંઈ જ નડતું નથી.

અનાદિ કાળથી ચિત્ત નિજ ઘર ખોળે છે. તે ભટક્યા જ કરે છે. તે ભાતભાતનું જોયા કરે છે. એટલે જુદું જુદું જ્ઞાન-દર્શન ભેગું થાય છે. અને ચિત્તવૃત્તિ જે જે જુએ તેનો સ્ટોક કરે છે. અને વખત આવ્યે આમ છે, આમ છે એમ દેખાડે છે. ચિત્ત જે જે કંઈ જુએ છે તેમાં જો ચોંટી ગયું તો તેના પરમાણુઓ ખેંચે છે અને તે પરમાણુઓ ભેગા થઈ તેની ગ્રંથિઓ થાય છે જે મન સ્વરૂપ છે અને વખત આવ્યે મન પેમ્ફલેટ દેખાડે છે, તે ચિત્ત જુએ છે અને બુદ્ધિ ડિસીઝન આપે છે.

આ તમારી ચિત્તવૃત્તિઓ જે બહાર ભટકતી હતી ને જગતમાં રમતી હતી, તે અમે 'અમારા' તરફ ખેંચી લઈએ એટલે વૃત્તિઓ બીજે ભટકતી ઓછી થાય. ચિત્તવૃત્તિનું બંધન થયું એ જ મોક્ષ છે !

અશુદ્ધ ચિત્તવૃત્તિઓ અનંતકાળથી ભટકતી હતી. અને તેય પાછી



તમે જે પોળમાં જતી હોય ત્યાંથી પાછી વાળવા કરો તો તે ઊલટી તે જ પોળમાં પાછી ખેંચાય. તે વૃત્તિઓ નિજ ઘરમાં પાછી વળે છે તે જ અજાયબી છે ને ! ચિત્તવૃત્તિઓ જેટલી જેટલી જગ્યાએ ભટકે તેટલી તેટલી જગ્યાએ દેહને ભટકવું પડશે. ક્રમિક માર્ગમાં તો મનના અનંત પર્યાયો અને પાછા ચિત્તના અનંત પર્યાયો ઓળંગતાં ઓળંગતાં જાય ત્યારે રિલેટિવ અહંકાર સુધી પહોંચે (અરીસામાં જુએ તેવું) અને તમને તો અમે આ બધું કુદાવીને સીધેસીધા સ્વરૂપમાં જ બેસાડી દીધા છે, નિજ ઘરમાં !

નિજ ઘર શોધવા ચિત્ત ભટક ભટક કરે છે. તે જે જુએ તેમાં સુખ ખોળે છે. જ્યાં આગળ ચિત્ત સ્થિર થાય, ત્યાં અંતઃકરણનો બીજો ભાગ શાંત રહે. તેથી સુખ લાગે. પણ સ્થિર રહે કેટલી વાર ? પાછું ચિત્ત બીજે જાય છે. એટલે એને બીજામાં સુખ લાગે છે ને પહેલાંનું દુઃખદાયક થઈ પડે છે. કારણ કે જે બાહ્ય સુખ ખોળે છે તે પારિણામિક દુઃખદાયક છે. કારણ કે બુદ્ધિ તેમાં આરોપ કર્યા વગર રહે જ નહીં કે આમાં સુખ નથી, દુઃખ છે, તે પાછું ચિત્ત ભટકે છે. જ્યાં સુધી ચિત્તવૃત્તિ નિજ ઘરમાં સ્થિર ના થાય ત્યાં સુધી આનો અંત આવે તેમ નથી. સાચું સુખ જ્યાં ચાખે ત્યાં કલ્પિત સુખ આપોઆપ મોળાં પડી જાય, પછી જે ભટકે છે તે અશુદ્ધ ચિત્ત અને તેને જેમ છે તેમ જોનાર અને જાણનાર શુદ્ધ ચિત્ત. અશુદ્ધ ચિત્તના પર્યાય પછી ધીમે ધીમે ઓછા થતા થતા બંધ જ થઈ જાય અને પછી કેવળ શુદ્ધ ચિત્તના પર્યાય જ રહે તે જ 'કેવળ જ્ઞાન.'

જ્ઞાની પુરુષ અશુદ્ધ ચિત્તને હાથ ના લગાડે. માત્ર પોતાનું શાશ્વત સુખ, અનંત સુખનો કંદ જે છે તે ચખાડી દે. એટલે નિજ ઘર મળતાં જ શુદ્ધ ચિત્ત એ જ શુદ્ધાત્મા પ્રાપ્ત થઈ જાય અને શુદ્ધ ચિત્ત જેમ જેમ શુદ્ધ અને શુદ્ધને જ જો જો કરે તેમ તેમ અશુદ્ધ ચિત્તવૃત્તિ મોળી પડતી પડતી છેવટે કેવળ શુદ્ધ ચિત્ત રહે. પછી અશુદ્ધ ચિત્તના પર્યાયો બંધ થઈ જાય. પછી રહે તે કેવળ શુદ્ધ પર્યાય.

## જ્ઞાની જ શુદ્ધ આત્મા આપી શકે

અશુદ્ધ ચિત્તની શુદ્ધિ કરવા માટે જગતના બધા જ ધર્મો ફાંફાં મારી રહ્યા છે. સાબુથી મેલાં કપડાં ધોઈને સાફ કરાય તેમ ! પણ સાબુ કપડાંનો

મેલ તો કાઢશે પણ પાછો પોતાનો મેલ મૂકતો જશે. તે સાબુનો મેલ કાઢવા પાછો ટીનોપોલ જોઈએ. તે ટીનોપોલ સાબુનો મેલ તો કાઢી આપે પણ પાછો પોતાનો મેલ મૂકતો જાય ! તે ઠેઠ સુધી એક મેલ સાફ કરનારી વસ્તુ પોતાનો મેલ સાફ થનાર વસ્તુ પર મૂકતી જ જાય. તેમ આ જગતના બધા જ રિલેટિવ ધર્મોમાં છે. જ્યાં સરવાળે શુદ્ધ કરાતા ચિત્ત ઉપર પણ છેલ્લે અશુદ્ધિ, મેલ રહે જ છે. સંપૂર્ણ શુદ્ધ તો તે જ કરી શકે કે જે સ્વયં સંપૂર્ણ શુદ્ધ, સર્વાંગ શુદ્ધ છે. માટે એવા જ્ઞાની પુરુષ જ કરી શકે. એટલા માટે તો દરેક શાસ્ત્ર છેવટે કહે છે કે, 'તારે આત્મા પ્રાપ્ત કરવો હોય તો જ્ઞાની પાસે જા. તે જ શુદ્ધ આત્મા આપી શકે. અમારી પાસે તો ભેળસેળવાળો આત્મા છે, અશુદ્ધ આત્મા છે, જેની કંઈ જ કિંમત નથી.'

મોક્ષમાર્ગમાં મનને કશું જ કરવા જેવું નથી, માત્ર ચિત્તને જ શુદ્ધ કરવાનું છે. તો જ ઉકેલ આવે. કેટલાક સમજ્યા વગર મનની પાછળ પડે છે. તેને વશ કરવા જાય છે. તે તેમના વ્યૂ પોઈન્ટથી બરોબર છે, પણ જો મોક્ષ જોઈતો હોય તો ફેક્ટ જાણવું પડશે અને ફેક્ટથી તે કમ્પ્લીટ રોંગ છે. શુદ્ધ ચિત્ત થયા પછી મનની સાથે કંઈ જ લેવા-દેવા નથી રહેતી. શુદ્ધ ચિત્ત પછી તો મનની ફિલ્મ જોયા કરે છે.

આ જગતમાં મનને રોકવાનાં સ્થાન છે પણ ચિત્તને રોકવાનાં સ્થાન નથી. આ પાનાં, પ્લેઈંગ કાર્ડસ્ રમે છે તે શું છે ? એમાં શું સુખ છે ? તે ચિત્તને રોકવાનું સ્થાન તેઓએ ઊભું કર્યું છે. પણ પાનાં રમવાં જેવામાં ચિત્તને રોકવું તે સ્લીપીંગ છે અને પછી ધીમે ધીમે વધારે ને વધારે સ્લીપ થતા જ જાય. પણ પાનાંમાંય ચિત્તને કેટલી વાર રોકે ? અને શું એ પણ અંતે અસુખ ઉત્પન્ન નથી કરતું ?

ચિત્ત જ પોતાની ગમતી જગ્યાએ અને ભયની જગ્યાએ વિશેષ ભટકે છે. બપોરે રૂમમાં સાપ જોયો હોય તો સૂતી વખતે પણ સાપ યાદ આવે. ચિત્તને ભય લાગે છે ત્યારે ત્યાંનું ત્યાં જ જાય છે. જડ પણ નહીં અને ચેતન પણ નહીં એવું મિશ્ર ચેતન-અશુદ્ધ ચિત્ત જ્યાં ગમે ત્યાં ભટકે છે. ટિકિટ વગરનું ભટકવાનું છે, માટે ભટકે છે. ટિકિટ હોત તો સારું. તો ચિત્ત ભટકત જ નહીં !



ચિત્ત ઉપરથી ચેતન થયું છે. શુદ્ધ જ્ઞાન + શુદ્ધ દર્શન = શુદ્ધ ચેતન.

પૂર્વે જે જે પર્યાયોનું ખૂબ જ વેદન કર્યું હોય તે અત્યારે વધારે આવે. ત્યારે ચિત્ત ત્યાં ચોંટી રહે, કલાકોના કલાકો રહે, ગુંઠાણા જાય. ત્યાં આગળ બહુ ભારે બીજ પડે. જે પર્યાયો પાતળા થઈ ગયા, તે પર્યાયોની ચોંટ ચિત્તને વધારે ના રહે. ચોંટે ને છૂટું જ પડી જાય.

જ્ઞાન અને દર્શનને ભેગું બોલવું હોય તો ચિત્ત બોલવું પડે. ચિત્ત નાશવંત વસ્તુઓ જ દેખાડે. જ્યાં જ્યાં વાસના લાગે ત્યાં ચિત્ત ભટકે. જેટલું જ્ઞાન હોય તેટલું દેખાય અને દર્શન હોય તેટલું ભાંભરું (ઝાંખું) દેખાય. જ્ઞાનથી એક્ઝેક્ટ દેખાય.

આ મંદિરમાં મૂર્તિના દર્શન કરતી વખતે મહીંના સંયોગો જેવા કે મનનાં પરિણામ, ચિત્તવૃત્તિની સ્થિતિ, એના પ્રમાણે ફેરફાર દેખાય. દા.ત. પહેલા કલાકે અમુક જાતનાં દર્શન થાય, બીજા કલાકે અમુક જાતનાં દર્શન થાય. બહારના અને અંદરના એવિડન્સ જેવા ભેગા થાય તેવાં દર્શન થાય. મૂર્તિની સામેથી પ્રકાશ આવતો હોય તો જુદાં થાય, બાજુએથી આવતો હોય તો જુદાં થાય. જ્ઞાનીપુરુષનું મુખારવિંદ તો એકસરખું જ હોય પણ તમારાં મનનાં પરિણામ કે ચિત્તવૃત્તિની ચંચળતાના આધારે જુદું દેખાય. જ્ઞાની પુરુષનાં તો એક જ રીતે દર્શન કરવાનાં હોય.

## ચિત્ત પ્રસન્નતા

આનંદઘનજી મહારાજ શું કહે છે ? આખા જગતના ભાવાભાવ જેના ગયા છે એવા વીતરાગ ભગવાન ઋષભદેવની મૂર્તિના દર્શન કરે છે, તે તેમને મૂર્તિ હસતી દેખાય છે. આંખ તો કાચની છે. એ કેવી રીતે હસતી દેખાય છે ? દેખાય. કારણ કે એમની પોતાની ચિત્તવૃત્તિ, પોતાની ચૈતન્ય શક્તિ એમાં પરોવી છે. તેથી હસતા દેખાય છે. આને ચિત્ત પ્રસન્નતા કહેવાય. જ્યાં સંપૂર્ણ કપટભાવ ઊડી ગયો હોય ત્યાં ચિત્ત પ્રસન્નતા રહે. ચિત્ત પ્રસન્નતા અને કપટ એ બેનો ગુણાકાર ના થાય, કબીર સાહેબ શું કહેતા કે,

'મૈં જાનું હરિ દૂર હૈ, હરિ હૃદય કે માંહી,<br>
આડી ત્રાટી કપટ કી, તાસેં દિસત નાહીં.'

આડી ત્રાટી કપટની તેથી ભગવાન દેખાતા નથી. વૃત્તિમાં અન્ય ભાવ ન રહે તે શુદ્ધ કહેવાય. આપણા મહાત્માઓને જો વૃત્તિમાં અન્ય ભાવ ન રહે તો ચિત્ત પ્રસન્નતાની ભક્તિ ઉત્પન્ન થાય. અવસ્થાના બંધાયેલા લોકો વ્યવહાર સુખેય ના ભોગવી શકે. કલાક પહેલાં કોઈક અવસ્થામાં ચિત્ત એકાગ્ર થયું હોય તો તેમાં ને તેમાં ચિત્ત રહે. એટલે અવસ્થાથી બંધાયેલાનો બોજો રહે અને ચા પીવાની અવસ્થા વખતે એ બોજા નીચે ચા પીવાય. વ્યવહારમાં તો ચિત્ત એ જ ચેતન છે. તેની હાજરી હોય તો જ કામનું. ખાતા હોય એ સમયે ચિત્ત હાજર ના હોય તો તે ખાધેલું શું કામનું ?

'ચિત્તમાં ક્લેશ નહીં તે બધા જ ધર્મોનો ધર્મ.' જો આ પદ પામો તો પુનર્જન્મ જાય.

**પ્રશ્નકર્તા :** દાદા, ગઈ રાત્રે એક સૂર્ય જેવો પ્રકાશ ખૂબ જોરથી ઊંઘમાં બહુ વખત દેખાયો તે શું ?

**દાદાશ્રી :** એ તો ચિત્ત ચમત્કાર. ચિત્ત ચમત્કારની ગજબની શક્તિ છે.

**પ્રશ્નકર્તા :** મંદિરમાં ઘંટ કેમ બાંધે છે ?

**દાદાશ્રી :** ચિત્તને એકાગ્ર કરવા. ધમધમ વાગે એટલે ત્યાં આગળ મન અને ચિત્ત થોડીવાર પૂરતું એકાગ્ર રહે. જ્યાં સુધી સ્વરૂપ જ્ઞાનની પ્રાપ્તિ ના થાય ત્યાં સુધી સંપૂર્ણ એકાગ્રતા થાય જ નહીં.

જે ચિત્તને ડગાવે તે બધા જ વિષય છે. આ બહાર જે બધું થાય તે બધા જ વિષયો છે. જે જે વસ્તુમાં ચિત્ત ગયું તે બધા જ વિષય છે. ભજિયાં ખાધાં તેનો વાંધો નથી પણ તેમાં ચિત્ત ચોંટ્યું ને ફરી ફરી સાંભર સાંભર કરે તે વિષય છે. જ્ઞાનની બહાર જાય તે બધા જ વિષય છે.

પરાઈ વસ્તુમાં (સ્વ સિવાયની) ચિત્ત ચરાય ત્યારે આવતા ભવનાં બીજ પડે.

ચિત્ત હંમેશાં ફોટા પાડે. ઝાંખા પાડે, ચોખ્ખા પાડે. તમે જેવા ફોટા



પાડશો તેવી ફિલ્મ પડશે અને તે પાછી જોવી પડશે, ભોગવવી પડશે. માટે સારા ફોટા પાડજો. તમારી ફિલ્મ નકામી જવા ના દેશો.

## અહંકાર

અંતઃકરણનો ચોથો અને છેલ્લો ભાગ તે અહંકાર. મન અને ચિત્ત સાથે ભળી બુદ્ધિ જે ડિસીઝન આપે તેને છેલ્લે સહી કરી આપે તે અહંકાર. જ્યાં સુધી અહંકાર સહી ના કરે ત્યાં સુધી કોઈ કાર્ય થાય જ નહીં. પણ બુદ્ધિ એ અહંકાર થ્રુ આવનાર પ્રકાશ હોવાથી બુદ્ધિ ડિસીઝન લે એટલે અહંકાર નિયમથી જ ભળી જાય અને તે કાર્ય થઈ જાય.

'હું ચંદુલાલ' એને જ જ્ઞાની મોટામાં મોટો અને છેલ્લો અહંકાર કહે છે. એનાથી આખું જગત ઊભું રહ્યું છે. આ અહંકાર જાય તો જ મોક્ષે જવાય. આ જીવન શેના ઉપર ઊભું રહ્યું છે ? પગ ઉપર કે દેહ ઉપર ? ના, 'હું છું' એના ઉપર જ. 'હું શુદ્ધાત્મા છું' એ શુદ્ધ અહંકારથી જ મોક્ષે જવાય. બાકી બીજા બધા જ ભવોભવનાં સાધન થઈ પડે.

અચેતનમાં 'હું છું' એમ માનવામાં આવે તે અહંકાર. જો ચેતનમાં 'હું છું' એમ માનવામાં આવે, તેને અહંકાર ના કહેવાય. 'હું છું' એટલે અસ્તિત્વ તો છે. એટલે 'હું છું' એમ બોલવાનો અધિકાર તો છે. પણ 'હું છું' એ શેમાં છું ? તેની તને ખબર નથી. અચેતનમાં 'હું' બોલવાનો અધિકાર નથી. 'હું શું છું ?' એનું ભાન નથી. જો એ ભાન થાય તો કામ જ થઈ ગયું ને !

કોઈનું ચલાવ્યું કશું જ ચાલતું નથી ને જગત તો ચાલ્યા જ કરે છે. માત્ર અહંકાર જ કરે છે કે હું ચલાવું છું. જ્યાં સુધી પોતાના સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધી ચાવી આપેલી મોટરો જ છે !

## ત્યાગ શેનો કરવાનો ?

ભગવાને કહ્યું છે કે જો તારે મોક્ષે જવું હોય તો કશું જ ત્યાગવાની જરૂર નથી. એક અહંકાર અને મમતા એમ બે ચીજ ત્યાગી એટલે બધું જ આવી ગયું. અહંકાર એટલે 'હું' અને મમતા એટલે 'મારું'. 'હું' અને

'મારું' એ બે જ ત્યાગવાના છે. અમે જ્ઞાન આપીએ, તમારા સ્વરૂપનું ભાન કરાવીએ છીએ ત્યારે તમારા અહંકાર અને મમતા- બેઉનો ત્યાગ કરાવીએ છીએ. ત્યાગ એક બાજુ કર્યો તો બીજી બાજુ ગ્રહણ શું કરાવીએ છીએ ખબર છે ? 'શુદ્ધાત્મા' ગ્રહણ કરાવીએ છીએ. પછી ગ્રહણ-ત્યાગની કશી જ ભાંજગડ ના રહે. અહંકાર કાઢવા માટે જ બધો ત્યાગ કરવાનો હોય છે. અમે તમારો બધો જ અહંકાર લઈ લઈએ છીએ. પછી અસ્તિત્વ શું રહ્યું ? તો કહે, જ્યાં અસ્તિત્વપણું છે ત્યાં મૂળ જગ્યાએ સ્થાપ્યું. કોઈ એક જ જગ્યાએ અહંકારનું અસ્તિત્વપણું હોય, તે અમે મૂળ જગ્યાએ અહંકારને બેસાડી દઈએ છીએ.

તમે નિશ્ચય કરો કે સવારે પાંચ વાગે ઊઠવું છે તો ઉઠાય જ. નિશ્ચય એટલે અહંકાર. અહંકારે કરીને શું ના થાય ? એક વખત સહજાનંદ સ્વામી ફરતા ફરતા કાઠિયાવાડમાં ગયા. ત્યાં એક રાજા મળ્યા. તે કહે કે, મારે ત્યાં જબરો સાધુ આવ્યો છે. પંદર દિવસ જમીનમાં રહે છે. તો સહજાનંદ સ્વામીએ કહ્યું કે, મારા સામે આ પ્રયોગ કરાવો. તે પેલો સાધુ પંદર દિવસ સુધી અહંકારે કરીને ખાડામાં રહ્યો. નીકળવાના સમયે સહજાનંદે કહ્યું, કે બે પોલીસને જ મોકલજો. દર વખતે જે વાજતેગાજતે રાજા તમે પોતે સામૈયું કરવા જાવ છો તે બધું બંધ આ વખતે. તે સાધુ જ્યારે બહાર નીકળ્યો ત્યારે જોયું કે કોઈ જ નથી. તે બૂમો પાડવા લાગ્યો. ક્યાં છે રાજા ? ક્યાં છે બગી ? ક્યાં છે વાજાં ? તે બૂમો પાડતાં પાડતાં ત્યાં ને ત્યાં જ મરી ગયો. તે અહંકાર કરીને રહ્યો અને તે ના પોષાતાં મર્યો. પોતે જ્યાં નથી ત્યાં આરોપ કરવો તે અહંકાર.

ખરી રીતે 'પોતે' મરતો જ નથી. અહંકાર જ મરે છે અને અહંકાર જ જન્મે છે. જ્યાં સુધી અહંકાર સહી ના કરી આપે ત્યાં સુધી મરણ આવી જ ના શકે. પણ અક્કરમી સહી કરી આપ્યા વગર રહે જ નહીં. પથારીમાં રિબાય કે બહુ દુઃખ આવી પડે ત્યારે સહી કરી જ આપે કે આના કરતાં તો મરી ગયા હોત તો સારું. તે સહી થઈ જ જાય.

## ભોગવનાર કોણ છે ?

'આત્મા' પોતે કશું જ ભોગવતો નથી. કોઈ વિષયને આત્મા



ભોગવી શકે જ નહીં. જો ભોગવવાનો તેનો સ્વગુણ હોય તો તે કાયમનો સાથે ને સાથે જ રહે એટલે મોક્ષ ક્યારેય થાય જ નહીં. ભોગવે છે તે તો ખાલી અહંકાર કરે છે કે મેં ભોગવ્યું. ઈન્દ્રિયો ઈફેક્ટિવ છે. અને તેને કૉઝિઝના આધારે ઈફેક્ટ થાય છે, ત્યારે ભ્રાંતિથી અહંકાર કરે છે કે 'હું કરું છું' 'હું ભોગવું છું'. જો આ ભ્રાંતિ જાય કે 'હું કર્તા નથી' અને કર્તા કોણ છે તે જો સમજાય, તો પછી મોક્ષ કંઈ છેટો નથી રહેતો. સદેહે જ મોક્ષ વર્તાય તેમ છે.

માણસોની ભીડ નથી પણ અહંકારની ભીડ છે. જ્ઞાનથી અહંકારની ભીડમાં રહેવાય. નેચર પદ્ધતિસર છે, આત્મા પદ્ધતિસર છે, પણ વચમાં અહમ્ છે તે બહુ વસમો છે. તે ના કરવાનું કરે જ. અહમ્‌ને લીધે જ જગત ઊભું છે અને આ ચાર ગતિ પણ અહમ્‌થી જ થાય છે. અહંકારે જ ભગવાનથી છૂટા પાડ્યા છે.

મનુષ્ય તો રૂપાળો હોય તોય અહંકારથી કદરૂપો દેખાય. રૂપાળા ક્યારે દેખાય ? તો કહે, પ્રેમાત્મા થાય ત્યારે. રસોળીવાળો મનુષ્ય કેવો કદરૂપો લાગે ? તેમ રૂપાળો હોય તોય અહંકારની રસોળીને લીધે કદરૂપો લાગે.

**પ્રશ્નકર્તા :** અહંકારના પ્રકાર ખરા ?

**દાદાશ્રી :** રિલેટિવ વસ્તુને 'હું છું' કહ્યું તે જ અહંકાર. ગર્વ, મદ, મત્સર, અભિમાન, માન, અપમાન એ બધા જુદાજુદા શબ્દો જુદીજુદી વખતે વપરાય છે. તે બધા સ્થૂળ અર્થ સમજવા છે. તેથી જ્ઞાનીઓએ જુદાં જુદાં નામ આપ્યાં.

કેટલાક પોતાને નિર્માની કહે છે. પણ એ નિર્માનીનો જે કેફ ચઢે છે તે તો આ સ્થૂળ માની કરતાંય બહુ ભટકાવી મારે તેમ છે. નિર્માનીનું માનીપણું ઊભું થયા વગર રહે જ નહીં. સ્વરૂપજ્ઞાન સિવાય સંપૂર્ણ અહંકાર જાય જ નહીં. તે એક બાજુ તૂટી પડ્યા. નિર્માનીપણું પ્રાપ્ત કરવામાં મંડી પડ્યા. પણ મૂઆ, એનો કેફ વધ્યો તેનું શું ? એનો જે સૂક્ષ્મ અહંકાર ભયંકર ઊભો થયો તેનું શું ?

સ્વરૂપ જ્ઞાન પ્રાપ્ત થાય પછી અંતઃકરણ જેમ છે તેમ રહે છે. માત્ર

જ્યાં પોતે નથી ત્યાં 'હું છું' નો જે ભ્રાંતિથી આરોપ કર્યો હતો તે ભ્રાંતિ અમે ઉડાડી દઈએ અને રિયલ 'હું'માં 'હું'ને બેસાડી દઈએ. પછી અંતઃકરણમાંનો અહંકાર જે રહે છે તે તો તમારો વ્યવહાર ચલાવી લેશે. એને કંઈ દાબવાનો નથી. માત્ર નિરસ બનાવવાનો છે.

## અહંકારનો રસ ખેંચી લો

મૂળ વસ્તુ પામ્યા. પછી હવે અહંકારનો રસ ખેંચી લેવાનો છે. કોઈ રસ્તે ચાલતાં કહે, 'અરે, તમે અક્કલ વગરના છો, સીધા ચાલો.' એ વખતે અહંકાર ઊભો થાય. તે અહંકાર સહેજે તૂટી જાય. ખેંચાઈ જાય. રીસ ચઢે. એમાં રિસાવાનું ક્યાં રહ્યું ? આપણને હવે રીસ ચઢવા જેવું રહેતું જ નથી. અહંકારનો જે રસ છે તે ખેંચી લેવાનો છે.

બધાને અપમાન ના ગમે. પણ અમે કહીએ છીએ કે એ તો બહુ હેલ્પીંગ છે. માન-અપમાન એ તો અહંકારનો કડવો-મીઠો રસ છે. અપમાન કરે તે તો તમારો કડવો રસ ખેંચવા આવ્યો કહેવાય. 'તમે અક્કલ વગરના છો' એમ કહ્યું એટલે એ રસ સામાએ ખેંચી લીધો, જેટલો રસ ખેંચાયો એટલો અહંકાર તૂટ્યો અને એ પણ વગર મહેનતે બીજાએ ખેંચી આપ્યો. અહંકાર તો રસવાળો છે. જ્યારે અજાણતાં કોઈ કાઢે ત્યારે લહાય બળે. એટલે જાણીને સહેજે અહંકાર કપાવા દેવો. સામો સહેજે રસ ખેંચી આપતો હોય એના જેવું તો વળી બીજું શું ? સામાએ કેટલી બધી હેલ્પ કરી કહેવાય.

જેમ તેમ કરીને બધો જ રસ ઓગાળી નાખે એટલે ઉકેલ આવે. અહંકાર તો કામનો છે. નહીં તો સંસાર વ્યવહાર ચાલશે કેમ ? માત્ર અહંકારને નિરસ બનાવી દેવાનો છે. આપણને જે ધોવાનું હતું તે બીજાએ ધોઈ આપ્યું. એ જ આપણો નફો. અમે જ્ઞાની પુરુષ અબુધ હોઈએ અને જ્ઞાની પાસે એટલી બધી શક્તિ હોય કે તે જાતે જ અહંકારનો રસ ખેંચી નાખે. જ્યારે તમારી પાસે એવી શક્તિ ના હોય, એટલે તમારે તો કોઈ તમારો અહંકારનો રસ સામેથી અપમાન કરી ખેંચવા આવે તો રાજી થવું જોઈએ. કેટલી બધી મહેનત તમારી બચી જાય ! અને તમારું કામ થઈ



જાય. આપણે તો નફો ક્યાં થયો એ જ જોવાનું. આ તો ગજબનો નફો થયો કહેવાય.

અહંકારનો સ્વભાવ છે કે નાટકીય બધું જ કામ કરી આપે, જો તમારો કડવો-મીઠો રસ નિરસ થઈ ગયો હોય તો ! અહંકારને મારવાનો નથી, નિરસ કરવાનો છે.

જમતી વખતે બીજાને એન્કરેજ કરવા માટે એમ પણ કહેવું પડે કે અહો ! કઢી તો બહુ સરસ થઈ છે ને !

## હસતે મુખે ઝેર પીએ

સામાનો અહંકાર આપણાથી કપાય તો તેને કડવું લાગે. પણ સરવાળાનો નફો આપણને ખબર હોય તેથી કોઈને કડવું લાગે તેવું આપણાથી તો ના જ બને તો સારું.

'હસતે મુખે ઝેર પીએ, નીલકંઠી ખાનદાન,
નિઃસ્પૃહ અયાચકને, ખપે નહીં માન-તાન.'

અમે નીલકંઠ છીએ. નાનપણથી જે જે કોઈ ઝેર આપી ગયું તે અમે હસતાં મુખે ઉપરથી તેને આશીર્વાદ આપીને પી ગયા ને તેથી જ નીલકંઠ થયા.

ઝેર તો તમારે પીવાં જ પડશે. હિસાબી છે, માટે પ્યાલો તો સામે આવશે જ. પછી તમે હસતાં હસતાં પીઓ કે મોઢું બગાડીને પીવો. પીવું તો પડશે જ. અરે, તમારે લાખ ના પીવું હોય તોય લોકો બળજબરીથી તમને પાઈ જશે, એનાં કરતાં હસતાં હસતાં પીને ઉપરથી એને આશીર્વાદ આપીને શા માટે ના પીવું ? તે સિવાય નીલકંઠ થવાય જ શી રીતે ? આ પ્યાલા આપી જાય છે તે તો તમને ઊંચું પદ આપવા આવે છે. ત્યાં જો મોઢું બગાડશો તો એ આઘું જતું રહેશે. અમે તો આખા જગતમાં જેણે જેણે ઝેરના પ્યાલા આપ્યા તે હસતે મોઢે, ઉપરથી આશીર્વાદ આપીને પી ગયા અને મહાદેવજી થયા.

'હું ચંદુલાલ છું' ત્યાં સુધી બધું કડવું લાગે પણ આપણને તો આ બધું અમૃત થઈ પડ્યું છે. માન-અપમાન, કડવું-મીઠું એ બધાં દ્વંદ્વ છે. તે

હવે આપણને ના રહે. આપણે દ્વંદ્વાતીત છીએ. એટલા માટે તો આ સત્સંગ કરીએ છીએને ! છેવટે બધાયને દ્વંદ્વાતીત દશા જ પ્રાપ્ત કરવી છે ને !

જો સામો કડવું પાય ને તમે હસતે મોઢે આશીર્વાદ આપીને પી જાવ તો એક બાજુ તમારો અહંકાર ધોવાય ને તમે એટલા મુક્ત થાવ ને બીજી બાજુ સામાવાળાને કડવું પાનારાને પણ રીએક્શન આવે અને એ પણ ફરી જાય. એને પણ સારું રહે. એય સમજી જાય કે કડવું પાઉ છું તે મારી નિર્બળતા છે અને આ હસતે મોઢે પી જાય છે તે ભારે શક્તિશાળી છે.

આપણે જો જાતે કડવું પીવાનું કહ્યું હોય તો આપણે જાતે ઓછા પીએ ? આ તો સામેથી કડવું પાય એ તો કેટલું બધું ઉપકારી ? પીરસનાર તો મા કહેવાય. પાછું લીધા વગર ચાલે તેમ નથી. નીલકંઠ થવા કડવું પીવું પડશે.

'આપણે' તો 'ચંદુભાઈ'ને કહી દઈએ કે તારે સો વખત આ કડવું પીવું પડશે. બસ પછી એ ટેવાઈ જાય. કડવી દવા બાળકને જબરજસ્તીથી પીવડાવવી પડે. પણ જો એ સમજી જાય કે આ હિતનું છે એટલે પછી જબરજસ્તીથી પીવડાવવું ના પડે. એની મેળે જ પી લે. એક વખત નક્કી કર્યું કે જે જે કોઈ આપે તે બધું જ કડવું પી લેવું છે એટલે પછી પીવાય. મીઠું તો પીવાય જ પણ કડવું પીતાં આવડવું જોઈએ. જ્યારે ત્યારે તો પીવું જ પડશે ને ? આ તો પાછો નફો છે, તો પીવાની પ્રેક્ટિસ કરી લેવી જોઈએ ને ?

જો બધા વચ્ચે ઉતારી પાડે તો ખોટ લાગે પણ એમાં તો ભારે નફો છે. એ સમજાય પછી ખોટ ના લાગે ને !

'હું શુદ્ધાત્મા છું' બોલો તો છો, તો પછી એવા જ પદમાં રહેવું છે ને ? એના માટે તો અહંકાર ધોવડાવવો પડશે. તનતોડ મહેનત કરી નિશ્ચય કરો એટલે ધોવાય જ.

એક વાઘરીને રાજા બનાવ્યો હોય અને ગાદી પર બેઠા પછી જો એમ કહે કે 'હું વાઘરી છું', તે કેવું કહેવાય ? 'શુદ્ધાત્મા'નું પદ પામ્યા



પછી બીજું હવે આપણને ના હોય.

કડવા-મીઠા અહંકારના પદમાંથી તમારે ખસવું છે ને ? પછી એમાં પગ શા માટે રાખો છો ? નક્કી કર્યા પછી બન્ને બાજુ પગ રખાય ? ના રખાય. રિસાવાનું ક્યારે બને ? જ્યારે કોઈકે કડવું પીરસ્યું હોય ત્યારે. આપણે વિધિ વખતે બોલીએ છીએ કે 'હું શુદ્ધાત્મા છું.' તો પછી શુદ્ધાત્માનું રક્ષણ કરવાનું કે બીજી બાજુનું ? અહંકારને જાતે નિરસ કરવો બહુ કઠિન કામ છે. એથી જો કોઈ નિરસ કરી આપતો હોય તો બહુ સારું. એનાથી અહંકાર નાટકીય રહે અને અંદરનું બહુ સારું ચાલે. તો આટલું બધું નફાવાળું છે તો અહંકારને નિરસ બનાવવા માટે હસતે મુખે જ શા માટે ના પીએ ? અહંકાર સંપૂર્ણ નિરસ થાય એટલે આત્મા પૂરો. એટલું નક્કી કરો કે અહંકાર નિરસ કરવો જ છે. એટલે એ નિરસ થયા જ કરશે.

આ કડવી દવા જો સદી જાય તો બીજો ડખો જ ના રહેને ! અને પાછા તમે હવે જાણી ગયા કે આ નફાવાળો છે ! જેટલો મીઠો લાગે છે એટલો જ કડવો ભરેલો છે. માટે કડવો પહેલાં પચાવી જાવ. પછી મીઠો તો સહેજે નીકળે. એને પચાવવાનું બહુ ભારે નહીં લાગે. આ કડવી દવા પચી એટલે બહુ થઈ ગયું ! ફૂલો લેતી વખતે સહુ કોઈ હસે પણ ઢેખાળા પડે ત્યારે !

## અદીઠ તપ એટલે શું ?

અહંકાર એ તો જ્ઞેય સ્વરૂપે છે. તમે પોતે જ્ઞાતા છો. જ્ઞેય-જ્ઞાતાનો જ્યાં સંબંધ છે. ત્યાં જ્ઞેયનું રક્ષણ તો ના જ કરાય ને ? એક અહંકાર (જ્ઞેય)નું રક્ષણ કરો એટલે બધાયનું રક્ષણ કરવું પડે. કેમ કે બધા જ જ્ઞેય છે. અનંત જ્ઞેય છે. હવે તો તપ અદીઠનું કરવાનું. અહંકાર વગેરે હોય છે તેમાં તન્મયાકાર ના થવાય એ ધ્યાન રાખવાનું. જાગૃતિ રાખવાની એ જ તપ, અદીઠ તપ. આ અદીઠ તપ કરવું પડે. કારણ અનાદિની ટેવ પડી છે તન્મયાકાર થવાની. એ મોળી પડતી જાય. અહંકાર મોળો પડતો જાય એટલે ઉકેલ આવતો જાય. એક નિશ્ચય કર્યો એટલે તપ થયા જ કરે.

જે અહંકારમાં કશી બરકત ના આવી, જ્યાં ને ત્યાં ઠોકર વાગી,

દરેક જગ્યાએ રૂપાળો હોવા છતાં કદરૂપો દેખાડે, એ અહંકાર શા કામનો ? 'જ્ઞેય' 'જ્ઞાતા' ના થઈ જાય એ જાગૃતિ. એ જ અદીઠ તપ. અહંકારનો રસ ઓગાળી મૂકવા જે જાગૃતિ રાખવી પડે તે જ અદીઠ તપ.

અંતરાય બહારથી આવે તેમ અંદરથી પણ આવે. અહંકાર અંતરાય રૂપ છે. તેની સામે તો બરાબર તૈયાર થઈ જવું પડશે.

માન દે તો પણ સહન થાય તેવું નથી. જેને અપમાન સહન કરતાં આવડે તે જ માન સહન કરી શકે. કોઈ દાદાને કહે, 'લોકો તમને ફૂલ ચઢાવે છે તે તમે શા માટે સ્વીકારો છો ?' ત્યારે દાદાએ કહ્યું, 'લે બા, તને પણ ચઢાવીએ ! પણ સહન નહીં થાય.' લોકો તો હારોના ઢગલા જોશે તો છક્ક થઈ જશે ! કોઈને પગે લાગો કે તરત જ તે ઊભો થઈ જશે !

## માન-અપમાનનું ખાતું

'જ્યારે અપમાનનો ભય નહીં રહે ત્યારે કોઈ અપમાન નહીં કરે.' એવો નિયમ જ છે. જ્યાં સુધી ભય છે ત્યાં સુધી વેપાર. ભય ગયો એટલે વેપાર બંધ. તમારા ચોપડામાં માન અને અપમાનનું ખાતું રાખો. જે જે કોઈ માન-અપમાન આપે તેને ચોપડામાં જમે કરી દો, ઉધારશો નહીં. ગમે તેટલો મોટો કે નાનો કડવો ડોઝ કોઈ આપે તે ચોપડામાં જમે કરી લો. નક્કી કરો કે મહિનામાં સો જેટલાં અપમાન જમે કરવાં છે. તે જેટલાં વધારે આવશે, તેટલો વધારે નફો. ને સોને બદલે સિત્તેર મળ્યાં તો ત્રીસ ખોટમાં. તે બીજે મહિને એકસો ત્રીસ જમે કરવાનાં. જો ત્રણસો અપમાન જેને ચોપડે જમા થઈ જાય, તેને પછી અપમાનનો ભય ના રહે. એ પછી તરી પાર ઊતરી જાય. પહેલી તારીખથી ચોપડો ચાલુ જ કરી દેવાનો. આટલું થાય કે ના થાય ?

જ્ઞાની પુરુષને હાથ જોડ્યા એનો અર્થ એ કે વ્યવહાર અહંકાર શુદ્ધ કર્યો. અને અંગુઠે મસ્તક અડાડીને સાચાં દર્શન કર્યાં એનો અર્થ અહંકાર અર્પણ કર્યો કહેવાય. જેટલો અહંકાર અર્પણ થાય તેટલું કામ નીકળી જાય.

જ્ઞાની પુરુષમાં દયા નામનો ગુણ ના હોય, તેમનામાં અપાર કરુણા



હોય. દયા એ ભયંકર અહંકારી ગુણ છે. દયા એ અહંકારી ગુણ શી રીતે ? દયા એ દ્વંદ્વ ગુણ છે. દ્વંદ્વ એટલે દયા હોય તેનામાં નિર્દયતા અવશ્ય ભરી પડી હોય. એ તો નિર્દયતા જ્યારે નીકળે ત્યારે ખબર પડે. ત્યારે તો આખો બગીચો કઢાવી નાખે. બધા જ સોદા કરી દે. ઘર-બાર, બૈરી-છોકરાં બધું જ મૂકી દે. જગત આખું દ્વંદ્વ ગુણમાં છે. જ્યાં સુધી દ્વંદ્વાતીત દશા પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી જગતને માટે દયાનો ગુણ વખાણવા જેવી વસ્તુ છે. કારણ કે એમનો એ પાયો છે. છતાંય દયા રાખવાની તે પોતાની સેફ સાઈડ રાખવા માટે, ભગવાનની સેફ સાઈડ માટે નહીં ! લોકોની દયા ખાવા જે નીકળી પડે તે તો પોતે જ દયાપાત્ર છે. અલ્યા, તું તારી જ દયા ખાને ! બીજાની દયા શું કરવા ખાય છે ? કેટલાક સાધુઓ સંસારીઓની દયા ખાય છે. અરેરે ! આ સંસારીઓનું શું થશે ?' અલ્યા, એમનું તો જે થશે તે થશે પણ તું એમની દયા ખાવાવાળો કોણ ? તારું શું થશે ? હજુ તમારું જ જ્યાં ઠેકાણું નથી પડ્યું, ત્યાં લોકોનું શું ખોળવા જાઓ છો ? આ તો ભયંકર કેફ કહેવાય. તે સંસારીઓનો તો કેફ તેલની અને સાકરની લાઈનમાં આઠ કલાક ઊભા રહીને ક્યાંય ઊતરી જાય છે, પણ આમનો કેફ ક્યાંથી ઉતરે ? ઊલટાનો વધતો જ જાય. નિષ્કેફીનો મોક્ષ થાય એમ ભગવાને કહ્યું છે. કેફ એ તો ભયંકરમાં ભયંકર સૂક્ષ્મ અહંકાર છે. એ બહુ જ માર ખવડાવે. આ સ્થૂળ અહંકારને તો કોઈકેય દેખાડી આપશે. કોઈકેય કહેનારો મળી આવશે કે 'અલ્યા, છાતી કાઢીને શું ફરે છે ? જરા નમને ?' એટલે પેલો ઠેકાણે આવશે. પણ આ સૂક્ષ્મ અહંકાર- હું કંઈક જાણું છું, મેં કંઈક સાધન પ્રાપ્ત કરી લીધું છે, હું કંઈક જાણું છું એવો કેફ તે તો ક્યારેય નહીં જાય. અલ્યા, જાણ્યું કોને કહેવાય ? જ્ઞાન પ્રકાશ થાય ત્યારે. અને પ્રકાશમાં ઠોકર વાગે ? આ તો ડગલે ને પગલે ઠોકરો વાગે છે, તેને જાણ્યું શી રીતે કહેવાય ? પોતે જ અજ્ઞાન દશામાં ઠોકરો ખાતો હોય, તેને બીજાની દયા ખાવાનો શો હક ?

## અહંકારનું ઝેર

કંઈક પ્રાપ્તિનો અહંકાર આવ્યો કે પછડાયો જ છે. જ્ઞાનનો અહંકાર આપણા મહાત્માઓને આવે તો 'દાદા' છે એટલે પછડાય નહીં. પણ

જ્ઞાનાવરણ આવે. દૈવીશક્તિઓ ખીલી હોય ને અહંકાર આવે તો જેટલો ઊંચો ચઢ્યો છે તેટલો જ નીચે પછડાવાનો. દૈવીશક્તિના આધારે થાય અને મેં કર્યું, એવો અહંકાર કરે તો અધોગતિમાં જાય અગર તો દૈવીશક્તિનો દુરુપયોગ કરે તો પણ અધોગતિમાં જાય. દૈવી અહંકારનું રીએક્શન આવે ત્યારે નર્કગતિ થાય.

નાનાં છોકરાંને અહંકાર સુષુપ્ત દશામાં હોય. અહંકાર તો હોય પણ તે કોમ્પ્રેસ થઈને રહેલો હોય. એ તો જેમ જેમ મોટો થતો જાય તેમ ફૂટે. નાનાં છોકરાંના ખોટા અહંકારને પાણી ના પાઈએ તો જ ડાહ્યા થાય. તેમના ખોટા અહંકારને પોષવા તમારા થકી ખોરાક ના મળે તો છોકરાં સુંદર-સંસ્કારી થાય.

આ જગતના લોકો જોડે ગૂંચો પાડવી જ નહીં. તે લોકો તો પોતાનો અહંકાર પોષવાનું ખોળે છે. માટે જો ગૂંચ ના પાડવી હોય તો આપણે તેનો અહંકાર પોષીને આગળ ચાલ્યા જવું, નહીં તો તમારો રસ્તો અટકી જશે. અહંકારી માણસ અહંકારની મોટી ગૂંચ પાડ પાડ કરે. તેને લોભની ગાંઠ ના પડે.

ઊંચી વિચારશક્તિ, સમજવાની શક્તિ હોય તે કલ્ચર્ડ કહેવાય. કલ્ચર્ડમાં અહંકારનું ઝેર બહુ હોય છે. મમતાનું ઝેર પણ બહુ નડે. મમતા છૂટે પણ અહંકાર છૂટે તેમ નથી.

ઘણા આપઘાત કરે છે તે ભયંકર અહંકાર છે. અહંકાર ભગ્ન થાય, કોઈ જગ્યાએથી એને જરાય પોષણ મળે તેમ ના હોય ત્યારે છેવટે આત્મહત્યા કરે. તે ભયંકર અધોગતિ બાંધે. અહંકાર જેમ ઓછો તેમ ગતિ ઊંચી થાય અને અહંકાર જેમ વધારે તેમ ગતિ નીચી થાય.

કોઈ જીવ મારવાનો અહંકાર કરે છે ને કોઈ જીવ બચાવવાનો અહંકાર કરે છે. ભગવાને બન્નેયને અહંકારી કહ્યા છે. કારણ કે કોઈનીય જીવને મારવાની કે બચાવવાની શક્તિ જ નથી. તેની સત્તામાં જ નથી. ખાલી અહંકાર જ કરે છે કે મેં જીવ બચાવ્યો, મેં જીવ બચાવ્યો. બન્નેય અહંકારી છે. બચાવનારને સારી ગતિ અને મારનારને અધોગતિ મળે છે. બન્નેયમાં બંધન તો છે જ.



સિંહ ભારે અહંકારી હોય. સિંહ તો તિર્યંચનો ઈન્દ્ર છે. બધા અવતારમાં ભટકી ભટકીને આવ્યો છે. પણ ક્યાંય સુખ મળ્યું નહીં. તે હવે જંગલમાં અહંકારની ગર્જનાઓ અને વિલાપ કરે. છૂટવાની ઈચ્છા છે, પણ માર્ગ મળતો નથી. માર્ગ મળવો અતિ અતિ દુર્લભ છે અને તેમાંય 'મોક્ષદાતા'નો સંયોગ ભેગો થવો અતિ અતિ દુર્લભ છે. બધા સંયોગ ભેગા થઈને વિખરાયા પણ જ્ઞાનીનો સંયોગ ભેગો થાય તો કાયમનો ઉકેલ આવે.

## અહંકારનું સમાધાન

આ રૂપક જે દેખાય છે તે સંસાર નથી. અહંકાર એ જ સંસાર છે. તો તેવા સંસારમાં કશું ન સચવાય તોય શું વાંધો છે ? એક માણસે આપણને પાંચસો રૂપિયાનો દગો દીધો હોય, તો તે પાછા આપવાના ટાઈમે આપણા અહંકારનું સમાધાન ના કરે એટલે રૂપિયા પાછા લેવા આપણે એની ઉપર કેસ કરીને ધમાલ કરી મૂકીએ પણ પછી જો પેલો આવીને આપણા પગે પડે, રડે એટલે આપણો અહંકાર સંતોષાય. એટલે આપણે એને જતો કરીએ.

આ અહંકાર તો એવો છે કે, કોઈને તે જ્યાં બેઠો હોય તે બેઠકનો અભાવ ના થવા દે. વાઘરી પણ અહંકારે કરીને તેની ઝૂંપડીમાં જ મમતા માને, સુખ માને. છેવટે એમ અહંકાર કરીનેય સુખ માને કે આપણે કૂતરાં જાનવર કરતાં તો સુખી છીએ ને ? અહંકારથી સહુ કોઈ જે કંઈ પ્રાપ્ત થયું હોય, તેમાં અભાવ ના થવા દે.

અહંકારથી વાડાઓ પડે. જ્ઞાની પુરુષ નિર્અહંકારી હોય. તેમનાથી તો બધા વાડાઓ એક થાય. ભેદ પાડીને રામરાજ્ય ભોગવવું તે અહંકારીઓનું કામ જ છે.

## અટકણ અને સેન્સિટીવનેસ

કેટલાક લોકો ઘણા સેન્સિટીવ હોય છે. સેન્સિટીવનેસ એ અહંકારનો પ્રત્યક્ષ ગુણ છે. કંઈક વ્યવહારની વાત ચાલતી હોય ને હું પૂછું કે વડોદરાથી આવતાં શું ભાંજગડ થઈ હતી ? ત્યારે કોઈ વચમાં બોલી

ઊઠે તે સેન્સિટીવ માલ કહેવાય. અટકણ પણ અહંકારની જ વિશેષ કરીને હોય છે. અટકણ એટલે ઘોડું બહુ તાકાતવાળું હોય પણ કંઈક મસ્જિદ જેવું કે કબર જેવું આવે ને બસ ત્યાં જ અટકી પડે. આગળ જ ના વધે તે અટકણ. દરેક મનુષ્યને અટકણ તો હોય જ. અટકણે જ બધાને ભટકણ કરાવી છે. અટકણ સે ભટકણ, ભટકણ સે લટકણ હો ગયા. અમે છટકણ બતાવીએ. અટકણનો અહંકાર ચાલશે પણ સેન્સિટીવનો અહંકાર નહીં ચાલે. એ જ્યાં સુધી રહે ત્યાં સુધી પ્રગતિ જ ના થાય. અટકણને તો જોવાથી છૂટી જાય પણ સેન્સિટીવ ગુણને તો ભાર દઈને, બહુ જાગૃતિ રાખીને બહુ જ જબરદસ્ત બ્રેક મારીને તોડશો તો જ જશે. ભરેલો માલ છે તેવો જ નીકળવાનો. પણ તેને જોતાં રહેજો. જ્ઞાનીએ સંપૂર્ણ પ્રકાશઘન આપ્યું હોય, છતાં બેસ્વાદ મોઢું થઈ જાય તેનું શું કારણ છે ? અટકણ અને સેન્સિટીવનેસ છે તેથી. સેન્સિટીવ માણસનો તો આત્મા એકાકાર થઈ જાય છે, તન્મયાકાર થઈ જાય છે. શુદ્ધાત્મા તન્મયાકાર થઈ જાય છે. શુદ્ધાત્મા તન્મયાકાર થઈ જાય તેથી બેસ્વાદપણું લાગે. તમે ક્યાં ખસ્યા છો તે જાણજો. તમે પ્રકાશ માર્ગ ઉપર ચાલો, જ્ઞાન માર્ગ ઉપર ચાલો, તેમાં અંધકાર કેમ દેખાય ? અટકણ અને સેન્સિટીવ થાઓ તેથી. એને જાણવાથી જ આ સેન્સિટીવ ગુણ જતો રહે. તમે જે માલ ભરી લાવ્યા છો તે જોવા અને જાણવાથી જતો જ રહેશે, જ્ઞાતા-દ્રષ્ટા રહેજો. અટકણનો આનાથી નાશ જ થઈ જશે પણ સેન્સિટીવપણું જલદી નહીં જાય. સેન્સિટીવ થયો એટલે મહીં ઈલેક્ટ્રિસીટી ઉત્પન્ન થાય. તે મહીં (શરીરમાં) તણખા ઝરે ને અનંત જીવો મરી જાય ! જાગૃતિ વિશેષ રહે તો કશું જ નડશે નહીં. ભરેલા માલનો નિકાલ થઈ જશે. વાતમાં કશો માલ નહીં અને આ અટકણ અને સેન્સિટીવનો માલ વળગી પડ્યો છે !

## અંતઃકરણનું સંચાલન

આ સંસાર શેનાથી ઊભો છે ? અંતઃકરણમાં મન બૂમાબૂમ કરે તો પોતે ફોન ઝાલી લે ને 'એલાવ, એલાવ' કરે, ચિત્તનો ફોન લઈ લે, બુદ્ધિનો ફોન, અહંકાર લઈ લે તેથી. મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર શું ધર્મ બજાવે છે, તે જુઓ અને જાણો. 'આપણે' ફોન કોઈનોય લેવાનો ના હોય. આંખ,



કાન, નાક વિગેરે શું શું ધર્મ બજાવે છે, તેના આપણે 'જ્ઞાતા-દ્રષ્ટા'. જો મનનો કે ચિત્તનો કે કોઈનોય ફોન ઝાલ્યો તો બધે અથડામણ થઈ જશે. એ તો જેનો ફોન હોય તેને 'એલાવ' કરવા દેવું, 'પોતે' નહીં.

અલ્યા, તેં કોઈ દહાડો ખાધા પછી તપાસ કરી કે મહીં આંતરડામાં કે હોજરીમાં શું થાય છે ? અવયવો તેના ગુણધર્મમાં જ છે. કાન એના સાંભળવાના ગુણધર્મમાં ના હોય તો સંભળાય નહીં. નાક એના ગુણધર્મમાં ના હોય તો સુગંધ અને દુર્ગંધ આવે નહીં. તેવી જ રીતે મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર બધાં જ પોતાના ગુણધર્મમાં બરોબર ચાલે છે કે નહીં તેની તપાસ રાખ્યા કરવાની છે. 'પોતે' 'શુદ્ધાત્મા'માં રહે તો કશો જ વાંધો આવે તેમ નથી. અંતઃકરણ એના ગુણધર્મમાં રહે, જેવું કે મન પેમ્ફલેટ બતાવવાનું કામ કરે, ચિત્ત ફોટા દેખાડે, બુદ્ધિ ડિસીઝન આપે અને અહંકાર સહી કરી આપે, એટલે બધું બરોબર ચાલે. એ એના ગુણધર્મમાં રહે અને શુદ્ધાત્મા પોતાના ગુણધર્મમાં રહે - જ્ઞાતા ને દ્રષ્ટા પદમાં તો કશો જ વાંધો આવે તેમ નથી. દરેક પોતપોતાના ગુણધર્મમાં જ છે. અંતઃકરણમાં કયા કયા ગુણધર્મ બગડેલા છે તેની તપાસ કરવાની અને બગડેલા હોય તો કેવી રીતે સુધારવા એટલું જ કરવાનું. પણ મૂઓ કહે, 'મેં વિચાર કર્યો, હું જ બોલું છું, હું જ કરું છું. આ હાથ-પગ પણ એના ગુણધર્મમાં છે પણ કહે કે હું ચાલ્યો.' માત્ર અહંકાર જ કરે છે અને અહંકારને જ પોતાનો આત્મા માન્યો છે, તેનો જ ડખો છે.

મનના ગુણધર્મ બગડેલા હોય એ ખબર પડે કે ના પડે ? પડે. ઘરમાં કોઈ ડોસી આવે અને આખો દિવસ કચકચ કરતી હોય તો પાંચ-પંદર દિવસમાં એની સાથે જો ભાંજગડ જ ના કરી હોય તો ટેવાઈ જવાય. તેમ આ મનમાં દારૂગોળો ફૂટે છે અને તેનાથી ટેવાઈ ગયા છે. તે ખબર જ પડતી નથી કે આ કયો દારૂ ફૂટે છે ? એ કોઠે પડી ગયું છે. અવળ-હવળ (અવળું-સવળું) દારૂ ભેગો થઈ ગયો છે. માનીએ કે આ ફૂલઝડી છે અને ફૂટે હવાઈની જેમ. તેમ મનમાં પણ અવર-હવર ભરેલું હતું, તે તેવું ફૂટે છે. ડોસીની જેમ મન સાથે ભાંજગડ ના હોય તો ટેવાઈ જવાય. મનની કચકચ, ડોસીની કચકચની જેમ કોઠે પડી જાય. 'આપણે' તો

'જ્ઞાતા-જ્ઞેય'નો આ મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર સાથેનો સંબંધ. આપણે જ્ઞાતા અને અંતઃકરણ તે જ્ઞેય. જ્ઞેય-જ્ઞાતા સંબંધ, શાદી સંબંધ નહીં. તેથી છૂટું ને છૂટું જ રહે 'આપણાથી' તે !

આ લોકો જે હિપ્નોટાઈઝ કરે છે તે અંતઃકરણ પર થાય છે. અંતઃકરણના બધા જ ભાગોને ઝડપે. પહેલાં ચિત્તને ઝડપે પછી બીજા બધા ઝડપાય. અંતઃકરણ ઉપર અસર થાય એટલે બાહ્યકરણ પર અસર થાય. પહેલાં અંતઃકરણ પર અસર થવાની. શૂન્ય મન થાય એટલે બાહ્યકરણ એના કહ્યા પ્રમાણે વર્તે. હિપ્નોટાઈઝ થયા પછી પોતાને ખબર ના પડે. પોતે શૂન્ય જ થઈ જાય. પછી ભાન આવે ત્યારે શું થયું તે પણ યાદ ના હોય. આખી અંતઃકરણની શૂન્યતા થઈ જાય, ત્યાં ભાન જ ના રહે ને ! હિપ્નોટિઝમ દરેક ઉપર ના થઈ શકે. એ પણ હિસાબ હોવો જોઈએ તો જ થઈ શકે. આ તો રૂપક છે. હિપ્નોટિઝમની અસર અમુક સમય સુધી જ રહે, વધારે ના રહી શકે.

દેહ સાથે અંતઃકરણની ભેટ મૂકીને એક જ કલાક જ્ઞાની પુરુષ સાથે બેસો તો જગતનો માલિક થાય. અમે એ એક કલાકમાં તો તમારાં પાપો ભસ્મીભૂત કરી નાખીએ અને દિવ્યચક્ષુ તમારા હાથમાં આપીએ, શુદ્ધાત્મા બનાવી દઈએ. પછી તમારે જ્યાં જવું હોય ત્યાં જાવ ને ! આ જ્ઞાન તો ઠેઠ મોક્ષે લઈ જાય ત્યાં સુધી જોડે જ રહેશે. અહીં અમારી હાજરીમાં અંતઃકરણ શુદ્ધિ થયા કરે. એમાં દુઃખ થતાં હોય તો તે બંધ થઈ જાય. ઉપરાંત શુદ્ધિ થાય. એ શુદ્ધિથી તો સાચો આનંદ ઉત્પન્ન થાય ! કાયમની શાંતિ થાય !

**પ્રશ્નકર્તા :** આ ભક્તો માળા ફેરવે છે ત્યારે અંતઃકરણની કેવી ક્રિયાઓ ચાલુ હોય છે ? મનમાં જાપ કરે છે. બહાર હાથથી મણકા ફેરવે છે અને ચિત્ત પાછું બીજી ક્રિયાઓમાં જતું રહ્યું હોય છે. એ શું ? એ કયું મન કાર્ય કરે છે તે વખતે ?

**દાદાશ્રી :** મનમાં એક વખત નક્કી કરી દે કે માળા ફેરવવી છે ત્યાર પછી માળા એની મેળે શરૂ થઈ જાય છે. હાથ એનું કાર્ય કર્યા કરે



છે તે વખતે મન અને અહંકાર અંતઃકરણમાં કાર્ય કરતાં હોય છે. ચિત્તનું ઠેકાણું હોતું નથી. ચિત્ત બહાર ભટકતું હોય છે તે ઘડીએ આ માળા મેં ફેરવી તેવો અહંકાર કરે છે, તે આવતા ભવ માટે બીજ નાખે છે. અત્યારે જે કરે છે તે કમ્પ્લિટ ડિસ્ચાર્જ છે. આ ડિસ્ચાર્જ થાય છે ત્યારે મૂઓ, એમાં અભિપ્રાય કરે છે. જેવા અભિપ્રાય બંધાય છે તેવું ફળ આવે છે. સારી ભાવનાવાળો અભિપ્રાય બાંધે છે કે આ માળા ફેરવું છું પણ ચિત્ત ઠેકાણે રહેતું નથી, ચિત્ત ઠેકાણે રહે તો સારું. તેથી આવતે ભવે તેવું મળી આવે છે અને કો'ક કહે છે, કે આ માળા ફેરવવાનું જલદી ઉકલી જાય તો સારું. તે તેવો અભિપ્રાય બાંધે છે, તેથી તેને માળા ફેરવવાનું જલદી ઉકલી જાય તેવું આવતે ભવે પ્રાપ્ત થાય છે.

જેવો અભિપ્રાય વર્તાય છે તેવું આવતા ભવનું બીજ વાવે છે. ત્યાં જ ચાર્જ થાય છે.

આ છોકરાં વાંચે છે ત્યાં જો મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર - ચારેય હાજર રહે તો એક જ વાર વાંચવું પડે. ફરી વાંચવું જ ના પડે ! પણ આ તો વાંચે અહીં અને ચિત્ત ક્રિકેટ રમાતું હોય ત્યાં હોય, તે બધું વાંચેલું નકામું જાય છે. આ ખાટલાનો એક પાયો જો તૂટેલો હોય તો શું થાય ? કેવું ફળ આપે ? તેવું છે આ અંતઃકરણનું પણ ! કવિએ ગાયું છે કે,

'ભીડમાં એકાંત એવી સ્વપ્નમયી સૃષ્ટિમાં,
સૂણનારો 'હું' જ ને ગાનારો 'હું' જ છું.'

આ મુંબઈની લોકલ ટ્રેનમાં સાંજના વખતે બરાબરની ભીડ હોય ત્યારે આમથી ગોદા મળે ને તેમથી મળે ત્યારે મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર, બધાં જ બરોબરનાં ભીડમાં આવેલાં હોય, બધાં જ એન્ગેઝડ હોય ત્યારે 'પોતાને' (શુદ્ધાત્માને) તે વખતે જોવાની-જાણવાની ખરી મઝા આવે. ત્યારે એ એકલો પડે અને ત્યારે જ એની ખરી સ્વતંત્રતા મળે. અલ્યા, જેમ ભીડ વધારે અને જ્ઞેય વધારે તેમ 'જ્ઞાતા'ની 'જ્ઞાનશક્તિ' પણ ગજબની ખીલે. ખરેખરો ભીડમાં હોય ત્યારે પેલી બાજુ 'જ્ઞાતા' પણ ખરેખર ખીલે, સંપૂર્ણ પ્રકાશમાં આવે. જેટલો સ્કોપ વધ્યો તેટલી શક્તિ

વધી. આ કેટલાક બધું છોડી જંગલમાં જાય છે, તે અલ્યા, ખરી મઝા જ ભીડમાં છે. બહાર ભીડ, મહીં ભીડ, બધેય ભીડ હોય ત્યારે શુદ્ધાત્મા ખરો એકલો પડે. ત્યાં પછી એ જરાય કશામાં જ તન્મયાકાર ના થાય. જો કે આ સ્વરૂપ જ્ઞાન પ્રાપ્ત થયા પછી જ બની શકે.

## ફરજિયાત - મરજિયાત

જગત કેમ ચાલી રહ્યું છે તે સમજાય તેવું નથી. આ જગતમાં બધું જ ફરજિયાત છે અને મરજિયાત સમજીને ચાલે છે, તેથી બધી ફસામણ છે. જન્મ્યા તે ફરજિયાત, ભણ્યા તે ફરજિયાત, પરણ્યા તે ફરજિયાત અને મરશે તે ય ફરજિયાત. એક આંકડોય મરજિયાતનો, અરે, એક સમય પણ મરજિયાતનો કોઈએ જાણ્યો હોય તેવો માણસ વર્લ્ડમાં દુર્લભ છે ! પોતે પુરુષ થાય ત્યારે જ તેની સ્વતંત્ર મરજી ઉત્પન્ન થાય છે અને ત્યારથી જ તેને ફરજિયાત જગતમાં મરજિયાતપણું ઉત્પન્ન થાય છે. પુરુષ થયા પછી જ પુરુષાર્થ થઈ શકે. મૂઆ, બધા જ ફરજિયાતમાં છે. જન્મ્યા ત્યાંથી લાકડામાં જશો ત્યાં સુધી. અરે, અનંત અવતારો સુધી ફરજિયાતમાં જ ભટક્યા અને એમાં જ ભટકવાનું, જો જ્ઞાની પુરુષ છુટકારો કરાવનાર ના મળે તો !

છોકરાંને મોટાં કરવાં, ભણાવવાં, પરણાવવાં, રાગે પાડવાં એ બાપનું ફરજિયાતપણું છે. ફરજિયાત એટલે ડ્યૂટી બાઉન્ડ અને મરજિયાત એટલે વિલ બાઉન્ડ. લોકો ફરજિયાતને મરજિયાત માને છે. અલ્યા, તારી વિલિંગનેસ જે બાજુ હોય તે બાજુ સંસાર વીંટાઈ રહ્યો છે. ફરજિયાત તેમાં મરજિયાતનું ચિતરામણ ચીતરી રહ્યા છે. જે ફેરવી શકાય છે તે વીલ પાવર છે. ઘણા છોકરા બાપની સામા થઈ જાય છે ત્યારે બાપ ગુસ્સે થાય છે અને બધું કહી બતાવે છે કે મેં તને ભણાવ્યો, ગણાવ્યો, મોટો કર્યો. અલ્યા, તેમાં તે નવું શું કર્યું ? એ ફરજિયાત હતું. તારું મરજિયાત જે હોય તે કહી બતાવ ને !

દેવગતિમાં ક્રેડિટ ભોગવવા જવું પડે એય ફરજિયાત, તેવી જ રીતે ડેબિટ ભોગવવાનું ફરજિયાત છે. આ સર્વિસ કરો છો તે મરજિયાત છે ? ના, ફરજિયાત છે. તમે તમારી કોઈ મરજિયાત વસ્તુ કરી હોય તેમ લાગે છે ? આ તો જે કંઈ બને છે તે જો ઈચ્છાને અનુરૂપ થાય તો માની લે



છે કે મરજિયાત છે અને ઈચ્છાને પ્રતિરૂપ થાય તો કહે છે કે ફરજિયાત છે. મૂઆ, બન્નેય ફરજિયાત છે. ઈચ્છા એય ફરજિયાત છે !

આ બધી જ ક્રિયાઓ અટકાવાય તેવી નથી. બધી જ ફરજિયાત છે અને નિરંતર બંધન રૂપ છે. મરજીથી કર્યું, નામરજીથી કર્યું એ કલ્પના છે. મરજિયાત જે છે તેનું ભાન નથી. ફરજિયાતમાં કર્તાપણું આખુંય ઊડી જાય છે ! જ્યારે મરજિયાતમાં પોતે કર્તા થઈ બેસે છે ! મરજિયાત માને છે તે ઈગોઈઝમ જ છે. કમાય ત્યારે ‘હું કમાયો’ કહે ને ખોટ જાય છે ત્યારે ‘ભગવાને ઘાલી’ એમ કહે છે એ જ બતાવે છે કે આ વિરોધાભાસ છે, ઈગોઈઝમ છે. જગતને મરજિયાત માને છે તેથી પાપ-પુણ્ય બાંધે છે. જો ફરજિયાત માને તો કશું જ બંધાય નહીં.

આ લગ્ન કર્યાં તે ફરજિયાત કર્યાં કે મરજિયાત ?

**પ્રશ્નકર્તા :** પહેલાં મરજિયાત લાગતું હતું, હવે ફરજિયાત લાગે છે.

**દાદાશ્રી :** આ તમારું નામ છે તે ફરજિયાત છે કે મરજિયાત છે ? ફરજિયાત જ. કારણ કે નાનપણથી જ આપેલું, તેના તે જ નામે ચલાવવું પડે. ગમતું કે ના ગમતું હોય તોય એમાં છૂટકો નહીં. આ તો ફરજિયાત છે અને એની મેળે જ થઈ જાય છે. સંસારના સમસરણ માર્ગમાં ત્રીજા માઈલે ને ચોથે ફર્લાંગે આવું જ થશે તે ફરજિયાત તેવું કરવું જ પડે. ફરજિયાતમાં પોલીસવાળો મારી-ઠોકીને કરાવે. બહારના પોલીસવાળા છે તેવા જ મહીં પણ છે. તે મહીંના પોલીસવાળા તે બધા ભમરડાને ચલાવે. એક દહાડો હું ઓટલે બેઠો હતો ને બે-ચાર જણ એક બળદને ખેંચીને લઈ જતા હતા તે બળદનું નાક ખેંચાય ને તૂટું તૂટું થઈ રહ્યું હતું. ને ઉપરથી, પાછળથી ડફણાં પડે, આરો મારે તોય મૂઓ ખસે જ નહીં. તે મેં પેલા માણસોને પૂછયું કે ભાઈ, કેમ આમ કરો છો ? બળદ કેમ ચાલતો નથી ? તે તેમણે કહ્યું કે, ‘આગલે દહાડે બળદને દવાખાને લઈ ગયેલા તે તેને તેની ભડક પેસી ગયેલી એટલે આજે જતો નથી.’ આ તો જેમ તેમ કરીનેય ગયા વગર છૂટકો જ નહોતો. નાક ખેંચાય, ડફણાં પડે ને આરો ઘોંચાય ને જવું પડે, તેના કરતાં એમને એમ જવું શું ખોટું ? ડફણાં ખાઈનેય છેવટે કરવું તેના કરતાં રાજીખુશીથી શા માટે ના કરવું ? અલ્યા,

બધું જ ફરજિયાત છે. માટે પાંસરો થઈને છાનોમાનો ચાલને ! નહીં તો બળદની જેમ તને પણ જગત ડફણાં મારશે !

જગતનાં ઝેર તારે લાખ ના પીવાં હોય પણ તે ફરજિયાત છે એટલે ડફણાં ખાઈનેય પીવાં તો પડશે જ. રડતે મુખે પીવા કરતાં હસતે મુખે પીને, નીલકંઠ બની જા ! એનાથી તારો અહંકાર રસ સુંદર રીતે ઓગળી જશે ને તું મહાદેવજી બનીશ ! અમેય આ રીતે જ મહાદેવજી બન્યા છીએ !

ભગવાન મહાવીરને પણ ત્યાગ ફરજિયાત હતો. તેમનું મરજિયાત તો જુદું જ હતું. તે પોતે સ્વતંત્ર થયા હતા. પુરુષ થયા હતા ને મરજિયાત ઉત્પન્ન થયું હતું. પણ બહારના ભાગમાં ફરજિયાત હતા. તે લક્ષ ના ચૂકે. વહુને છોડી તેય ભગવાન ફરજિયાત છોડીને ગયા, તેને લોકો મરજિયાત માને છે. અમારા મહાત્માઓ જે ફરજિયાતમાં કરે તે વૈભવ અને મરજિયાતમાં કરે તે મોક્ષ ! વૈભવ સાથે મોક્ષ એવું આ દાદા ભગવાનનું 'અક્રમ જ્ઞાન' છે !

## જગતનું અધિષ્ઠાન

આખું જગત, 'જગતનું અધિષ્ઠાન' ખોળે છે પણ તે જડવું મુશ્કેલ છે. 'પ્રતિષ્ઠિત આત્મા' એ આ જગતનું મોટામાં મોટું અધિષ્ઠાન છે. આજે જગતનું સાચું અધિષ્ઠાન નેચરલી બહાર પડ્યું છે અમારા થકી.

તમે પોતે 'શુદ્ધાત્મા' તો બીજું મહીં રહ્યું કોણ ? આ અંદરની સૂક્ષ્મ ક્રિયાઓ કોણ કરે છે ? એ બધું પ્રતિષ્ઠિત આત્માથી થાય છે. પ્રતિષ્ઠિત આત્મા એટલે પાછલા ભવમાં જે જે કર્મ કરેલાં, જે જે પ્રતિષ્ઠા કરેલી તેનાથી પ્રતિષ્ઠિત આત્માનું બંધારણ થયું. પ્રતિષ્ઠા કેવી રીતે કરી ? 'હું ચંદુભાઈ', 'આ મારો દેહ', 'આ મારું મન', 'જે જે કંઈ થયું તે મેં કર્યું.' એ બધી પ્રતિષ્ઠા થઈ. તે પછી પ્રતિષ્ઠિત આત્મા થઈને આ ભવે ફરી પાછો દેહમાં આવે છે. બીજા શબ્દમાં આરોપિત આત્મા કહેવાય. તે બધે આરોપણ કરે છે. વિસર્જન થાય છે ત્યારે સૂક્ષ્મ રીતે સર્જન કરે છે. તે શી રીતે સમજાય ? જે સર્જન થાય છે તે નવા પ્રતિષ્ઠિત આત્માનું થાય છે. હવે આની શી રીતે ખબર પડે ?



પ્રતિષ્ઠિત આત્મા ક્યારે કહેવાય ? જ્યારે અહંકાર (હું) અને મમતા (મારું) ભેગું કરીએ ત્યારે. 'હું નહોય' ને 'મારું નહોય' એ નિર્વિકારી છે. 'આ હું છું' અને 'આ મારું છે' એ વિકારી સંબંધ છે. વિકારી સંબંધ તે પ્રતિષ્ઠિત આત્માનો છે. શુદ્ધાત્મા તો નિર્વિકારી છે.

પ્રતિષ્ઠિત આત્મા જ આ બધું કાર્ય કરી રહ્યો છે. 'શુદ્ધાત્મા' કંઈ જ કરતો નથી. હાલવું-ચાલવું એ બધા અનાત્માના ગુણધર્મ છે, આત્માના નથી. આત્મા રાતેય ઊંઘતો નથી ને દહાડેય ઊંઘતો નથી. અનાત્મા ભાગ ઊંઘે છે. જે ક્રિયા કરે છે તે જ ઊંઘે છે. જે ક્રિયા કરે છે, તેને રેસ્ટની જરૂર છે. શુદ્ધાત્મા તો ક્રિયા કરતો જ નથી તો તેને રેસ્ટની શી જરૂર ? રેસ્ટ કોણ ખોળે ? જે રેસ્ટમાં ઈન્ટરેસ્ટેડ હોય તે. તે કોણ ? પ્રતિષ્ઠિત આત્મા. આ બધી ક્રિયાઓ પ્રતિષ્ઠિત આત્માની છે. પ્રતિષ્ઠિત આત્માને ઊંઘ સારી આવી કે ખોટી આવી તે જાણ્યું કોણે ? એની ક્રિયાને જાણી કોણે ? શુદ્ધાત્માએ. શુદ્ધાત્મા પ્રતિષ્ઠિત આત્માની કોઈ પણ ક્રિયામાં ડખો કરતો જ નથી. કેવળ જુએ છે અને જાણે છે. ડખો તો પ્રતિષ્ઠિત આત્માનો છે. પ્રતિષ્ઠિત આત્મા જે જાણે છે તે જ્ઞેય છે અને પ્રતિષ્ઠિત આત્માને જ્ઞેય સ્વરૂપે જે જાણે છે તે 'શુદ્ધાત્મા' છે. પ્રતિષ્ઠિત આત્માને ડખો શાથી છે ? કારણ કે તે ઈન્ટરેસ્ટેડ છે. શુદ્ધાત્માને ઈન્ટરેસ્ટ નથી. એ તો જ્ઞાતા-દ્રષ્ટા ને પરમાનંદી છે. 'શુદ્ધાત્મા' એ સ્વ-પર પ્રકાશક છે જ્યારે પ્રતિષ્ઠિત આત્મા પરપ્રકાશક છે. 'શુદ્ધાત્મા' પ્રતિષ્ઠિત આત્માને પણ જુએ છે ને જાણે છે. માટે પ્રતિષ્ઠિત આત્મા જ્ઞેય છે. શુદ્ધાત્મા અને પ્રતિષ્ઠિત આત્માને જ્ઞાતા અને જ્ઞેયનો સંબંધ માત્ર છે.

અજ્ઞાની પૂછે, ત્યારે દુઃખ કોને પડે છે ? મૂઆ, દુઃખ તને જ પડે છે. તું આત્મા નહીં ? આત્મા ખરો પણ પ્રતિષ્ઠિત આત્મા ! તારો આરોપિત આત્મા ! અસલ મૂળ આત્મા-શુદ્ધાત્માને તો તું જાણતો જ નથી, ઓળખ્યો જ નથી, તો પછી તે રૂપ તો શી રીતે તને કહેવાય ? હા, તું 'શુદ્ધાત્માને જાણે, એને ઓળખે અને તેમાં જ નિરંતર રહે તો તું શુદ્ધાત્મા અને જો તું ચંદુલાલ અને આ દેહ તારો તો તું પ્રતિષ્ઠિત આત્મા. અહંકાર અને મમતાની પ્રતિષ્ઠા કરી તેથી તું પ્રતિષ્ઠિત આત્મા.

જાપાનના લોકોએ મોટર બનાવી. ચાવી એવી આપી કે પાંચ કિલોમીટરે ઊભી રહે ને ચાર જણ મહીં બેઠા. મોટર તો ચાલી ચાવીને આધારે. ચાવી આપનારો પેલો, પણ દોઢ કિલોમીટરે જ જેને મળવા જતા હતા તે ભાઈ રસ્તામાં મળ્યા. તે કહે, 'જય સચ્ચિદાનંદ ! અલ્યા, ઊભા રહો, ઊભા રહો.' આ અક્કરમી કેવી રીતે ઊભો રહે ? ચાવી આપી દીધા પછી મોટર ઊભી શી રીતે રહે ?

**પ્રશ્નકર્તા :** યુ ટર્ન મારે, એ તો પછી.

**દાદાશ્રી :** એ તો સમજણની વાત છે. પેલાને કહે કે, 'ઊભા રહો' ને બાકીનું અંદર ગોળ ગોળ ફર્યા કરે ને ગરબા ગાય !

એવું છે આ જગત ! પોતે ચાવી આપી, મોટર ચલાવનારનેય ગરબા ગાવા પડે. પ્રતિષ્ઠા કરે પોતે, પણ જ્યારે વિસર્જન નેચરલી થાય છે ત્યારે ફસામણ થાય છે.

જે સાંભળે છે તે પ્રતિષ્ઠિત આત્મા, આંખે દેખાય છે તે પ્રતિષ્ઠિત આત્મા, પાંચ ઈન્દ્રિયોથી અનુભવે છે તે પ્રતિષ્ઠિત આત્મા. પ્રતિષ્ઠિત આત્માએ શું જાણ્યું, શું અનુભવ્યું તે જુએ છે અને જાણે છે તે 'શુદ્ધાત્મા'. ઈન્દ્રિયગમ્ય જ્ઞાન તે પ્રતિષ્ઠિત આત્મા, અતીન્દ્રિય જ્ઞાન તે શુદ્ધાત્મા. પ્રતિષ્ઠિત આત્મા ઈનડિરેક્ટ, લિમિટેડ જ્ઞાન છે. શુદ્ધાત્મા એ ડિરેક્ટ, અનલિમિટેડ જ્ઞાન છે. પ્રતિષ્ઠિત આત્માએ ચાર્જ કરેલી શક્તિઓનું ગલન થયા કરે છે. છેવટે પ્રતિષ્ઠિત આત્મા અને શુદ્ધાત્મા બન્ને સાથે જ છૂટા પડવાના. નિર્વાણ પામે છે ત્યારે શુદ્ધાત્મા નિરાકારી હોવા છતાં છેલ્લા દેહના ૨/૩ સાકારી પ્રમાણમાં હોય છે. જગતમાં આલ મેલ, લે મેલ થઈ રહી છે સ્થૂળની કે સૂક્ષ્મની, તે બધી પ્રતિષ્ઠિત આત્માની જ છે. બાકી કોઈ લૂંટી શકતો નથી ને કોઈ લૂંટાતો નથી. આ તો પ્રતિષ્ઠિત આત્માએ કરેલી પ્રતિષ્ઠાની આપ-લે થઈ રહી છે !

પ્રતિષ્ઠિત આત્માને બાળે તો ભયંકર પાપ લાગે. શાથી ? કારણ કે એનો જ માનેલો છે, આરોપિત છે. આ ટિપાઈ બાળો તો પાપ ના લાગે પણ જો કોઈનું આરોપણ હોય, કોઈની પ્રતિષ્ઠા હોય કે આ ટિપાઈ મારી છે તો ભયંકર પાપ લાગે. મમતા ભોક્તાપદમાં ઘડાય. ભોક્તાપદમાં મારું પદ એનું આરોપણ કરે છે. ભોક્તાપદમાં જે મમતા કરેલી છે તેનો જ આ સામાન છે. જેવી પ્રતિષ્ઠા કરે તેવું ફળ મળે. સુખની કરે તો સુખ લાગે. ગમો-અણગમો કરેલી પ્રતિષ્ઠાના આધારે લાગે. 'શુદ્ધાત્મા' ક્યારેય વેદક થયો નથી, કર્તા થયો નથી, ભોક્તાય થયો નથી ને થશેય નહીં. વેદક એટલે મમતા. 'શુદ્ધાત્મા' અને વેદક (મમતા) એ વિરોધાભાસ છે. વેદક, કર્તા કે ભોક્તા જે દેખાય છે તે પ્રતિષ્ઠિત આત્મા. આ ચક્ષુગમ્ય કે ઈન્દ્રિયગમ્ય કોઈ પણ ક્રિયા શુદ્ધાત્માની નથી, એ બધી ક્રિયાઓ પ્રતિષ્ઠિત આત્માની છે. 'શુદ્ધાત્મા'ની ક્રિયા એ જ્ઞાનગમ્ય છે. અનંત જ્ઞાનક્રિયા, અનંત દર્શનક્રિયા વગેરે છે. એ તો જ્યારે પોતે શુદ્ધાત્મા સ્વરૂપ થાય ત્યારે જ સમજાય, ત્યારે જ પોતાને પોતે 'શુદ્ધાત્મા' અક્રિય છે તે સમજાય. જ્યાં સુધી પોતે 'શુદ્ધાત્મા સ્વરૂપ' થયો નથી ત્યાં સુધી 'એ' પ્રતિષ્ઠિત આત્મસ્વરૂપ છે અને તેથી કર્તા-ભોક્તાપદમાં છે. ભોક્તાપદમાં પાછો કર્તા થઈ બેસે છે ને નવી પ્રતિષ્ઠા કરી નવો પ્રતિષ્ઠિત આત્મા ઊભો કરે છે, નવી મૂર્તિ ઊભી કરે છે ને ઘટમાળ ચાલુ જ રહે છે !



શુદ્ધાત્મા જ્ઞાતા-દ્રષ્ટા જ છે પણ પ્રતિષ્ઠિત આત્માએ જ આ બધું ઘડતર કરેલું, તેથી જ અરીસામાં દરેકને પોતાનું મોં ગમે છે, નહીં તો ના ગમે. આ બધું જ ચિત્રામણ પ્રતિષ્ઠિત આત્માનું જ છે. પ્રતિષ્ઠિત આત્મા જ્યાં સુધી 'હું કરું છું' તેમ માને છે, તે પ્રતિષ્ઠા કરી. દરેક મનુષ્ય પોતાનો આગલો અવતાર પોતે જ ઘડે છે. તમે જેવી પ્રતિષ્ઠા કરશો તેવા થશો. તારી જ પ્રતિષ્ઠા તે જ પ્રતિષ્ઠિત આત્મા છે અને તે જ આ બધાનો કર્તા વ્યવહાર આત્મા છે.

'સત્ય'ની શોધ માટે આખું જગત ભટકી રહ્યું છે. જે પરમાત્મા પોતાનામાં પ્રકાશિત થઈ રહ્યા છે તે 'સત્' છે. પણ કોઈનેય વર્લ્ડમાં આત્મા જડ્યો હોય તેવો કોઈ અત્યારે નથી અને જે જડ્યો છે તે રિલેટિવ આત્મા છે પણ તેય રિલેટિવ આત્મા પૂરો જડ્યો નથી. રિલેટિવ આત્મા એ જ પ્રતિષ્ઠિત આત્મા.

'પ્રતિષ્ઠિત આત્માના હાથમાં ભાવના ભાવવા સિવાય બીજી કોઈ શક્તિ નથી.'

અવ્યવહાર રાશિમાં જેટલા આત્મા છે તે પ્રતિષ્ઠિત આત્માની સાથે ને સાથે જ હોય છે. અવ્યવહાર રાશિના જીવો એટલે કે જેમનું નામ પણ પડ્યું નથી. વ્યવહાર રાશિમાં જીવ આવે એટલે તેનું નામ પડે, ત્યાંથી પછી તેનું વ્યવસ્થિત શરૂ થાય છે.

અંતઃકરણનો માલિક પ્રતિષ્ઠિત આત્મા છે પણ તે તેનાથી જુદો છે. મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર એ બધાથી જુદો છે. મન કહે છે કે અમુક કરવું છે પણ પ્રતિષ્ઠિત આત્મા કહે છે કે આ નથી કરવું તો તે ન થાય. આમાં જે ભાવ છે તે પ્રતિષ્ઠિત આત્મા છે. શુદ્ધાત્મા જ્ઞાતા-દ્રષ્ટા છે. અંદર ઈચ્છા થાય છે એ પ્રતિષ્ઠિત આત્મા કામ કરે છે. મન સાથે પ્રતિષ્ઠિત આત્મા ભળે તે શુદ્ધાત્મા જાણે અને ના ભળે તેય શુદ્ધાત્મા જાણે. અજ્ઞાની માણસ પણ પ્રતિષ્ઠિત આત્માને મનથી જુદો પાડી, યોગબળે કરીને, અમુક શક્તિઓ મેળવે છે.

'શુદ્ધાત્મા પદ' પ્રાપ્ત કર્યા પછી હવે આપણે પ્રતિષ્ઠા કરતા નથી. પહેલાંની કરેલી પ્રતિષ્ઠા છે તેથી વ્યવહાર ચાલે છે. આપણા શબ્દોમાં નિર્અહંકાર છે. નવું ચિતરામણ થતું બંધ થઈ જાય એ ગજબની વસ્તુ છે ! એક ભવ પણ જો પ્રતિષ્ઠા ન થાય તો કામ જ થઈ ગયું ને ! જ્ઞાનીનો પ્રતિષ્ઠિત આત્મા અને મિથ્યાત્વીનો પ્રતિષ્ઠિત આત્મા એમાં ફેર કેટલો ? જ્ઞાનીનો 'હું' શુદ્ધાત્માને જ પહોંચે છે, એના અર્થે જ છે. જ્યારે પેલાનો 'હું' પ્રતિષ્ઠિત આત્મા માટે જ છે. જ્ઞાનીને આ બધું પરાયું જે જાણે છે તે શુદ્ધાત્મા છે. 'જ્ઞાની' પ્રતિષ્ઠિત આત્માને પણ પરાયું જાણે છે જ્યારે મિથ્યાત્વીને આ બધું પરાયું જે જાણે છે, તે પ્રતિષ્ઠિત આત્મા છે.

**પ્રશ્નકર્તા :** સંસાર વ્યવહારમાં જે ચેતન વપરાય છે તે 'શુદ્ધાત્મા'નું છે ?

**દાદાશ્રી :** આ વપરાતું ચેતન તે પ્રતિષ્ઠિત આત્માનું છે. 'શુદ્ધાત્મા'નું જરાય કશુંય જવાનું નથી ને વપરાવાનું નથી. બેટરી ચાર્જીંગ સ્ટેશન હોય તે બેટરી ચાર્જ કરી આપે, તેમાં તેની શક્તિઓ ઓછી થતી નથી. આ બધાં ગમે તેવાં કર્મો કરશે, ગમે તે અવતારમાં આવશે, તેમાં સોનું તેનું તે જ, માત્ર ઘડામણ જાય છે. પાડો ઘડ્યો તે પાડાની ઘડામણ ગઈ. અનંત અવતાર નર્કમાં ફર્યો પણ સોનું નવ્વાણું ટકા નથી થયું, સો ટચનું જ છે.



આ જે વધ-ઘટ થાય છે તે તો પ્રતિષ્ઠિત આત્માની. ચાર્જ-ડિસ્ચાર્જ થાય છે તે પ્રતિષ્ઠિત આત્માનું, મિશ્રચેતનનું થાય છે, શુદ્ધાત્માનું નહીં.

આ પથ્થરની મૂર્તિમાં પ્રતિષ્ઠા કરે છે તે કેટલાય કાળ સુધી ફળ આપે છે ને ! પ્રતિષ્ઠાની કેટલી બધી શક્તિ છે ! અરે, લોખંડને ય ઊડાડે ! આ જગતમાં સાયન્સની જે બધી શોધખોળો છે તે બધી પ્રતિષ્ઠિત આત્માની છે. પ્રતિષ્ઠિત આત્માની આટલી બધી શક્તિઓ છે, તો શુદ્ધાત્માની અનંત શક્તિઓની વાત જ શી કરવી ? આત્મામાં એટલી બધી શક્તિ છે કે, આ ભીંતમાં પ્રતિષ્ઠા કરે તો ભીંત બોલે તેમ છે !

પ્રતિષ્ઠિત આત્મા ય એટલો બધો શુદ્ધ છે કે તે વિચાર ના કરી શકે. વિચાર એ તો મનનું સ્વરૂપ છે. ગ્રંથિ ફૂટે ત્યારે વિચારદશા પ્રાપ્ત થાય છે. ધર્મના વિચારો કે ચોરી કરવાના વિચારો આવે છે તે મનની ગાંઠો છે. પ્રતિષ્ઠિત આત્મા જો વિચાર કરી શકતો હોત તો બુદ્ધિ જ ના રહે. તો પછી કોમ્પ્યુટર જેવું થઈ જાય. પ્રતિષ્ઠિત આત્મા જે અંતઃક્રિયા કરે તે અંતઃકરણ, પછી બાહ્યકરણમાં તેવું જ થાય. અંતઃકરણ જેને જોતાં આવડે, તેને બાહ્યકરણની ખબર પડે. પણ મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર જોતાં આવડવું જોઈએ ! મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર એ પ્રતિષ્ઠિત આત્માના ભાગ છે અથવા અંતઃકરણ એ પ્રતિષ્ઠિત આત્માથી છે. અંતઃકરણ જેમ બતાવે છે તેમ બાહ્યકરણમાં-બહાર રૂપકમાં આવે છે. અંતઃકરણ સાથે મગજ પણ છે પણ તે સ્થૂળ છે, જ્યારે અંતઃકરણ સૂક્ષ્મ છે. એટલે જે જે અંતરમાં ક્રિયા થાય છે તે પ્રતિષ્ઠિત આત્માના આધારે થાય છે.

મૂર્તિમાં પ્રતિષ્ઠા કરે તો 'મૂર્ત ભગવાન' મળે, અમૂર્તમાં પ્રતિષ્ઠા કરે તો 'અમૂર્ત ભગવાન' મળે.

## નિશ્ચેતન ચેતન

જગત જેને ચેતન કહે છે, તેને અમે નિશ્ચેતન ચેતન કહીએ છીએ. કારણ કે દેખાય છે તો ચેતન, લક્ષણ ચેતનનાં છે પણ ગુણ એકુય ચેતનનો નથી, તો તેને ચેતન શી રીતે કહેવાય ?

દા.ત. પિત્તળને બફિંગ કરે તો સોના જેવું જ દેખાય, સોના જેવાં

બધાં જ લક્ષણ દેખાય, પણ એ તો સોની પાસે લઈ જાવ તો ખબર પડે. સોની પહેલાં તપાસ કરે કે તેમાં સોનાના ગુણધર્મ છે કે નહીં ? નથી તો તે સોનું નહોય. લક્ષણ સોના જેવાં હોવા છતાં તેના ગુણધર્મ ન હોવાથી તે સોનું નહોય. તેવી જ રીતે ચેતનનાં લક્ષણ દેખાય પણ એકુય ગુણધર્મ ના હોય તો તેને ચેતન શી રીતે કહેવાય ? અમે તેને નિશ્ચેતન ચેતન કહીએ છીએ. પિત્તળ સોના જેવું જ દેખાય પણ જ્યારે કાટ ચઢે ત્યારે બોલી ઊઠે ! તેમ સોનું પણ બોલી ઊઠે !

આ દેહ તે નિશ્ચેતન ચેતન છે. 'આપણે' શુદ્ધ ચેતન છીએ. પૂર્વે પ્રતિષ્ઠા કરેલી, તે પ્રતિષ્ઠિત આત્મા. તે જ પ્રતિષ્ઠિત ચેતન છે.

કાં તો ચેતન સારું કે કાં તો અચેતન સારું, પણ અર્ધચેતન નહીં સારું. કારણ કે તેમાં બધાં જ ચેતનનાં લક્ષણ. ભગવાને કહેલું કે, વાવમાં જઈને સ્પંદન કરજે, પણ આ મિશ્ર ચેતન આગળ સ્પંદન ના કરીશ. મિશ્ર ચેતન જોડે સ્વાભાવિક વ્યવહાર હોય તેનો વાંધો નથી, પણ ત્યાં આગળ સ્લીપ ના થવો જોઈએ. કોઈ લપસે ત્યારે અમે ચેતવીએ. મિશ્ર ચેતન જોડેનો વ્યવહાર હોય ત્યાં અમે ટકોર મારીએ. અચેતન હોય ત્યાં વાંધો નથી. આ બીડી છે તે અચેતન છે ત્યાં અમે વાંધો ના ઊઠાવીએ. ચોપડો ચીતરેલો હોય તે તો હિસાબ કહેવાય. હિસાબ ના ચૂકવે તો મહીં પરમાણુ બૂમો પાડે, દિમાગ બગડી જાય. આ મિશ્ર ચેતન વચ્ચે આવે તો અમે ચેતવીએ. અલ્યા, અહંકારે કરીનેય ચેત, ગાફેલ રહે એ ના ચાલે. નહીં તો બીજા ભવ બગડે.

આ સિનેમા દાવો માંડે કે અમારી સાથે ભોગ કેમ ભોગવો છો ? ના. એ ના માંડે. કારણ કે એ અચેતન છે. જ્યારે મિશ્ર ચેતન તો દાવો માંડે. કેમ કે એને મહીં ઠંડક નથી. એને મહીં ભારે બળતરા છે, તેને લીધે જ દાવો માંડે છે. મહીં જો ઠંડક હોય તો વાંધો ના આવે. મિશ્ર ચેતન માટે જરાક અવળો વિચાર આવે કે તરત જ ભૂંસી નાખવો પડે. પ્રતિક્રમણ કરીને કાઢી નાખવો પડે પણ અચેતન માટે પ્રતિક્રમણ ના કરે તો ચાલે. મિશ્ર ચેતન એ મોક્ષ તો ના થવા દે પણ મહીં જે સુખ આવતું હોય તેનોય અવરોધ કરે.



સિનેમા કે જીભની ફાઈલ રોગ ઊભો કરે તેમ નથી, પણ મિશ્ર ચેતનથી જ રોગ ઊભો થાય છે. ભજિયાં રિસાય નહીં, પણ મિશ્ર ચેતન રિસાયા વગર રહે ખરું ? મિશ્ર ચેતનથી આખો સંસાર ઊભો છે. મિશ્ર ચેતન એ બ્લેક હોલ છે. એ વ્યવહાર જ જો બંધ થઈ જાય પછી શું ઉપાધિ ?

મુક્ત મને બેસાય એવી સેફ સાઈડ રાખવી. મન જો બૂમો પાડે કે ભજિયાં ખાવાં છે તે આપી દીધાં એટલે મુક્ત મને બેસવા દે, જ્યારે મિશ્ર ચેતન ના બેસવા દે. સત્સંગમાંય કણીની જેમ ખૂંચ્યા કરે.

તમે જે વર્તો છો તે બે ભાગમાં છે; એક તો નિશ્ચેતન ચેતન અને બીજું ચેતન. પણ તમે પોતે નિશ્ચેતન ચેતનને ચેતન માનો છો. પણ બન્ને ભાગ મિક્ષ્ચર સ્વરૂપે છે, કંપાઉન્ડ સ્વરૂપે નથી, નહીંતર તો બન્નેયના ગુણધર્મો નાશ પામે.

નિશ્ચેતન ચેતન એ મિકેનિકલ ચેતન છે. બહારનો બધો જ ભાગ પણ મિકેનિકલ છે. સ્થૂળ મશીનરીને હેંડલ મારવું પડે છે જ્યારે સૂક્ષ્મ મશીનરીને તું હેંડલ મારીને જ લાવ્યો છે. અત્યારે ઈંધણ પૂર્યા જ કરે છે પણ હેન્ડલ મારવાનું નથી. સૂક્ષ્મ મશીનરી એ મિકેનિકલ ચેતન છે, પણ ત્યાં 'મેં કર્યું' એમ ગર્વ લે છે તેથી ચાર્જ થાય છે અને આવતા ભવનાં બીજ પડે છે.

આખું જગત અચેતનને ચેતન માને છે અને ક્રિયામાં આત્મા માને છે. ક્રિયામાં આત્મા હોય નહીં અને આત્મામાં ક્રિયા હોય નહીં. પણ આવી વાત ક્યારે સમજાય ? જગતને તો અચેતન ચેતન ચલાવે છે. ચેતન જુદું છે, અચેતન પણ જુદું છે અને જગતને જે ચલાવે છે તેય જુદું છે. તે વિભાવિક ગુણ છે. તે અચેતન ચેતન છે. વિભાવિક ગુણ એટલે આત્માની ભ્રાંતિથી ઉત્પન્ન થાય છે તે, ચલાયમાન થયેલા મિશ્ર ચેતન.

## મનુષ્યદેહ મોક્ષનો અધિકારી

ડાર્વિને ઈવોલ્યુશન થીયરી લખી પણ તે ફુલ (પૂર્ણ) નથી. અમુક

ભાગ સુધી જ છે. મનુષ્ય ગતિ પછી વક્ર ગતિ થાય તે તેણે જાણેલું નહીં એટલે ફુલ થીયરી આપી ના શક્યો. મનુષ્ય દેહ સિવાય એવો કોઈ દેહ નથી કે જે મોક્ષનો અધિકારી હોય. મનુષ્યદેહ મળે અને મોક્ષપ્રાપ્તિનાં સાધનો-સંજોગો પૂરા ભેગા થાય તો કામ થઈ જાય, પણ અત્યારે તો મનુષ્યો નિશ્ચેતન ચેતન છે. બીજા શબ્દમાં કહું તો ભમરડા સ્વરૂપ છે.

લોકો જે ભાવમન, દ્રવ્યમન માને છે તે તો નિશ્ચેતન ચેતન છે. શુદ્ધ ચેતન તો જ્ઞાની પુરુષ આપે તે. બાકી તો એ મશીનરી છે, મિકેનિકલ છે. આ તો મશીનરી ચાલે છે તેને કહે છે, હું ચલાવું છું. આ તો ખાલી ઈગોઈઝમ કરે છે કે મેં આ કર્યું ! મન ગાંઠોનું બનેલું છે. ગાંઠોને ફળ આવવું એટલે રૂપકમાં આવવું તે. ફળ જો મિશ્ર ચેતન જોડેનું હોય તો ડખો. મિશ્ર ચેતન જોડે એટલે આપણે છોડીએ તોય સામાવાળો ના છોડે, જ્યારે અચેતનને તમે છોડો તો કશી જ ભાંજગડ નહીં ! માઈન્ડ (મન) ડૉક્ટરને ના દેખાય પણ જ્ઞાનીને દેખાય તેવું છે. માઈન્ડ ઈઝ કમ્પ્લિટલી ફિઝિકલ. જ્યારે સબકોન્શિયસ માઈન્ડ છે તે નિશ્ચેતન ચેતન છે.

નિશ્ચેતન ચેતન પદને દ્વૈત પદ કહેવાય, તેને જીવ કહેવાય પણ ચેતન ના કહેવાય. અમારા મહાત્માઓને શુદ્ધ ચેતન મળ્યું છે. આપણો દેહ તો નિશ્ચેતન ચેતન છે અને આપણે 'પોતે' શુદ્ધ ચેતન છીએ.

જ્યાં સુધી શુદ્ધ ચેતન નથી થયો ત્યાં સુધી તું નિશ્ચેતન ચેતન છે. બધા જ નિશ્ચેતન ચેતન છે, પછી સાધુ હો કે સંન્યાસી ! મનુષ્ય, તિર્યંચ, નારકી જીવો, દેવો બધા જ નિશ્ચેતન ચેતન એટલે ભમરડા જ કહેવાય. જ્યાં સુધી આત્માનું ભાન થયું નથી ત્યાં સુધી નિશ્ચેતન ચેતન. જ્યાં સુધી નિજનું ભાન કરાવનાર જ્ઞાની મળી ના જાય ત્યાં સુધી તું નિશ્ચેતન ચેતન છે.

અમે બ્રહ્માંડના માલિકી વગરના સ્વામી છીએ ! કારણ કે અમે શુદ્ધ ચેતન છીએ, પ્રગટ સ્વરૂપે.

જે જે અવસ્થાઓ આવે છે તે નિશ્ચેતન ચેતન છે, આપણે શુદ્ધ ચેતન છીએ. અવસ્થાને જોવાની ને જાણવાની. એનો ઝટ સમભાવે



નિકાલ કરી નાખવાનો. ઝડપી નિકાલ કરતાં આવડવું જોઈએ. અવસ્થામાં ચોંટ્યા એટલે દુઃખી થશો, તેથી આનંદ ના આવે. નિશ્ચેતન ચેતન પરસત્તામાં છે. નિશ્ચેતન ચેતનમાં કઢાપો-અજંપો, આધિ-વ્યાધિ-ઉપાધિ હોય અને રિયલ ચેતનમાં આનંદ-પરમાનંદ અને સમાધિ હોય. ચિંતા, અકળામણ થાય છે તે નિશ્ચેતન ચેતનને થાય છે અને તે નિશ્ચેતન ચેતનને હું છું એમ માને છે, તેથી ચિંતા થાય છે. જેને જેને ચિંતા, અકળામણ કે ત્રિવિધ તાપ થાય છે તે બધા જ નિશ્ચેતન ચેતન છે. જ્ઞાનભાષામાં (રિયલ લેન્ગ્વેજમાં) બહાર કોઈ જીવતું જ નથી, ચેતન સ્વરૂપથી. બધા જ નિશ્ચેતન ચેતન છે, પછી તે ગમે તે હો. નિશ્ચેતન ચેતનમાં વિશેષણ 'નિશ્ચેતન'નું છે.

'હું ચંદુલાલ છું' એવો આરોપ ભ્રાંતિથી કરે છે. 'હું' એ આત્મા છે ને જ્યાં તે પોતે નથી ત્યાં પોતાને પ્રતિષ્ઠિત કરે છે. એટલે નિશ્ચેતન-ચેતન ઊભું થયા કરે છે. જ્યાં સુધી ભ્રાંતિ તૂટે નહીં ત્યાં સુધી પ્રતિષ્ઠિતપણે રહેવાનું. 'હું શુદ્ધાત્મા છું' એવું જો લક્ષ રહે તો ફરી નિશ્ચેતન ચેતનમાં ના જાય. 'શુદ્ધાત્મા' પ્રાપ્ત થાય ત્યારે જ શુદ્ધ ચેતન સમજાય, ત્યારે જ ગનેગારીપદમાંથી સંપૂર્ણ છૂટે.

નિશ્ચેતન ચેતનવાળા એક ગનેગારીપદમાંથી મુક્ત થાય ને બીજી ગનેગારી ઉત્પન્ન કરે.

## ઈચ્છા

ઈચ્છા એ પ્રગટ અગ્નિ છે. જ્યાં સુધી પૂરી ના થાય ત્યાં સુધી સળગ્યા જ કરે. ભગવાન શું કહે છે ? ઈચ્છા એ જ અંતરાય કર્મ છે. ઈચ્છા તો એક મોક્ષની અને બીજી જ્ઞાની પુરુષની જ કરવા જેવી છે. એનાથી અંતરાય ના આવે. બીજી બધી જ ઈચ્છાઓ સળગાવ્યા જ કરશે. એ સાક્ષાત્ અગ્નિ છે ! તે ઓલવવા લોક પાણી ખોળે છે પણ પેટ્રોલ હાથમાં આવે છે અને છાંટે છે. એક ઈચ્છા પૂરી થતી નથી, ત્યાં બીજી આવીને ઊભી રહે છે. ઉપરાઉપરી આવે જ જાય છે. કાયદો શું કહે છે કે જે જે ઈચ્છાઓ તને થાય છે તે અવશ્ય પૂરી થવાની જ, પણ તેને

વિચારવાથી કંઈ ના વળે. ઊલટો ડખો થાય. વારે ઘડીએ જે ઈચ્છાઓ આવે તે પન્ચીંગ (કોચ કોચ) કર્યા જ કરે. ઈચ્છા તો બધાંની ના થાય. આ સંસાર રસ છે. જે રસ એને પ્યારો હોય તેની થયા કરે. ઈચ્છાઓ શેની થાય ? બુદ્ધિના આશયમાં તું જે લાવ્યો હોય તેની થયા કરે. બુદ્ધિના આશયમાં જે સુખ તું લાવ્યો હોય તે સુખ તને પુણ્ય ખરચીને મળ્યા કરે !

આ જગતની બ્લેડ છે તે બેઉ બાજુથી વાપરવાની, પણ 'શુદ્ધાત્માની' એક જ બાજુથી વાપરજો ! 'હું શુદ્ધાત્મા છું' તેને બદલે 'હું અશુદ્ધાત્મા છું' એમ વાપરે તો ? બધું કપાઈ જ જાય. શુદ્ધાત્માને વિલ (ઈચ્છા) ના હોય પણ અંતરાત્માને હોય. અંતરાત્મા શુદ્ધાત્માનું પૂર્ણ પદ પ્રાપ્ત કરવા વિલ વાપરે છે. જ્યારે પૂર્ણ દશા થશે ત્યારે વિલ માત્ર નહીં રહે ને વીતરાગતા આવવાથી પૂર્ણ દશા પ્રાપ્ત થશે. સંપૂર્ણ વીતરાગને વિલ ના હોય. અમારી વિલ નિકાલી છે અને તમારે મહાત્માઓની વિલ ગ્રહણીય છે. ગ્રહણીય એટલે પૂર્ણ પદ પ્રાપ્ત કરવા માટે અને દાદાની નિકાલી વિલ એટલે સંપૂર્ણ પદ પ્રાપ્ત થઈ ગયું છે તેથી.

**પ્રશ્નકર્તા :** ઈચ્છા અને ચિંતવનનો ભેદ શું ?

**દાદાશ્રી :** ચિંતવન એ આગળનો હિસાબ ચીતરે છે અને ઈચ્છા પાછલો હિસાબ શું શું છે દેખાડી આપે છે. ઈચ્છા અને અનિચ્છા બેઉ પેટીનો ભરેલો માલ છે તે દેખાડે છે. પુણ્યનો ક્રમ આવે ત્યારે ઈચ્છા પૂરી થાય અને અક્રમ આવે ત્યારે અનિચ્છા આગળ ને આગળ આવે. દા.ત. અંધારામાં નંબર નાખ્યા હોય ને અંધારામાં જ ઉપાડે ત્યારે જ્યારે ક્રમ આવે ત્યારે એક પછી બે, બે પછી ત્રણ એમ લિંકવાર આંકડા હાથમાં આવે અને અક્રમ આવે તો સાત પછી સત્તાવન આવીને ઊભો રહે. લિંક મળે જ નહીં.

રત્નાગિરીમાં એક માણસ મારી પાસે આવ્યો અને મને પૂછવા લાગ્યો, 'દાદા, હું જ્યાં હાથ નાખું છું ત્યાં સોનું નીકળે છે.' મેં તેને કહ્યું, 'ભાઈ, અત્યારે તારી લીન્ક ચાલે છે તેથી. પણ થોડા વખત પછી તારી લીન્ક તૂટશે ત્યારે મને યાદ કરજે.' તે બન્યું પણ તેવું જ. એને ધંધામાં



એટલો બધો ધબડકો વળ્યો કે બેઉ ધણી-ધણિયાણીએ ઝેર ઘોળીને પીધું. એ તો સંજોગવશાત્ બેઉ બચી ગયાં ત્યારે તેમને મારી વાત યાદ આવી. આ તો ક્રમ ને અક્રમ આવે અને જાય, એનું જ નામ સંસાર. ઈચ્છા એ તો પાછળનો હિસાબ છે, જ્યારે ચિંતવનમાં યોજનાઓ ઘડે. તન્મયાકાર થઈ કૉઝ નાખે. ઈચ્છા એ ઈફેક્ટ છે, જ્યારે ચિંતવન એ કૉઝ છે, ચાર્જિંગ પોઈન્ટ છે. શાસ્ત્રકારો કહે છે કે ઈચ્છા આવે છે, કરવાની જરૂર નથી.

સૂર્ય આથમતો હોય તોય લોકોને તો ઊગતા જેવો દેખાય પણ તેની ચિંતા ના કરશો, તે આથમતી ઈચ્છા છે. એવું મેં અમારા મહાત્માઓને કહ્યું છે કે, તમારી વાંઝણી ઈચ્છા રહી છે, જેનું બીજ ના પડે, તેથી તમારે આથમતી ઈચ્છા રહી છે. લોકોને ઊગતી અને આથમતી બન્નેય ઈચ્છા હોય.

આ કળિયુગમાં તો ચટણીની ઈચ્છાવાળા જ હોય, બધું ભોગવવાની ઈચ્છાવાળા ના હોય. એક થોડી ચટણી માટે આખી જિંદગી કાઢી નાખે !

અરે, મેં એવાય શેઠિયા જોયા છે કે જે ભગવાન મહાવીરની સભામાં રાત-દહાડો પડી રહેલા. શેઠાણીને કહે કે, પુરી ને શાક તું અહીં સભામાં જ લઈ આવજે. હું અહીં જ ખાઈ લઈશ. તે ભગવાનની વાણી તેમના કાનને એટલી મધુરી લાગે કે ત્યાંથી ખસે જ નહીં પણ ચટણી ખાવાની ઈચ્છા રહી ગઈ, તે હજુય રખડે છે !

જે થવાનું હોય તેની પહેલાં ઈચ્છા થાય. મેટ્રિક પાસ થવાનું હોય તો થવાની ઈચ્છા પહેલી થાય. અંતરાય તૂટે એટલે પોતાની ઈચ્છા પ્રમાણે ભેગું થાય. સત્સંગમાં પૈસા વાપરવા છે એવી ઈચ્છા તો ઘણી હોય પણ શું થાય ? પહેલાંના અંતરાય પડેલા છે તે સંયોગ આવે તોય પાછો પડી જાય. જ્યારે અંતરાય તૂટે તો સહેજે બધું જ ઈચ્છા મુજબ થઈ જાય.

ઈચ્છા એ ભાવ નથી !

**પ્રશ્નકર્તા :** ઈચ્છા અને ભાવમાં ફેર શો ?

**દાદાશ્રી :** આ રૂ પડ્યું છે તેનો વાંધો નથી પણ જો દીવાસળી લઈને સળગાવીએ એટલે ઈચ્છા કહેવાય. ઈચ્છા એ પ્રગટ અગ્નિ છે અને જ્યાં

સુધી પૂરી ના થાય ત્યાં સુધી સળગ્યા કરે. વસ્તુને સળગાવી તે ઈચ્છા ને તે તારી મહીં સળગતી રહે. અમારે કેવું હોય કે અમારી પાસે સળગાવવા દીવાસળીય ના હોય.

ઊગતી ઇચ્છા અને આથમતી ઇચ્છા એટલે ચાર્જ ઈચ્છા અને ડિસ્ચાર્જ ઈચ્છા. આ ખાવાનું-પીવાનું એ બધું આથમતી ડિસ્ચાર્જ ઇચ્છા, તેનો વાંધો નહીં પણ ઊગતી ઇચ્છા બંધનકારક છે અને તે બળતરા ઊભી કરે છે.

## ભાવ એટલે શું ?

'શુદ્ધાત્મા'માં કોઈ પણ પ્રકારનો ભાવ જ નથી. ભાવ એ પ્રતિષ્ઠિત આત્માના ભાવને ભાવ કહેવાય છે. પ્રતિષ્ઠિત આત્મા જ્ઞાની અને અજ્ઞાની ય ખરો. અજ્ઞાનીને ભાવ મનના દૃઢ પરિણામમાં હોય. મારે પ્રતિક્રમણ કરવું જ છે એ ભાવ દૃઢ કરે એટલે તેવું દ્રવ્ય ઉત્પન્ન થાય અને તે દ્રવ્યમાંથી પાછો ભાવ ઉત્પન્ન થાય.

**પ્રશ્નકર્તા :** ભાવમન અને દ્રવ્યમન એટલે શું ?

**દાદાશ્રી :** પ્રતિષ્ઠિત આત્મા ભાવ કરે એટલે ભાવમનની શરૂઆત થાય અને તેનાથી દ્રવ્યમન ઉત્પન્ન થાય. આમ ભાવમનનાયે બે પ્રકાર છે : ડિસ્ચાર્જ અને ચાર્જ.

ખરી રીતે ભાવમન એટલે પ્રતિષ્ઠિત આત્માનું ડાયરેક્ટ ચાર્જ થાય છે તે. આ દ્રવ્યમન જે દેખાય છે તે તો ડિસ્ચાર્જ છે. ચાર્જ તો દેખાય નહીં. ખબરેય પડે નહીં. જો ચાર્જ સમજાઈ જાય એવું હોય તો કોઈ ચાર્જ થવા જ ના દે ને ? બધાનો મોક્ષ જ થઈ જાત ! ભાવ જડે તેમ નથી. જડે તો તો સીલ મારી દે. બહુ જ થોડા લોકો ભાવને સમજી શકે પણ તે પાછા મૂઢાત્માનો સમજે એટલે લોચો મારી દે. 'જ્ઞાન' વગર ભાવ પકડાય તેમ નથી. અત્યંત ગહન ગહન છે. લાખ વખત ગહન ગહન બોલીએ તોય એની ગહનતાનો પાર આવે તેમ નથી.

શુદ્ધાત્માનો ભાવ હોય જ નહીં. ભાવ એટલે અસ્તિપણું, બાકી આ



ભાવ તો પ્રતિષ્ઠિતનો જ. આ લોકો તો જે ભાવે છે તેના પર ભાવ કરે છે. ભાવાભાવ કરે છે. આ બધા પ્રતિષ્ઠિત આત્માના જ છે, તેનાથી કર્મ બંધાય છે. નાશવંત ચીજોનો ભાવ કરે છે એટલે નાશવંત થઈ જાય છે. અરીસાને 'પોતે' માને તે દહાડો શેં વળે ?

## સજ્જનતા - દુર્જનતા

જગતમાં સજ્જન અને દુર્જન બન્નેય સાથે હોવાના. દુર્જન છે તો સજ્જનની કિંમત છે, જો બધાં જ સજ્જન હોય તો ?

**સજ્જન પુરુષ :** તે ક્યારેય દુર્જનના લાખ ઉપકારમાંય ન આવે.

**દુર્જન પુરુષ :** નિરંતર અપકાર જ કર્યા કરે તે.

**કૃતજ્ઞ :** સામાનું કરેલું (ઉપકાર) ક્યારેય ન ભૂલે અને સામાના અપકારને કદી પણ લક્ષમાં ન લાવે તે.

**કૃતઘ્ન :** સામાનો કરેલો ઉપકાર ભૂલી જઈ, યાદ સાથે અપકાર કરે. પોતાને કંઈ જ જરૂરિયાત ન હોય, લાભેય ના હોય છતાં અપકાર કરે તે.

દરિયાની ઊંડાઈનો પાર આવે પણ સંસારની ઊંડાઈનો પાર જ નથી.

અધિકારનો દુરુપયોગ કરે છે તેની સત્તા જતી જ રહે છે. જે સત્તા મળેલી હોય તેને શોભે નહીં તેવું કાર્ય કરે તો સત્તા જતી રહે. તમારો નોકર તમોને ગાળ ભાંડે પણ તમે ભાંડશો તો તમારી સત્તા જતી રહેશે.

જૂઠું એ મોભારે ચઢીને બોલે અને સત્ય પણ મોભારે ચઢીને બોલશે. જૂઠું તરત જ બોલશે. સાચાને વાર લાગશે. અસત્ય તો બીજે જ દિવસે બોલશે.

હલદીઘાટનું યુદ્ધ કરવામાં મઝા નથી, ઉકેલવામાં મઝા છે. પટાવી પટાવીને કામ કાઢી લેજો પણ લડશો નહીં. ન્યાય કોને કહેવાય ? કોર્ટમાં જવું ના પડે, એનું નામ ન્યાય. કોર્ટમાં જવું પડે, એનું નામ અન્યાય.

મન-વચન-કાયા અને આત્માનો ઉપયોગ લોકોને માટે કર. તારે

માટે વાપરીશ તો રાયણાનો (રાયણનું ઝાડ) અવતાર આવશે. પછી પાંચસો વર્ષ ભોગવ્યા જ કર. પછી તારું ફળ લોક ખાશે, લાકડાં બાળશે. પછી લોકો માટે તું કેદીરૂપે વપરાઈશ. માટે ભગવાન કહે છે કે, તારાં મન-વચન-કાયા અને આત્માનો ઉપયોગ બીજાને માટે કર. પછી તને કંઈ પણ દુઃખ આવે તો મને કહેજે.

અવિરોધાભાસ ખોળવાની જેની મતિ ઊભી થઈ તે જ 'સુમતિ'.

જે જે સંસારનો ઉચ્છેદ કરવા ગયા છે, એનું પોતાનું જ ઉચ્છેદિયું થઈ ગયું છે. મનુષ્યપણું એ તે મોટામાં મોટું ભયસ્થાન છે, ટેસ્ટ એક્ઝામિનેશન છે. તેમાં લોકો મોજ માની રહ્યા છે. એમાં તો નર્યાં ભયસ્થાનો જ છે. ક્ષણે ક્ષણે મૃત્યુનો ભય છે, એક ક્ષણ પણ નકામી કેમ જાય ? એવું કંઈક કર કે જેથી તારો આવતો ભવ સુધરે. આ મનુષ્ય ગતિ ટર્નીંગ પોઈન્ટ છે. અહીંથી વક્ર ગતિ થાય છે. નર્ક, તિર્યંચ, મનુષ્ય અને દેવ - ચારેય ગતિમાં અહીંથી જવાય છે અને મોક્ષ પણ અહીંથી જ મળે છે. જો જ્ઞાની પુરુષ મળી ગયા તો બેડો પાર જ થઈ ગયો !

## દેહના ત્રણ પ્રકાર

ત્રણ પ્રકારના દેહ છે : તૈજસ દેહ, કારણ દેહ અને કાર્ય દેહ.

આત્મા સાથે નિરંતર સાથે રહેનારો તે તૈજસ દેહ. તે સૂક્ષ્મ શરીર છે, ઈલેક્ટ્રિકલ બૉડી છે. શરીરનું જે નૂર, જે તેજ હોય છે તે તૈજસ શરીરને લીધે હોય છે. આ શરીરનું નૂર ચાર વસ્તુઓથી પ્રાપ્ત થાય છે.

૧. કોઈ બહુ લક્ષ્મીવાન હોય અને સુખચેનમાં રહેલો હોય તો તેનું તેજ આવે તે લક્ષ્મીનું નૂર.

૨. જે કોઈ બહુ ધર્મ કરે તો તેના આત્માનો પ્રભાવ પડે તે ધર્મનું નૂર.

૩. કોઈ બહુ વિદ્યાભ્યાસ કરે, રિલેટિવ વિદ્યા પ્રાપ્ત કરે તો તેને તેનું તેજ આવે છે તે પાંડિત્યનું નૂર.

૪. બ્રહ્મચર્યનું નૂર.



આ ચારેય નૂર સૂક્ષ્મ શરીર-તૈજસ શરીરથી આવે છે.

જ્યારે માતાનું રજ અને પિતાનું વીર્ય ભેગું થાય ત્યારે નવું ઈફેક્ટ બૉડી (કાર્ય શરીર) ઉત્પન્ન થાય છે. જીવ શું છે ? જે જીવે છે અને મરે છે તે જીવ. આ બધા જીવો મરે છે ત્યારે સૂક્ષ્મ શરીર અને કારણ શરીર સાથે લઈ જાય છે. મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર અહીં જ સ્વતંત્ર થઈ જાય છે અને જે કૉઝલ બૉડી (કારણ શરીર) સાથે લઈ જાય છે એનાથી નવું ઈફેક્ટ બૉડી (કાર્ય શરીર) બને છે. માતાનાં રજ અને પિતાનાં વીર્યથી ઉત્પન્ન થયેલું કાર્ય શરીર તેનો ખોરાક બનાવી લે છે અને એની ગાંઠ બને છે. જીવ એક કલાક પણ ખોરાક વગર ના રહી શકે. અન્ન નહીં તો હવા-પાણી કંઈ ને કંઈ તો લેતો જ રહે છે.

આ તૈજસ શરીર છે તે જ સૂક્ષ્મ શરીર કે ઈલેક્ટ્રિકલ બૉડી છે. આ ઈલેક્ટ્રિકલ બૉડી ખાવાનું પચાવે છે, શરીરમાં ગરમી પેદા કરે છે, સર્ક્યુલેશન ચલાવે છે. તેનાં તાર-દોરડાં બધેય પહોંચે, તેથી જ બધી મશીનરીઓ કામ કરે. જો કંઈક કર્મની ખામી હોય તો નાનપણથી જ હોજરી ખાવાનું ના પચાવી શકે. દેહની અંદરનું ઈલેક્ટ્રિક બૉડી જ ખરેખર કાર્ય કરે છે પણ સ્થૂળ શરીર તેને ગ્રહણ નથી કરી શકતું. તેથી દેહ નબળો પડતો જાય. સૂક્ષ્મ શરીર તો બધાનું સરખું જ હોય છે. આ જે તમારા દેહનો આકાર એનું તો પહેલેથી જ આર્કિટેક્ચર થઈ ગયેલું હોય છે, એને કૉઝલ બૉડી કહેવાય અને આ જે સ્થૂળ દેહ પ્રાપ્ત થયો, તે ઈફેક્ટ બોડી છે. શરીરમાં જે ભાગ એબોવ નોર્મલ કે બિલો નોર્મલ થઈ જાય છે તે ભાગનો જ દોષ હોય છે અને તે ભાગ જ ભોગવે છે. આ ઉપરથી કેલ્યુલેશન માંડી શકાય કે, દર્દ ક્યાંથી આવ્યું અને કેમ આવ્યું ?

કારણ દેહ સમજાય તેમ છે. જન્મથી જ ઉત્પન્ન થાય, અંદરથી જ થાય છે. હવા ખાય ત્યાંથી જ શરૂ થાય છે, ત્યાંથી જ રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. નાનપણથી જ ગમો-અણગમો હોય છે. રાગ-દ્વેષથી પરમાણુ ખેંચાય, વીતરાગતાથી ના ખેંચાય. પરમાણુ ખેંચાતાં, પૂરણ થતાં કારણ દેહ થાય. અત્યારે જે દેહ દેખાય છે તે પૂર્વભવનો કારણ દેહ. જ્ઞાની પુરુષને કારણ દેહ દેખાય અને તેમનામાં એટલું બધું સામર્થ્ય હોય કે

કારણ દેહને બંધાતો બંધ કરી આપે, સીલ મારી આપે. પછી નવો કારણ દેહ ના બંધાય.

આત્મા જ્યારે દેહથી છૂટો પડે છે ત્યારે તેની સાથે કારણ દેહ જવાનો, પુણ્ય-પાપ જવાનું. પુણ્યના આધારે રૂપ, સીમેટ્રિકલ બોડી (સપ્રમાણ બોડી), સુખ વિગેરે મળે. પાપના આધારે કુરૂપ મળે. પાપના આધારે દેહ અનસીમેટ્રિકલ (બેડોળ) મળે. આ દેહમાંથી આત્મા ખસી જાય ત્યારે કારણ શરીર અને સૂક્ષ્મ શરીર જોડે જ રહેવાનાં. સૂક્ષ્મ શરીર અને કારણ શરીરના પરમાણુઓના સાંયોગિક પુરાવાઓ ભેગા થાય ત્યારે સ્થૂળ શરીર ઊભું થાય. આત્મા જ્યારે સ્થૂળ દેહથી મરણ વખતે છૂટો પડે છે ત્યારે તે એક જગ્યાએથી નીકળી બીજી જગ્યાએ, એક સમયમાં તેના વ્યવસ્થિતે નિશ્ચિત કરેલા સ્થાને પહોંચી જાય છે અને ત્યાં જઈ પિતાનું વીર્ય અને માતાનું રજ ભેગું થતાં દેહ ધારણ કરે છે. આત્મા તે વખતે એકદમ કોમ્પ્રેસ થઈ જાય છે. જ્યાં સુધી નવું સ્થાન મળ્યું નથી ત્યાં સુધી જૂનું ઘણું કરીને છોડતો નથી. એના સ્થિતિસ્થાપક ગુણને લઈને લાંબો થઈને એક છેડો જૂના દેહમાં ને બીજો છેડો નવા કાર્ય શરીરમાં લઈ જાય છે પછી જ જૂનો દેહ છોડે છે. કેટલાક અવગતિયા જીવ હોય છે, જેમને બીજો દેહ તુરત જ મળતો નથી. તેવા જીવ અવગતિયા થઈને ભટકે છે અને જ્યારે નવો દેહ મળી જાય ત્યારે તેને છુટકારો મળે છે.

મનુષ્ય દેહમાં આવ્યા પછી આઠ અવતાર બીજી ગતિઓમાં જેવી કે દેવ, તિર્યંચ કે નર્કમાં જઈ આવીને પાછો મનુષ્ય દેહ મળે. મનુષ્ય દેહમાં વક્રગતિ ઉત્પન્ન થાય છે અને ભટકામણનો અંત પણ મનુષ્ય દેહમાંથી જ મળે છે. આ મનુષ્ય દેહને જો સાર્થક કરતાં આવડે તો મોક્ષની પ્રાપ્તિ થઈ શકે તેમ છે અને ન આવડે તો ભટકવાનું સાધન વધારી આપે તેમ પણ છે ! બીજી ગતિમાં કેવળ છૂટે છે. આમાં બન્નેય છૂટે છે ને સાથે સાથે બંધાય છે પણ. માટે દુર્લભ મનુષ્ય દેહ પ્રાપ્ત થયો તો તેનાથી કામ કાઢી લો. 'અનંત અવતાર આત્માએ દેહ માટે ગાળ્યા, એક અવતાર જો દેહ આત્મા માટે ગાળે તો કામ જ થઈ જાય !'

મનુષ્ય દેહે જ જો જ્ઞાની પુરુષ મળે તો મોક્ષનો ઉપાય થાય.



દેવલોકો પણ મનુષ્ય દેહ માટે તલસે છે. જ્ઞાની પુરુષનો ભેટો થયે, સાંધો મળ્યે અનંત અવતાર સુધી શત્રુ સમાન થયેલો દેહ પરમ મિત્ર બની જાય છે ! માટે આ દેહે તમને જ્ઞાની પુરુષ મળ્યા છે તો પૂરેપૂરું કામ કાઢી લો. આખોય સાંધો મેળવી તરી પાર ઉતરી જાવ.

અમારે આ દેહ ઉપર પ્રીતિ કેટલી ? આ દેહે મોક્ષ તો મળ્યો, પોતાનું કલ્યાણ તો થઈ ગયું, હવે લોકોના કલ્યાણ માટે આ દેહ ખર્ચાય એટલા પૂરતું જ એનું જતન, એટલા પૂરતી જ એની પ્રીતિ ! બાકી એને પણ અમે તો એક પાડોશીની જેમ નિભાવીએ છીએ !

આ દેહનો અધિકાર આપણા પોતાનો છે જ નહીં. જેનો જેનો હશે તે લઈ લેશે. આપણે તો આ દેહને મિત્ર સમાન ગણીને આપણું કામ કાઢી લેવાનું છે. બાકી આ દેહમાં ક્યારે શું થઈ જાય તે કશું જ કહેવાય નહીં. બાકી આપણા પોતાના (શુદ્ધાત્માના) પ્રદેશને કંઈ જ થાય તેમ નથી. જે દેહે મોક્ષે જવાનું છે તે દેહ બહુ મજબૂત હોય, નિર્વાણ પામનારો દેહ 'ચરમ શરીર' કહેવાય.

ભગવાન આ દેહમાં ક્યાં સુધી રહે ? પ્રતિષ્ઠિત આત્માનો મુકામ હોય ત્યાં સુધી જ રહે. મૂળ આધાર તો શુદ્ધાત્માનો જ છે. પ્રાણના આધારે જીવે તે પ્રાણી. નાક આઠ મિનિટ દબાવીએ તો પ્રાણ ચાલ્યો જાય, એવું છે આ બધું ! આ તો મશીનરી છે.

દેહભાન એ બેભાનપણું છે. દેહાધ્યાસ એ જ અજ્ઞાન. સ્વભાનથી મુક્તિ છે.

સ્થૂળ દેહ વીતરાગી છે. જેટલી આ ટિપાઈ વીતરાગી છે તેટલો આ સ્થૂળ દેહ પણ વીતરાગી છે. તેટલો જ આત્મા પણ વીતરાગી છે. સૂક્ષ્મ દેહ બધાની જવાબદારીવાળો છે. સૂક્ષ્મ દેહ અમુક પરમાણુઓનો બનેલો છે. સ્થૂળ દેહની કોઈ પણ ચેષ્ટાથી આત્માને કંઈ પણ લેવા-દેવા નથી. બધું દુઃખ પણ સૂક્ષ્મ દેહ જ ભોગવે છે. સૂક્ષ્મ દેહ તે આત્માનો આવિર્ભાવ છે. સૂક્ષ્મ દેહે જ 'હું'પણાની પ્રતિષ્ઠા કરે છે એટલે સૂક્ષ્મ દેહ પ્રતિષ્ઠિત આત્મા જેવો છે.

કર્મો વધારે હોય તો દેહ નાનો હોય. કર્મો ઓછાં હોય તો દેહ મોટો થાય જેમ કે કીડી અને હાથી. કીડી મૂઈને રાતે ચાર વાગેય સાકર ખેંચ ખેંચ કરતી મેં જોઈ છે ! ને હાથી ? એ બાદશાહી ઠાઠથી મસ્તીમાં રહે !

## દેહાધ્યાસ ક્યારે તૂટે ?

આખું જગત દેહાધ્યાસમાં ખૂંચેલું છે. કહે છે ખરા કે આ દેહ મારો નથી, મન મારું નથી પણ જો કહ્યું કે, ચંદુલાલ, તમારામાં અક્કલ નથી, તો આખી રાત ઈફેક્ટ થાય. આ તો આત્મજ્ઞાન થાય ત્યાં સુધી દેહાધ્યાસ તૂટે તેવો નથી. હું ચંદુલાલ, હું આનો મામો, આનો કાકો, આનો ધણી, આનો બાપ એ જ દેહાધ્યાસ. જ્યાં સુધી દેહાધ્યાસ તૂટે નહીં ત્યાં સુધી સ્થૂળ અને સૂક્ષ્મ વર્ગણા રહે, શુભ અને અશુભ રહે. 'હું શુદ્ધાત્મા છું' એનું યથાર્થ જ્ઞાન થાય તો દેહાધ્યાસ તૂટે, પછી એકનો એક છોકરો મરે તોય દ્વંદ્વ ના થાય, પન્ચીંગ ના થાય. સારું કે ખોટું એવું રહે નહીં.

જેવો દેહાધ્યાસ થયો છે તેવો આત્માધ્યાસ થવો જોઈએ. ઊંઘમાં, ભરનિદ્રામાંય આત્માનું ભાન રહેવું જોઈએ. અમે આપીએ છીએ એ જ્ઞાનથી સર્વ અવસ્થાઓમાં આત્માધ્યાસ જ રહે છે. આ તો અજાયબ જ્ઞાન છે ! જેમ દહીંને વલોવ્યા પછી માખણ અને છાશ છૂટાં જ રહે તેવું આ જ્ઞાન છે ! દેહ ને આત્મા છૂટા ને છૂટા જ રહે !

આગળ જ્ઞાનીઓ ઘાણીએ પિલાઈ પિલાઈને ગયેલા, તે એમ કે તું આત્મા છે તો દેહને ઘાણીમાં પિલાવું હોય તો પિલાવા દે. દેહનું તેલ કઢાવાનું હોય તો તેલ કઢાવા દે. આત્મા પિલાવાનો નથી તેવી કસોટીમાંથી પાર ઊતરી ગયેલા !

## દેહની ત્રણ અવસ્થા

દેહની ત્રણ અવસ્થા - બાલ્યાવસ્થા, યૌવન અવસ્થા અને વૃદ્ધાવસ્થા.

બાલ્યાવસ્થામાં પરમાનંદ-સહજાનંદ હોય. બાળકને કંઈ જ ચિંતા ના હોય. જન્મતાં પહેલાં જ દૂધની કૂંડી ભરીને છલકાઈ ગઈ હોય ! આ



નાના બાબાને છે કંઈ ચિંતા ? દૂધ ક્યાંથી આવશે ? ક્યારે આવશે ? ને છતાંય તેને બધું જ સમયસર આવી મળે છે ને ! જ્ઞાની પુરુષ બાળક જેવા હોય, પણ બાળકને અણસમજણમાં બધું હોય જ્યારે જ્ઞાની પુરુષ સમજણની સંપૂર્ણ ટોચે હોવા છતાં બાળક જેવા હોય ! બાળકને મન ડેવલપ થયેલું ના હોય, બુદ્ધિ ડેવલપ થયેલી ના હોય. એકલી ચિત્તવૃત્તિ જ કાર્ય કર્યા કરે. એની ચિત્તવૃત્તિ એની પહોંચના વિષયમાં જ હોય. દા.ત. આ રમકડું એની નજરમાં આવ્યું તો તેની ચિત્તવૃત્તિ તેમાં જ રહે પણ તે કેટલી વાર ? થોડીક જ વાર. પાછી બીજા વિષયમાં જતી રહે. એક જ વિષયમાં ચિત્તવૃત્તિ મુકામ ના કરે જ્યારે મોટી ઉંમરનાને તો બે-ચાર વિષયોમાં જ ચિત્તવૃત્તિ મુકામ કરી તેમાં ને તેમાં જ ફર્યા કરે. તેથી જ તો બધો ડખો ઊભો થાય છે ને ! બાળક ઘડી પછી ભૂલી જાય છે. તેનું કારણ તેની ચિત્તવૃત્તિ તેમાં સ્થિર થતી નથી, તરત તેમાંથી ઊડી જાય છે. નાના બાળકને જ્યાં સુધી બુદ્ધિ જાગી નથી, ત્યાં સુધી તેમને સહજાનંદ વ્યવસ્થિત છે. પછી તો બુદ્ધિ જેમ વધતી જાય તેમ બળાપોય વધતો જાય.

યૌવન અવસ્થા એ પ્રગટ અગ્નિ સમ છે. એમાં બાહ્યાચાર બગડવાના સંયોગો ઊભા થાય છે. માટે આમાં વિશેષ ચેતીને ચાલવું સારું. દેવોને જન્મ, જરા કે મૃત્યુ ના હોય. તેઓને નિરંતર યૌવન જ હોય.

વૃદ્ધાવસ્થા એટલે ઘૈડપણ. ઘૈડપણ કાઢવું બહુ ભારે. બધી મશીનરીઓએ નાદારી કાઢેલી હોય. દાંત કહે તૂટું, કાન કહે હું દુઃખું, ઘૈડપણને બહુ સાચવવું પડે. બહુ ચીકણાં કરમ ના હોય તો બેઠાં બેઠાં જ ઊપડી જાય. આ તો બધી મશીનરીઓએ નાદારી કાઢી હોય ને પૂછીએ હવે જવું છે કે કાકા ? તોય કાકા કહે, હજી તો થોડું જીવાશે. આ તો ચા-પાણીની લાલચો છે.

બાંધેલાં કર્મ તો દારૂખાનું કહેવાય. તેય ઘૈડપણમાં જ ફૂટે. આ બાજુ બોમ્બ ફૂટે, આ બાજુ હવઈ ફૂટે ને ભારે તોફાનો કરી મેલે ! આ દેહે જે જે શાતા ભોગવી તે છેલ્લે અશાતા આપીને જાય ! અને અશાતા ભોગવી હોય તો છેલ્લે શાતા આપીને જાય એવો નિયમ છે. અશાતાના પ્રમાણમાં શાતા આપીને જાય. કોઈક જ એવો પુણ્યવાન હોય તે છેલ્લે શાતા પામીને

જાય. એવો શીલવાન કોઈક જ હોય. જગતના લોકોને મોજ-શોખ કરતી વખતે ભાન નથી હોતું કે આનું પેમેન્ટ કરવું પડશે. આ તો અણહક્કના મોજ-શોખ તે છેલ્લી ઘડીએય પેમેન્ટ કરવું પડે. આ તો સરળ માણસોને બહુ સારું હોય. આ જો કહીને જાય મરતી વખતે કે, 'અમે જઈએ છીએ' તોય સારું, એની ગતિ ઊંચી જાય. ઊંચે હોદ્દે જાય. બેભાનપણામાં મરે તો બેભાનમાં જાય, ગાયો-ભેંસોમાં જાય. જ્યારે હાર્ટફેઈલ થાય તેનું તો ઠેકાણું જ નહીં. અત્યારે તો રૌદ્રધ્યાન અને આર્તધ્યાન જ ફરી વળ્યાં છે. તેથી જીવવાનુંય મુશ્કેલ થઈ પડ્યું છે ને મરવાનુંય મુશ્કેલ થઈ પડ્યું છે. જવાનિયાં મરે તે રૌદ્ર અને આર્તધ્યાનમાં મરે. ઘૈડિયાં મરે તો કલ્પાંતમાં, તે ભયંકર જોખમદારી લઈ લે છે. ખોરાક આજનો અપ્રમાણિકપણાનો. લૂગડાં-બૂગડાં બધુંય અપ્રમાણિકપણાનું, તે આર્ત અને રૌદ્ર ધ્યાનથી ભેગું કરેલું. તે મરે તોય બહુ ભોગવતાં મરે. પરમાણુએ પરમાણુ કૈડીને જાય ને બહુ દુઃખ હોય તો હાર્ટ ફેઈલ થઈને જાય ને પાછાં આવતે ભવે કર્મો ભોગવવાં પડે. આ તો પરમાણુનું સાયન્સ છે ! વીતરાગનું સાયન્સ છે ! એમાં કોઈનુંય ચાલે તેમ નથી !!

આ તો પોતાના હિસાબની ફાટેલી સાડી સારી, પોતાની પ્રમાણિકતાની ખીચડી સારી એમ ભગવાને કહેલું. અપ્રમાણિકપણે મેળવે એ તો ખોટું જ ને ?

ઘૈડપણ આવે અને જવાનું થાય ત્યારે દારૂખાનું એકી સાથે ફૂટી જાય, પણ જ્ઞાન ના હોય તો ઘૈડપણ કાઢવું વસમું પડી જાય, પણ જ્ઞાન મજબૂત થઈ ગયેલું હોય તો જે જે દારૂખાનું ફૂટે તેની પ્રત્યે જ્ઞાતા-દ્રષ્ટા રહીને પોતાની ગુફામાં રહેવાય. અમારા જ્ઞાની છેલ્લા શ્વાસ લેતાં લેતાંય શું બોલે છે ખબર છે ? 'આ ધોકડાના છેલ્લા શ્વાસને તમેય જુઓ છો ને હુંય જોઉં છું ! છેલ્લા શ્વાસનોય જ્ઞાતા-દ્રષ્ટા રહે ! બધાંયને દુકાન વહેલી-મોડી બંધ તો કરવી જ પડશે ને ? બધા જ જવા માટે તો આવે છે ને ? અરે, જન્મ્યો ત્યારથી જ 'વે ટુ સ્મશાન' શરૂ થઈ જાય છે. અલ્યા, તું ક્યાં ચાલ્યો ? સ્મશાન ભણી. અલ્યા, તું સ્મશાન ભણી જઈ રહ્યો છે ને રસ્તામાં ભજિયાં-બજિયાં શું ખાવા બેસી ગયો ! કંઈક તો વિચાર !



ક્ષણે ક્ષણે તું સ્મશાન ભણી જઈ રહ્યો છે ! વહેલે-મોડે છેલ્લે સ્ટેશને તે પહોંચવાનું જ છે ને તારે ! વહેલા-મોડાની નહીં પણ શાંતિપૂર્વક જાય એટલી આશા રખાય.

ઘૈડપણ આવે ત્યારે બધાંય દર્દોનું એક દર્દ થઈ જાય, તેની દવા જાણી લઈએ તો દર્દ ઊપડે ત્યારે લેવાય. આ તો છેલ્લું દર્દ તેડવા આવે.

જે દેહ કરમાઈ જાય, કહોવાઈ જાય, ગંધાઈ જાય, તેની તે શી પ્રીતિ ? આ તો ચામડીથી ઢાંકેલો માંસનો લોચો છે. આ દેહને રોજ નવડાવે-ધોવડાવે, ખવડાવે-પીવડાવે કેટલી બધી માવજત કરે પણ તેય છેલ્લે દગો દઈ જાય. આ દેહ જ સગો ના થાય તો બીજાનું તો કહેવું જ શું ? આ દેહને પંપાળ પંપાળ કરે છે પણ જો તેમાંથી પરુ નીકળે તો ગમે ? જોવાનુંય ના ગમે, વૈરાગ્ય આવે. આ તો પરુ, રુધિર ને માંસના લોચા જ છે. અમને જ્ઞાની પુરુષને બધું જ ઉઘાડું દેખાય. જેમ છે તેમ દેખાય, તેથી વીતરાગ જ રહીએ. દેહ પર અનંત અવતાર રાગ કર્યો, તેનું ફળ જન્મ-મરણ આવ્યું. એક ફેર આત્માનો રાગી થા એટલે કે વીતરાગી થા તો અનંત અવતારનું સાટું વળી જશે.

દેહ તો કેવો હોવો જોઈએ ? જે દેહ મોક્ષનું સાધન થઈ પડે તેવો હોવો જોઈએ. ચરમ શરીર પ્રાપ્ત થવું જોઈએ.

આ દેહ તો પરમાણુઓનો બનેલો છે, બીજું કંઈ જ છે નહીં. જેવા પરમાણુઓનો સંગ તેવું દેહમાં અનુભવાય.

પશુ-પક્ષીઓ, વનસ્પતિઓ, બધા જ જીવો મનુષ્યો માટે જ જીવે છે અને મનુષ્યો પોતે પોતાના માટે જીવે છે. છતાંય ભગવાન કહે છે કે, મનુષ્ય દેહ દેવોને પણ દર્શન કરવા યોગ્ય છે ! સમજે તો કામ જ કાઢી નાખે !

## મનુષ્ય દેહનું પ્રયોજન

આખા જગતમાં કોને ખબર છે કે આ દેહ શાના માટે પ્રાપ્ત થયો છે ? દેહ જે પ્રાપ્ત થયો છે તે શાને માટે ? એનું જ ભાન નથી. મજા-બજા કરીશું, ભગવાનની ભક્તિ કરીશું, યોગ કરીશું, તપ કરીશું કે ત્યાગ

કરીશું એવું ભાન વર્તે છે, પણ આ દેહ તો 'ગનેગારી' ટાળવા માટે પ્રાપ્ત થયો છે. દરેક પ્રાપ્ત સંયોગોનો સમભાવે નિકાલ કરી ભગવાનને ન્યાળવા માટે આ દેહ પ્રાપ્ત થયો છે. તેથી જ તો કવિ લખે છે કે,

'દેહ જે પ્રાપ્ત થયો, ગનેગારી ટાળવા
કર્મ આવરણ ખપ્યે, ભગવાન ન્યાળવા.'

## આચાર, વિચાર ને ઉચ્ચાર

આચાર, વિચાર ને ઉચ્ચાર એ ત્રણેય ચંચળ વસ્તુઓ છે. 'આપણે' તો માત્ર જાણવું જોઈએ કે વિચાર આવો આવ્યો. વિચાર આવે છે તેના આપણે જોખમદાર નથી. કારણ એ તો પહેલાંની ગાંઠો ફૂટે છે. એ તો પહેલાં સહી થઈ હતી તેથી આવે છે. તેથી તેના જોખમદાર નથી. પણ જો ફરી સહી કરી આપે તો ભયંકર જોખમદારી કહેવાય.

'આત્મા' પોતે અચળ છે અને આચાર, વિચાર અને ઉચ્ચાર એ ચંચળ ભાગમાં છે. જે જે કાર્યમાં આવે તે 'ચાર'માં આવે; આચાર, વિચાર અને ઉચ્ચાર. પ્રત્યક્ષ રૂપકમાં આવે તે આચાર, મહીં ફૂટે તે વિચાર અને બોલાય તે ઉચ્ચાર. જો નોર્માલિટીમાં રહે, સમમાં રહે તો સંસાર કહેવાય. તેથી જ બહારના ભાગે-બાહ્યાચારમાં નોર્માલિટીમાં રહેવાનું કહ્યું છે.

સતયુગમાં મનનો વિચાર એકલો જ બગડતો. વાણીનો અને દેહનો નહોતો બગડતો. અત્યારે તો બધા જ આચારો બગડેલા જોવા મળે છે. જો મનનો આચાર બગડેલો હોત તો ચલાવી લેવાત પણ વાણીનો અને દેહનો ના ચલાવી લેવાય. બધા આચાર બગડેલા હોય તો ભયંકર પ્રત્યાઘાતી વાણી નીકળે. એ બધો બગાડ જ નીકળે. જ્ઞાનના પ્રતાપે બાહ્યાચાર જે બગડેલા હતા તે બંધ થઈ જાય. દેહનો આચાર ચોખ્ખો જોઈએ. મનના અને વાણીના આચાર ફેરફાર થયા કરે. દેહનો આચાર ખરાબ હોય તે તો બહુ જોખમ કહેવાય. દેવો પણ દુ:ખ દે, બાહ્યાચાર ચોખ્ખો હોય તો દેવલોકો પણ રાજી રહે, શાસન દેવતાઓ પણ ખુશ રહે.

બાહ્યાચાર બગડવાનું કારણ શું ? બહાર સુખ મળતું નથી તેથી. અંદરનું અપાર સુખ પ્રાપ્ત થયા પછી બહારના આચાર સુધરતા જાય.



જ્ઞાનીને તો અંદરના બધા જ આચારો જ્ઞેય સ્વરૂપે થઈ જાય ને પોતે જ્ઞાતા-દ્રષ્ટા પદમાં રહે. આપણી પાસે જ્ઞાન છે તે ગમે તેવા દુ:ખના સંયોગો આવે તો તેમાંથી ડગ્યા વગર નીકળી જઈ શકીએ. સંકટ સમયની સાંકળ છે તે ખેંચી એટલે નિકાલ થઈ જાય.

આ જ્ઞાન ન હોય તો ભમરડાની પેઠે ફરવાનું. પણ જ્ઞાન છે તો બાહ્યાચાર સુંદર હોવો જોઈએ, નહીં તો બહુ મોટી જોખમદારી આવી પડે. લોકનિંદ્ય આચાર તો ના હોવો ઘટે. જે જે આચાર લોકનિંદ્ય હોય, તે આપણને ના હોય. વાણી ખરાબ હોય, મન ખરાબ હોય તો તે ચલાવી શકાય પણ દેહનો આચાર તો ખરાબ ના ચલાવી લેવાય, ત્યાં તો દેવલોકોય ના ઊભા રહે.

મનના અને વાણીના આપણે જ્ઞાતા-દ્રષ્ટા અને એ તો જ્ઞેય ફિલ્મ કહેવાય પણ બાહ્યાચાર તો ના ચલાવી લેવાય. લોકનિંદ્ય આચારમાં આવ્યા કરતાં તો શાદી કરી લેવી સારી. બાકી એવી ભૂલ તો દેખાય ત્યાંથી જ કાઢી નાખવી પડે. એમાં જ્ઞાતા-જ્ઞેય સંબંધ રાખવા ગયા તો એ ભૂલ ક્યાં ફેંકી દેશે એ કહેવાય નહીં. કો'ક દહાડો જ્ઞાનને બાજુમાં ખસેડીને ઉપર ચઢી બેસે. ઝેરનાં પારખાં ન હોય. અહંકાર કરીનેય તોડી નાખવું. ગમે તેમ તેનો ઉકેલ લાવવો પડે. બહાર તો ના ચાલે. આપણે એક ફેર નક્કી કરી રાખીએ કે બાહ્યાચાર ચોખ્ખો હોવો જ જોઈએ. નક્કી ના કરીએ તો દુકાનો ચાલ્યા કરે. આ તો ભયંકર જોખમ કહેવાય. આના જેવું દુનિયામાં બીજું જોખમ નથી. સંસાર જોખમી સ્વભાવનો નથી પણ બગડેલો બાહ્યાચાર જોખમી છે. સુંદર બાહ્યાચારથી તો દેવલોકની કૃપા રહે અને તેઓ મોક્ષ સુધી હેલ્પ કરે.

બાહ્યાચારને તો જાણવો જોઈએ કે આ તો ભારે જોખમની ચીજ છે તે આપણે તેને અર્પણ કરી દઈએ. બાહ્યાચાર બગડેલા શાથી ? કે સુખ નથી તેથી. બળતરા ઊભી છે પણ આપણને મહીં અનંત સુખ પછી એવું ના હોય. આપણે શુદ્ધાત્મા થયા, તે અહંકારે કરીને પણ એનાથી દૂર રહેવું.

બગડેલો બાહ્યાચાર કોને કહેવો ?

અત્યારે તું ગજવામાંથી કશુંક કાઢી લે તો મહીં ફફડાટ થયા કરે ને તે લોકનિંદ્ય કહેવાય. કો'કને ગાળ દે, ધોલ મારી દે તે. બાહ્યાચારમાં દારૂ, સટ્ટો બધું જ બગાડમાં આવી જાય, તેય જોખમી કહેવાય. આ જોખમ ચલાવી લેવાય, પણ તેમાં શું ફાયદો ? પણ મુખ્ય બ્રહ્મચર્ય સંબધમાં ના ચલાવી લેવાય અને બીજો ચોરી સંબંધનો. દુનિયામાં મોટામાં મોટો બાહ્યાચાર તે બ્રહ્મચર્ય. તેનાથી તો દેવલોકો ય ખુશ થઈ જાય. સંસાર નડતો નથી. તું એકને બદલે ચાર સ્ત્રી કર પણ બાહ્યાચાર બગડવો ના જોઈએ. આને તો ભગવાને અનાચાર કહ્યો છે. મોક્ષે જવું છે તો નુકસાનકારક વસ્તુઓ તો બાજુએ મૂકવી જ જોઈએ ને !

## ઉદ્વેગ

ઉદ્વેગ એટલે આત્માનો (પ્રતિષ્ઠિત આત્માનો) વેગ ઊંચે મગજમાં ચઢવો તે.

વેગના વિચાર આવે તો શાંતિ જ રહે અને 'ઉદ્વેગ'ના વિચાર આવે તો અશાંતિ જ લાવે. ઉદ્વેગના વિચાર આવે તો સમજી લેજો કે કંઈક ખરાબ થવાનું છે.

આ ટ્રેન મોશનમાં ચાલે છે કે ઈમોશનલ થઈને ચાલે છે ?

**પ્રશ્નકર્તા :** મોશનમાં જ હોય છે.

**દાદાશ્રી :** જો ટ્રેન ઈમોશનલ થઈ જાય તો ?

**પ્રશ્નકર્તા :** એક્સિડન્ટ થઈ જાય, હજારો માનવી મરી જાય.

**દાદાશ્રી :** તેવી જ રીતે મનુષ્ય દેહ મોશન એટલે કે વેગમાં જ્યાં સુધી ચાલે છે ત્યાં સુધી કોઈ એક્સિડન્ટ થતો નથી અને કોઈ હિંસા થતી નથી, પણ જ્યારે મનુષ્ય ઈમોશનલ થઈ જાય છે ત્યારે દેહની અંદર અનંત સૂક્ષ્મ જીવો હોય છે તે મરી જાય છે. ક્રોધ-માન-માયા-લોભ એ ઈમોશનલ કરાવે છે. તેથી જે જે જીવો મરી જાય છે તેની હિંસા થાય છે ને તેનું પાછલું ફળ ભોગવવું પડે છે. માટે જ જ્ઞાની પુરુષ કહે છે કે ભાઈ, તું મોશનમાં જ રહે, ઈમોશનલ ના થઈશ.



ઉદ્વેગ એ પણ ઈમોશનલ અવસ્થા છે. ઉદ્વેગની અવસ્થામાં ગાંઠો ફૂટે છે. એકસામટી ફૂટવાથી ચિત્ત તે જ અવસ્થામાં તન્મયાકાર થઈ જાય છે. અસંખ્ય પરમાણુઓ ઊડવાથી ભારે આવરણ આવી જાય છે. જેમ વાદળાં સૂર્યના પ્રકાશને ઢાંકી દે તેમ ઉદ્વેગની અવસ્થામાં જ્ઞાન પ્રકાશ જબરજસ્ત રીતે આવરાઈ જાય છે. તેથી 'પોતાની' ગજબની શક્તિ પણ આવરાઈ જાય છે. ઉદ્વેગમાં મનની કે દેહની સ્થિરતા ના રહે. ભાલોડું ખૂંપે એવું લાગે. ઉદ્વેગ તે મોટામાં મોટું આવરણ. એ જો જિતાય તો પછી ક્લિયર ભૂમિકા આવે. જો મોટા ઉદ્વેગમાંથી પસાર થઈ જાય તો પછી નાનાની તો શી વિસાત ? પણ જ્યાં સ્વરૂપનું ભાન છે, ત્યાં જ ઉદ્વેગને જીતી શકાય. જો જ્ઞાન ન હોય તો ઉદ્વેગ લાખ અવતારો સુધી ના આવે તો સારું. કારણ કે એમાં ભયંકર પરમાણુઓ ખેંચાય છે અને તે પાછા ફળ તો આપવાના જ ને !

ઉદ્વેગમાં અધોગતિમાં જવાનાં બીજ વાવેલાં હોય તે તેની ગાંઠો પડેલી હોય, તે વેગથી ફૂટે. જે આગ્રહી હોય તેને ગાંઠો ભારે પડેલી હોય. તે 'વ્યવસ્થિત'ના નિયમોના આધારે ફૂટે ત્યારે એને એમ થાય કે આમ કરી નાખું કે તેમ કરી નાખું. ઊંચકીને ચાના પ્યાલા-રકાબીય ફોડી નાખે ! ગમે તે તોફાન થઈ જાય ! જ્યારે નિરાગ્રહી જેને બહુ આગ્રહ ના હોય, તેને ભારે ગાંઠો ના પડેલી હોય.

ઉદ્વેગમાં માણસ બહાવરો થઈ જાય. ઉદ્વેગના વિચારો આવે તો તે કામ મુલતવી રાખવું. ઉદ્વેગમાં કામ થાય તો તે ખરાબ જ થાય. વેગમાં આવે તો જ કામ સારું થાય.

ઉદ્વેગ એટલે ઊંચે ચઢાવવું તે. ઉદ્વેગ જો છતું મારે તો જ્ઞાનમાં એક માઈલ ઊંચે ચઢાવે, પણ ઊંધું ચાલ્યું તો કેટલાય માઈલ પાછો પાડી નાખે ! ઉદ્વેગ જ્ઞાનજાગૃતિ માટે સારો પણ શરત એટલી કે પાંસરો રહે તો !

મહાત્મા હોય તો તમારું મન શાંત કરી આપે. આવેગમાંથી વેગમાં લાવે. વેગમાં હોય તો સવળું કરી આપે. મનુષ્યનું મન ગતિમાં લાવવું જોઈએ. મન આવેગમાંથી વેગમાં લાવી આપે તે જ મહાત્મા.

આ દેહ અવિનાશી બનાવવાનો હોય તો આ દેહ ઉપર પ્રીતિ રાખેલી કામની, પણ આ તો પરુ લાવી નાખે. એના પર પ્રીતિ કેવી ? પ્રીતિ કેટલા પૂરતી કે આ દેહે જ્ઞાની પુરુષ મળ્યા તો કામ કાઢી લેવા પૂરતી. આ દેહ પરની પ્રીતિથી તો ઉદ્વેગ થાય છે. પ્રીતિ કરશો તોય એ તો ભાંગી જ જવાનો છે ને ? ભગવાનેય દેહને દગો કહ્યો છે. છેવટે તો દેહ રાખ જ થઈ જવાનો છે ને ! આ દેહ જ રાગ અને દ્વેષ કરાવડાવે છે. ભગવાન શું કહે છે કે અનંત અવતાર દેહ માટે ગાળ્યા, હવે એક અવતાર આત્મા માટે ગાળ.

ઉદ્વેગ થાય છે તે એમને એમ ના થાય. એ તો હિસાબી હોય અને એની ખબર પડી જ જાય કે તે શાથી આવ્યો. ઓળખાણવાળું હોય તો જ આવે. અડસટે તો કશું જ બનતું નથી.

ઉદ્વેગ એ એક્સિડન્ટ (અકસ્માત) છે, ઈન્સિડન્ટ (ઘટના) નથી. એન ઈન્સિડન્ટ હેઝ સો મેની કૉઝિઝ એન્ડ એન એક્સિડન્ટ હેઝ ટૂ મેની કૉઝિઝ.

આ દુનિયામાં આફરીન થવા જેવી એક જ ચીજ છે અને તે જ્ઞાની ! બીજે બધે જ દુ:ખદાયી વસ્તુ છે. કાયમી સુખ હોય ત્યાં જ આફરીન થવા જેવું છે.

ઉદ્વેગ ક્યાં થાય ? જ્યાં આફરીનનાં સ્ટેશન હોય ત્યાં થાય. ઉદ્વેગનું કારણ જ એ છે. ચા-નાસ્તો કરવાનો વાંધો નથી પણ ગાડી આવે એટલે એ પડતું નાખીને ગાડીમાં બેસી જવાનું. પણ આ તો જે સ્ટેશન ઉપર આફરીન થયો હોય ત્યાં જ બેસી રહે અને ગાડી ઉપડી જાય. ઉદ્વેગ પડતું નખાવે અને તે પગથિયાં ચૂકી જાય તો શું થાય ? એવું જો અમારા સત્સંગમાં પડતું નાખે તો કામ જ નીકળી જાય ! એક બાજુ સત્સંગ એ પરમ હિતેશ્રી છે અને બીજી બાજુ આકર્ષણવાળાં છે જે પજવે છે.

## નિદ્રા

ઊંઘ એ જીવમાત્રની નેસેસીટી છે. પણ ઊંઘનું પ્રમાણ જ ક્યાંય સચવાયું નથી. આ કાળનાં માણસોય કેવાં થઈ ગયાં છે ? આ તો ચિત્ર-વિચિત્ર વંશાવળી પાકી છે, નહીં તો આવી ઊંઘો હોતી હશે ? આ પશુ-



પક્ષીઓને કંઈ માણસો જેવી ઊંઘ આવતી હશે ? ઊંઘનું પ્રમાણ તો એવું હોવું જોઈએ કે દિવસે ઊંઘ ના આવે. આ તો મૂઆ, રાતના દસ કલાક ઊંઘે તે ઠેઠ સૂરજ ઊગે છે ત્યાં સુધી પડ્યા રહે છે. અલ્યા, આ જગત આમ ઊંઘવા માટે છે ? બીજી બાજુ કેટલાક મૂઆઓને ઊંઘ જ નથી આવતી. આ અમેરિકામાં એંસી ટકા લોકો ઊંઘવાની ગોળીઓ ખાઈને સૂએ છે. મૂઆ, મરી જઈશ. એ તો પોઈઝન છે. આ તો ભયંકર દર્દ કહેવાય. અલ્યા, ચંદ્રમા સુધી પહોંચ્યા, પણ તમારા દેશમાં ઊંઘવાની ગોળીઓ ખાવાનું ના ઘટાડી શક્યા ? ખરી જરૂર આની છે. આ ઊંઘ વગર તમારા દેશના લોકો પીડાઈ રહ્યા છે, તેનું કંઈ કરોને ! ઊંઘ એ તો કુદરતી બક્ષિસ છે, નેચરલ ગિફ્ટ, એનેય મૂઆ તમે ખોઈ બેઠા ! ત્યારે આ બીજા વૈભવોને કરવાના શું ? તોપને બારે ચઢાવવાના ! નેચરલ ઊંઘ નથી આવતી તેનું કારણ એ કે તેમનો ખોરાક છે તે પ્રમાણે લેબર (મહેનત) નથી. થાકે અને ઊંઘ આવે એ પ્રમાણનો ખોરાક હોવો જોઈએ. લેબર કરવાના હિસાબે ખોરાકના પ્રમાણનું એડજસ્ટમેન્ટ હોય તો નોર્મલ ઊંઘ આવે. ઊંઘની તો મારામારી જ થઈ ગઈ છે ને ! બધે ય થઈ છે ને ! ફોરેનમાં તો ઊંઘ શોધીય જડતી નથી, એટલા માટે તો હું તેની નેચરલ દવાની વ્યવસ્થામાં છું અને બધાને નોર્મલ જીવન જીવતાં શીખવીશું. નોર્મલ ખાવું-પીવું, નોર્મલ ઊંઘવું ને નોર્મલ મોજ કરવી.

ઊંઘ કેટલી હોવી જોઈએ ? ભગવાને ત્રણ કલાક ઊંઘવા માટે છૂટ આપી છે. આ જગત ઊંઘવા માટે નથી. જ્ઞાન મળ્યા પછી બહુ ઊંઘ ના આવે તે તો સારું, જ્ઞાતા-દ્રષ્ટાપદ વિશેષ રહે. અમે છેલ્લાં વીસ વરસથી દોઢ કલાકથી વધુ ઊંઘ્યા નથી. જ્ઞાન જાગૃતિમાં જ રાતો ગઈ છે. ઊંઘ કેટલી જોઈએ ? આ દેહને એના કાર્ય પછી થાક ઉતારવા પૂરતી જ અને તેટલો સમય પૂરતો હોય છે.

ગૌતમ સ્વામીએ મહાવીર ભગવાનને પૂછ્યું કે, ઊંઘતો સારો કે જાગતો સારો ? ભગવાને કહ્યું કે, 'એક હજારમાંથી નવસો નવ્વાણું માણસો આ જગતમાં ઊંઘતા જ સારા, પણ એકાદ પરોપકારી જીવ જાગતોય સારો.'

## સ્વપ્ન

સ્વપ્ન વિજ્ઞાન ગહન છે. મોટા મોટા સાયન્ટિસ્ટ એની શોધખોળ પાછળ પડ્યા છે. આમાં કયો દેહ કાર્ય કરે છે ? અંતઃકરણ તે વખતે શું કાર્ય કરે છે ? વિગેરે વિગેરે શોધે છે, પણ સ્વપ્નનું સાયન્સ એમ કળાય તેમ નથી.

સ્વપ્નમાં સ્થૂળ દેહનાં બધાં જ બારાં બંધ હોય છે. સૂક્ષ્મ દેહ - મન, બુદ્ધિ અને ચિત્ત કાર્ય કરે છે. અહંકાર કશું જ કરી શકતો નથી. જો અહંકાર પણ એમાં કાર્ય કરતો હોય તો મનુષ્ય સ્વપ્નામાં હોય ને અહીં ઊઠીને મારામારી કરવા મંડી પડે, ઊઠીને ચાલવા માંડે. સ્વપ્નમાં જે જે ક્રિયાઓ થતી હોય તે બધી જ કરવા મંડે, પણ અહંકારનું ત્યાં કશુંય ચાલતું નથી. જ્યારે જાગૃત અવસ્થામાં એને એવું ભાન હોય છે કે, 'હું કરી શકું તેમ છું.' ખરી રીતે કોઈ પણ અવસ્થામાં તે કશું જ કરી શકે જ નહીં, પણ જાગૃત અવસ્થામાં બધી જ બારીઓ ખુલ્લી હોય તેથી ભ્રાંતિથી કર્તાભાવ આવી જાય છે.

સ્વપ્નાં ખોટાં નથી હોતાં. સાચાં છે, યથાર્થ છે, ઈફેક્ટિવ છે અને તે સાયન્ટિફિક રીતે પૂરવાર થઈ શકે તેમ છે. સ્વપ્નમાં થયેલી સૂક્ષ્મ દેહની અસરો સ્થૂળ દેહ ઉપર પણ થાય છે. તેથી તે ઈફેક્ટિવ છે. તે કઈ રીતે ? જો હું સમજાવું. સ્વપ્નામાં ભિખારીને મહારાજા બન્યાનું સ્વપ્ન આવે તો પાશેર લોહી વધે અને રાજા સ્વપ્નમાં ભિખારી થઈ જાય તો તેનું પાશેર લોહી ઘટી જાય. તેને જાગતાં જેટલું દુઃખ થાય તેટલું જ સ્વપ્નમાં પણ થાય. મૂઓ, રડેય ખરો, જાગે ત્યારે આંખોમાં પાણી હોય. અરે, કેટલીક વાર તો જાગ્યા પછી પણ તેની ઈફેક્ટ ગઈ ના હોય તો કંઈ કેટલીય વાર રડ્યા કરે. નાનાં છોકરાં પણ સ્વપ્નની ઈફેક્ટથી ભડકીને જાગે છે ને કંઈ કેટલીય વાર રડ્યા કરે છે. ભયનાં સ્વપ્નમાં દેહ પર અસર થાય, તેના શ્વાસોચ્છ્વાસ વધી જાય, નાડીના ધબકારાય વધી જાય, બ્લડ સર્ક્યુલેશન વિ. બધું જ વધી જાય. આ બધી ઈફેક્ટ્સ સાયન્ટિફિક રીતે પૂરવાર કરી શકાય તેમ છે. જો સ્વપ્નું આટલું બધું ઈફેક્ટિવ છે, તો તેને ખોટું શી રીતે કહેવાય ?



એક વ્યક્તિ મને ભેગી જ નહોતી થઈ છતાં તેણે સ્વપ્નમાં મારાં એક્ઝેક્ટ દર્શન કરેલા. તેના ગુણાકાર કેમના માંડવા ? કેવું કોમ્પ્લેક્સ છે આ !

કોઈ પણ વસ્તુ સ્વપ્નામાં ના જોયેલી આવે જ નહીં. કોઈ પણ ભવમાં જોયેલું હોય તે જ દેખાય. સ્વપ્નું તો અનેક ભવની સંકલના છે. એ કંઈ નવું નથી. કેટલાક કહે છે, દહાડે જે વિચાર આવે છે તે સ્વપ્નામાં આવે છે. અલ્યા, દહાડે તો જાતજાતના અસંખ્ય વિચારો આવે છે, તે શું બધા જ સ્વપ્નામાં આવે છે ? અને શું એવું નથી બનતું કે ક્યારેય વિચાર સરખોય ના આવ્યો હોય તે સ્વપ્નમાં આવે ?

સ્વપ્નમાં કારણ દેહ અને સૂક્ષ્મ દેહ - બે જ દેહ કાર્ય કરે છે. સ્થૂળ દેહનું તેમાં કાર્ય હોતું નથી.

એક જણને સ્વપ્ન આવ્યું કે તે માંદો પડ્યો. ડૉક્ટરો આવ્યા. કહ્યું કે, નાડી ચાલતી નથી, મરી ગયો. તે પોતે મરી ગયો તેમ જુએ. તે શબને બળતું પણ જુએ ને ભડકીને જાગી ગયો ! (શબને બાળી મૂક્યું ને હું રહી ગયો એ સમજથી !)

સ્વપ્નમાં તો વાંઢા પરણે ને છોકરાંય જુએ ને પાછા તેમને ય પરણાવે.

**પ્રશ્નકર્તા :** સ્વપ્નાનું કારણ શું ?

**દાદાશ્રી :** જગત દેખાય છે તે જાગતાં કર્મનું ફળ છે. સ્વપ્નાં દેખાય છે તેય પુણ્ય-પાપનાં ઉદય પ્રમાણે હોય પણ સ્વપ્નામાં તેની હળવી અસર હોય.

**પ્રશ્નકર્તા :** સ્વપ્ન એ ગાંઠ છે ?

**દાદાશ્રી :** સ્વપ્ન એ બધી જ ગાંઠો છે. સ્વપ્ન એ બે દેહનું કર્મ છે. ત્રણ દેહથી બંધાયેલું કર્મ એ નથી. માટે બે દેહથી જ તે વેદાય.

**પ્રશ્નકર્તા :** સ્વપ્નમાં કૉઝીઝ નંખાય ?

**દાદાશ્રી :** ના, સ્વપ્ન એ કમ્પ્લીટ ઈફેક્ટ છે. એમાં અહંકારનું કાર્ય

નહીં હોવાથી કૉઝીઝ ના નંખાય.

સ્વપ્નમાં કારણ દેહનું અને સૂક્ષ્મ દેહનું કાર્ય હોય. તેનો જોનારો પ્રતિષ્ઠિત આત્મા હોય અને પ્રતિષ્ઠિત આત્માને દરઅસલ જોનારો ને જાણનારો પોતે 'શુદ્ધાત્મા' ! જેને જેટલું આવરણ હોય તેને તેટલું ઓછું દેખાય. જેમ આવરણ પાતળું હોય તેમ સ્પષ્ટ વધારે દેખાય. ઘણા કહે છે કે, મને સ્વપ્નું આવતું જ નથી. અલ્યા, આવે છે તો ખરું, પણ આવરણ ગાઢ હોવાથી તને યાદ રહેતું નથી.

એક જણ મને કહે કે દાદા, સ્વપ્નામાં હું બે કલાક રડ્યો. તમે આવ્યા ને દર્શન કર્યાંને બધું જ શાંત થઈ ગયું ! હલકો ફુલ થઈ ગયો ! મેં કહ્યું, 'અલ્યા, લૂગડું ભીનું થઈ ગયું હતું ?' રૂબરૂ મળ્યા કરતાં આમ સ્વપ્નમાં દાદા આવે અને તેમની પાસે માગણી કરો તો અપાર મળે. સ્વપ્નમાં પણ આ દાદો આવીને બધું જ કરી શકે એવો છે ! માગતાં આવડવું જોઈએ. અમારા કેટલાક મહાત્માઓને તો દાદા રોજ સ્વપ્નમાં આવે છે. શાસ્ત્રો શું કહે છે કે,

'જેનું સ્વપ્ને પણ દર્શન થાય રે,
તેનું મન ન જ બીજે ભામે રે.'

જો જ્ઞાની પુરુષનાં એક વાર સ્વપ્નમાં પણ દર્શન થઈ જાય તો તારા મનની બીજી ભ્રમણાઓ છૂટી જશે.

જ્ઞાનીઓ શું કહે છે કે અલ્યા, બે દેહનું સ્વપ્ન તને સાચું લાગે છે ? ના ! તેમ ત્રણ દેહનુંય સ્વપ્ન જ્ઞાનીઓને તો સાચું ના લાગે. એ તો ભ્રાંતિજન્ય જ્ઞાનથી. મૂઓ, આ ત્રણ દેહના સ્વપ્નને સાચું માની બેઠો છે !

ઈન્દ્રિય પ્રત્યક્ષ એટલે ઈન્દ્રિયોથી જોઈ-જાણી શકાય તે. જે સ્વપ્ના ઊંઘમાં દેખાય છે તે બે દેહનાં છે, જ્યારે જ્ઞાની પુરુષને તો જાગતાંય ત્રણ દેહનું સ્વપ્ન જ લાગે.

સ્વપ્નમાં ભિખારી રાજા થયો હોય તો તેને કેટલી મસ્તી રહે ? પણ જેવો જાગ્યો ત્યાં હતો તેવો ને તેવો. તેવી જ રીતે આય સ્વપ્નું જ છે. સંસાર



સ્વપ્નવત્ છે. અહીંથી ગયા એટલે પાછું હતું તેનું તે જ. બધું જ અહીંનું અહીં ને ત્યાંનું ત્યાં !

આ ઉઘાડી આંખનું સ્વપ્ન છે ને પેલું બંધ આંખનું સ્વપ્ન છે. બન્નેય ઈફેક્ટિવ છે ! જાગતામાં ઈગોઈઝમ છે એટલો જ ફેર છે.

રાત્રે લાખ સ્વપ્ના આવે પણ જાગે ત્યારે કંઈ જ મનુષ્યને અસર ના રહે. કારણ ત્યાં સ્વપ્ના દ્રષ્ટા તરીકે રહે છે. ઈગોઈઝમ કાર્ય નથી કરતો. જ્યારે જ્ઞાની પુરુષ જાગતાં જ, સમયે સમયે આવતી અવસ્થાના દ્રષ્ટા અને જ્ઞાતા રહે. તેમને ઈગોઈઝમ નામેય ના હોય. તેથી જાગતાંય તેમને સ્વપ્ન લાગે. સંપૂર્ણ જ્ઞાતા-દ્રષ્ટા જ હોય જ્ઞાની પુરુષ તો !

## ભય

આખા બ્રહ્માંડના દરેક જીવ ભયથી ત્રાસ પામે છે. ભય તો દરેક જીવ માત્રને હોય, પણ તેમને તે નોર્માલિટીમાં હોય. તેમને તો ભયના સંયોગ ભેગા થાય ત્યારે જ ભય લાગે. જ્યારે મનુષ્યોમાં તો વિપરીત ભય પેસી ગયો છે. વિપરીત ભય એટલે એક જ ભય આવવાનો હોય પણ તેને તે સો જાતના દેખાય અને જે ભય નથી આવવાનો તે દેખાય તેને પણ વિપરીત ભય કહેવાય. એક જણ જમવા આવવાનો હોય અને લાગ્યા કરે કે સો જણ આવવાના છે તે વિપરીત ભય.

ભય ક્યારે પેસે ? દ્વેષપૂર્વકના ત્યાગમાં, તિરસ્કારમાં નિરંતર ભય રહે. પોલીસવાળાનો ભય શાથી લાગે છે ? તે ગમતો નથી તેથી, તેનો તિરસ્કાર છે તેથી. કોર્ટનો ભય શાથી લાગે છે ? શું કોર્ટ કોઈને ખાઈ ગઈ ? ના. એ તો એનો દ્વેષ છે તેથી. ભય એ છૂપો તિરસ્કાર ગણાય છે. સાપની મહીં ભગવાન બિરાજેલા છે, તે દેખાતું નથી માટે જ ભય લાગ્યો ને ? સાપ સરકમસ્ટેન્શિયલ એવિડન્સથી આવે. જો સહજ રીતે સામો મળે અને ભાઈમાં ભય ઊભો ના થાય તો સાપ બાજુમાં થઈને જતો રહે. હિસાબ ના હોય તો કશું જ ના કરે.

આખો સંસરણ માર્ગ-સંસાર માર્ગ ભ્રાંતિવાળો છે, ભો-ભડકાટ જેવો છે. ભો-ભડકાટ એટલે શું ? રાતે સૂતા પહેલાં ભૂતનો ભો પેઠો હોય કે

સાપનો ભો પેઠો હોય, તો આખી રાત તેને ભડકાટ-ભો રહ્યા કરે, ઊંઘેય નહીં અને સવારે એટલે કે પ્રકાશમાં તે ભય નાશ પામે ત્યારે તેનો ભડકાટ જાય. તેમ આ સંસારમાં પણ છે.

ભૂતના ભડકાટમાં ફરક એટલો રહે કે તેનો ફક્ત ભડકાટ રહ્યા કરે કે, મારું શું થશે ? ભય ના લાગે, જ્યારે સંસારમાં ભય અને ભડકાટ બન્ને ય રહે. ભય રહે એટલે અજ્ઞાનતાથી તેની સામે રાગ-દ્વેષ કર્યા કરે અને તેનાથી ભડકાટ રહે. ભયવાળા સંયોગોને મારવાના, પ્રતિકાર કરવાના પ્રયત્નમાં રહે.

આત્માની અજ્ઞાનતાથી ભય રહે છે અને સંગીચેતનાથી ભડકાટ રહે છે. ભડકાટ-ફફડાટ એ સંગીચેતનાનો ગુણ છે. સંગીચેતના એટલે આરોપિત ચેતના. વિધિ કરતો હોય કે ધ્યાનમાં હોય ને કંઈક મોટો અવાજ થાય ને જે શરીર ઓટોમેટિક હાલી ઊઠે, તે સંગીચેતના કહેવાય.

જ્યાં તારી સત્તા નથી, ત્યાં તું હાથ નાખે તો શું થાય ? કલેક્ટરની સત્તામાં કારકૂન સહી કરે તો ? આખો દહાડો તેને ભય રહ્યા કરે. કારણ પરસત્તામાં છે તેથી. જગતના મનુષ્યો પણ નિરંતર પરસત્તામાં જ રહે છે. 'હું ચંદુલાલ' એ જ પરસત્તા. પોતાની સત્તા તો જોઈ નથી, જાણી નથી ને પરસત્તામાં જ મુકામ કર્યો. તેથી નિરંતર ભય, ભય ને ભય જ લાગ્યા કરે છે.

બધું જ સહજમાં મળે તેમ છે પણ ભરોસો હોવો જોઈએ. લોકોને એમ થયા કરે કે, આ નહીં મળે તો ? આમ નહીં થાય તો ? બસ, આ જ વિપરીત ભય છે.

બુદ્ધિ શાને માટે છે ? ત્યારે કહે, બધાને ઠંડક આપવા માટે, નહીં કે ભડકાવવા માટે. જે બુદ્ધિ ભય દેખાડે તે વિપરીત બુદ્ધિ. તેને તો ઊગતાં જ દબાવી દેવી જોઈએ.

અલ્યા, તારે ભય જ જો રાખવો હોય તો મરણનો રાખને ! ક્ષણે ક્ષણે આ જગત મરણના ભયવાળું છે, તેનો તને ભય શાથી નથી લાગતો ? તેનો ભય લાગે, તો મોક્ષનો ઉપાય ખોળવાનું જડે. પણ ત્યાં તો જડ જેવા થઈ ગયા છે.



## હિતાહિતનું ભાન

હિતાહિતનું ભાન તો દરેકને પોતાનું સ્વતંત્ર હોવું જ જોઈએ કે હું શું કરું તો સુખી અને શું કરું તો દુઃખી થવાય ? સ્વતંત્ર હિતાહિતનું ભાન નથી, તેથી નકલ કરવા જાય છે. અલ્યા, નકલ કોની કરાય ? અક્કલવાળાની. એકેય અક્કલવાળો તો દીઠો નથી, પછી કોની નકલ કરીશ ? કારણ જ્યાં સુધી નકલી ભાનમાં 'હું ચંદુલાલ છું' એવા ભાનમાં છે ત્યાં સુધી તું નકલી છે, અસલી નથી. અસલની નકલ થાય. નકલીની નકલ કરે શો દા'ડો વળે ? 'દરઅસલ' સમજાય ત્યારે કામ નીકળે.

જ્ઞાન એક જ અસલી હોય, બાકી બધું જ નકલી. જિંદગીમાં કોઈનીય નકલ કરાય જ નહીં. બાકી અત્યારે તો સૂવે તેય નકલ, હેંડે છે, ચાલે છે તેય નકલ. અરે ! બેસવાનીય નકલ જ કરે છે ને !

સતયુગમાં લોકોને વ્યવહારના હિતાહિતનું ભાન હતું. ત્યાં ત્યારે અનાચાર નહોતા. લોકો સદાચારી હતા. અત્યારે તો લગભગ બધે જ અનાચાર છે, તે ક્યાંથી હિતાહિતનું ભાન ઉત્પન્ન થાય ? આ તો જોઈ જોઈને વિપરીત શીખેલા. 'પોતાનું' તો કાઢીને ક્યારેય વાપર્યું નથી.

'પોતાના' હિતાહિતનું ભાન વધતું જાય, તેની વાણી અંશ વીતરાગી કહેવાય. લોકો વાદી-પ્રતિવાદી બેઉ કબૂલે !

ક્ષણે ક્ષણે 'પોતાના' હિતાહિતનું ભાન રહેવું જોઈએ. 'પોતે' કોણ તેનું અને વ્યવહારનું હિતાહિત - આનું જ ભાન રાખવાનું છે. 'પોતે' આત્મા તો કોઈ દહાડો દગો આપનાર નથી. આ તો વ્યવહાર એકલો જ દગાખોર અને દગો છે માટે ત્યાં બહુ ચેતો અને હિતાહિતનું ભાન અવશ્ય રાખો. કોઈ માંકણ મારવાની દવા ન પીવે, એની દવા પીવાનો શોખ તો હોતો હશે ?

## લાઈફ - એડજસ્ટમેન્ટ્સ

દરેક વ્યક્તિના જીવનમાં અમુક પ્રિન્સિપલ્સ હોવા જ જોઈએ, છતાંય સંજોગો પ્રમાણે વર્તવું જોઈએ. સંજોગોને એડજસ્ટ થાય, એનું નામ

માણસ. 'એડજસ્ટમેન્ટ' જો દરેક સંજોગોમાં કરતાં આવડે તો ઠેઠ મોક્ષે પહોંચી શકાય એવું ગજબનું હથિયાર છે. એડજસ્ટમેન્ટ તો, તારી જોડે જે જે કોઈ ડીસ્એડજસ્ટ થવા આવે તેને તું એડજસ્ટ થઈ જા. રોજિંદા જીવનમાં જો સાસુ વહુને કે દેરાણી જેઠાણીને ડીસ્એડજસ્ટમેન્ટ થતું હોય તો, જેને આ સંસારી ઘટમાળમાંથી છૂટવું હોય તેણે એડજસ્ટ થઈ જ જવું જોઈએ ! ધણી-ધણિયાણીમાંય જો એક ફાડ ફાડ કરતું હોય તો બીજાએ સાંધી લેવું, તો જ સંબંધ નભશે અને શાંતિ રહેશે. જેને એડજસ્ટમેન્ટ કરતાં ન આવડે, એને લોક મેન્ટલ કહે છે. આ રિલેટિવ સત્યમાં આગ્રહ, જકની જરાય જરૂર નથી. માણસ તો કોનું નામ ? એવરીવ્હેર એડજસ્ટેબલ ! ચોરની સાથેય એડજસ્ટ થવું જોઈએ. આજના મનુષ્યોની દશા ઘાંચીના બળદ જેવી થઈ ગઈ છે, પણ જાય ક્યાં ? આવી ફસાયા તે ક્યાં જાય ?

એક વખત અમે નહાવા ગયા ને પ્યાલો જ મૂકવાનો રહી ગયેલો. તે અમે જ્ઞાની શેના ? એડજસ્ટ કરી લઈએ. હાથ નાખ્યો તો પાણી બહુ ગરમ, નળ ખોલ્યો તો ટાંકી ખાલી. પછી અમે તો ધીમે ધીમે હાથેથી પાણી ચોપડી ચોપડી ટાઢું પાડીને નહાયા. બધા મહાત્માઓ કહે, 'આજે દાદાને નહાતાં બહુ વાર લાગી.' તે શું કરીએ ? પાણી ટાઢું થાય ત્યારે ને ? અને કોઈનેય 'આ લાવો ને તે લાવો' એમ ના કહીએ. એડજસ્ટ થઈ જઈએ. એડજસ્ટ થવું એ જ ધર્મ છે. આ દુનિયામાં તો પ્લસ-માઈનસનું એડજસ્ટમેન્ટ કરવાનું હોય. માઈનસ હોય ત્યાં પ્લસ અને પ્લસ હોય ત્યાં માઈનસ કરવાનું. અમે તો અમારા ડહાપણનેય જો કોઈ ગાંડપણ કહે તો એમ કહીએ, હા, બરાબર છે. તે માઈનસ તુર્ત જ કરી નાખીએ.

અક્કલવાળો તો કોણ કહેવાય ? કોઈનેય દુઃખ ના દે તે અને જે કોઈ દુઃખ આપે તેને જમા કરી લે, બધાને ઓબ્લાઈઝ કર્યા કરે આખો દહાડો. સવારે ઊઠે ત્યારથી જ એનું લક્ષ, લોકોને કેમ કરીને હેલ્પફુલ થઈ પડું, એવું જેને સતત રહ્યા કરે, તે માનવ કહેવાય. અને તેને પછી આગળ ઉપર મોક્ષનો રસ્તો પણ મળી જાય.

## અથડામણો

'કોઈનીય અથડામણમાં ના આવીશ અને અથડામણને ટાળજે.'



આ અમારા વાક્યનું જો આરાધન કરીશ તો ઠેઠ મોક્ષે પહોંચીશ. તારી ભક્તિ અને અમારું વચનબળ બધું જ કામ કરી આપે. સામાની તૈયારી જોઈએ.

અમારું એક જ વાક્ય જો કોઈ પાળે તો તે મોક્ષે જ જાય. અરે, અમારો એક શબ્દ જેમ છે તેમ આખો જ ગળી જાય તોય મોક્ષ હાથમાં આવી જાય તેમ છે પણ એને જેમ છે તેમ ગળી જા. એને ચાવવા કે ચૂંથવા ન માંડીશ. તારી બુદ્ધિ કામ નહીં લાગે અને એ ઊલટાનો ડખો કરી નાખશે.

અમારો એક શબ્દ એક દહાડો પાળે તો ગજબની શક્તિ ઉત્પન્ન થાય ! એટલે પ્રભાવ ઉત્પન્ન થતો જ જાય. અંદર એટલી બધી શક્તિઓ છે કે ગમે તે ગમે તેવી અથડામણ નાખી જાય તોય તે ટાળી શકાય. જે જાણી-જોઈને ખાઈમાં પડવાની તૈયારીમાં છે એવાની જોડે આપણે ટિચાઈએ તો આપણનેય ખાઈમાં પાડે. આપણે તો મોક્ષે જવું છે કે આવાંઓની જોડે અથડામણમાં બેસી રહેવું છે ? એ તો ક્યારેય મોક્ષે નહીં જાય, પણ તનેય એની જોડે બેસાડી રાખશે. અલ્યા, એ ક્યાંથી પોસાય ? જો તારે મોક્ષે જ જવું હોય તો આવાઓ જોડે બહુ દોઢડાહ્યાય નહીં થવાનું, કે ભાઈ, તમને વાગ્યું ? બધી જ બાજુથી ચોગરદમથી સાચવવાનું, નહીં તો તમારે લાખ આ જંજાળમાંથી છૂટવું હશે તોય જગત નહીં છૂટવા દે. અથડામણ તો નિરંતર આવ્યા જ કરવાની. તેમાંથી આપણે જરાય ઘર્ષણ ઉત્પન્ન કર્યા વગર સ્મૂધલી બહાર નીકળી જવાનું છે ! અરે, અમે તો ત્યાં સુધી કહીએ છીએ કે, જો તારું ધોતિયું ઝાંખરામાં ભરાયું હોય ને તારી મોક્ષની ગાડી ઉપડતી હોય તો મૂઆ ધોતિયું છોડાવવા ના બેસી રહીશ ! ધોતિયું-બોતિયું મૂકીને દોડી જજે. અરે, એક ક્ષણ પણ એકેય અવસ્થામાં ચોંટી રહેવા જેવું નથી ! તો પછી બીજા બધાની તો વાત જ શી કરવી ? જ્યાં તું ચોંટ્યો એટલો તું સ્વરૂપને ભૂલ્યો.

જો ભૂલેચૂકે ય તું કોઈની અથડામણમાં આવી ગયો તો તેનો નિકાલ કરી નાખજે. સહજ રીતે એ અથડામણમાંથી ઘર્ષણની ચકમક ઉડાડ્યા વગર નીકળી જજે.

## ઈકોનોમી

ઈકોનોમી કોનું નામ ? ટાઈટ આવે ત્યારે ટાઈટ અને ઠંડું આવે ત્યારે ઠંડું. હંમેશાં દેવું કરીને કાર્ય ન કરવું. દેવું કરીને વેપાર કરાય પણ મોજશોખ ના કરાય. દેવું કરીને ક્યારે ખવાય ? જ્યારે મરવા પડે ત્યારે. પણ દેવું કરીને ઘી ના પીવાય.

**પ્રશ્નકર્તા :** લોભિયો અને કંજૂસમાં ફેર શો ?

**દાદાશ્રી :** કંજૂસ ફક્ત લક્ષ્મીનો જ હોય. લોભિયો તો બધી જ બાજુએથી લોભમાં હોય. માનનો પણ લોભ કરે અને લક્ષ્મીનોય કરે. આ લોભિયાને બધી જ દિશામાં લોભ હોય તે બધું જ તાણી જાય. કીડીઓ જો જીવડાની પાંખ હોય તોય ભેગી થઈને તાણી જાય. લોભિયાનું સરવૈયું શું ? ભેળું કરે. તે પંદર વરસ ચાલે એટલું કીડી ભેળું કરે. તેને ભેળું કરવાની એક જ તન્મયતા. તેમાં કોઈ વચ્ચે આવે તો કરડીને મરી ફીટે. તે કીડી આખી જિંદગી દરમાં ભેગું કરે ને ઊંદર ભઈ મફતનું ખાનારા એક જ મિનિટમાં બધું જ ખાઈ જાય !

**પ્રશ્નકર્તા :** દાદા, કંજૂસાઈ અને કરકસરમાં ફેર ખરો ?

**દાદાશ્રી :** હા. બહુ ફેર. હજાર રૂપિયા મહિને કમાતો હોય તો આઠસો રૂપિયાનો ખર્ચ રાખવો અને પાંચસો આવતા હોય તો ચારસોનો ખર્ચ રાખવો, તેનું નામ કરકસર. જ્યારે કંજૂસ ચારસોના ચારસો જ વાપરે, પછી ભલેને હજાર આવે કે બે હજાર આવે. એ ટેક્સીમાં ના જાય. કરકસર એ તો ઈકોનોમિક્સ (અર્થશાસ્ત્ર) છે. એ તો ભવિષ્યની મુશ્કેલી ધ્યાનમાં રાખે. કંજૂસ માણસને દેખીને બીજાને ચીઢ ચઢે, કે કંજૂસ છે. કરકસરિયા માણસને જોઈને ચીઢ ના ચઢે. જો કે કરકસર કે કંજૂસ એ રિલેટિવ છે. લાફા માણસને કરકસરિયોય ના ગમે. આ બધો ડખો સંસારમાં ભ્રાંતિની ભાષામાં રહેલો છે કે લાફા ના થવું જોઈએ. પણ કરકસરિયા માણસને ગમે તેટલું કહીએ તોય એ ના છોડે. અને પાજી માણસ કરકસર કરવા જાય તોય પાજી રહે. લાફાપણું કે કંજૂસપણું એ બધું સહજ સ્વભાવે છે. ગમે તેટલું કરે તોય વળે નહીં. પ્રાકૃત ગુણો બધા



જ સહજ ભાવે છે. છેવટે તો બધામાં જ નોર્માલીટી જોઈશે.

આ અમારા ગજવામાં કનુભાઈ પૈસા મૂકે તે તો આ ટેક્સી કે ગાડી એટલામાં જ વપરાય. નથી વાપરવું એમ પણ નથી અને વાપરવા છે એમ પણ નથી. એવું કશું જ નક્કી નથી. નાણું વેડફી નાખવાનું ના હોય. જેવા સંયોગો આવે તેમ વપરાય.

આ દાદાય ઝીણા છે, કરકસરિયા છે અને લાફા ય છે. પાકા લાફા છે, છતાંય કમ્પ્લીટ એડજસ્ટેબલ છે. પારકા માટે લાફા અને જાતને માટે કરકસરિયા અને ઉપદેશ માટે ઝીણા. તે સામાને અમારો ઝીણો વહીવટ દેખાય. અમારી ઈકોનોમી એડજસ્ટેબલ હોય, ટોપમોસ્ટ હોય. એમ તો પાણી વાપરીએ તેય કરકસરથી એડજસ્ટમેન્ટ લઈને વાપરીએ. અમારા પ્રાકૃત ગુણો સહજ ભાવે રહેલા હોય.

## વિષય

વિષયની બાબતમાં જગતમાં ભારે અણસમજ ચાલે છે. શાસ્ત્રો કહે છે કે, વિષય એ વિષ છે. કેટલાક લોક પણ કહે છે કે, વિષય એ વિષ છે અને તે મોક્ષે ના જવા દે. અમે એકલા જ કહીએ છીએ કે, 'વિષય એ વિષ નથી, પણ વિષયમાં નીડરતા એ જ વિષ છે. માટે વિષયોથી ડરો.' આ બધા વિષયોમાં નીડરતા રહેવી એ જ વિષ છે. નીડર ક્યારે રહે કે બે-ત્રણ સાપ આવતા હોય, તે વખતે તમારો પગ નીચે હોય અને તમને ડર ના લાગતો હોય તો પગ નીચે રાખો પણ ડર લાગતો હોય તો પગ ઉપર લઈ લેવો. પણ જો તમને ડર ના લાગતો હોય અને પગ ઊંચા જ ના લો તો, પૂર્ણ જ્ઞાની-કેવળ જ્ઞાનીની નિશાની છે. પણ પૂર્ણ નથી થયા ત્યાં સુધી તમે જાતે જ ડરીને પગ ઊંચા લઈ લો છો. માટે તમને વિષયોમાં નીડર રહેવા થર્મોમિટર આપીએ છીએ. જો સાપ સમક્ષ તું નીડર રહી શકતો હોય તો વિષયોમાં નીડર રહેજે. અને ત્યાં જો ડર લાગતો હોય, પગ ઊંચા કરી લેતો હોય તો વિષયોથી પણ ડરતો રહેજે. વિષયોમાં નીડર થવાય જ નહીં. ભગવાન મહાવીર પણ વિષયોથી ડરતા અને અમે પણ ડરીએ છીએ. વિષયોમાં નીડરતા એટલે તો બેફામપણું કહેવાય.

જગત કહે છે કે વિષયો મોક્ષે ના જવા દે. અલ્યા, તમે નથી, વિષય એટલે અંગ્રેજીમાં સબ્જેક્ટ કહેવાય. આ જગતમાં અનંત સબ્જેક્ટ્સ છે. જો વિષયો જ મોક્ષે જતાં નડતા હોય તો કોઈ મોક્ષે જઈ શક્યું જ ના હોત ! ભગવાન મહાવીર મોક્ષે ગયા તો તેમને વિષય ના નડ્યા ને તમને જ કેમ નડે છે ? વિષયો નથી નડતા, તમારી આડાઈઓ જ તમને મોક્ષે જતા નડે છે ! અનંત વિષયોમાં ભગવાન નિર્વિષયી રહીને મોક્ષે ગયા !

ખરી રીતે આત્મા પોતે નિર્વિષયી છે. મન-વચન-કાયા એ વિષયી છે. એ જો છૂટા પડે તો મન-વચન-કાયાના અનંત વિષયોમાં પોતે 'શુદ્ધાત્મા' નિર્વિષયી રહી મોક્ષે જઈ શકે.

આત્મા પોતે નિર્વિષયી તે વિષયો કેવી રીતે ભોગવે ? જો તે વિષયો ભોગવે તો તે ક્યારેય મોક્ષે ના જઈ શકે. કારણ તે તેનો અન્વય ગુણ (કાયમનો સાથે રહેનારો) થઈ ગયો કહેવાય. કમ્પાઉન્ડ સ્વરૂપ થઈ ગયું કહેવાય. એ તો સિદ્ધાંતની વિરુદ્ધ કહેવાય, વિરોધાભાસ કહેવાય. આત્મા ક્યારેય કોઈ પણ વિષય ભોગવી ના શકે. માત્ર ભોગવ્યાનો ભ્રાંતિથી અહંકાર કરે છે કે, મેં ભોગવ્યું. બસ, તેથી જ બધું અટક્યું છે. જો આ ભ્રાંતિ ભાંગે તો પોતે અનંત વિષયોમાંય નિર્વિષયી પદમાં રહે !

વિષય કોને કહેવાય ? જે જે બાબતમાં મન પ્રફુલ્લિત થાય, તે વિષય છે. મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર જેમાં જેમાં તન્મયાકાર થાય, તે વિષય છે. એકાકાર જ્યાં થાય, તે વિષય છે. વિષયોના વિચાર આવે તે સ્વાભાવિક છે. એ પરમાણુનું ગલન છે. પૂર્વે કરેલા પૂરણનું જ ગલન છે. પણ તેમાં તું તન્મયાકાર થયો, એમાં તને ટેસ્ટ લાગ્યો, તે વિષય છે. તે નુકસાનકર્તા છે. વિષય શાનું નામ ગણાય ? બીગીનીંગમાંય ગમે અને એન્ડમાંય ગમે, એનું નામ વિષય ! વિષય એ વસ્તુ નથી પણ એ તો પરમાણુનો ફોર્સ છે. જે જે પરમાણુને તે અત્યંત ભાવે કરીને, તન્મય થઈને ખેંચ્યા, તેનું ગલન થાય ત્યારે પાછો તું તેટલો જ તન્મયાકાર થાય તે વિષય છે. પછી તે ગમે તે સબ્જેક્ટ હોય. લોક ઈતિહાસનો વિષય લે છે ને તેનો વિષયી બને છે. ભૂગોળનો વિષયી બને છે. એમાં જ રચ્યોપચ્યો રહે છે, તે બધા જ વિષય છે. તેમ જેણે તપનો વિષય લીધો, ત્યાગનો



વિષય લીધો ને તેમાં જ એકાકાર રહ્યા તેય વિષય છે. અલ્યા, વિષયો લઈ વિષયી બનીને મોક્ષ શી રીતે થશે ? નિર્વિષયી થા તો મોક્ષ થશે.

જે તને સાંભર સાંભર કરે તે વિષય. આ ભજિયાં કે દહીંવડાં ખાવાનો વાંધો નથી અને તમે જો તે સાંભર સાંભર કર્યાં, કે કોઈ દહાડો આવાં ફરી બનાવજો તેમ કહ્યું, તે વિષય છે. સિનેમા જોયો અને તેમાંનું કાંઈ પણ યાદ ફરી ના આવ્યું તો તે વિષય ના કહેવાય. ફરી યાદ ના આવે એટલે તેનો નિકાલ થઈ ગયો કહેવાય અને ફરી યાદ આવ્યું એનો અર્થ તન્મય થયેલો, એટલે તે વિષય કહેવાય. વિષયો કેટલી જાતના ? અનંત જાતના. ગુલાબનું ફૂલ ગમતું હોય તે બગીચામાં દેખ્યું ને દોડધામ કરી મૂકે, તે વિષય. જેને જે યાદ આવે તે વિષય. હીરા યાદ આવ્યા કરે તે વિષય. અને લાવ્યા પછી યાદગીરી બંધ થાય તો સમભાવે નિકાલ થાય. પણ જો ફરી ક્યારેય યાદ આવે તો નિકાલ ના થયો કહેવાય, તે વિષય જ કહેવાય.

ઈચ્છા થવી એ સ્વાભાવિક છે પણ ઈચ્છા કર્યા કરવી એ અવરોધકર્તા છે, નુકસાનકર્તા છે.

સ્ત્રીઓ સાડી જુએ ને સાંભર સાંભર કરે, તે તેનો વિષય કહેવાય. જ્યાં વિષય સંબંધ ત્યાં વિખવાદ થાય.

મોક્ષે જવાનું થાય ત્યારે વિષયો સામેથી ઢગલાબંધ આવીને પડે છે. આ 'દાદા ભગવાન'નો મોક્ષમાર્ગ અનંત વિષયોમાં નિર્વિષયી પદ સહિતનો મોક્ષમાર્ગ છે.

વિષયોની આરાધના કરવા જેવી નથી અને તેનાથી ભડકવા જેવુંય નથી, તેની ચીઢેય કરવા જેવી નથી. હા, સાપ આગળ તું કેવો ચેતીને ચાલે છે ? તેમ વિષયોથી ચેતતો રહેજે ! નીડર ના થઈશ.

જ્યાં સુધી આત્મજ્ઞાન પ્રગટ ના થાય ત્યાં સુધી વિષય કોઈનેય છોડે નહીં. કારણ કર્તાભાવ, અહંકાર જાય જ નહીં.

વીતરાગતા જેનો સબ્જેક્ટ હોય તે વીતરાગને સમજી શકે પણ જેનો

સબ્જેક્ટ કષાય છે, તે વીતરાગને ક્યાંથી સમજી શકે ? જ્ઞાન ના હોય ને જો એક અવતાર વિષયનો વ્હીલકૉક વાસી દે, તોય બીજે અવતારે ખુલ્લો થઈ જાય. જ્ઞાન વિના વિષય છૂટે જ નહીં.

વિષયની આરાધનાના ફળમાં વિષય જ મળે. ગ્રહણની આરાધનાનું ફળ ત્યાગ મળે અને ત્યાગની આરાધનાનું ફળ ગ્રહણ મળે. ત્યાગનું પ્રતિપક્ષી ગ્રહણ છે. જ્યાં પ્રતિપક્ષી છે તે સર્વ વિષય છે.

ભગવાન કહે છે કે, કન્ટ્રોલમાં નથી તે વિષયો છે. 'હું વિષય ભોગવું છું' તેવો અહંકાર કરે છે. જો તું વિષય ભોગવતો હોત તો તને સંતોષ થવો જોઈએ પણ તેવું નથી. 'વિષય' એ વિષયને ભોગવતો નથી. એ તો પરમાણુનો હિસાબ છે. દરેક ઈન્દ્રિય પોતાના વિષયમાં નિપુણ છે પણ બીજા વિષયમાં નિપુણ નથી. નાકને જલેબી ચખાડીએ તો ગળી લાગે ? પરમાણુઓનો હિસાબ હોય ને તે ચૂકતે થાય તે વિષય નથી. પરંતુ તેમાં તન્મયતા, તે જ વિષય છે. તેમાં ઇન્દ્રિયોનો પણ કંઈ જ રોલ નથી. તે તો માત્ર કન્વે કરે છે. તેથી જ અમે કહીએ છીએ કે ઇન્દ્રિયોના વિષય જીતે તે જિતેન્દ્રિય જીન નથી પણ જેની દૃષ્ટિ દ્રષ્ટામાં પડી ગઈ, જેનું જ્ઞાન જ્ઞાતામાં આવી ગયું તે જિતેન્દ્રિય જીન છે ! ભગવાન મહાવીર પણ આમ જ કહેતા હતા.

વિષયનું બિગિનિંગ શું ? મોહભાવે સ્ત્રીને જોવી તે, મૂર્છિત ભાવે જોવી તે. પણ શું દરેક સ્ત્રીને મૂર્છિત ભાવે જોવાય છે ? એકને જોઈને વિચાર આવે છે ને બીજીને જોઈને વિચાર નથી આવતા, તો ધેર ઈઝ સમથીંગ રોંગ. જો સ્ત્રીને જોતાં જ ઝેર ચઢે એવું હોય તો દરેક સ્ત્રીને જોતાં જ ઝેર ચઢે. જો સ્ત્રી જ રૂટ કૉઝ હોય તો, બધી જ સ્ત્રીઓને જોતાં ઝેર ચઢવું જોઈએ, પણ તેમ નથી. એ તો અમુક જ પરમાણુથી પરમાણુનું આકર્ષણ હોય છે. જ્યાં સુધી વિષયનું એક પણ પરમાણુ હશે, ત્યાં સુધી સ્યાદ્‌વાદ વાણી નીકળશે નહીં.

જાનવરોને જે વિષયોની ઈચ્છા જ નથી તેની ઈચ્છા મનુષ્યો નિરંતર કરે છે. વિષયો જો વિષય જ હોય તો એક જગ્યાએ બે સ્ત્રી બેઠી



છે, એક મા છે અને એક પત્ની છે, ત્યાં મા ઉપર કેમ ભાવ નથી આવતો ? કારણ કે વિષય એ વિષય જ નથી. ભ્રાંતિ એ જ વિષય છે. આ વિષયો જો બંધ કરવા હોય તો તેનો ઉપાય બતાવું. આ વિષયો એ ઓટોમેટિક કેમેરા છે, તેમાં ફિલ્મ પડવા દેશો નહીં. 'શુદ્ધાત્મા'નો જ ફોટો પાડી લેજો. બાકી વિષય એ વસ્તુ જ નથી. આમાં તો ભલભલા બ્રહ્મચારીઓય ફેંફેં થઈ ગયા છે કે, આ શું છે ? જે જેમાં રચ્યો-પચ્યો રહે, તે વિષય. તે આગળથી અંધ અને પાછળથી પણ અંધ. બીજું કશું જ દેખાય નહીં, મોહાંધ કહેવાય !

વિષયની યાચના કરતાં જેને મરી જવાનું લાગે, તે આ જગતને જીતી શકે. એ સૌથી ઉત્તમ માનભેર લાઈફ કહેવાય.

રોગીષ્ઠ દેહ વિષયી વધારે હોય. નીરોગીને સ્થિરતા વધારે હોય.

વિષયોથી રોગ થતા નથી, પણ વિષયોમાં લોભ પેસે છે ત્યારે જ રોગ પેસે છે. લોક વિષયોને ડામ દે છે. મૂઆ, વિષયોને શું કામ ડામ દે છે ? વિષયમાં જે લોભ છે તેને ડામ દે ને ? વિષયો નથી નડતા પણ વિષયોમાં લોભ નડે છે. રસોઈમાં કહેશે કે મારે મરચાં વગર નહીં ચાલે, અમુક વગર નહીં ચાલે, ફલાણું તો જોઈશે જ, તે લોભ છે. એટલે જ વિષય છે અને તે એટલે જ રોગ છે. ક્રોધ-માન-માયા-લોભ એ જ રોગ કરનાર છે.

બળતરાને લઈને લોક વિષય ભોગવે છે, પણ જો વિચાર કરે તો વિષય નીકળે તેમ છે. જો આ દેહ ઉપરની ચામડી કાઢી નાખેલી હોય તો રાગ થાય ? આ તો ચામડીની ચાદર જ ઢાંકી છે ને ? અને પેટ તો મળપેટી છે. ચીરે તો મળ જ નીકળે. આ હાથ પરથી ચામડી નીકળેલી હોય ને પરુ નીકળતું હોય તો હાથ અડાડવાનું ગમે ? ના અડાડે. આ બધું અવિચારે કરીને જ છે. મોહ તો ગાંડપણ છે ! અવિચાર દશાને લઈને મોહ છે. મોહ એ નરી બળતરા છે.

આ ગળ્યું ખાવ પછી ચા પીવો તો મોળી લાગે ને ? ચાને અન્યાય નથી કરતા ? ચા તો ગળી છે, પણ મોળી કેમ લાગે છે ? કારણ એથી

ગળ્યું પહેલાં ચાખ્યું છે, તેમ અમે અનુપમ મીઠાશવાળું જ્ઞાન આપીએ છીએ પછી તમને જગતમાં તમામ વિષયી સુખો મીઠાં હોવા છતાં મોળાં લાગશે. લોકોમાં કહેવત છે કે, ટાઢિયો તાવ ચઢે, મેલેરિયા થાય ત્યારે દૂધપાક કડવો લાગે છે. તે તેનું મોઢું કડવું છે તેથી કડવું લાગે છે. તેમાં દૂધપાકનો શો દોષ ? તેમ અમારા આપેલા 'અક્રમ જ્ઞાન'થી જેમ તાવ ઉતરશે, ત્યારે આખા જગતના વિષયો નિરસ થતાં જતાં લાગશે. વિષયો નિરસ થતા જવા એ થર્મોમિટર છે, પોતાનો તાવ તો ખબર પડે !

'ક્રમિક માર્ગ'માંય વિષય નિરસ લાગતા જાય પણ તે અહંકારે કરીને નિરસ લાગે, પણ તે પાછા સામા આવવાના. પણ અમારા 'અક્રમ માર્ગ'માં ડખો જ નહીં ને ! અમે તો વિષયોના સાગરમાં નિર્વિષયી છીએ ! નિર્વિષયી એટલે જળકમળવત્. અમે તો આ દેહનું સ્વામીપણું છોડી દીધું છે એટલે અમને કશું અડે નહીં કે નડે નહીં. અમને તો સ્વામીત્વપણાનો અભાવ છે. અમારા મહાત્માઓનું માલિકીપણું પણ અમે લઈ લીધું છે અને તેથી તેઓ જળકમળવત્ રહી શકે. ચીતરે છે પુદ્ગલ, પણ તેમાં તમે 'પોતે' તન્મયાકાર થયા તો, તમે સહી કરી આપી દીધી. પણ તન્મયાકાર ના થાય અને માત્ર જુએ જ અને જાણે તો તે છૂટો જ છે.

મને કો'કે પૂછયું કે, 'આ કોટ આવો કેમ પહેર્યો છે ?' મેં કહ્યું, 'આ અમારો નિર્વિષય વિષય છે.'

બે પ્રકારના વિષય : એક વિષય અને બીજો નિર્વિષય વિષય. જે વિષયમાં ધ્યાન ના હોય, બિલકુલ લક્ષ જ ના હોય, એનું નામ નિર્વિષય વિષય.

જેને જે વિષયમાં ધ્યાન હોય તેમાં તે બહુ જ ચોક્કસ, તેમાં તો વિશેષ હોય જ. લોક પોતપોતાના વિષયમાં જ મસ્ત હોય છે અને ત્યાં જ તેઓ બાઘા જેવા દેખાતા હોય છે. કારણ કે તેમાં જ તન્મયાકાર થયા છે. આત્મા નિર્વિષયી છે. આખું જગત વિષયોથી ભરેલું છે, તેમાં જેને જે વિષયો પસંદ આવ્યા તેની જ આરાધના કરવા માંડી છે. દા.ત. તપસ્વીઓએ તપનો વિષય પસંદ કર્યો, ત્યાગીએ ત્યાગનો, વ્યાખ્યાનકારોએ



વ્યાખ્યાનનો અને સંસારીઓએ સંસારના વિષયોની આરાધના કરવા માંડી છે ને પાછા કહે છે કે, પુરુષાર્થ કરીએ છીએ ! જ્ઞાનીને પૂછ તો ખરો કે, પુરુષાર્થ છે કે શું છે ? મૂઓ, ફરજિયાતને મરજિયાત માની બેઠો છે. મૂઆ, આરાધના વિષયોની કરો છો અને ખોળો છો નિર્વિષયીને (આત્માને) ! અલ્યા, ક્યારેય પાર નહીં આવે. તેં જે જે કંઈ કર્યું ને તેમાં અહંકાર કર્યો, તન્મય થયો, એબવ નોર્મલ થયો, તે બધા જ વિષય છે. આવું સાચું જ્ઞાન કોઈને સમજાતું નથી. તેથી અવળે રસ્તે દોરાય છે. તેમાં તેમનોય દોષ નથી. આ તો જેમ છે તેમ કહેવું પડે છે અને તેય અત્યંત કરુણા આવવાથી વાણી નીકળે છે. બાકી અમારે જ્ઞાની પુરુષને તે આવાં કડવા શબ્દો વાપરવાના હોય ? પણ શું થાય ? આ વિચિત્ર કાળને લીધે સાચો માર્ગ મળતો નથી, તે દેખાડવા આવી કડક વાણી નીકળે છે ! બાકી જ્ઞાની પુરુષ તો કરુણાના સાગર હોય.

વિષયને આહ્વાન કરવા જેવું નથી. પોલીસવાળો પકડીને લઈ જાય અને બે દિવસ ભૂખ્યા રાખીને મારી-ઠોકીને બળજબરીથી માંસ ખવડાવે તેવું વિષય માટે હોવું જોઈએ અને તો જ ગુનેગારી સહેતુક નથી. ન છૂટકે વિષયો હોવા જોઈએ. વિષય-અવિષય એ પરસત્તા છે. જાણી-જોઈને પોલીસવાળા જોડે જવાની ઈચ્છા થાય ? ના થાય. બળજબરીના વિષયો એ વિષય નથી, પણ સ્વેચ્છાએ વિષય ભોગવ્યા વગર વિચાર કર્યો તે વિષય છે. આ તો ભગવાનનો ન્યાય છે ! દેહે વિષય ભોગવ્યો તો તે મુક્ત થયો અને મન વિષય ભોગવે તો બીજ પડ્યું. અવસ્થિત થયો તે વ્યવસ્થિત થશે જ. વિષયોની બળતરા પાર વગરની જગતમાં ચાલી રહી છે. સારાંમાં સારાં કપડાં પહેરીને, બીજાને બીજ પાડવાનું નિમિત્ત બનો, તોય પેમેન્ટ કરવું પડશે. વિષયનું પૃથક્કરણ બુદ્ધિથી વિચારો તોય ગંદવાડો લાગશે. જ્યાં લપસ્યો તે વિષય.

અચેતન જોડેનો વિષય સારો પણ મિશ્ર ચેતન જોડેનો ખોટો. તમારે છૂટવું હોય તોય સામું મિશ્ર ચેતન રાગી-દ્વેષી હોવાથી તમને ઝટ છૂટવા ના દે. જ્યારે અચેતન તો વીતરાગ જ છે. તમે છોડ્યું એટલું છૂટ્યું. તમારી વારે વાર.

આયુષ્યની મૂડી શ્વાસોચ્છ્વાસના કાઉન્ટ ઉપર આધાર રાખે છે. જ્યાં વધારે શ્વાસોચ્છ્વાસ વપરાય ત્યાં આયુષ્યની મૂડી વપરાતી જાય. ક્રોધ-માન-માયા-લોભ-મોહ-કપટમાં શ્વાસોચ્છ્વાસ વધારે વપરાઈ જાય છે અને દૈહિક વિષયોમાં પડ્યો હોય તો ભયંકર વપરાય છે. તેથી જ વ્યાવહારિક માણસોને કહું છું કે, બીજું કાંઈ ના થઈ શકે તો ના કરો, પણ લક્ષ્મી અને વીર્યની ઈકોનોમી કરજો. આ બે જગત વ્યવહારના મુખ્ય પાયા છે. દારૂને ખરાબ કહ્યો છે, કારણ કે તે વિષય ભણી લઈ જાય છે.

કરોડો અવતારેય પાર ના આવે તેવા અનંત વિષયો છે. તેમાં પડીને તે બધા વિષયો ભોગવવા છતાં, અમે અમારા મહાત્માઓને નિર્વિષયી બનાવ્યા છે !

લોક વિષય માટે નથી જીવતા પણ વિષયના અહંકારને પોષવા જીવે છે.

જે જે વિષયનો અહંકાર લાવ્યો છે તેના પરમાણુ દેહમાં છે. અમે અમારા મહાત્માઓના વિષયોના અહંકારને કાઢી નાખ્યો છે, છતાં પહેલાંના પરમાણુ ભરાયેલા છે તે ફળ આપીને જતા રહેશે. જે જે વિષયનો અહંકાર ભરેલો, તે તે વિષય સામો આવશે. જે જે વિષયનો અહંકાર નિર્મૂળ થયો છે, તે તે વિષયો નહીં આવે. જ્યારે બાહ્ય અહંકાર સંપૂર્ણ નિર્મૂળ થશે અને પરમાણુ પણ ફળ આપીને ચાલ્યાં જશે, ત્યારે દેહ જતો રહેશે. પરમાણુ એ પરમાણુનો સમભાવે નિકાલ થશે, ત્યારે આ દેહનો પણ મોક્ષ થશે ! જગતના રિલેટિવ ધર્મો અબંધને વિશે બંધ માને છે અને જેનાથી જેને બંધ થાય છે તેનું તેમને ભાન જ નથી. આ સૂક્ષ્મ વાક્ય છે. સમજવું અઘરું છે. આખું જગત વિષયોનું જ્ઞાન જાણે છે. જે વિષય ભણ્યો તેનું જ્ઞાન જાણે છે. મૂઆ, જે વિષય ભણ્યો તેનો જ વિષયી થયો. આ તો રિલેટિવ ધર્મોમાં પાંચ જ વિષય જણાવ્યા છે, પણ વિષયો તો અનંત છે. એબ્નોર્મલ એટલે કે એબવ નોર્મલ કે બિલો નોર્મલ થયો, એટલે વિષયી થયો. વિષયી થયો એટલે 'જગત જ્ઞાન'માં પડ્યો કહેવાય, 'આત્મજ્ઞાન' ત્યાં ના હોય.



## પ્રેમ અને આસક્તિ

'ઘડી ચઢે ઘડી ઊતરે, વહ તો પ્રેમ ના હોય,
અઘટ પ્રેમ હૃદે બસે, પ્રેમ કહીએ સોય.' - કબીર

સાચો પ્રેમ કોને કહેવાય ? જે ક્યારેય વધેય નહીં ને ઘટેય નહીં. નિરંતર એકસરખો, એકધારો જ રહે તે સાચો પ્રેમ. 'શુદ્ધ પ્રેમ તે જ પ્રગટ પરમેશ્વર પ્રેમ છે.'

બાકી જે પ્રેમ વધ-ઘટ થયા કરે તે પ્રેમ ના કહેવાય, આસક્તિ કહેવાય.

જ્ઞાનીનો પ્રેમ તે શુદ્ધ પ્રેમ છે. આવો પ્રેમ ક્યાંય જોવા નહીં મળે. દુનિયામાં જ્યાં તમે જુઓ છો તે બધો જ પ્રેમ ઘાટવાળો પ્રેમ. બૈરી-ભાયડાનો, મા-બાપનો, બાપ-દીકરાનો, મા-દીકરાનો, શેઠ-નોકરનો દરેકનો પ્રેમ ઘાટવાળો હોય. ઘાટવાળો છે એ ક્યારે સમજાય કે જ્યારે એ પ્રેમ ફ્રેક્ચર થાય. જ્યાં સુધી મીઠાશ વર્તે ત્યાં સુધી કાંઈ ના લાગે, પણ કડવાટ ઊભી થાય ત્યારે ખબર પડે. અરે, આખી જિંદગી બાપની સંપૂર્ણ આમન્યામાં રહ્યો હોય ને એક જ વખત ગુસ્સામાં, સંજોગવશાત જો બાપને બેટો 'તમે અક્કલ વગરના છો' એમ કહે, તો આખી જિંદગી માટેનો સંબંધ તૂટી જાય. બાપ કહે, તું મારો બેટો નહીં ને હું તારો બાપ નહીં. જો સાચો પ્રેમ હોય તો એ કાયમ માટે તેવો ને તેવો જ રહે, પછી ગાળો ભાંડો કે ઝઘડો કરે. એ સિવાયના પ્રેમને તો સાચો પ્રેમ શી રીતે કહેવાય ? ઘાટવાળો પ્રેમ તેને જ આસક્તિ કહેવાય. એ તો વેપારી અને ગ્રાહક જેવો પ્રેમ છે, સોદાબાજી છે. જગતનો પ્રેમ તો આસક્તિ કહેવાય. પ્રેમ તો તેનું નામ કહેવાય કે, જોડે ને જોડે રહેવાનું ગમે. તેની બધી જ વાત ગમે. તેમાં એક્શન એન્ડ રીએક્શન ના હોય. શુદ્ધ પ્રેમ એ જ પરમાત્મા છે. પ્રેમપ્રવાહ તો સરખો જ વહ્યા કરે. વધ-ઘટ ના હોય, પૂરણ-ગલન ના હોય. આસક્તિ પૂરણ-ગલન સ્વભાવની હોય.

જ્યાં સૂઈ ગયા ત્યાંનો જ આગ્રહ થઈ જાય. ચટાઈમાં સૂતો હોય તો તેનો આગ્રહ થઈ જાય ને ડનલોપના ગાદલામાં સૂતો હોય તો તેનો

આગ્રહ થાય. ચટાઈ પર સૂવાના આગ્રહવાળાને ગાદલામાં સૂવાડો તો તેને ઊંઘ ના આવે. આગ્રહ તે જ વિષ છે અને નિરાગ્રહતા એ જ અમૃત છે. નિરાગ્રહીપણું જ્યાં સુધી ઉત્પન્ન ના થાય ત્યાં સુધી જગતનો પ્રેમ સંપાદન ના થાય. શુદ્ધ પ્રેમ નિરાગ્રહતાથી પ્રગટે છે અને શુદ્ધ પ્રેમ તે જ પરમેશ્વર છે.

ઓળખ્યા વિનાનો પ્રેમ નાશવંત છે અને આજે બધી ઓળખાણ છે તે પ્રાકૃત છે, પ્રકૃતિની છે. અને તે પ્રાકૃત ગુણોને લઈને પ્રેમ થાય તે પ્રેમ શું કરવાનો ?

શુદ્ધ પ્રેમથી બધા જ દરવાજા ખૂલે. ગુરુ સાથેના પ્રેમથી શું ના મળે ?

મનુષ્યો તો રૂપાળા હોય તો ય અહંકારથી કદરૂપા દેખાય. રૂપાળા ક્યારે દેખાય ? ત્યારે કહે, પ્રેમાત્મા થાય ત્યારે. ત્યારે તો કદરૂપોય રૂપાળો દેખાય. શુદ્ધ પ્રેમ પ્રગટ થાય ત્યારે જ રૂપાળો દેખાવા લાગે. જગતના લોકોને શું જોઈએ છે ? મુક્ત પ્રેમ. જેમાં સ્વાર્થની ગંધ કે કોઈ પ્રકારનો ઘાટ ના હોય.

સંસારમાં આ ઝઘડાને લીધે જ આસક્તિ થાય છે. આ સંસારમાં ઝઘડો તો આસક્તિનું વિટામિન છે. ઝઘડો ના હોય તો વીતરાગ થવાય.

ભગવાન કહે છે કે, દ્વેષ પરિષહ ઉપકારી છે. પ્રેમ પરિષહ કદી જ નહીં છૂટે. આખું જગત પ્રેમ પરિષહમાં ફસાયેલું છે. માટે દરેકને જાળીએ રહીને 'જય શ્રીકૃષ્ણ' કરીને છૂટી જજો. કોઈના તરફ પ્રેમ રાખશો નહીં અને કોઈના પ્રેમમાં ફસાશો નહીં. પ્રેમને તરછોડીને પણ મોક્ષે ના જવાય. માટે ચેતજો ! મોક્ષે જવું હોય તો વિરોધીઓનો તો ઉપકાર માનજો. પ્રેમ કરે છે તે જ બંધનમાં નાખે છે જ્યારે વિરોધીઓ ઉપકારી-હેલ્પીંગ થઈ પડે છે. જેણે આપણી ઉપર પ્રેમ ઢોળ્યો છે તેને તરછોડ ના લાગે તેમ કરી છૂટવું, કારણ એ પ્રેમની તરછોડથી સંસાર ઊભો છે.

આ આસક્તિ તે દેહનો ગુણ છે. પરમાણુઓનો ગુણ છે. તે કેવો છે ? લોહચુંબક અને ટાંકણીને જેવો સંબંધ છે તેમ. દેહને ફીટ થાય તેવા



પરમાણુમાં દેહ ખેંચાય, તે આસક્તિ છે.

આસક્તિ તો એબવ નોર્મલ અને બીલો નોર્મલ પણ હોઈ શકે. પ્રેમ નોર્માલિટીમાં હોય, એકસરખો જ હોય, તેમાં કોઈપણ જાતનો ફેરફાર થાય જ નહીં. આસક્તિ એ તો જડની આસક્તિ છે. ચેતનની તો નામેય નથી.

વ્યવહારમાં અભેદતા રહે તેનું કારણ પણ હોય છે. એ તો પરમાણુ અને આસક્તિના ગુણો છે, પણ તેમાં કઈ ક્ષણે શું થશે તે કહેવાય નહીં. જ્યાં સુધી પરમાણુ મળતાં આવે ત્યાં સુધી આકર્ષણ રહે, તેથી અભેદતા રહે. અને પરમાણુ મળતા ના આવે તો વિકર્ષણ થાય અને વેર થાય. માટે આસક્તિ હોય ત્યાં વેર હોય જ. આસક્તિમાં હિતાહિતનું ભાન ના હોય. પ્રેમમાં સંપૂર્ણ હિતાહિતનું ભાન હોય.

આ તો પરમાણુઓનું સાયન્સ છે. તેમાં આત્માને કશી જ લેવાદેવા નથી. પણ લોક તો ભ્રાંતિથી પરમાણુના ખેંચાણને માને છે કે, 'હું ખેંચાયો'. આત્મા ખેંચાય જ નહીં. આત્મા જેમાં જેમાં તન્મયાકાર થતો નથી, તેનો તેને ત્યાગ વર્ત્યો કહેવાય.

કર્તૃત્વનું અભિમાન એ જ આસક્તિ.

આપણને તો દેહની આસક્તિ અને આત્માની અનાસક્તિ હોય !

## નેચરલ લૉ - 'ભોગવે તેની ભૂલ'

આ જગતના ન્યાયાધીશ તો ઠેર ઠેર હોય છે પણ કર્મ જગતના કુદરતી ન્યાયાધીશ તો એક જ 'ભોગવે તેની ભૂલ'. આ એક જ ન્યાય છે, તેનાથી આખું જગત ચાલી રહ્યું છે અને ભ્રાંતિના ન્યાયથી સંસાર આખોય ઊભો રહ્યો છે.

એક જણનું ગજવું કપાયું. તે ભ્રાંતિનો ન્યાય શું કરે કે જેનું ગજવું કપાયું હોય, તેને આશ્વાસન આપવા નીકળી પડે. અરેરે ! બિચારાને દુ:ખ આવી પડ્યું ! એમ કરીને પોતેય દુ:ખી થાય અને ચોરને સેંકડો ગાળો

વરસાવે. જ્યારે કુદરતી ન્યાય, અસલ ન્યાય શું કહે છે ? અલ્યા, પકડો, પકડો આને, જેનું ગજવું કપાયું છે તેને. ચોર અને શાહુકાર એ બેમાં અત્યારે ભોગવ્યું કોણે ? જેણે 'ભોગવ્યું તેની ભૂલ.' ગજવું કાપનારો તો પકડાશે ત્યારે ચોર કહેવાશે. અત્યારે તો એ લહેરથી હોટલમાં ચા-નાસ્તો કરે છે ને ! એની ભૂલ તો જ્યારે એ પકડાશે ત્યારે ભોગવશે. પણ અત્યારે કોણ ભોગવી રહ્યું છે ? જેનું ગજવું કપાયું તે. માટે કુદરતી ન્યાય કહે છે કે, ભૂલ આની. પહેલાં તેણે ભૂલ કરેલી તેનું ફળ આજે આવ્યું ને તેથી જ તે લૂંટાયો અને તેથી જ તે આજે ભોગવે છે.

નેચરલ કોર્ટમાં જે લૉ ચાલી રહ્યો છે - નેચરલ લૉ, તે જ અમે આજે અહીં ખુલ્લંખુલ્લાં કહીએ છીએ કે 'ભોગવે તેની ભૂલ.'

પોતાની ભૂલના જ માર ખાય છે. પથ્થર નાખ્યો તેની ભૂલ નહીં, જે ભોગવે, જેને વાગ્યો, તેની ભૂલ ! તમારી આજુબાજુનાં છોકરાં-છૈયાંની ગમે તે ભૂલો કે કુકૃત્યો હશે પણ તમને તેની અસર થશે નહીં, તો તમારી ભૂલ નહીં. અને તમને અસર થાય તો તમારી જ એ ભૂલ, એવું નક્કી સમજી લેજો.

જેનો વધારે દોષ તે જ આ જગતમાં માર ખાય છે. માર કોણ ખાય છે તે જોઈ લેવું. જે માર ખાય છે તે જ દોષિત છે.

જે કડવાટ ભોગવે તે જ કર્તા. કર્તા તે જ વિકલ્પ.

આ મશીનરી હોય ને પોતે બનાવેલી હોય અને તેમાં ગીઅર વ્હીલ હોય, તેમાં પોતાની આંગળી આવી જાય તો તે મશીનને તમે લાખ કહો કે ભઈ, મારી આંગળી છે, મેં જાતે તને બનાવ્યું છે ને ! તો શું એ ગીઅર વ્હીલ આંગળી છોડે ? ના છોડે. એ તો તમને સમજાવી જાય છે કે ભઈ, આમાં મારો શો દોષ ? તે ભોગવ્યું માટે તારી ભૂલ. આવી જ બહાર બધેય ચાલતી મશીનરી માત્ર છે. આ બધાંય ગીઅર માત્ર છે. ગીઅર ના હોત તો આખા મુંબઈ શહેરમાં કોઈ બાઈ તેના ધણીને દુઃખ ના દેત અને કોઈ ધણી તેની બૈરીને દુઃખ ના દેત. પોતાનું ઘર તો બધાય સુખમાં જ રાખત પણ એમ નથી. આ છોકરાં-બોકરાં, ધણી-બૈરી, બધાં જ મશીનરી માત્ર જ છે, ગીઅર માત્ર છે.



કુદરતી ન્યાય તો ગુનેગાર હોય તેને જ દંડે. ઘરમાં સાત માણસો સૂતા હોય પણ સાપ તો ગુનેગાર હોય તેને જ કરડે. એવું છે આ બધું, 'વ્યવસ્થિત' !

'ભોગવે તેની ભૂલ'ના ન્યાયમાં તો બહારના ન્યાયાધીશનું કામ જ નહીં. એમને શું કામ બોલાવવાના હોય ? બહારના ન્યાયાધીશ તો લવાદ કહેવાય અને લવાદ શું કરે ? પહેલાં તો આવીને કહે, ચા-નાસ્તો લાવો. પછી ધીરે રહીને ધણી-ધણિયાણીને કહે કે, અક્કલના કોથળા છો તે આવી ભૂલ કરી ! લવાદ પોતાની આબરૂ-અક્કલ ઢાંકેલી રાખે અને બીજાની ખુલ્લી કરે.

આ કુદરતી ન્યાયમાં તો કોઈ ન્યાયાધીશ જ નહીં ! આપણે ને આપણે જ ન્યાયાધીશ, આપણે જ વકીલ અને આપણે જ અસીલ. તે પછી પોતાને ફાવતો જ ન્યાય કરે ને ! તે મૂઓ, નિરંતર ભૂલો જ કરે. પણ ન્યાય તો કોની પાસે કરાવાય ? જ્ઞાની પુરુષ પાસે કે જેમને પોતાના દેહ માટે પણ પક્ષપાત નથી હોતો ! આ પોતે જ ન્યાયાધીશ ને પોતે જ ગુનેગાર ને પોતે જ વકીલ, તે ન્યાય કઈ બાજુ લઈ જાય ? પોતાની બાજુ જ. આ તો આમને આમ જીવ બંધાયા કરે છે. મહીંથી ન્યાયાધીશ બોલે છે કે તમારી ભૂલ થઈ છે તે પાછો મહીંનો જ વકીલ વકીલાત કરે કે આમાં મારો શો દોષ ? એમ કરીને જાતે જ બંધનમાં આવે ! પોતાના આત્મહિત માટે જાણી લેવું જોઈએ કે, કોના દોષે બંધન છે. 'ભોગવે તેની ભૂલ.' એનો જ દોષ. દેખીતી રીતે ચાલુ ભાષામાં અન્યાય છે પણ ભગવાનનો ન્યાય તો એમ જ કહે છે કે, 'ભોગવે તેની ભૂલ.' આ 'દાદા' એ જ્ઞાનમાં જેમ છે તેમ જોયું છે કે, 'ભોગવે તેની જ ભૂલ' છે.

'ભોગવે તેની ભૂલ' ! એટલું જો પૂરેપૂરું સમજાયને તોય એ મોક્ષે લઈ જાય ! આ જે લોકોની ભૂલ જુએ છે એ તો સાવ ખોટું છે. પોતાની ભૂલને લઈને નિમિત્ત મળે છે. આ તો પાછું જીવતું નિમિત્ત મળે તો તેને બચકાં ભરે ને આ કાંટો વાગ્યો હોય તો શું કરે ? ચાર રસ્તા પર કાંટો પડ્યો હોય ને હજારો માણસો જાય પણ કોઈનેય અડે નહીં, પણ ચંદુભાઈ જાય તે કાંટો વાંકો હોય તોય તેને પગે વાગે. 'વ્યવસ્થિત' તો કેવું છે ?

જેને કાંટો વાગવાનો હોય તેને જ વાગે. બધા જ સંયોગો ભેગા કરી આપે પણ એમાં નિમિત્તનો શો દોષ ?

જો કોઈ પણ માણસ દવા છાંટીને ઉધરસ ખવડાવે તો તેને માટે વઢમ્વઢા થઈ જાય, જ્યારે મરચાંનો વઘાર ઊડે ને ઊધરસ આવે તો કાંઈ વઢમ્વઢા કરે છે ? આ તો પકડાયો તેને વઢે. નિમિત્તને બચકાં ભરે. જો હકીકત જાણીએ કે કરનાર કોણ અને શાથી થાય છે, તો પછી રહે કશી ભાંજગડ ?

ચીકણી માટીમાં બૂટ પહેરીને ફરે ને લપસે તેમાં દોષ કોનો ? તારો જ ! સમજણ નહોતી પડતી કે ઉઘાડા પગે ફરીએ તો આંગળા ભરાય ને પડાય નહીં ! આમાં દોષ કોનો ? માટીનો, બૂટનો, કે તારો ?

સામાનું જો મોઢું તમને ચઢેલું દેખાયું, તો તે તમારી ભૂલ. ત્યારે તેના 'શુદ્ધાત્મા'ને સંભારીને એના નામની માફી માંગ માંગ કરી હોય તો ઋણાનુબંધમાંથી છુટાય.

જે દુ:ખ ભોગવે તેની ભૂલ અને સુખ ભોગવે તો એ એનું ઈનામ. ભ્રાંતિનો કાયદો નિમિત્તને પકડે. ભગવાનનો કાયદો, રિયલ કાયદો એકઝેક્ટ. એ તો જેની ભૂલ હોય તેને જ પકડે. આ કાયદો એક્ઝેક્ટ છે અને તેમાં કોઈ ફેરફાર કરી શકે તેમ છે જ નહીં. એવો કોઈ જગતમાં કાયદો નથી કે જે કોઈને ભોગવટો આપી શકે ! સરકારનોય કાયદો ના આપી શકે. આ તો ભોગવે તેની ભૂલ.

ભોગવ્યું એના પરથી હિસાબ નીકળી જાય કે કેટલી ભૂલ હતી !

ઘરમાં દસ માણસો હોય, તેમાં બેને ઘર કેમ ચાલતું હશે તેનો વિચાર સરખોય નથી આવતો, બેને ઘરમાં હેલ્પ કરીએ તેવો વિચાર આવે છે ને બે જણા હેલ્પ કરે છે અને એક તો આખો દહાડો ઘર શી રીતે ચલાવવું તેની જ ચિંતામાં રહે છે અને બે જણ આરામથી ઊંઘે છે. તો ભૂલ કોની ? મૂઓ, ભોગવે એની જ. ચિંતા કરે તેની જ. જે આરામથી ઊંઘે છે તેને કશું જ નહીં.



સાસુ વહુને વઢે તોય વહુ સુખમાં હોય અને સાસુને જ ભોગવવાનું હોય ત્યારે ભૂલ સાસુની જ ! જેઠાણીને સળી કરી ને ભોગવવું પડે તે આપણી ભૂલ અને સળી ના કરી છતાંય એ આપવા આવે તો તે પાછલા ભવનું કશુંક બાકી હશે તે ચૂકવવા આપ્યું. ત્યારે તમે પાછી ફરીથી ભૂલ ના કરતાં. નહીં તો ફરીથી ભોગવવું પડશે ! માટે છૂટવું હોય તો તે જે જે કંઈ કડવું-મીઠું આપે (ગાળો વગેરે) તે જમે કરી લેજો. હિસાબ ચૂકતે થઈ જશે. આ જગતમાં હિસાબ વગર તો આંખેય ભેગી ના મળે, તો બીજું બધું હિસાબ વગર તે થતું હશે ? તમે જેટલું જેટલું, જેને જેને આપ્યું હશે, તેટલું તેટલું, તમને તે પાછું આપશે. ત્યારે તમે જમે કરી લેજો. ખુશ થઈને, કે હાશ ! હવે ચોપડો પૂરો થશે. નહીં તો ભૂલ કરશો તો પાછું ભોગવવું પડશે જ.

આ આખું જગત 'આપણી' માલિકીનું છે. આપણે 'પોતે' બ્રહ્માંડના માલિક છીએ ! પણ આપણી ભૂલથી બંધાયેલા છીએ. ભોગવવું કેમ પડ્યું તે ખોળી કાઢને !

આ તો આપણી ભૂલે બંધાયા છીએ. કંઈ લોકોએ આવીને બાંધ્યા નથી. તે ભૂલ ભાંગે પછી મુક્ત. અને ખરેખર તો મુક્ત જ છે પણ ભૂલને લીધે બંધન છે.

જ્યાં આવો ચોખ્ખો-નિર્મળ ન્યાય તમને બતાવી દઈએ છીએ ત્યાં ન્યાયાન્યાયનું વહેંચણ ક્યાં કરવાનું રહે ? આ બહુ જ ઊંડી વાત છે. તમામ શાસ્ત્રોનો સાર કહું છું. આ તો 'ત્યાં'નું જજમેન્ટ (ન્યાય) કેવી રીતે ચાલી રહ્યું છે તે એક્ઝેક્ટ કહું છું કે, 'ભોગવે તેની ભૂલ.'

## નિજદોષ દર્શન

દેરાસરમાં ભઈ જાય ને રોજ ભગવાન આગળ હાથ જોડીને ગાય, 'હું તો દોષ અનંતનું ભાજન છું કરુણાળ.' વળી પાછા કહે, 'દીઠા નહીં નિજ દોષ તો તરીએ કોણ ઉપાય.' તે તેમને પૂછીએ, 'ભઈ, તમારામાં કેટલા દોષ રહ્યા છે હવે ?' ત્યારે શું કહે, 'બસ બે-ત્રણ જ રહ્યા છે ! જરાક જરાક ક્રોધ થાય છે ને થોડોક લોભ છે બસ. બીજા હવે કોઈ

દોષ જ રહ્યા નથી.' ત્યારે હમણાં ગાતો હતો ને કે, 'હું તો દોષ અનંતનું ભાજન છું કરુણાળ !' ભાઈ કહે, 'એ તો ગાવામાં તો ગાવું જ પડે ને ! પણ દોષ તો નથી જ.'

'ઓત્તારીની ! આ તો ભગવાનને ય તેં છેતરવા માંડ્યા ! ભગવાન શું કહે છે, કે જેનામાં બે દોષ હોય તે તો ત્રણ જ કલાકમાં મોક્ષે જાય ! આ તો મોટા મોટા મહારાજોને, આચાર્યોને કોઈ પૂછે કે, તમારામાં દોષ કેટલા ? તો તે કહેશે કે, બે-ત્રણ હશે. એટલા દોષે તો ત્રણ જ કલાકમાં મોક્ષે જાય. આ તો દોષથી અહીં પડ્યા છે અને જો પૂછીએ કે, બીજાના દોષ બતાવો, તો પાર વગરના દોષો બતાવે પણ પોતાનો એકુય ના દેખાય. દરેકને બીજાના દોષ જોતાં આવડે. આત્મા પ્રાપ્ત થયા પછી જ પોતાના દોષ દેખાય, નિષ્પક્ષપાતીપણું ઉત્પન્ન થઈ જાય. જો પોતાના દોષો જોતાં આવડ્યા હોત તો મોક્ષે પહોંચી ગયા હોત અને ના ગયા હોત તોય જ્ઞાની પુરુષ જેટલા ઊંચા સ્ટેજે પહોંચી ગયા હોત !

આમાં કોઈ દોષિત નથી. આ કાળ જ એવો છે. સંજોગવશાત્ બધું થાય છે, એમાં એમનોય શો વાંક ?

જેટલા દોષો દેખાયા એટલા વિદાયગીરી લેવા માંડે. જ્ઞાની પુરુષની કૃપા થાય એટલે દોષો દેખાવા માંડે. પહેલાં તો પોતે અનંત દોષનું ભાજન છે એવું જાણે એટલે દોષો ખોળવા માંડે, તપાસ કરવા માંડે. તે પછી દોષો દેખાવા લાગે. જો દોષ ના દેખાય તો તે પ્રમાદ. એ અનંત દોષનું ભાજન છે એવું જાણ્યું એટલે એની મેળે દોષ દેખાવા લાગે. પણ આ તો બહેરા અને ઘેર ચોર પેઠો તે શું થાય ? પછી ભલેને વાસણ ખખડે પણ સંભળાય તો ને !

જેટલા દોષો દેખાય એટલા વિદાયગીરી લેવા માંડે. જે તે ચીકણા હોય તે બે દહાડા, ત્રણ દહાડા, પાંચ દહાડા, મહિને કે વર્ષે, પણ એ દેખાય એટલે ચાલવા જ માંડે. અરે, ભાગવા જ માંડે, ઘરમાં જો ચોર પેઠો હોય તો, તે ક્યાં સુધી બેસી રહે ? માલિક જાણતો ના હોય ત્યાં સુધી. માલિક જો જાણે કે તરત જ ચોર નાસવા માંડે.



કોઈનાય અવગુણ ના જોવાય. જોવા હોય તો પોતાના જુઓને ! આ તો બીજાની ભૂલો જોઈએ તો મગજ કેવું ટાઈટ થઈ જાય છે ! એના કરતાં બીજાના ગુણો જોઈએ તો મગજ કેવું ખુશ થઈ જાય છે !

સામાની ભૂલ ના દેખવી. આપણી ભૂલને સુધારી લેવી જોઈએ. હિસાબ વગર તો કોઈ અવળું ના બોલે.

જો પોતાની એક ભૂલ જડે તો ભગવાને તેને માણસ કહ્યો છે. જે ભૂલથી ઘોર જંગલમાં વિચરતો અટકે ને તેને ભૂલ જડે તે માનવ છે. એની ભૂલને બતાવનારને ભગવાને 'અતિ માનવ' (સુપર હ્યુમન) કહ્યો છે.

આ જગતમાં બધું જ જડે પણ પોતાની ભૂલ ના જડે. માટે જ પોતાની ભૂલો દેખાડવા જ્ઞાનીની જરૂર પડે. જ્ઞાની પુરુષ જ એવા સર્વ સત્તાધારી છે, કે જે તમને તમારી ભૂલ દેખાડી તેનું ભાન કરાવી આપે ને ત્યારે જ એ ભૂલ ભાંગે. એ ક્યારે બને ? જ્યારે જ્ઞાની પુરુષનો ભેટો થાય અને તમને નિષ્પક્ષપાતી બનાવે. તમારી જાત માટે પણ નિષ્પક્ષપાતીપણું ઉત્પન્ન થાય ત્યારે જ કામ સરે. સ્વરૂપનું ભાન જ્યાં સુધી જ્ઞાની પુરુષ ના કરાવી આપે ત્યાં સુધી નિષ્પક્ષપાતીપણું ઉત્પન્ન ના થાય. 'જ્ઞાન' કોઈનીય ભૂલ ના કાઢે. બુદ્ધિ સર્વની ભૂલ કાઢે, સગા ભાઈનીય ભૂલ કાઢે.

**પ્રશ્નકર્તા :** 'દાદા', વ્યવહારમાં મોટો નાનાની ભૂલ કાઢે, નાનો એનાથી નાનાની ભૂલ કાઢે વ્યૂ પોઈન્ટની અથડામણમાં, એ કેમ ?

**દાદાશ્રી :** આ તો એવું છે કે મોટો નાનાને ખાઈ જાય. તે મોટો નાનાની ભૂલ કાઢે એના કરતાં આપણે કહીએ, મારી જ ભૂલ. ભૂલ જો માથે લઈ લઈએ તો એનો ઉકેલ આવે. અમે શું કરીએ ? બીજો જો સહન ના કરી શકે તો અમે અમારે જ માથે લઈ લઈએ. બીજાની ભૂલો ના કાઢીએ. તે શા હારુ બીજાને આપીએ ? આપણી પાસે તો સાગર જેવડું પેટ છે. જુઓને, આ મુંબઈની બધી જ ગટરોનું પાણી સાગર સમાવે છે ને ? તેમ આપણેય પી લેવાનું. તેથી શું થશે, કે આ છોકરાંઓ ઉપર, બીજા બધા ઉપર, પ્રભાવ પડશે. એય શીખશે. બાળકોય સમજી જાય કે આમનું

સાગર જેવડું પેટ છે. જેટલું આવે તેટલું જમે કરી લો. વ્યવહારમાં નિયમ છે, કે અપમાન કરનાર પોતાની શક્તિ આપીને જાય. તેથી અપમાન લઈ લઈએ હસતે મુખે.

એક આંખ હાથથી દબાઈ ગઈ હોય તો ચંદ્ર બે દેખાય છે ને ? તેમાં ભૂલ કોની ? એવું જગતના લોકોનું છે. મિનિટે મિનિટે, સમયે સમયે ભૂલ કરે છે. નિરંતર પર-સમયમાં હોય છે. પારકાં માટે ('સ્વ' માટે નહીં) સમય કાઢે છે. પોતાના માટે એક પણ સમય કાઢ્યો નથી. 'પોતાને' ઓળખે નહીં એ બધા 'પર-સમય.' પોતાને ઓળખ્યા પછી 'સ્વ-સમય'.

લોકોની દૃષ્ટિ દોષિત થઈ ગઈ છે તેથી સામાના દોષ જુએ છે ને પોતાના નથી જોતા. આપણે તો પહેલી દૃષ્ટિ નિર્દોષ કરી નાખવાની. નિર્દોષ થયા ને નિર્દોષ જોયું. તમને કોઈ દોષિત ના દેખાય તો તમે છૂટ્યા.

લોકો પોતાની ભૂલથી બંધાયા છે. ફોજદારી ભૂલ કરી હોય તો ફોજદારોથી બંધાયેલો. કોઈ માણસ પોતાની ભૂલ ના દેખી શકે.

આ કરમ, કરમ ગાય છે પણ કરમ શું છે તેનું તમને ભાન જ નથી. પોતાનાં કર્મ એટલે નિજદોષ. આત્મા નિર્દોષ છે પણ નિજદોષે કરીને બંધાયેલો છે. જેટલા દોષો દેખાતા થયા તેટલી મુક્તિ અનુભવાય. કોઈ કોઈ દોષને તો લાખ-લાખ પડ હોય એટલે લાખ-લાખ વાર જોઈએ એટલે નીકળતા જાય. દોષ તો મન-વચન-કાયામાં ભરેલા જ છે.

આ મન-વચન-કાયાનો દોષ તો ક્ષણે ક્ષણે દેખાવો જોઈએ. આ દુષમ કાળમાં દોષ વગર કાયા જ ના હોય. જેટલા દોષ દેખાય એટલાં કિરણ વધ્યાં કહેવાય. આ કાળમાં આ અક્રમ જ્ઞાન તો ગજબનું પ્રાપ્ત થયું છે ! તમારે માત્ર જાગૃતિ રાખીને ભરેલા માલને ખાલી કરવાનો છે, ધો ધો કરવાનો છે.

જાગૃતિ તો નિરંતર રહેવી જોઈએ. આ તો દિવસે આત્માને કોથળામાં પૂરી રાખે તો કેમ ચાલશે ? દોષો જોતા જઈને ધોવાથી આગળ વધાય, પ્રગતિ થાય. નહિતર આજ્ઞામાં રહેવાથી લાભ તો છે, તેનાથી



આત્મા જળવાઈ રહે. જાગૃતિ માટે સત્સંગ અને પુરુષાર્થ જોઈએ. સત્સંગમાં રહેવા માટે પહેલાં આજ્ઞામાં રહેવું જોઈએ.

નાટકની ખોટ અસર ના કરે, તો સમજવું કે છેલ્લો નાટકીય અવતાર રહ્યો. નાટકમાં ગાળ ભાંડે, પણ અસર ના કરે તે જોવાનું.

હિસાબ વગર તો અવળુંય ના બોલે ને સવળુંય ના બોલે. સાચી વસ્તુ પર અભિપ્રાય આપે એટલે તરત જ કાચું પડે. સત્સંગમાં જાત જાતનો કચરો નીકળે. સામાના દોષ જુએ તો કચરો વળગે. પોતાના જુએ તો નીકળી જાય. આળસવાળાને બીજાની વધારે ભૂલો દેખાય.

## ભૂલો

અંધારી ભૂલો અને અંધારામાં દટાઈ રહેલી ભૂલો ના દેખાય. જેમ જેમ જાગૃતિ વધે તેમ તેમ વધારે ને વધારે ભૂલો દેખાય. સ્થૂળ ભૂલોય ભાંગે, તો આંખનું લાઈટ ફેરફાર થઈ જાય. ભાવ શુદ્ધ રાખવો. અંધારામાં કરેલી ભૂલો અંધારામાં ક્યાંથી દેખાય ? ભૂલો જેમ જેમ નીકળતી જાય તેમ તેમ વાણીય એવી નીકળતી જાય, કે કોઈ બે ઘડી સાંભળતો રહે.

સ્થૂળ ભૂલો તો સામસામી ટકરામણ થાય એટલે બંધ થઈ જાય, પણ સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ એટલી બધી હોય છે કે એ જેમ જેમ નીકળતી જાય તેમ તેમ માણસની સુગંધી આવતી જાય.

અંધારી ભૂલો અને અંધારી વાત એના કરતાં કઠણ માણસની અજવાળાની ભૂલો સારી, પછી ભલેને જથ્થાબંધ હોય.

જ્યારે ના ગમતી અવસ્થાઓ આવી હોય, કોઈ મારે, પથ્થર પડે, ત્યારે ભૂલો દેખાય.

'મારામાં ભૂલ જ નથી' એવું તો ક્યારેય ના બોલાય. બોલાય જ નહીં. 'કેવળ' થયા પછી જ ભૂલો ના રહે.

આ ભૂલો તો અંધારી ભૂલો. જ્ઞાની પુરુષ પ્રકાશ ફેંકે એટલે દેખાય.

એના કરતાં અજવાળી ભૂલો સારી. ઈલેક્ટ્રિસિટીવાળી હોય તે દેખાય.

પુરુષાર્થ શેનો કરવાનો છે ? પુરુષ થયા પછી 'શુદ્ધાત્મા'નું લક્ષ બેઠા પછી પુરુષાર્થ અને સ્વપરાક્રમ થાય.

નર્યો ભૂલોનો જ ભંડાર મહીં ભરેલો છે. સમયે સમયે દોષ દેખાય ત્યારે કામ થયું કહેવાય. આ બધો માલ તમે ભરી લાવ્યા, પૂછયા વગરનો જ ને ?

શુદ્ધાત્માનું લક્ષ બેઠું એટલે ભૂલો દેખાય. ના દેખાય એ નર્યો પ્રમાદ કહેવાય.

ખરી કસોટીમાં જ્ઞાન ઊભું રહે. કાન કાપતા હોય ને જ્ઞાન ઊભું રહે ત્યારે ખરું કહેવાય. નહીં તો બધો પ્રમાદ કહેવાય.

જ્ઞાની પુરુષ તો એક જ કલાક ઊંઘે. નિરંતર જાગૃત જ રહે. ખોરાક ઓછો થઈ ગયો હોય, ઊંઘ ઓછી થઈ ગઈ હોય ત્યારે જાગૃતિ વધે. નહી તો પ્રમાદચર્યા રહે. ઊંઘ ખૂબ આવે તે પ્રમાદ કહેવાય. 'પ્રમાદ એટલે આત્માને ગાંસડીમાં બાંધ્યા બરાબર.'

ભૂલ એટલે શું ? એનું પોતાને ભાન જ નથી. સ્વપરાક્રમથી ભૂલો ભાંગે.

જ્યારે ઊંઘ ઘટે, ખોરાક ઘટે ત્યારે જાણવું કે પ્રમાદ ઘટ્યો.

ભૂલ ભાંગે ત્યારે એના મોં પર લાઈટ આવે. સુંદર વાણી નીકળે, લોકો એની પાછળ ફરે.

સ્ટ્રોન્ગ પરમાણુવાળી ભૂલો હોય તે તરત જ દેખાય. બહુ કડક હોય, જે બાજુ પેસે તે બાજુ ગરકી જાય. સંસારમાં પેસે તો એમાં ગરકી જાય અને જ્ઞાનમાં પેસે તો એમાં ગરકી જાય.

આત્માનો શુદ્ધ ઊપયોગ એટલે શું ? એટલે એને વીલો ના મૂકાય. પા કલાક ઝોંક ખાવી હોય તો પતંગની દોર અંગૂઠાને વીંટીને ઝોંક ખાવી. તેમ આત્માની બાબતમાં જરાય અજાગૃતિ ના રખાય.



અનંત ભૂલો છે. ભૂલોને લીધે ઊંઘ આવી જાય છે, નહીં તો ઊંઘ શાની ? ઊંઘ આવે એ તો વેરી ગણાય, પ્રમાદચર્યા કહેવાય. શુભ ઉપયોગમાં પણ પ્રમાદને અશુદ્ધ ઉપયોગ કહે છે.

બધી ભૂલો ભાંગવા કાં તો યજ્ઞ (જ્ઞાનીની અને મહાત્માની સેવા કરવી) માંડવો પડશે અથવા સ્વ પુરુષાર્થ કરવો પડશે. નહીં તો તમે આમ દર્શન કરી જાવ તો ભક્તિનું ફળ મળે, પણ જ્ઞાનનું ફળ ના મળે.

ભૂલ નથી જ એવું માનીને બેસી રહે તો ભૂલ દેખાય જ ક્યાંથી ? પછી નિરાંતે સૂઈ રહે. આપણા ઋષિ-મુનિઓ ઊંઘે નહીં. બહુ જાગૃત રહે.

પોતાની ભૂલો પોતાને કરડે, તેને અમે ઈલેક્ટ્રિક્લ ભૂલો કહીએ. અને અંધારી ભૂલો એટલે પોતાની ભૂલો પોતાને ના કરડે. જે ભૂલ કરડે તે તો તરત જ દેખાઈ જાય પણ જે ના કરડે, તે જાણ બહાર જતી રહે.

**પ્રશ્નકર્તા :** ઈલેક્ટ્રિકવાળી ભૂલો શું છે ?

**દાદાશ્રી :** એ બધી છતી ભૂલો. અકળામણ થઈને જતી રહે. એનાથી જાગૃત ને જાગૃત રહેવાય, એ તો સારું કહેવાય. જ્યારે અંધારાની ભૂલો તો કોઈને દેખાય જ નહીં. એમાં પોતે જ પ્રમાદી હોય, અપરાધી હોય અને દેખાડનારેય ના મળે. જ્યારે ઈલેક્ટ્રિકસિટીવાળી ભૂલો તો કોઈ બતાવનારેય મળી રહે. 'હું જાણું છું' એ અંધારાની ભૂલો તો બહુ ભારે અને પાછું 'હવે કંઈ વાંધો નથી' એ તો મારી જ નાખે. આ તો જ્ઞાની પુરુષ વગર કોઈ બોલી જ ના શકે કે, 'એકુય ભૂલ નથી રહી.' દરેક ભૂલોને જોઈને ભાંગવાની છે.

આપણે 'શુદ્ધાત્મા' અને બહારની બાબતમાં 'હું કશું જ જાણું નહીં' એમ જ રાખવાનું. એથી વાંધો જ નહીં આવે. 'હું જાણું છું' એવો રોગ તો પેસવો જ ના જોઈએ. આપણે તો 'શુદ્ધાત્મા'માં એકેય દોષ ના હોય પણ તમારામાં-ચંદુભાઈમાં જે જે દોષ દેખાય, તેમ તેમ તેનો નિકાલ કરવાનો.

આપણી દૃઢ ઈચ્છા છે કે જ્ઞાનીની આજ્ઞામાં જ રહેવું છે, તો તેમની

કૃપા થકી આજ્ઞામાં જ રહેવાય. આજ્ઞા પાળે ત્યારે આજ્ઞાની મસ્તી રહે. જ્ઞાનની મસ્તી તો કોને રહે, કે જે બીજાને ઉપદેશ આપતો હોય !

અમારી વાત જો જાણે અને કોઈ 'મહીં' ઉતારવા ના દે, તો જાણવું કે 'મહીં' ગાંઠ છે, ભારે રોગ છે !

ભૂલો ઘણી જ છે એ જો જાણીએ તો ભૂલો દેખાતી થાય ને પછી ભૂલો ઓછી થતી જાય. અમે બધાના દોષ ઓછા જોતા રહીએ ? એવી અમને નવરાશેય ના હોય. એ તો બહુ પુણ્યૈ ભેગી થાય ત્યારે અમે સિદ્ધિબળે તેનું ઓપરેશન કરીને કાઢી નાખીએ. આ ડૉક્ટરો કરે છે તે ઓપરેશન કરતાં લાખ ગણી મહેનત અમારા ઓપરેશનમાં હોય !

જેને જેટલી ભૂલો દેખાય તેનો તેટલો તે ઉપરી. જેને બધી જ ભૂલો ખલાસ થાય તેનો કોઈ ઉપરી જ નહીં. 'મારો કોઈ ઉપરી છે જ નહીં. તેથી હું બધાનો ઉપરી. ઉપરીનોય ઉપરી !' કારણ અમારામાં સ્થૂળ દોષો તો હોય જ નહીં, સૂક્ષ્મ દોષ પણ ચાલ્યા ગયેલા. સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ હોય, તેના અમે સંપૂર્ણ જ્ઞાતા-દ્રષ્ટા હોઈએ. ભગવાન મહાવીર પણ આ જ કરતા. નામેય ચીકાશ ના રહે ત્યારે જ સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ દોષો દેખાય.

ભગવાન મહાવીરને કેવળજ્ઞાન ઊપજ્યું ત્યાં સુધી દોષો દેખાતા હતા. ભગવાનને કેવળજ્ઞાન ઊપજ્યું તે કાળ અને પોતાના દોષ દેખાતા બંધ થવાનો કાળ એક જ હતો ! તે બન્નેય સમકાલીન હતા ! 'છેલ્લા દોષનું દેખાવું બંધ થવું અને આ બાજુ કેવળજ્ઞાન ઊભું થવું' એવો નિયમ છે.

**પ્રશ્નકર્તા :** દાદા, નાનપણથી જ બધી તરફથી મને માર પડ પડ કરે છે. હવે છોકરાંઓ તરફથીય સહેવું પડે છે તે હવે કેવી રીતે સહેવું ? આમાં કોની ભૂલ ?

**દાદાશ્રી :** આ ચાનો પ્યાલો તમારી જાતે ફૂટે તો તમને દુઃખ થાય ? જાતે ફોડો તો તમારે સહન કરવાનું હોય ? અને જો તમારા છોકરાથી ફૂટે તો દુઃખ અને ચિંતા-બળતરા થાય. પોતાની જ ભૂલોનો હિસાબ છે એમ જો સમજાય તો દુઃખ કે ચિંતા થાય ? આ તો પારકાના દોષ કાઢીને દુઃખ કે ચિંતા ઊભી કરે છે ને રાત-દહાડો નરી બળતરા જ ઊભી કરે છે



અને ઉપરથી પોતાને એમ લાગે છે, કે મારે બહુ સહન કરવું પડે છે.

'સ્વરૂપનું જ્ઞાન' એવું છે, કે જેમ પરિણામ પામે તેમ કશું જ સહન ના કરવું પડે. જ્ઞાતા-જ્ઞેય સંબંધથી સહન ના કરવું પડે. તારી જોડે કોઈ અથડાયો કેમ ? એ જ તારો દોષ છે. આપણા દોષે જ બંધન છે. પોતાની ભૂલથી છૂટવાનું છે. આ તો સંયોગ સંબંધ છે. હિસાબ વગર કોઈ ભેગો ના થાય. બધું પોતાના દોષથી બંધાયેલું છે. માત્ર પોતાના દોષ જો જો કરવાથી છૂટું થવાય તેમ છે. આ અમે અમારા દોષ જો જો કર્યા, તે અમે છૂટ્યા. નિજદોષ સમજાય એટલે છૂટો પડતો જાય.

પોતાના હાથે પાંચસો રૂપિયા પડે તો સહન કરી શકાય. એમ જ પોતાની ભૂલો સમજાય એટલે સહન કરવાની શક્તિ એની મેળે આવે.

જ્યારે સમજાઇ જાય કે દોષ કોનો હતો ? પોતાનો હતો એટલે છુટાય, નહીં તો બંધનમાં વધારે પડાય.

લોકો સહનશક્તિ વધારવાનું કહે છે, પણ તે ક્યાં સુધી રહે ? જ્ઞાનની દોરી તો ઠેઠ સુધી પહોંચે. સહનશક્તિની દોરી ક્યાં સુધી પહોંચે ? સહનશક્તિ લિમિટવાળી છે, જ્ઞાન અનલિમિટેડ છે. આ અમારું જ્ઞાન જ એવું છે, કિંચિત્‌માત્ર સહન કરવાનું રહે નહીં. સહનકરવું એ તો લોખંડને આંખથી જોઈને ઓગાળવું એટલી શક્તિ જોઈએ. જ્યારે આ જ્ઞાનથી કિંચિત્‌માત્ર સહન કર્યા વગર પરમાનંદ સાથે મુક્તિ ! પાછું સમજાય કે આ તો હિસાબ પૂરો થાય છે. મુક્ત થવાય છે.

નિજદોષ દૃષ્ટિ એટલે સમકિત એટલે કે સવળીએ ચઢેલો. એક જ વખત સવળીએ ચઢી જાય તો તેની સંસારની દુકાન ખાલી થવા લાગે. સવળીએ ચઢેલો હંમેશાં પોતાના જ દોષ જુએ. જ્યારે અવળીએ ચઢેલો એટલે શું ? ત્યારે કહે, પોતાનાં વાસણ એઠાં પડી રહ્યાં હોય ને બીજાને કહે કે લાવો, તમારાં વાસણ ધોઇ આપું.

અમે જાતે જ્ઞાનમાં જોયું છે, કે જગત શેનાથી બંધાયું છે ? માત્ર નિજદોષથી બંધાયું છે.

છેવટે દૃષ્ટિ તો કઇ જોઇશે ? જીવમાત્ર નિર્દોષ દેખાય ત્યારે કામ થયું કહેવાય. માણસોમાં જ નહીં પણ આ ઝાડ વાંકું છે એવુંય ના બોલાય. મેલને મૂઆ પૈડ. આનું આ જ અનંત અવતારથી ગાયું છે ને !

અમારી બે ચાવી જો પકડી પાડે તો સમકિત થઇ જાય તેવું છે.

(૧) મનને ગાંઠો કહી છે. મનને પરાયું કહ્યું છે. મનને વશ કરવા તૈયાર થયો તો મન પણ સામે તૈયાર થઇને બેસે. આપણે ગાંઠોનું બનેલું કહ્યું એટલે રહ્યું કશું ?

(૨) બીજી ચાવી : 'ભોગવે એની ભૂલ.'

## આડાઇ - સ્વચ્છંદ

પોતાનામાં સ્વચ્છંદ નામનો એક એવો દોષ રહ્યો છે, તે કોઇ કાળે તરવા ના દે. અનંતકાળનું સરવૈયું એટલે ચંદુભાઇનો ચોપડો. અલ્યા, અનાદિકાળથી આટલું જ કમાયા ? આઠ પ્રકારનાં કર્મની કમાણીમાં અનંત જ્ઞાનમાંથી એક છાંટોય જ્ઞાનનો ઉત્પન્ન થયો નથી. અનંત દર્શનમાંથી અથવા અનંત સુખમાંથી એક છાંટોય સુખનો ઉત્પન્ન થયો નથી. આ સુખ માને છે તે તો આરોપિત છે, સાચું નહોય. માનેલો મોક્ષ નહીં ચાલે, યથાર્થ મોક્ષ જોઇએ. આપણો ઉપરી વર્લ્ડમાંય કોઇ છે જ નહીં, એવું મુક્તિનું સુખ પ્રાપ્ત થાય, ત્યારે યથાર્થ મોક્ષ થયો કહેવાય.

સ્વચ્છંદ એટલે પોતાની મેળે જ દવા બનાવી લેવી. પોતે જાતે જ રોગનું નિદાન કરવું, જાતે જ દવા બનાવવી ને જાતે જ પ્રીસ્ક્રાઇબ કરવી ! અલ્યા, મોક્ષમાર્ગની દવા પણ જાતે જ બનાવી ? તે મૂઆ, પોઇઝન થઇ ગયું તને. તેથી જ તો વખાણે તો રાગ થાય અને વખોડે તો દ્વેષ થાય છે. ધર્મમાં, જપમાં, તપમાં, શાસ્ત્ર સમજવામાં સ્વચ્છંદ ના ચાલે. સાધન કરો તો તે સ્વચ્છંદથી કરેલું હોય તો ના ચાલે. પોતાની સ્વમતિની કલ્પનાથી ના કરશો. આ તો પોતે જ ગુનેગાર, પોતે જ વકીલ અને પોતે જ ન્યાયાધીશ, એમ કરીને ચાલે છે. સ્વચ્છંદ એટલે સ્વમતિ કલ્પના તે મૂઆ મરી જશો. સ્વચ્છંદ તો ક્યાંનો ક્યાંય પછાડી મારશે !



પોતાનું ધાર્યું જ કરે એ સ્વચ્છંદ. સ્વચ્છંદ રોકાય તો કામ થાય. પોતાના ડહાપણથી ધર્મ ને ધ્યાન કર્યાં. તે કશું વળ્યું નહીં. પોતાની જ મતિએ સ્વૈરપણે ચાલે તો અનંત અનંત અવતાર સંસાર બંધાશે, તેના કરતાં 'આ' સ્ટેશને ના આવેલો સારો. જ્યાં હતો ત્યાં જ બેસી રહે. નહીં તો આ સ્ટેશને (ધર્મના) આવ્યા પછીથી જો સ્વચ્છંદ કરીશ અને તારી પોતાની મતિએ ચાલીશ તો અનંતાનંત સંસારમાં રખડી પડીશ.

સ્વચ્છંદ જાય તો પોતાનું કલ્યાણ પોતે કરી શકે. પણ સ્વચ્છંદ જાતે કાઢવા જાય તો નીકળે નહીં ને ? સ્વચ્છંદને ઓળખવો પડશે ને ! તું જે કંઇ કરે છે તે સ્વચ્છંદ જ છે. કૃપાળુદેવે (શ્રીમદ્ રાજચંદ્રે) કહ્યું હતું કે 'સજીવન મૂર્તિના લક્ષ સિવાય જે કંઇ પણ કરવામાં આવે છે તે જીવને બંધનકર્તા છે તે અમારું હૃદય છે. 'જે કંઇ પણ કરે તે બંધન છે, એ જ સ્વચ્છંદ છે.' એક વાળ જેટલું કરે તોય સ્વચ્છંદ જ છે. વ્યાખ્યાને જાય કે સાધુ બની જાય, તપ-ત્યાગ કરી શાસ્ત્ર વાંચે તે બધું જ સ્વચ્છંદ છે. તું જે જે ક્રિયા કરે છે તે જ્ઞાની પુરુષને પૂછીને કરવાની, નહીંતો તે સ્વચ્છંદ ક્રિયા કહેવાય. એનાથી તો બંધનમાં પડાય.

'હું ચંદુભાઇ છું' એ જ સ્વચ્છંદ છે. તે જાય પછી તપ-ત્યાગ કે શાસ્ત્રનીય જરૂર નથી. સ્વચ્છંદ ઊભો રાખેલો તે હજીય ઠેકાણું પડ્યું નથી. સ્વચ્છંદ છૂટે તો કલાકમાં મોક્ષ થાય !

સ્વચ્છંદ એટલે આંધળો છંદ. 'હું ચંદુભાઇ' એ જ સ્વચ્છંદ. એનાથી તો અનંત અવતાર સુધી ઠેકાણું ના પડે. આ તો સ્વચ્છંદ જાય તો કામ થાય.

સ્વમતિએ ન ચલાય તેવું આ જગત છે. પોતાનાથી પાંચ અંશ મોટા એવાને ખોળી કાઢીને ચાલજે. ક્યાં સુધી ? કે જ્યાં સુધી જ્ઞાની પુરુષ નથી મળ્યા ત્યાં સુધી. 'બીજું કંઈ શોધ મા, માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.' એવું શ્રીમદ્ રાજચંદ્ર કહેતા.

અત્યારે તો ધર્મ સ્વચ્છંદથી જ કરે છે. આ અત્યારે કેટલાય વર્ષોથી

અમુકની આરાધના તમે કરો છો, છતાંય જો 'ચંદુભાઈ' કહ્યું, કે તરત જ કાન દો છો ને ! અને ઉપરાંત ચંદુભાઈ આવાં છે કહ્યું કે તરત જ રાગ-દ્વેષ થાય છે. આટલી બધી ગુરુની આરાધના કરી અને રાગ-દ્વેષ ન જાય, તે કામનું શું ? છતાંય તમારી આરાધના મોક્ષ માટે જ છે, તો ક્યારેક જ્ઞાની પુરુષ મળી રહે.

સ્વચ્છંદથી જરાય ના ચલાય. અજાણતાથી અગ્નિમાં હાથ ઘાલે તો દઝાય કે ના દઝાય ? અજાણે કરેલાં ફળ મળશે જ, માટે પહેલાં તારે જાણી લેવું કે તું કોણ ? અને આ બધું શું ?

સ્વચ્છંદ નામનો દોષ જાય પછી દાદાના છંદમાં બેસે. સ્વચ્છંદ જાય તો સ્વરૂપજ્ઞાન થાય. સ્વચ્છંદ ઓછા હોય, એ માણસ કેવો હોય ? જેમ વાળો તેમ વળી જાય તેવો, ફલેક્સિબલ હોય. તેમને મોક્ષમાર્ગ મળી જાય. સ્વચ્છંદીને વાળો તેમ ના વળે.

સ્વચ્છંદ એટલે બુદ્ધિભ્રમ. આ જગતમાં કોઈ દોષિત છે જ નહીં. સ્વચ્છંદ એ જ તારો મોટામાં મોટો દોષ છે.

ભગવાને મોક્ષમાર્ગે જવા સુંદર પદ્ધતિસરનું મિક્ષ્ચર બનાવ્યું હતું. તે તેમણે બધાને માટે ખુલ્લું કર્યું. તેમણે એ મિક્ષ્ચરની ફોર્મ્યુલા આપી હતી. આજે એ ફોર્મ્યુલા જ નષ્ટ થઈ ગઈ છે. કોઈનીય પાસે રહી નથી. આજે અમે તમને એ જ ફોર્મ્યુલા ફરીથી આપીએ છીએ.

એ મિક્ષ્ચરમાં ૨૦% 'શાસ્ત્રોના', ૭૦% 'જ્ઞાનીનો પરમ વિનય' અને ૧૦% 'સંસારી ભાવના' રાખજો અને પછી પીજો. ત્યારે લોકોએ શાસ્ત્રો જ પી પી કર્યા. તે મરડો થઈ ગયો. ભગવાને કહેલું, કે આ દવા દિવસના ત્રણ વખત હલાવીને પીજો. તે કેટલાકે તો દિવસમાં ત્રણ વખત હલાવ હલાવ જ કર્યા કર્યું ! અને કેટલાકે તો 'હલાવીને પીવી, હલાવીને પીવી' એમ બસ ગાયા જ કર્યું, ગાયા જ કર્યું !

આ કોના જેવું છે ? ડૉક્ટરનું પુસ્તક હોય અને જાતે બનાવીને પીવે તેવું છે. ત્યાં મૂઓ, મિક્ષ્ચર જાતે ના બનાવે, મરણનો ભય લાગે. એક ભવના મરણ માટે ડૉક્ટરને પૂછયા વગર દવા ના બનાવે અને અનંત



અવતારનાં મરણ બગાડવા માટે મહાવીરનાં, વીતરાગનાં શાસ્ત્રોનું જાતે મિક્ષ્ચર બનાવી પી ગયા, તે ઝેર થઈ ગયું છે. ભગવાને આને જ સ્વચ્છંદ કહ્યો છે. આંધળો છંદ કહ્યો છે !

મોક્ષની ગલી અતિ સાંકડી છે. તેમાં આડો ચાલવા ગયો, તો ફસાઈ જ ગયો સમજ. એમાં તો સીધા થઈને ચાલવું પડશે, સરળ થઈને ચાલવું પડશે, તો જ મોક્ષ સુધી પહોંચાશે. સાપેય દરમાં પેસતાં સીધો-સરળ થાય.

આડાઈથી જ આખો સંસાર ઊભો છે. આડાઈથી જ મોક્ષ અટક્યો છે. ભગવાને સાધુ થયા પહેલાં સીધા થવાનું કહ્યું છે. ગમે તેવું સાધુપણું પ્રાપ્ત થયું હોય પણ જો આડાઈ ના ગઈ હોય, તો તે શા કામનું ? આડાઈ એ તો ભયંકર વિકૃત અહંકાર છે. આ આડાઈ તો કેવી છે, કે જ્યારે રિયલ સત્ય સામું ચાલીને ભેટવા આવે તોય તેને ભેટવા ના દે. આડાઈ તેને ફેંકી દેવડાવે.

બૈરી-છોકરાંનું, અરે ! પોતાની જાતનુંય જેટલું જતન નથી કર્યું, તેનાથી અનેકગણું આ આડાઈનું જતન કર કર કર્યું છે. તે અનંત અવતારથી આડાઈને લીધે જ ભટક ભટક કરે છે. આડાઈ અંધ બનાવે, સાચો માર્ગ ના સૂઝવા દે. આડાઈઓ જ સ્વચ્છંદી બનાવે અને સ્વચ્છંદ એ તો પ્રત્યક્ષ ઝેર સ્વરૂપ જ છે.

વ્યવહારમાં કોઈ આડો હોય તો તેનો ભાવ ના પૂછે અને જો આડાઈ ઓછી હોય તો તેને સહુ કોઈ પૂછે, લોકોમાં તે પૂજાય. તો પછી મોક્ષમાર્ગમાં તે આડાઈઓ ચાલતી હશે ?

કેવળજ્ઞાન થતાં સુધી આડાઈ હોય. આડાઈરૂપી સમંદરને ઓળંગવાનો છે. આપણે આડાઈની આ પાર ઊભા છીએ અને જવાનું છે સામે પાર. આ જગતમાં આડાઈ સાથે આડાઈ રાખશો તો ઉકેલ નહીં આવે. આડાઈ સરળતાથી નીકળે. સાપ પણ દરમાં જાય ત્યારે વાંકોચૂકો ના જાય, સીધો થઈને દરમાં પેસે. મોક્ષે જવું હોય તો સરળ થવું પડશે. ગાંઠો કાઢી અબુધ થવું પડશે.

## શંકા

જેમ જેમ નિજ કલ્પનાથી, સ્વમતિથી શાસ્ત્રો વાંચે તેમ તેમ આડાઈઓ વધતી જાય, એથી આવરણ ઊલટું વધ્યું. અલ્યા, જો વાંચીને કંઈક પ્રકાશ પ્રાપ્ત થયો, તો પછી હજી ઠોકરો શેની વાગે છે ? ઠોકરો તો અંધારામાં વાગે. પ્રકાશમાં ક્યાંથી વાગે ? જો 'કંઈ જાણ્યું 'તો તેનાથી એકેય ચિંતા ઘટી ? ઊલટાનું, આ સાચું કે પેલું સાચું એનો મૂંઝારો વધ્યો, વધારે શંકિત થયો. અને જ્યાં શંકા ત્યાં અજ્ઞાન. શંકા આગળ આત્મા ઊભો ના રહે. જ્ઞાન તો તેનું નામ કે સંપૂર્ણ નિ:શંક બનાવે.

મહીં એકેય પરમાણુ ના હાલે, એનું નામ જ્ઞાન. શંકા એ તો આત્માની વેરણ છે. આખો આત્મા ફેંકી દેવડાવે. માટે જ્યાં શંકા ઊભી થાય તેને તો જડમૂળથી ડામવી જોઈએ. આત્મા પ્રાપ્ત થયા પછી, આત્મામાં સ્થિત થયા પછી, એવી કઈ વસ્તુ હોય કે જે હલાવી શકે ? જગતનું એવું કયું તત્વ છે, કે જે 'તમારું પોતાનું' ખૂંચવી શકે ? શંકાનો કીડો તો ભયંકર રોગ કહેવાય. ખબરેય ના પડે, કે ક્યારે ઊભી થઈ ને કેટલું નુકસાન કરી ગઈ ! એક અવતારની અમે ગેરન્ટી આપીએ છીએ કે, કંઈ જ 'વ્યવસ્થિત'ના નિયમમાં ફેરફાર થવાનો નથી. પછી શંકા કરવાનું ક્યાં રહ્યું ? અલ્યા, ઠામઠેકાણા વગરનું જગત કે જ્યાં ઘેરથી નીકળ્યો, તે પાછો આવ્યો ત્યારે સાચો, એવાં જગતમાં ક્યાં શંકા કરવી અને ક્યાં શંકા ના કરવી ? અને જે બને છે તે શું પૂર્વે બનેલું નહોતું ? આ શું નવું છે ? આની ફિલ્મ તો પહેલાં ઊતરી જ ગયેલી ને ! પછી એમાં શું ? કોઈનાય માટે શંકા કરાય તેવું નથી. ત્યાં આ લોકો મોક્ષની શંકા કરે છે, વીતરાગની શંકા કરે છે, ધર્મની બાબતમાં શંકા કરે છે, અલ્યા, ક્યાંય ફેંકાઈ જઈશ, જો શંકા કરી તો !

અનંત અવતારનો દેહાધ્યાસ જો છૂટે તો જ આત્મા પ્રાપ્ત થાય. દેહાત્મબુદ્ધિ આત્મા પ્રાપ્ત ન થવા દે. અવળું જ દેખાડે. કારણ દેહાત્મબુદ્ધિ સંસારનું જ રક્ષણ કરે અને સંસારમાં જ ભટકાવે. આ દેહાત્મબુદ્ધિ તો પોતાના જ સ્વરૂપનું નિરંતર અહિત જ કર્યા કરે. ક્યારેય પણ સવળું ના સૂઝવા દે, અવળું જ દેખાડે. એક વખત સવળીએ ચઢ્યો તો ઉકેલ આવી



જ જાય તેમ છે. સવળીએ ચઢવું એટલે સમકિત થવું. અવળીએ ચઢવું એટલે દેહાત્મબુદ્ધિમાં રહેવું તે અને આત્મામાં આત્મબુદ્ધિ થવી, એનું નામ સમકિત. આત્મામાં આત્મરૂપ અર્થાત્ આત્મસ્વરૂપ થવું, એનું નામ જ્ઞાન. દેહાત્મબુદ્ધિને ફ્રેક્ચર કરી આત્મબુદ્ધિ ઉત્પન્ન થાય ત્યારે જ મુક્તાનંદ પ્રગટ થાય. દેહાત્મબુદ્ધિ જ દેહાધ્યાસ કરાવડાવે.

## મતાગ્રહ

કેટલાક તો મતમાં પડી ગયા છે, પક્ષમાં પડી ગયા છે, તે પક્ષના જ પાયા મજબૂત કર કર કરે છે. મૂઆ, મતિયો થઈ ગયો છે, તે પોતાના જ પક્ષના પાયા દિનરાત મજબૂત કરવામાં જ મનખો એળે જઈ રહ્યો છે. અલ્યા, મોક્ષે જવું છે કે મતમાં-પક્ષમાં પડી રહેવું છે ? મોક્ષ અને પક્ષ એ બેઉ વિરોધાભાસ છે. પક્ષાતીત થાય ત્યારે જ મોક્ષમાર્ગ મળે. જ્યાં નિષ્પક્ષપાતીપણું ત્યાં જ ભગવાન, ત્યાં જ મોક્ષ.

મતાંધ ક્યારેય 'સત્ય વસ્તુ'ને ના પામી શકે. કારણ પોતાના જ મતનો આગ્રહી થયેલો હોય, તે સામાનું સત્ય શી રીતે સ્વીકારે ? અને આ આગ્રહો કરે છે તે પરમેનન્ટ વસ્તુના કે ટેમ્પરરી વસ્તુના ? મૂઆ, જોઈએ છે પરમેનન્ટ વસ્તુ (આત્મા) અને આગ્રહ કર્યા કરે છે ટેમ્પરરી વસ્તુનાં, તે આત્મા ક્યાંથી પ્રાપ્ત થાય ? સર્વ રીતે સંપૂર્ણ નિરાગ્રહી થઈ એક માત્ર આત્મા જાણવાનો આગ્રહ કરે, તો જ તે પ્રાપ્ત થશે. બધી કામનાઓ મૂકી માત્ર 'સત્ય'ને જ જાણવાનો કામી થાય, તો જ 'પરમ સત્ય' પ્રાપ્ત થશે.

## દૃષ્ટિરાગ

મતાંધ કરતાય દૃષ્ટિરાગીનો રોગ બહુ ભારે, તે અનંત અવતાર સુધી ના નીકળે. જ્યાં સુધી સમ્યક્ત્વ ના થાય ત્યાં સુધી અંધશ્રદ્ધા રહે જ. મિથ્યાત્વ હોય તેને અંધશ્રદ્ધા હોય. ભગવાનને તો અંધશ્રદ્ધાનો જેટલો વાંધો નથી તેટલો આ દૃષ્ટિરાગીનો છે, એમ કહ્યું છે. દૃષ્ટિરાગી એટલે શું ? ૩૬૦ ડિગ્રીઓ છે, વ્યુપોઈન્ટ છે અને તેની ૩૬૦ દૃષ્ટિઓ છે. તેમાં એક એક દૃષ્ટિ પર અનંત દૃષ્ટિઓ છે. એમાંની કોઈ પણ દૃષ્ટિ ઉપર, એ

વ્યુપોઈન્ટ ઉપર સંપૂર્ણ રાગ ઉત્પન્ન થઈ ગયો તે દૃષ્ટિરાગ છે. તે દૃષ્ટિરાગ ક્યારેય પણ ના જાય. અનંત અવતારની ભટકણ પછી જ્યારે જ્ઞાની પુરુષ ભેગા થાય ત્યારે તેનો દૃષ્ટિરાગરૂપી રોગ અપસેટ થાય.

દૃષ્ટિરાગીને આત્મા ઉપર આવરણ આવેલું હોય. સંસારના રાગ-દ્વેષ જાય પણ દૃષ્ટિરાગ ના જાય, એના ઉપાય નથી. આ અવતાર અને અનંત અવતાર મરે તોય આ રોગ જતો નથી, મટતો જ નથી.

દૃષ્ટિરાગનાં લક્ષણો શું ? વીતરાગતાનું એક પણ લક્ષણ નહીં તે. જેને દૃષ્ટિરાગ હોય તેને અમારી વાત ના સમજાય. બાકી ગમે તેવો અભણ હોય તો પણ તેને અમારી વાત સમજાય.

દૃષ્ટિરાગ તો રાગનોય રાગ છે. એને તો મૂળથી જ કાઢી નાખે, તો જ સત્ય સમજાય.

## વેરભાવ

**પ્રશ્નકર્તા :** જો સાપ કરડવા આવે તો આપણે તેને નહીં મારવો ?

**દાદાશ્રી :** પણ આપણે જ પાછળ હટી જાવને ! આ ટ્રેન સામેથી આવતી હોય તો શું કરો ? તેમ ખસી જવાનું.

સાપ તો પંચેન્દ્રિય જીવ છે. તેને જો મારેને તો એ વેર બાંધે. તેને ખ્યાલમાં આવે કે મને વગર ગુનાએ મારે છે. પાછો આવતે ભવે તે આપણને જ મારે.

વેરથી જ આખું જગત ઊભું છે ને ! અરે, આ કીડીનેય એમ થાય કે મારી પાસે શક્તિ હોત તો તને જ સતાવત. આ માંકણ પણ બત્તી કરીએ કે ત્રાસ પામે અને નાસી જાય, ભય પામે મૂઓ, કે મને મારી નાખશે. સાથે સાથે એને એટલુંય હોય કે મારો ખોરાક છે તે ખાઉં છું, તેમાં મને શા માટે મારે છે ? એ તો લોહી પીએ તેય એના ૠણાનુબંધનું.

બે પ્રકારનાં બંધન. એક વેરભાવનું અને બીજું પ્રેમભાવનું. પ્રેમભાવમાં પૂજ્યભાવ હોય. આ જગત વેરથી જ બંધાયું છે ! સ્નેહ એ



તો ચીકાશ સ્વભાવનો છે, તે સૂકાઈ જાય, પણ વેર ના જાય. દિન દિન વધતાં જાય.

## સંસારસાગર સ્પંદનો

સંસારસાગર તે પરમાણુઓનો સાગર છે. એમાં સ્પંદન ઊભાં થાય છે ત્યાં મોજાં ઊપજે છે અને તે મોજાં પાછાં બીજાંને ટકરાય છે, તેથી પાછાં બીજાંને ય સ્પંદન ઊભાં થાય છે અને પછી તોફાન શરૂ થાય છે. આ બધું પરમાણુઓથી જ ઉપજે છે. આત્મા તેમાં તન્મયાકાર થાય તો જોશમાં સ્પંદન શરૂ થાય.

આ જગતમાં પણ સાગર જેવું જ છે. એકે સ્પંદન ઉછાળ્યું તો સામે કેટલાંય સ્પંદન ઉછળે. આખું જગત પડઘાથી જ ઉત્પન્ન થયું છે. બધી જ જાતના બધા જ પડઘા સાચા છે અને તાલબદ્ધ સંભળાય છે.

વાવ હોય અને તેમાં મોં નાખીને તું જોરથી બૂમ પાડે, કે 'તું ચોર છે.' તો વાવ સામેથી શું જવાબ આપે ? 'તું ચોર છે.' તું કહે કે, 'તું રાજા છે', તો વાવ પણ કહે કે 'તું રાજા છે' અને 'તું મહારાજા છે' એમ કહે, તો વાવ 'તું મહારાજા છે' એમ સામો જવાબ આપે ! તેમ આ જગત વાવ સ્વરૂપ છે. તું જેવા પડઘા નાખીશ તેવો સામો જવાબ મળશે. એક્શન એન્ડ રિએક્શન આર ઈક્વલ એન્ડ ઓપોઝીટ' એવો નિયમ છે. માટે તને જેવું ફાવતું હોય તેવો પડઘો નાખજે. સામાને ચોર કહીશ તો તારેય 'તું ચોર' છે એમ સાંભળવું પડશે અને 'રાજા છે' એમ સામાને કહીશ તો તને 'રાજા છે' એમ સાંભળવા મળશે. અમે તો તને પરિણામ બતાવ્યાં, પણ સ્પંદન નાખવા તારા હાથની વાત છે. માટે તને અનુકૂળ આવે તેવો પડઘો નાખજે.

આપણે ઢેખાળો ના નાખીએ તો આપણામાં સ્પંદન ના ઊઠે અને સામેનામાંય મોજાં ના ઊઠે ને આપણને કંઈ જ અસર ના કરે. પણ શું થાય ? બધા જ સ્પંદન કરે જ છે. કો'ક નાનું તો કો'ક મોટું સ્પંદન કરે છે. કો'ક કાંકરી નાખે તો કો'ક ઢેખાળો નાખે. ઉપરથી પાછું સ્પંદન સાથે અજ્ઞાન છે તેથી ઘણી જ ફસામણ. જ્ઞાન હોય ને પછી સ્પંદન થાય તો

વાંધો નહીં. ભગવાને કહ્યું છે કે સ્પંદન ના કરીશ. પણ મૂઓ, સ્પંદન કર્યા વગર રહે જ નહીં ને ! દેહના સ્પંદનનો વાંધો નથી પણ વાણીનાં અને મનનાં સ્પંદનનો વાંધો છે. માટે તેમને તો બંધ જ કરી દેવાં જોઈએ, જો સુખે રહેવું હોય તો. જ્યાં જ્યાં ઢેખાળા નાખેલા ત્યાં ત્યાં સ્પંદનો ઊભાં થવાના જ. સ્પંદનો બહુ ભેળા થાય ત્યારે નર્કે ભોગવવા જવું પડે અને તે ભોગવીને હલકો થઈને પાછો આવે. હળવા સ્પંદનો ભેળા કરેલા હોય તો તે દેવગતિ ભોગવીને આવે. દરિયો નડતો નથી, પણ આપણે નાખેલાં ઢેખાળાનાં સ્પંદનો જ આપણને નડે છે. જો દરિયા ભણી ધ્યાન નથી રાખ્યું તો તે શાંત છે અને જ્યાં જ્યાં ધાંધલ ઊભી કરેલી તેનાં જ, તે દરિયાના સ્પંદનો નડે છે.

ભગવાને શું કહ્યું કે એક સમય પોતે પોતાનો થયો નથી. સ્પંદનોમાં જ બધો સમય કાઢે છે. પેલોય મોજાં ઊછાળે અને આપણેય મોજાં ઉછાળીએ એટલે ડૂબીય જવાયે નહીં ને તરાયેય નહીં.

દેહના સ્પંદનો બંધનકર્તા નથી પણ વાણી અને મનનાં સ્પંદનો બંધનકર્તા છે. માટે ભગવાને તેને સમરંભ, સમારંભ અને આરંભનાં એ સ્પંદનો કહ્યાં છે. મનમાં પહેલું સ્પંદન ઊભું થાય તેને ભગવાને સમરંભ કહ્યો છે. દા.ત. ચર્ચગેટ જવાનો પહેલો મહીં વિચાર આવ્યો તે સમરંભ. પછી ત્યાં જવાની ગોઠવણી મહીં કરે અને ડીસીઝન લે, નક્કી કરે ને કહે કે આપણે તો ચર્ચગેટ જ જવું છે. તે બીજ રોપાયું અને તેને સમારંભ કહ્યો છે. પછી તે આખોય ઊપડ્યો ચર્ચગેટ જવા, આખોય તે સ્પંદનનાં મોજાંમાં તણાયો તેને આરંભ કહ્યો છે. હવે આ કોયડો શી રીતે ઉકલે ?

મનને જો તરછોડ લાગી, પછી જોઈ લો તે તરછોડનાં સ્પંદનો ! ત્યાગીઓની તરછોડ કઠોર હોય. વીતરાગ તો લાખ તરછોડ વાગે તોય પોતે સ્પંદન ઊભાં ના કરે. ખોખાંમાં સ્પંદન ઊભાં કરશો જ નહીં, ખોખાંને શું તોપનાં બારે ચઢાવવા છે ? તે તો નાશ થઈ જવાના છે. પછી તે હીરાના ખોખાં હોય કે મોતીના હોય, તેમાં સ્પંદનો ઊભાં કરીને શું કાઢવાનું ?

પોતે પોતાના મનથી ફસાયો છે. તેમાં શાદી કરી, તે મિશ્ર ચેતનમાં



ફસાયો. તેય વળી પરાયું. આ બાપ જોડે સ્પંદન ઊભાં થાય છે, તો વાઈફ જોડે શું ના થાય ? વાઈફ એ તો મિશ્ર ચેતન છે, માટે ત્યાં શું કરવું ? સ્પંદન જ બંધ કરી દેવાં. બાપ જોડે સ્પંદન ચાલુ રાખીશ તો ચાલશે, પણ વાઈફ જોડે સ્પંદન ઊભાં થયા વગર રહે જ નહીં ને !

જીભની, વાણીની ભાંજગડ અને ગડભાંજ એ શું છે ? એ અહંકાર છે પૂર્વભવનો. એ અહંકારથી જીભ ગમે તેમ આપે અને એમાં સ્પંદનોની અથડામણ ઊભી થાય. આજે તો જે જે દુઃખો છે તે મોટા ભાગે તો જીભનાં, વાણીનાં સ્પંદનોનાં જ છે !

આ કળિકાળમાં તો સારાં કર્મો કરવાનાં ભાગમાંય નથી આવતાં અને ખોટાં કર્મોમાં ભાગી થવાનું આવે છે ! જ્ઞાન મળ્યા પછી મહાત્માઓને ખોટાં કર્મોમાં ખોટું થઈ રહ્યું છે, તે જ્ઞાને કરીને તો ના ગમે. એટલે કે કાર્ય ખોટું કે ખરું હોય તો પણ તે નિકાલી બાબત થઈ અને તે પૂરતું જ સ્પંદન ઊભું થાય, તે શમી જવાનું છે. પણ જેને આ ખોટું થઈ રહ્યું છે તેવું પણ મૂઢાત્મ દશામાં નથી થતું તેથી તો એક્શન એટલે કે કાર્યનાં સ્પંદનો અને અજ્ઞાનથી નવા ઊભાં થતાં રિએક્શનના ભાવોનાં સ્પંદનો એમ ડબલ સ્પંદન થાય છે. અજ્ઞાન છે એટલે સ્પંદન ક્યારે ઊભું થઈ જશે, તે ના કહેવાય. પછી તે ગમે તે હો - સંસારી હો કે ત્યાગી હો. કારણ કે જ્યાં અજ્ઞાન છે ત્યાં ભો-ભડકાટ છે અને જ્યાં ભો-ભડકાટ છે, ત્યાં સ્પંદનો અવશ્ય થવાનાં.

આ ચકલી અરીસા સામે આવીને બેસે તો અરીસો શું કરે એમાં ? અરીસો તો એમને એમ જ છે પણ એની મેળે બીજી ચકલી અંદર આવી પડી છે. તેના જેવી જ આંખો, તેવી ચાંચ જુએ અને તેનાથી તે ચકલીની બિલીફ (માન્યતા) બદલાય અને પોતાના જેવી બીજી ચકલી છે તેમ માને. તેથી અરીસાની ચકલીને ચાંચો માર માર કરે, એવું છે આ બધું ! સ્પંદનથી જગત ઊભું થયું છે. જરાક બિલીફમાં ફેરફાર થયો કે તેવું જ દેખાય. પછી જેવું કલ્પે તેવું જ થઈ જાય. અરીસો તો અજાયબી છે ! પણ લોકોને સહજ થઈ ગયું છે તેથી નથી દેખાતું. આ તો એવું છે ને કે લોકો અરીસામાં મોઢું આખો દહાડો જો જો કરે છે, માથું ઓળે છે, પફ પાવડર લગાવે

છે, તેથી આ તો અરીસાય સસ્તા થઈ ગયા છે. નહીં તો અરીસો અલૌકિક વસ્તુ છે ! કેવી છે પુદ્ગલની કરામત ! આ ચકલી અરીસા સામે બેસે તો એનું જ્ઞાન બદલાતું નથી, પણ તેની બિલીફ માન્યતા બદલાય છે. તે તેને મહીં ચકલી છે એવી બિલીફ બેસે છે, તેથી ચાંચો માર માર કરે છે. તેવું જ આ જગતમાં છે. એક સ્પંદન ઉછાળ્યું તેથી સામે કેટલાંય સ્પંદનો ઊછળે. જ્ઞાન બદલાતું નથી, પણ બિલીફ બદલાય છે. બિલીફ ક્ષણે ક્ષણે બદલાય. જો જ્ઞાન બદલાતું હોય તો આત્મા જ ના રહે. કારણ આત્મા અને જ્ઞાન એ કંઈ બન્ને એકબીજાથી જુદી વસ્તુ નથી. આત્માનું સ્વરૂપ જ જ્ઞાન સ્વરૂપ છે. જેમ વસ્તુ અને વસ્તુના ગુણ સાથે જ રહે છે અને જુદા પડતા નથી તેમ ! આ તો એવું છે કે બિલીફથી કલ્પે તેવું થઈ જાય છે.

## ક્લેશ

'ક્લેશનાં વાતાવરણમાં જેને જરાય ક્લેશ ના થાય, તેનું નામ મોક્ષ.'

ક્લેશમય વાતાવરણ તો આવ્યા જ કરે. આ તડકો નથી પડતો ? આ બારણાં હવાથી ફટાફટ નથી થતાં ? એમ તો થયા કરે. બારણાં ભટકાતાં હોય તો જરા દૂર ઊભા રહે. આ ક્લેશનું વાતાવરણ ના હોય, તો મુક્તિ ચખાય શી રીતે ? દાદાનો મોક્ષ એવો છે કે ચોગરદમથી ક્લેશનું વાતાવરણ, છતાં મુક્તિ રહે !

ભગવાને કશાનેય બંધન કહ્યું નથી ! ખાય છે, પીવે છે એ પ્રકૃતિ છે પણ આત્માનો ક્લેશ ભાંગ્યો એ જ મોક્ષ. બાકી ખીચડી હોય કે કઢી, એમાં કશું આઘુંપાછું થવાનું નથી.

ગમે ત્યારે, ગમે તેવું વાતાવરણ આવે, છતાં ક્લેશ ના થાય, તો તું બધાં શાસ્ત્ર ભણી ચૂક્યો. બહાર ગમે તેવું વાતાવરણ આવે અને તેથી ઊલટી થવા જેવું પણ લાગે ને જેમ તેને દાબ દાબ કરે ને ચોખ્ખો દેખાડે, તેમ મહીં ક્લેશ થયા છતાં ભડકો ના થાય તો સમજવું કે શાસ્ત્ર ભણી રહ્યો. ગુરુ-શિષ્યનેય ક્લેશ થઈ જાય !

જ્ઞાની પુરુષ મળ્યા પછી તો ગમે તેવાં ક્લેશનાં વાતાવરણમાંય



મહીં ક્લેશ ઊભો જ ના થાયને ! આ 'દાદા'એ મહાત્માઓને કેવું જ્ઞાન આપ્યું છે ! ક્યારેય ક્લેશ ના થાય અને વીતરાગ સુખ રહે ! ક્લેશ ભાંગ્યો, તેનું નામ જ મુક્તિ. અહીં જ મુક્તિ થઈ ગઈ !

ક્લેશમાં તો શું હોય ? જીવ બળ્યા જ કરે. ઓલવો તોય ઓલવાય નહીં. જીવ એ બાળવાની વસ્તુ નથી ! કપડું બળતું હોય તો બળવા દેજે પણ જીવ ના બાળીશ. આ તો આખો દહાડો, રાત-દહાડો ક્લેશ કર્યા જ કરે. થોડીવાર મોહની જગ્યામાં ડૂબી જાય ને પછી પાછાં ક્લેશમાં બળ્યા કરે. આખું જગત ક્લેશમાં જ ડૂબેલું છે. આજે તો બધા 'ક્લેશવાસી' જ છે. એ તો મૂર્છાથી ભુલાઈ જાય છે. બાકી ક્લેશ ભાંગે નહીં ને ક્લેશ ભાંગ્યો તો મુક્તિ.

અત્યારે તો બધે ક્લેશનાં મોજાં ફરી વળ્યાં છે. ખાતી વખતેય ક્લેશ અને જો આથી વધારે થાય તો માંકણ મારવાની દવા લાવે. આજે તો સહન ના થાય એટલે મૂઆ માંકણ મારવાની દવા પી લે. તે શું એનાથી અંત આવી ગયો ? આ તો આગળ ઠેલ્યું તે અનેકગણું કરીને ભોગવવું પડશે, તેના કરતાં ગમે તેમ કરીને આ વખત કાઢી નાખને ! આ તો નરી અણસમજણ જ છે.

આ દુઃખો ક્યાંથી આવ્યાં ? દુખિયા માણસનાં શરણાં લીધાં તેથી જ. સુખિયા માણસનું શરણું લીધું હોય તો દુઃખ આવે જ શા માટે ? 'દાદા' તો સંપૂર્ણ સુખિયા, તે તેમનાં શરણાં લીધાં, પછી વાંધો જ ક્યાંથી ? જેટલા ઘાટવાળા છે ને કંઈ પણ ઘાટ છે તે દુખિયા. તેવાનું શરણું લે, તે પછી દુઃખી જ થાયને ! જે દુખિયો હોય તે પોતાનું દળદર ફેડી શક્યો નથી, તો તે આપણું શું ફેડી શકશે ? જે પૂર્ણ સ્વરૂપ છે, અનંત સુખના ધામ છે, જેને કોઈ પણ જાતનો ઘાટ નથી, કોઈ ઈચ્છા રહી નથી ત્યાં આગળ જાય અને તેમનું શરણું લીધું તે પછી પૂર્ણ જ થવાય.

આ ક્લેશ વધી જાય તેને કંકાસ કહેવાય. તે કંકાસિયા જોડે મૈત્રીભાવ લોક શી રીતે રાખી શકે ? આ તો ખાટી છાશ ત્યાં મોળી કરવા જેવું, તેથી તે પોતેય ખાટા થઈ જાય. એનાથી તો દૂર રહેવાય તો સારું

અથવા તો જ્ઞાની થયા હોય તો સારું. જ્ઞાની હોય તે તો જાણે કે આવી રેકર્ડ તો ચોગરદમ વાગે. મહીં આત્મા તો ચોખ્ખો છે ને ! પણ જેલમાં આવી ફસાયા છે, તે થાય શું ? તે ક્લેશની ફસામણ તે કેવી ? ઘરનાં બધા એક ઉપર તૂટી પડે. પછી ઘરમાં જ વોર, તે શી દશા થાય ? જો ભાઈબંધે કહ્યું હોય, કે ઘેર જમવા આવજે. ત્યારે પેલો બિચારો કહે, 'ના, ભઈ, મારાથી નહીં અવાય. અહીં ઘેર પાછો ક્લેશ થશે.' તે બિચારાને શાંતિથી સૂવાય ના મળે. ક્ષણેક્ષણ ક્લેશ, તેય ફરજીયાત ભોગવવો પડે. અહીં ઘેરને ઘેર, એ જ ક્લેશમય વાતાવરણમાં રહેવું પડે. કેવાં કર્મોનો ઉદય ! તેય પાછાં પોતાનાં ને પોતાનાં ! આ તો વેદનાથી મુક્ત ના થવાય એવું જગત છે !

એક ભાઈ મારી પાસે આવેલા. તે મને કહે, 'દાદા, હું પરણ્યો તો ખરો પણ મને મારી બૈરી ગમતી નથી.'

**દાદાશ્રી :** કેમ ભાઈ, ના ગમવાનું શું કારણ ?

**પ્રશ્નકર્તા :** એ જરા પગે લંગડી છે. લંગડાય છે.

**દાદાશ્રી :** તે તારી બૈરીને તું ગમે છે કે નહીં ?

**પ્રશ્નકર્તા :** હું તો દાદા ગમું તેવો જ છુંને ! રૂપાળો છું, ભણેલો-ગણેલો છું, કમાઉ છું ને ખોડખાંપણ વગરનો છું.

**દાદાશ્રી :** તે એમાં ભૂલ તારી જ. તેં એવી કેવી ભૂલ કરેલી કે તને લંગડી મળી ને એણે કેવાં સારાં પુણ્ય કરેલાં કે તું સારો તેને મળ્યો !

અલ્યા, આ તો પોતાનાં કરેલાં જ પોતાની આગળ આવે છે, તેમાં સામાનો શો દોષ જુએ છે ? જા, તારી ભૂલ ભોગવી લે ને ફરી નવી ભૂલ ના કરતો. તે ભાઈ સમજી ગયો અને તેની ફ્રેક્ચર થતી લાઈફ અટકી ગઈ ને સુધરી ગઇ.

મુક્તિનું સર્વશ્રેષ્ઠ અંગ એ ક્લેશ ભાંગવો તે. ક્લેશ ભાંગ્યો એ મોટાંમાં મોટું સુખ છે. ભલે જ્ઞાન ના હોય પણ ઘરમાં ધરમ-કરમ છે, એમ



ક્યાં સુધી કહેવાય ? ત્યારે કહે, ઘરમાં ગમે તેવાં વાતાવરણમાં પોતે સહન કરી લે ને અથડામણોમાંય ક્લેશ ઊભો ના કરે, ભડકો ના કરે, એને જ ખાનદાની કહી છે. ત્યાં સુધી ભગવાનનો વાસો રહે. ઘરમાં ક્લેશ હોય ત્યાં બધું જ ખલાસ થઈ જવાનું. ભગવાનનો વાસો તો ના જ રહે અને લક્ષ્મીજી પણ ચાલવા માંડે !

ધર્મિષ્ઠ ઘર હોય તો ક્લેશ ના થવા દે અને કદાચ વરસને વચલે દહાડે થઈ જાય તો બારણાં બંધ કરી દે ને ઘરમાં ને ઘરમાં જ દબાવી દે. અને તેવો ક્લેશ ફરી ના થાય તે જ લક્ષમાં રાખે.

સંપૂર્ણ પ્રમાણિકપણું, લેતાં પહેલાં પાછું આપવું એવી ભાવના વગેરે અને લક્ષ્મીજીના કાયદા પાળે તો લક્ષ્મીજી રાજી રહે. બાકી, લક્ષ્મીજીના કાયદા ના પાળે ને લક્ષ્મીજીની પૂજા કરે, તો તે ક્યાંથી રાજી થાય ?

ભગવાન કહે છે, કે આ સંસાર ક્યાં સુધી ? ત્યારે કહે, ક્લેશવાસી મન રહે ત્યાં સુધી. મન ક્લેશરહિત થયું તો મુક્તિ. પછી જ્યાં મન જાય ત્યાં સમાધાન રહે.

આ નાનો બાબો અહીં અમારી વાણી સાંભળે છે તે તેનેય ઠંડક લાગે છે. એય ઠંડા પાણીને ઠંડું ને ઉકળેલ પાણીને ઉકળેલું સમજે. ઘેર ઝઘડો થાય ત્યારે જુએ, કે પપ્પાએ મમ્મીને આમ કહ્યું ને મમ્મીએ પપ્પાને આમ કહ્યું. તે સમજણ તેને હોય. તે પાછો મહીં ચીતરે કે ફલાણાનો વાંક લાગે છે. તે હું નાનો છું, તેથી મારું ચલણ નથી પણ મોટો થઈશ ત્યારે આપીશ. બાબો તો ક્લેશિત આંખોય સમજે ને ટાઢી આંખોય સમજે !

ક્લેશ થાય તે કાળ તો જેમ તેમ વીતી જાય, પણ તે વખતે અનંત અવતારનું બાંધી લીધું. અનંત અવતારથી ક્લેશબીજ ભરેલાં છે તે સામગ્રી મળતાં જ ક્લેશ ઊભો થાય. જ્ઞાની પુરુષ ક્લેશબીજ ભરેલાં હોય તેને બાળી મૂકે, તે પછી ક્લેશ ઊભો ના થાય.

શ્રીમદ્ રાજચંદ્ર કહે છે, કે જેને ઘેર એક દિવસ ક્લેશ વગરનો જશે, તેઓને અમારા નમસ્કાર છે !

## સાચેસાચ સુખ-દુઃખ શું છે ?

દુઃખ તો ક્યાં કહેવાય ? જ્ઞાનીની સંજ્ઞામાં દુઃખ તો છે જ નહીં. લોકસંજ્ઞામાં જ દુઃખ છે. જ્ઞાનીની સંજ્ઞાથી દુઃખ ક્યારેય આવે નહીં અને લોકસંજ્ઞાથી તો આમનો જાય તોય દુઃખ અને તેમનો જાય તોય દુઃખ, ત્યાં કોઈ દહાડોય સુખ નથી.

દુઃખ તો ક્યારે કહેવાય ? ખાવા ગયા હોય ને ખાવા મળે નહીં ને મહીં પેટમાં બળતરા થાય તેને દુઃખ કહેવાય. તરસ લાગી હોય તો પીવા પાણી ના મળે તે દુઃખ કહેવાય. નાક દબાવે તો પાંચ જ મિનિટમાં ગૂંગળામણ થઈ જાય તે દુઃખ કહેવાય. આ બહારથી બીજું ગમે તેટલું ટેન્શન આવે તો ચાલે પણ ભૂખ-તરસ અને હવાનું ના ચાલે. કારણ બીજું બધું ટેન્શન તો ગમે તેટલું આવે તો સહન થાય, કંઈ તેથી મરી ના જવાય, એ સિવાયનાં આ તો વગર કામના ટેન્શન લઈને ફરે છે.

**પ્રશ્નકર્તા :** એકને સુખ પહોંચે અને બીજાને દુઃખ પહોંચે એ શું ?

**દાદાશ્રી :** સુખ-દુઃખ કલ્પિત છે, આરોપિત છે. જેણે કલ્પના કરી કે આ સારું છે તો સુખ લાગે. સામાને શું ગમે છે એ પ્રમાણે કર્યું એટલે પુણ્ય બંધાય. બુદ્ધિનો આશય બદલાયા કરે પણ મરતી વખતે જે આશય હોય તે પ્રમાણે પરિણામ પામે.

આ ઈવોલ્યુશન છે. પહેલા માઈલનું જ્ઞાન તે બીજા માઈલે પાછું ઉત્ક્રાંત થાય. ઉત્ક્રાંતિવાદ હોય. ગયા અવતારે ચોરીના અભિપ્રાય થયા હોય, પણ આ અવતારે એવું જ્ઞાન થાય કે આ ખોટું છે. તે તેને મનમાં રહ્યા કરે કે આ ખોટું છે પણ ચોરી તો પહેલાંના આશયમાં એડજસ્ટ થયેલી છે અને તેથી ચોરી થયા જ કરે છે. એડજસ્ટમેન્ટ ફાડી ના શકાય. આ એડજસ્ટમેન્ટ અધૂરું રહેતું જ નથી, પૂરું થાય જ. ત્યાર વગર મરે નહીં. અમે શું કહીએ છીએ કે જે તારો આશય અવળો છે, તેને તું ફેરવ. ચોરી નથી કરવી એવું ફરી ફરી નક્કી કર. જેટલી વાર ચોરી કરવાના વિચાર આવે તેટલી વાર તેને તું જડમૂળથી ઊખેડી નાખ તો તારું કામ થશે, સવળું વીંટાશે.



સંસારના લોકોને વ્યવહાર ધર્મ શીખવાડવા અમે કહીએ છીએ કે પરાનુગ્રહી થા. પોતાની જાતનો વિચાર જ ના આવે. લોકકલ્યાણ માટે પરાનુગ્રહી બન. જો તારી જાતને માટે તું વાપરીશ તો તે ગટરમાં જશે અને બીજાને માટે કંઈ પણ વાપરવું તે આગળનું એડજસ્ટમેન્ટ છે.

શુદ્ધાત્મા ભગવાન શું કહે છે જે બીજાનું સંભાળે છે, તેનું હું સંભાળી લઉં છું અને જે પોતાનું જ સંભાળે છે, તેને હું તેના ઉપર છોડી દઉં છું.

## દોષદૃષ્ટિ

**પ્રશ્નકર્તા :** સામાના દોષ દેખાય, તે દોષ પોતાનામાં હોય ?

**દાદાશ્રી :** ના. એવો કોઈ કાયદો નથી છતાં એવો દોષ હોય. આ બુદ્ધિ શું કરે છે ? પોતાના દોષ ઢાંક ઢાંક કરે ને બીજાના જુએ. આ તો અવળા માણસનું કામ. જેની ભૂલ ભાંગી ગઈ હોય, તે બીજાની ભૂલો ના જુએ. એ કુટેવ જ ના હોય. સહેજે નિર્દોષ જ જુએ. જ્ઞાન એવું હોય કે સહેજે ભૂલ ના જુએ.

દોષો તો બધાની ગટરો છે. આ બહારની ગટરો આપણે ઉઘાડતા નથી. આ નાના બાબાનેય એ અનુભવ હોય. આ રસોડું રાખ્યું તે ગટર તો હોવી જ જોઈએ ને ! પણ તે ગટરને ઊઘાડવી જ નહીં. કોઈનામાં અમુક દોષ હોય, કોઈ ચિઢાતો હોય, કોઈ રઘવાયો ફરતો હોય, તે જોવું તે ગટર ઉઘાડી કહેવાય. એનાં કરતાં ગુણો જોવા તે સારું. ગટર તો આપણી પોતાની જ જોવા જેવી છે. પાણી ભરાઈ ગયું હોય તો પોતાની ગટર સાફ કરવી. આ તો ગટર ભરાઈ જાય છે પણ સમજાતું નથી અને સમજાય છતાં કરે શું ? છેલ્લે કોઠે પડી જાય એ, એનાથી તો આ બધા રોગ ઊભા થાય છે. શાસ્ત્રો વાંચીને ગા ગા કરે કે 'કોઈની નિંદા ના કરશો' પણ નિંદા તો ચાલુ જ હોય.

કોઈનું જરાક અવળું બોલ્યો કે તેટલું નુકસાન થયું જ. આ બહારની ગટરોનું ઢાંકણ કોઈ ઉઘાડતું નથી, પણ લોકોની ગટરના ઢાંકણ ઉઘાડ ઉઘાડ કરે છે.

કોઈની ટીકા કરવી એટલે આપણી દસ રૂપિયાની નોટ વટાવીને એક રૂપિયો લાવવો તે. ટીકા કરનાર હંમેશાં પોતાનું જ ગુમાવે છે. જેમાં કશું જ વળે નહીં, તે મહેનત આપણે ના કરવી. ટીકાથી તમારી જ શક્તિઓ વેડફાય છે. આપણને જો દેખાયું કે આ તલ નથી પણ રેતી જ છે, તો પછી તેને પીલવાની મહેનત શું કામ કરવી ? ટાઈમ અને એનર્જી બન્ને વેસ્ટ જાય છે. આ તો ટીકા કરી ને સામાનો મેલ ધોઈ આપ્યો ને તારું પોતાનું કપડું મેલું કર્યું, તે હવે ક્યારે ધોઈશ, મૂઆ ?

આ અમારા 'મૂઆ' શબ્દનું ભાષાંતર કે અર્થ શું કરશે ? આ શબ્દનો ગૂઢ અર્થ છે. એમાં ઠપકો ખરો પણ તિરસ્કાર નહીં. બહુ ઊંડો શબ્દ છે. અમારી ગ્રામીણ ભાષા છે છતાં પાવરફુલ છે ! એક એક વાક્યે વિચાર કરતો થઈ જાય તેમ છે. કારણ કે આ તો જ્ઞાનીની હૃદયસ્પર્શી વાણી છે, સાક્ષાત્ સરસ્વતી !

## સ્મૃતિ

**પ્રશ્નકર્તા :** દાદા, ભૂતકાળ ભૂલાતો નથી એ શું છે ?

**દાદાશ્રી :** ભૂતકાળ એટલે યાદ કર્યો કરાતો નથી અને ભૂલ્યો ભૂલાતો નથી, એનું જ નામ ભૂતકાળ. જગત આખાની ઈચ્છા તો ઘણીય છે કે ભૂતકાળ ભૂલી જવાય પણ જ્ઞાન વગર જગતની વિસ્મૃતિ થાય નહીં.

આ યાદગીરી આવે છે તે રાગ-દ્વેષનાં કારણે છે. જેને જેટલો રાગ જેની પર તે વસ્તુ વધારે યાદ આવે ને દ્વેષ હોય તો તેય વસ્તુ વધારે યાદ આવ્યા કરે. વહુ પિયરે જાય તે સાસુને ભૂલવા જાય તોય ના ભૂલાય. કારણ દ્વેષ છે, નથી ગમતી. જ્યારે વર સાંભર્યા કરે. કારણ સુખ આપેલું તેથી રાગ છે માટે. બહુ દુઃખ દીધેલું હોય કે બહુ સુખ દીધેલું હોય તે જ યાદ આવે; કારણ કે ત્યાં રાગ-દ્વેષ ચોંટેલો હોય. તે ચોટને ભૂંસી નાખીએ એટલે વિસ્મૃત થાય. એની મેળે જ વિચારો આવે એ 'યાદ' આવ્યા કહેવાય. આ બધા ધોવાઈ જાય એટલે સ્મૃતિ બંધ થાય અને ત્યાર પછી મુક્ત હાસ્ય ઉત્પન્ન થાય. સ્મૃતિ એટલે તણાવ રહે. મન ખેંચાયેલું રહે એટલે મુક્ત હાસ્ય ઉત્પન્ન ના થાય. બધાને જુદું જુદું યાદ આવવાનું.



તને યાદ આવે તે પેલાને ના આવે. કારણ બધાને જુદે જુદે ઠેકાણે રાગ-દ્વેષ હોય. સ્મૃતિ એ રાગ-દ્વેષથી છે.

**પ્રશ્નકર્તા :** દાદા, એને કાઢવી તો પડશે ને ?

**દાદાશ્રી :** આ સ્મૃતિ ઈટસેલ્ફ બોલે છે કે અમને કાઢ, ધોઈ નાખ. એ જો સ્મૃતિ ના આવતી હોય તો બધા લોચા પડી જાત. એ જો ના આવે તો તમે કોને ધોશો ? તમને ખબર શી રીતે પડે કે ક્યાં આગળ રાગ-દ્વેષ છે ? સ્મૃતિ આવે છે એ તો એની મેળે નિકાલ થવા આવે છે, ચોંટને ધોઈ નંખાવવા આવે છે. જો સ્મૃતિ આવે ને તેને ધોઈ નાખો, ચોખ્ખું કરી નાખો તો એ ધોવાઈને વિસ્મૃતિ થઈ જાય. યાદ એટલા માટે જ આવે છે કે તમારે અહીં ચોંટ છે, તે ભૂંસો, તેનો પશ્ચાતાપ કરો અને ફરી એવું ના થાય એવો દૃઢ નિશ્ચય કરો. આટલાથી તે ભૂંસાય એટલે એ વિસ્મૃત થાય. જે જ્ઞાન જગત વિસ્મૃત કરાવે તે યથાર્થ જ્ઞાન.

## અગવડતામાં સગવડતા

ભગવાને કહ્યું હતું, કે અગવડતામાં સગવડતા ખોળી કાઢજે. અગવડતામાં જ સગવડતા હોય છે, પણ ખોળતાં આવડે તો ને ?

સોફો પાંચ વરસ જૂનો થાય તે ધણીને અગવડ લાગે, ઓલ્ડ ટાઈપનો થઈ ગયો એમ લાગે. આ તો સગવડતામાં અગવડ ઊભી કરી. આજકાલ તો ઈઝી ચેરમાં બેસીને અનઈઝી થાય છે. મૂઆ, આખી જિંદગીમાં એક જ વખત અનઈઝી થવાનું હોય, ત્યારે આ તો આખો દિવસ અનઈઝી રહે છે. આખો દા'ડો ઊલેચ્યા જ કરે છે ! આ મુંબઈમાં ભરપટ્ટે સુખ પડેલું છે, પણ આ તો આખો દહાડો દુઃખમાં જ પડ્યો રહે છે. અગવડ તો એનું નામ કે જેમાં સોફા તો કેવા કે પાંચ દિવસમાં જ પાયા તૂટી જાય. આ નવા સોફાની સગવડમાં અગવડ ઊભી કરી ! પાડોશીએ સોફાસેટ વસાવ્યો, તે છ મહિના સુધી ધણી જોડે રકઝક કરી ને ઉધારી કરી ને મૂઈ સોફાસેટ નવો લાવી. તે જ્યારે તૂટ્યો ત્યારે એનો જીવ બળી ગયો. મૂઈ, જીવ તે બળાતો હશે ? કપડું બળે તો વાંધો નહીં પણ જીવ તો ન જ બળાય. આપણે તો કેવું હોવું જોઈએ કે નકલ ના હોય.

કમઅક્કલવાળા જ નકલ કરે અને દુઃખી થાય. આજે તો કોણ સોફાસેટ વસાવે નહીં ? અને એવું આપણે પણ શા માટે ? આપણે તો નકલ નહીં પણ અસલ હોવું ઘટે. ઘરમાં, બેઠકરૂમમાં અસલ ભારતીય બેઠક વસાવવી, ગાદી-તકિયા ને સ્વચ્છ સફેદ ચાદર, એટલે પછી કોઈનીય નકલ ના કરવી પડે અને બેસવામાંય કેટલી બધી સગવડ ! ખરી રીતે ચીજ તો કેટલી જોઈએ ? ખાવા-પીવાનું, પહેરવાનું ને રહેવાનું. જ્યારે આજે તો નવા દુઃખ ઊભા કરે છે. ખરેખર દુઃખ જગતમાં નામેય નથી. આ તો અણસમજણથી દુઃખો ઊભાં કરે છે !

પાડોશી આજે બોલાવે ને કાલે નાય બોલાવે. એમાં રોજ રોજ બોલાવવાની સગવડ શી ? બોલાવે ત્યારે એને લાગે કે મારી એને કિંમત છે, તેથી સગવડ લાગે. ના બોલાવે ત્યારે અગવડ લાગે પણ એમ માન કે બોલાવે તોય સારું અને ના બોલાવે તોય સારું.

પોતાની પાસે તો ભરપટ્ટે સુખ પડેલું છે પણ શી રીતે કાઢવું એની ખબર નથી. એક જ જાતનું સુખ, એક જ જાતનો માલ છે પણ આ તો સમાજે થર પાડ્યા. વાસ્તવિક જાણીએ ત્યારે સુખ મળે. ક્યાં સુધી આ કલ્પિત સુખમાં રહેવું ? પણ કરે શું ? આવી ફસાયા ભઈ, આવી ફસાયા, પછી કરે શું ? આ કોના જેવી વાત છે તે તમને કહું.

એક વાણિયા ભાઈ હતા. તેમને ભાઈબંધી એક મિયાંભાઈ જોડે. બહુ ભારે દોસ્તી. એક વખત મોહરમના વખતમાં વાણિયાભાઈ અને મિયાંભાઈ ફરવા નીકળ્યા. તે રસ્તામાં તાજિયા મળ્યા. મિયાંભાઈને તો તાજિયા દેખાતાં જ મહીં ગલગલિયાં થઈ ગયાં, તે કેમેય રોકાયા નહીં ને વાણિયાને કહે, કે હમણાં બે મિનિટમાં આવું છું. એમ કરીને એ તો ટોળામાં ઘૂસ્યા અને 'હૌસે, હૌસે...' કરવા મંડ્યા. વાણિયાએ તો બે મિનિટ ને બદલે પાંચ મિનિટ રાહ જોઈ, દસ મિનિટ થઈ, અડધો કલાક થયો, પણ મિયાંભાઈ તો બહાર નીકળવાનું નામ જ ના લે. તેમને તો ભારે રસ લાગ્યો. વાણિયો મિયાંને પાંચ-પાંચ મિનિટે કહે કે 'ભઈ, ચાલ ને હવે, નીકળને બહાર.' પણ મિયાંભાઈ તો 'હૌસે, હૌસે' જ કર્યા કરે. છેવટે કંટાળીને કલાક થયો એટલે વાણિયો મિયાંને હાથ ઝાલીને બહાર કાઢવા ગયો પણ



મિયાંભાઈએ તો વાણિયાને જ ઊલટો ટોળામાં મહીં ખેંચી લીધો અને તેને કહ્યું કે બે મિનિટ 'હૌસે, હૌસે' કરી લઈએ. આપણે બે પછી નીકળી જઈશું. બધા 'હૌસે હૌસે' બોલે ને વાણિયાભાઈ વીલું મોઢું કરીને બોલે, 'આઈ ફસાયા, ભઈ, આઈ ફસાયા !'

તેવું છે આ જગત ! એકવાર આઈ ફસાયા પછી નીકળવું મુશ્કેલ. એ તો જ્ઞાની પુરુષ મળે અને હાથ ખેંચીને બહાર કાઢે તો જ નીકળાય. આ ભ્રાંતિની ફસામણમાંથી તો ભ્રાંતિ જાય તો જ છૂટાય. પણ એ ભ્રાંતિ જાય શી રીતે ? એ તો જ્ઞાની પુરુષ ઢંઢોળીને જગાડે ત્યારે જ એ ભ્રાંતિ જાય, તે સિવાય કોઈનુંય કામ નહીં. તે સિવાય તો જેમ જેમ છૂટવા જાય તેમ તેમ વધારે ને વધારે ફસાતો જાય.

## ચાર્જ અને ડિસ્ચાર્જ

દર્શનમોહ તે ચાર્જ મોહ અને ચારિત્રમોહ તે ડિસ્ચાર્જ મોહ. પાણી એ દર્શન મોહ અને બરફ એ ચારિત્રમોહ, ચાર્જ શાથી થાય છે ?

ચેતન જડને અડ્યું ને પોતાના સ્વરૂપનું ભાન જાય છે અને તેથી ચાર્જ થાય છે. જે જે બહુ યાદ આવે છે તેમાં તન્મયાકાર થાય છે, તેનાથી જ ચાર્જ થયા કરે છે. યાદ શું આવે ? કે જેની પર બહુ રાગ હોય અથવા તો બહુ દ્વેષ હોય. જે ડિસ્ચાર્જ થઈ રહ્યું છે તેની પર રાગ-દ્વેષ કરે, ત્યારે આત્માની સ્વભાવિક કલ્પશક્તિ વિભાવિકપણે વિકલ્પ થઈને ભળે, એનાથી ચાર્જ થયા કરે. એમ જ સંસારક્રમ ચાલ્યા કરે. ભૂલથી ચાર્જ થયેલું છે, ભ્રાંતિથી ભરેલું છે, તે ડિસ્ચાર્જ થયા કરે.

રસ્તે જતાં ચંદને દુકાનમાં સાડી જોઈ એટલે તે તેમાં તદાકાર થાય. દુકાનમાં સાડી જોઈ તેનો વાંધો નથી પણ તેનો મોહ ઉત્પન્ન થયો તેનો જ વાંધો છે. સાડી જોઈ ને ગમી તે ડિસ્ચાર્જ મોહ છે પણ તેમાં ચંદન તદાકાર એવી થાય કે જે મોહ ડિસ્ચાર્જ થવા માંડેલો, તે ફરી ચાર્જ થાય. ચંદન સાડીમાં તદાકાર એવી થાય, કે સાડી સવા છ મીટરની હોય તો ચંદન પણ સવા છ મીટરની થાય ! સાડા ત્રણ મીટર પહોળી હોય તો તે પણ સાડા ત્રણ મીટર પહોળી થાય ! ને તેમાં સાડીમાં ડિઝાઈનમાં જેટલાં

ફુલ હોય કે આભલાં હોય તેટલાં ચંદનને પણ થાય. તેમાં જ પ્રતિષ્ઠિત આત્મા રમ્યા કરે. તે ચંદન ઘેર આવે પણ ચિત્ત તો ત્યાંનું ત્યાં જ દુકાને સાડીમાં જ હોય. તે ધણીય ચંદનને પૂછે, કે કેમ તને આજે ઠીક નથી કે શું ? મોઢું ઊતરી ગયું છે ને ! તે તેને બિચારાને શી ખબર કે આ તો ઘેર હરે છે, ફરે છે તે તો ધોકડું જ છે. બાકી, ચંદનનું ચિત્ત તો દુકાને સાડીમાં જ છે ! આને જ ભગવાને ચાર્જ મોહ કહ્યો છે.

સારાંમાં સારાં ભજિયાં ને સારામાં સારી વેઢમી મળે અને ખાય તેનો વાંધો નથી પણ તેમાં સ્વાદ રહી જાય તો ચાર્જ થાય. તદાકાર થઈને ભજિયું અને વેઢમી ખાય એટલે ભજિયાંના આકાર જેવો ને વેઢમીના આકાર જેવો થાય અને મોહ ફરી ચાર્જ કરે.

ધંધો કરે છે તે ડિસ્ચાર્જ થઈ રહ્યું છે. તે પૂર્વ જે ચાર્જ કર્યું હતું એટલે તેં ધંધો શરૂ કર્યો. અને શરૂ કર્યો ત્યારથી જ ડિસ્ચાર્જ થાય છે, તેમાં તદાકાર થઈ ફરી ચાર્જ થાય છે.

જન્મ્યો ત્યાંથી મર્યો ત્યાં સુધી બધું જ ડિસ્ચાર્જ થયા કરે છે. અત્યારનું મનુષ્યપણું તે ડિસ્ચાર્જ છે. ગયા અવતારમાં મનુષ્યપણું ચાર્જ કરેલું, તે હવે ડિસ્ચાર્જ થાય છે. ડિસ્ચાર્જનો તો ભગવાનેય વાંધો ઉઠાવતા નથી, પણ ડિસ્ચાર્જ વખતે તારું ધ્યાન ક્યાં વર્તે છે તેની કિંમત છે. ભગવાનનાં દર્શન કરવા મંદિરે ગયો ને ભગવાનની મૂર્તિનાં દર્શન કર્યાં ને જોડે જોડે બહાર જોડા મૂક્યા તેનોય ફોટો પાડ્યો. તે દર્શન કર્યાં તે ડિસ્ચાર્જ થયું અને જોડાનો ફોટો પાડ્યો તે ચાર્જ કર્યું.

પાણી પીધું એ ચાર્જ કર્યું કહેવાય. કારણ એ પોતાને કર્તા માને છે. પછી એ પાણીનું યુરિન થાય. એ જ્યારે બહાર આવે તે ડિસ્ચાર્જ.

માણસ વલૂરે છે એ ડિસ્ચાર્જ છે પણ વલૂરે છે (ખંજવાળે છે) ત્યારે આનંદ આવે છે. દેહની જે સ્થૂળ ક્રિયાઓ છે તે ડિસ્ચાર્જ સ્વરૂપ છે, તેમાં આનંદ કરવા જેવુંય નથી અને શોચ પણ કરવા જેવોય નથી. આનંદ આવે છે તે 'પ્રતિષ્ઠિત આત્મા'ને આવે છે, તેનો જાણનારો પોતે 'શુદ્ધાત્મા' છે. તે જાણે કે હમણાં લહાય બળશે એટલે ખબર પડશે. પણ જો તે આનંદમાં



તન્મયાકાર થઈ જાય એટલે પાછું ચાર્જ થાય. ડિસ્ચાર્જ મોહ ખપી રહ્યો છે પણ મૂઓ પાછો ચાર્જ કરે છે આવતા ભવ માટે. મનુષ્યપણું ચાર્જ કરવા જાય પણ થઈ જાય ગધેડો ! એવું ઠામઠેકાણા વગરનું છે આ બધું ! હિતાહિતનું ભાન જ નહીં એટલે શું કરવા જાય છે ને શું થઈ જાય છે ? લોકનિંદ્ય થતું હોય ત્યાં મન-વચન-કાયાને કહી દઈએ અને તેને વાળીએ, પણ લોકમાન્ય હશે તો વાંધો નથી. લોકઅમાન્ય હોય તો ત્યાં આગળ ઉપાય કરવો પડે. મિકેનિકલ 'હું'ને કંટ્રોલમાં રાખવાની સત્તા મૂળ 'હું'ની નથી. એન્જિન ચાલુ થાય પછી બંધ કરવાની સત્તા નથી રહેતી. ચાર્જ થઈ ગયા પછી ડિસ્ચાર્જ થવાનું જ, એમાં ભગવાનનીય સત્તા નહોતી. ડિસ્ચાર્જમાં તો બેટરી જેવી ચાર્જ થયેલી હશે તેવી જ નીકળશે. મૂળ સ્વરૂપે 'હું' જાણ્યા પછી નવી બેટરી ચાર્જ ના થાય. એ બંધ થઈ જાય. સ્વરૂપ જ્ઞાન મળ્યા પછી ડિસ્ચાર્જમાં ડખો ન કરે, પણ ઘણુંખરું પુરુષાર્થથી ઓગળી જાય.

ચાર્જેબલ મોહ તે ચાર્જ થાય છે, પૂરણ થાય છે. ૧ અંશ, ૨ અંશ, ૩ અંશ એવી રીતે પૂરણ થાય, તે ૫૦૦ સુધી થાય, હવે ડિસ્ચાર્જ મોહ કેવો હોય કે પહેલાં એકદમ ૫૦૦ ઉપર આવે. દા.ત. ક્રોધ ૫૦૦ ડિગ્રીએ આવે પછી ૪૫૦ ઉપર આવે. પછી ૪૦૦ ઉપર આવે અને છેવટે ૧ આવે અને ત્યાર પછી ખલાસ થાય, સંપૂર્ણ ડિસ્ચાર્જ થાય. દરેક વસ્તુ ડિસ્ચાર્જમાં એકદમ મોટી આવે, પછી ધીરે ધીરે ઘટે. ક્રોધ પહેલાં ૫૦૦ ઉપર આવે ને એકદમ ધડાકો કરે. ૫૦૦થી શરૂ કરે અને પછી ધીરે ધીરે ઓગળતો જાય.

રસ્તે જતાં ગમો-અણગમો ઉત્પન્ન થાય તેવું બન્યા કરે. આપણી ઈચ્છા ના હોય છતાં ગમો-અણગમો થયા કરે પણ તે શાથી ગમે છે અને શાથી નથી ગમતું ? તેનો કોઈ વિચાર જ કરતું નથી. તારી ઈચ્છા ના હોય તોય તે ફરે તેમ નથી. તારી ઈચ્છાની વાત નથી. જન્મ્યો ત્યારથી મન-વચન-કાયાની ત્રણેય બેટરીઓ ડિસ્ચાર્જ થયા કરે છે. કારણ કે પૂર્વે ચાર્જ કરેલું છે તેથી. ડિસ્ચાર્જ થાય ત્યારે ખબર પડે કે અવળું ચાર્જ કરેલું હતું. એટલે ફરી સવળું ચાર્જ કરશો તો ફરી સવળી લાઈફ જશે. બાકી અત્યારે તો બધી ફિલ્મ પડી ગયેલી છે. હવે જે ભજવવાની છે તે ભજવો.

જે ફિલ્મ પડદા ઉપર અત્યારે દેખાય છે તેનું શૂટિંગ તો પહેલાં ક્યારનુંય થઈ ગયેલું છે, પણ અક્કરમી અત્યારે પડદા ઉપર ફિલ્મ જુએ છે. તે ના ગમતું આવે છે ત્યારે પાછો કહે છે, કે ફિલ્મ કટ કરો, કટ કરો. તે મૂઆ હવે શી રીતે કટ થાય ? એ તો જ્યારે શૂટિંગ કરતો હતો, ચાર્જ કરતો હતો ત્યારે વિચારવું હતું ને ! હવે તો કોઈ બાપોય ફેરવી ના શકે. માટે રાગ-દ્વેષ કર્યા વગર ચૂપચાપ ફિલ્મ પૂરી કરી નાખ.

જગત આખુંય ચાર્જને જ વશ થઈ ગયેલું છે.

ગમો-અણગમો, લાઈક એન્ડ ડિસ્લાઈક એ હવે ડિસ્ચાર્જ મોહ છે અને રાગ-દ્વેષ એ ચાર્જ મોહ છે. ચાર્જ એ ભગવાનની આજ્ઞા વિરુદ્ધ છે, ડિસ્ચાર્જ એ ભગવાનની આજ્ઞા વિરુદ્ધ નથી.

લોકો ડિસ્ચાર્જ મોહના પાંદડાં કાપ કાપ કરે છે ને ચાર્જ મોહ તો ચાલુ જ છે, તે ક્યાંથી પાર આવે ? કેટલાક તો ડાળીઓ કાપ કાપ કરે, કેટલાક થડ આખુંય કાપી નાખે, પણ જ્યાં સુધી ધોરી મૂળ હશે ત્યાં સુધી એ ફરી ફૂટી નીકળવાનું. તે લોકો ગમે તેટલા ઉપાય આ સંસાર વૃક્ષને નિર્મૂળ કરવા કરે, પણ તેમ ઉકેલ આવે તેમ નથી. એમાં તો જ્ઞાની પુરુષનું જ કામ. જ્ઞાની પુરુષ પાંદડાનેય અડે નહીં ને ડાળાં કે થડનેય અડે નહી. અરે, અસંખ્ય મૂળિયાંને ના અડે. એ તો વૃક્ષના ધોરી મૂળને જાણે ને ઓળખે. તે ધોરી મૂળિયામાં ચપટીક દવા દાબી દે, તેનાથી આખુંય વૃક્ષ સૂકાઈ જાય !

જ્ઞાની પુરુષ બીજું કંઇ જ ના કરે. તે ફક્ત તમારી ચાર્જ બેટરીને ખસેડીને આઠ ફીટ દૂર મૂકી દે, તે ફરી ચાર્જ ના થાય. તમારું ચાર્જીંગ પોઈન્ટ આખું ઉડાડી દે.

બાકી ગમે તે ઉપાય કરે પણ જ્યાં ચાર્જ બંધ ના થાય ત્યાં સુધી મોહ છૂટે નહી, પછી તું ગમે તે ત્યાગીશ કે ગમે તે કરીશ કે ઊંધે માથે લટકીશ પણ મોહ નહીં છૂટે. ઊલટાનો વધુ ફસામણમાં ફસાઈશ. પચાસ પ્રકારના મોહ જાય તો ઉકેલ આવે (પચ્ચીસ ચાર્જ અને પચ્ચીસ ડિસ્ચાર્જ).



'મેં આ કર્યું' એમ કહ્યું કે ચાર્જ થયું ! મેં દર્શન કર્યાં, પ્રતિક્રમણ કર્યાં, સામાયિક કર્યાં, એમ કહ્યું કે ચાર્જ થયું. નાટકીય ભાષામાં બોલે તો વાંધો નહીં પણ નિશ્ચયથી બોલે તો તેનો કેફ ચઢે. તેથી ડિસ્ચાર્જ થતી વખતે નવું કર્મ ચાર્જ થાય છે. ચાર્જ આપણા હાથમાં છે, ડિસ્ચાર્જ આપણા હાથમાં નથી. એક મોક્ષની જ ઈચ્છા કરવા જેવી છે, તો મોક્ષનો માર્ગ મળી જાય. મોક્ષની ઈચ્છાનું ચાર્જ કરને, મૂઆ !

જોવાનો દરેકને અધિકાર છે પણ ચિંતનનો નથી, તેમાં તન્મય થવાનો નથી. જુએ તો જ્ઞાની પુરુષેય પણ ચિંતનમાં ફેર છે. આ મોહમયી નગરીમાં (મુંબઈમાં) બધાય ફરે છે ને જ્ઞાની પુરુષ પણ ફરે છે પણ કોઈ વસ્તુમાં તેમને ચિંતન ના હોય ! ક્યાંય તેમનું ચિત્ત ના જાય !

ભાવકર્મ એ ચાર્જ બેટરી છે. આત્માની અત્યંત નિકટતાએ જોડે જોડે પડેલી છે ને તેનાથી નિરંતર ચાર્જ થયા કરે છે. એ બેટરીને અમે ચાર્જ થતી બંધ કરી દીધી. તેથી મહાત્માઓને હવે ડિસ્ચાર્જ બેટરી જ રહી. હવે તો જે ભાવે ડિસ્ચાર્જ થવું હોય તે ભાવેથી થાવ. 'અમે' તેને જોઈશું. મન આઘુંપાછું થતું હોય, તો તેને જાણવું અને સીધું હોય તો તેનેય જાણવું. એટલે ચાર્જ ના થાય. હવે તો જે આવવું હોય તે આવો. આ હો તે ભલે હો અને ના હો તેય ભલે હો.

'ભાવકર્મ એ જ ચાર્જ બેટરી છે.' એ પાંચ શબ્દોમાં ભગવાનનાં પિસ્તાલીસેય આગમો સમાઈ ગયાં ! બાકી એક એક મોહને કાઢતાં લાખ લાખ અવતાર જાય !

**પ્રશ્નકર્તા :** કલ્પના અને ઈચ્છામાં ફેર શો ?

**દાદાશ્રી :** કલ્પના તે મૂળ સ્વરૂપની અજ્ઞાનતાથી ઊભી થાય છે અને ઈચ્છા થાય છે તે ડિસ્ચાર્જની થાય છે. પણ મૂળ ઈચ્છા ઊભી થાય છે તે કલ્પનામાંથી ઊભી થાય છે. એવું છે કે ઉપરથી પાણી પડ્યા કરે છે, આકાશ એની જગ્યાએ જ છે, હવા દોડાદોડ કરે છે ને ઉપરનું પાણી નીચેના પાણીમાં પડે છે, તે પરપોટા થાય છે. તેમાં વરસાદ પડે છે. તેમાં કોઈનીય ઈચ્છા નથી. હવાનીય નથી કે પાણીનીય નથી. તેવું આ બધું !

**પ્રશ્નકર્તા :** ચાર્જ થયું કે ડિસ્ચાર્જ થયું એ લક્ષમાં કેવી રીતે આવે ?

**દાદાશ્રી :** 'હું ચંદુલાલ છું' એવું ભાન થયું ત્યારથી ચાર્જ થયું. 'હું શુદ્ધાત્મા છું' એવું ભાન વર્તે તો કશું જ ચાર્જ ના થાય, પણ જો આઘુંપાછું કરે તો ચાર્જ થાય. પણ એવું કોણ કરે ? જેટલાં જેટલાં ચાર્જનાં લક્ષણ દેખાય છે એય ડિસ્ચાર્જ છે. ચાર્જ થાય કે ડિસ્ચાર્જ થાય છે એ ખબર ના પડે. જો એ ખબર પડે તેમ હોય તો સહુ કોઇ ચાર્જ બંધ કરી દે. એ તો જ્ઞાની પુરુષ વગર કોઇ તેનો ફોડ ના પાડી શકે. પોતે 'શુદ્ધાત્મા' છે તેથી ડિસ્ચાર્જ જ છે. જો ચંદુલાલ થયો તો ચાર્જ છે. આ ડિસ્ચાર્જ થાય છે તે જૂની બેટરીની ઇફેક્ટ સહન થતી નથી એટલે તેની અસરથી જ નવી બેટરી થયા જ કરે છે.

ચાર્જ થવાનું ચાલુ થાય પછી ચિંતા ચાલુ થાય. મહીં લહાય બળે. અગ્નિ સળગવાનો ચાલુ થઇ જાય. આકુળતા અને વ્યાકુળતામાં રહે. જ્યારે એકલા ડિસ્ચાર્જમાં તેવું ના રહે. નિરાકુળતા હોય, કારણ તેમાં તન્મયાકાર ના થયો હોય.

ભગવાન કહે છે, 'જો ડિસ્ચાર્જ થાય છે તેની જોખમદારી અમારી, પણ ચાર્જ ના થવા દઇશ.' આ બે વાક્યમાં જ જગતનાં બધાંય શાસ્ત્રોનું જ્ઞાન સમાયેલું છે.

ચાર્જ બંધ થયું એટલે ડિસ્ચાર્જ બંધ થયું જ કહેવાય. મોહ જે ચાર્જ કર્યો, તે પ્રોમિસરી નોટ છે અને જે ડિસ્ચાર્જ કર્યો, તે કેશ ઇન હેન્ડ છે.

જા, 'અમે' તને ગેરન્ટી આપીએ છીએ કે 'દાદા ભગવાન' મળ્યા પછી તારું ચાર્જ નહીં થાય !

## મોહનું સ્વરૂપ

મોહ મુખ્ય બે પ્રકારના છે.

દર્શનમોહ-ચાર્જ મોહ અને ચારિત્રમોહ-ડિસ્ચાર્જ મોહ.

દર્શનમોહ રુચિ ઉપર આધાર રાખે છે અર્થાત્ ક્યાં રુચિ છે, તેના પર



આધાર રાખે છે. સંસારની વિનાશી ચીજો ઉપર જ રુચિ તે મિથ્યાત્વ મોહ.

આત્મા જાણવાની અને સાથે સંસારની વિનાશી ચીજોની રુચિ તે મિશ્રમોહ. આ સત્ય છે અને તેય સત્ય છે એમ વર્તાય એ મિશ્રમોહ.

આત્મા જાણવાની ઉત્કંઠા થાય અને આ જ સત્ય છે એમ વર્તાય તે સમકિત મોહ. આત્મામાં આત્મબુદ્ધિ થવી, તેનું નામ સમકિત. આત્મામાં આત્મરૂપ થવું, તેનું નામ જ્ઞાન.

જ્ઞાન અને જ્ઞાની ઉપરનો મોહ તે છેલ્લો મોહ છે. તેને સમ્યક મોહ કહેવાય, બીજા બધા જ મિથ્યા મોહ છે.

જેમ છે તેમ દર્શનમાં આવતું નથી તે દર્શનમોહને લઈને. દર્શનના આવરણને લઈને 'હું ચંદુલાલ છું' એમ દેખાય છે.

આ જગત શાને આધારે રહેલું છે ? દર્શનમોહને લીધે. ભગવાન કહે છે, કે ચારિત્રમોહનો મને વાંધો નથી. એ નીકળતો મોહ છે. અજ્ઞાનીને ભરેલો માલ નીકળે, પણ પાછો 'હું ચંદુલાલ છું' એથી નવું ભર્યા કરે છે.

મન-વચન-કાયાના યોગોનું મૂર્છિત પ્રવર્તન એ ચારિત્રમોહ. 'હું કરું છું' અને 'મારું છે' એવું પ્રવર્તન તે ચારિત્રમોહ. ભગવાન કહે છે તેવી ચારિત્રમોહની યથાર્થ સમજણ સમજવા જેવી છે. 'હું સામાયિક કરું છું' એવું જે ભાન છે તે ચારિત્રમોહ.

સામાયિક, પ્રતિક્રમણ કે સંસારની હરેક ક્રિયામાં કર્તાભાવ તે ચારિત્રમોહ અને રુચિભાવ તે દર્શનમોહ.

ચારિત્રમોહ એટલે પરિણમી ગયેલો મોહ. જે ફળ આપવા સન્મુખ થયેલો હોય તે ચારિત્રમોહ એટલે ડિસ્ચાર્જ મોહ. મોહ ચાર્જ થયા કરે તે દર્શનમોહ અને ડિસ્ચાર્જ થયા કરે એ ચારિત્રમોહ.

ડિસ્ચાર્જ મોહ ભૂલો પાડે.

આત્માની હાજરીથી પુદ્ગલમાં ચેતનભાવ ચાર્જ થઈ જાય છે અને

તે જ પાછું પછી ડિસ્ચાર્જ થાય છે. પુદ્‌ગલ ચેતનના સંસર્ગમાં આવવાથી તેમાં ચેતન ચાર્જ થાય છે ! પણ તેમાં ચેતનનું કશુંય જતું નથી. આ શરીરમાંથી ડિસ્ચાર્જ થતી દરેક વસ્તુ અનુભવ થતી જોવામાં આવે છે. તેથી ચાર્જ થયેલું હતું તેમ કહીએ છીએ. ગલનનો અર્થ જ ડિસ્ચાર્જ છે. અમે તેને ભાવાભાવ કહીએ છીએ. તેમાં ચેતન ના હોય.

એક માણસને આખી જિંદગી જેલમાં બેસી રહેવાનું થાય અને તેને ખાવાનું મળી રહે પણ જલેબી-લાડુ ના મળે, તેથી કંઈ તેનો મોહ ઓછો જતો રહ્યો ? ના, અંદર તો મોહ હોય જ. મળતું નથી, માટે મોહ ગયો ના કહેવાય.

**પ્રશ્નકર્તા :** દાદા, મારામાં મોહ ઘણો હશે અને બધાઓમાં ઓછો હશે ?

**દાદાશ્રી :** એક જરાક અમથું મોહનું બીજ હોય, તે જ્યારે વ્યક્ત થાય ત્યારે આખા જગતમાં વ્યાપી જાય તેવું છે. માટે ઓછો કે વધારે એમાં સમજણે ફેર નથી. જ્યાં સપૂર્ણ મોહ ક્ષય થાય ત્યારે જ કામ બને.

ભગવાન અને સત્‌પુરુષના સત્સંગનો મોહ છે તે પ્રશસ્તમોહ અને પ્રશસ્તમોહથી મોક્ષ.

મોહના તો અનંત પ્રકાર છે. તેનો પાર આવે તેમ નથી. એક મોહ છોડવા લાખ અવતાર કરવા પડે તેવું છે. મનુષ્યપણું એ તો મોહનું સંગ્રહસ્થાન જ છે ! 'સ્વરૂપ જ્ઞાન વિના મોહ જાય તેમ નથી.'

## માયા

**પ્રશ્નકર્તા :** માયાના બંધનમાંથી મુક્ત થવા શું કરવું ?

**દાદાશ્રી :** અજ્ઞાન એ જ માયા છે. પોતાના નિજ સ્વરૂપનું અજ્ઞાન એ જ માયા અને તે માયા તો મૂઢ માર મારે. આ જગતમાં કોઈ ઉપરી જ નથી. માયાને લઈને જ ઉપરીપણું લાગે છે.

માયા શું છે ? ભગવાનનું રિલેટિવ સ્વરૂપ તે માયા. આ માયા



ફસાવે છે એમ લોકો બોલે છે એ શું છે ? આ બધું કોણ ચલાવે છે ? તે એ જાણતો નથી, તેથી 'હું ચલાવું છું' એમ માને છે. તે જ માયા છે અને તેમાં ફસાય છે.

આ વર્લ્ડમાં જો કોઈ કાચી માયા ના હોય તો તે ભગવાન ! કાચા બધાય માર ખાયા જ કરે, ભગવાનની માયાનો સ્તો ! આ માર અનહદે છે કે બેહદે છે તે કહી શકાય તેમ નથી, પણ એ માર જ મોક્ષે જવાની પ્રેરણા આપશે.

પોતે પોતાને જાણતો નથી એ જ મોટામાં મોટી માયા. અજ્ઞાન ખસ્યું કે માયા વેગળી.

જ્યાં જે વસ્તુ નથી ત્યાં તે વસ્તુનો વિકલ્પ થાય છે, એનું જ નામ માયા.

અમારી હાજરીમાં તમારી માયા ઊભી ના રહે. બહાર જ ઊભી રહે. તે તમે અમારી હાજરીમાંથી પાછા બહાર નીકળશો એટલે તમારી માયા તમને વળગી જશે ! હા, અમારી પાસેથી એકવાર સ્વરૂપ જ્ઞાન લઈ જાવ, પછી તમે ગમે ત્યાં જાવ તો ય માયા તમને અડે જ નહીં !

ભગવાન કહે છે, કે આ બધું નાટકીય છે. તું તેમાં નાટકીય ના થઈ જઈશ, મૂઆ ! મૂળ મનની ભાંજગડ છે. તે લોકો મનની પાછળ પડ્યા છે પણ મન તો પજવતું નથી, તેની પાછળ માયા છે તે પજવે છે. માયા જાય તો મન તો સુંદર એન્ડલેસ ફિલ્મ છે ! કેટલાકે સંસારની માયા છોડીને ત્યાગીપણું સ્વીકાર્યું, તે શું તેમની માયા જતી રહી ? ના. ઊલટાની ડબલ માયા વળગેલી છે ! માયા છોડી કોનું નામ કહેવાય ? સંસાર વૈભવ ભોગવતાં છોડે, એનું નામ માયા છોડી કહેવાય. આ તો બૈરી-છોકરાં છોડ્યાં પણ જોડે અજ્ઞાનતાનાં નર્યાં પોટલાં વીંટાળ્યાં. તે લઈને રખડે છે, તેને માયા છોડી શી રીતે કહેવાય ?

ગમે ત્યાં ગયો પણ 'મારું-તારું' ગયું નહીં ને 'હું' ગયું નહીં, તો તારી માયા ને મમતા સાથે જ રહેવાની !

એક જણ મારી પાસે આવ્યો ને ખૂબ રડવા લાગ્યો. તે કહેવા લાગ્યો, 'હવે તો જીવવું બહુ ભારે લાગે છે. આત્મહત્યા કરી નાખવાનું મન થાય છે.' હું જાણતો હતો કે આ માણસની બૈરી પંદરેક દિવસ પર મરી ગઇ હતી ને ઘેર ચાર છોકરાં મૂકી ગઇ હતી. તે મેં તેને પૂછ્યું, 'ભાઇ, તને પરણ્યે કેટલાં વરસ થયાં ?' 'દસ વરસ' તે બોલ્યો. તો દસ વરસ પહેલાં તેં જ્યારે તેને જોઇ નહોતી ત્યારે મરી ગઇ હોત, તો તું રડત ? ત્યારે કહે, 'ના, ત્યારે શી રીતે રડત ? હું તો તેને ઓળખતો નહોતો ત્યારે !' તે હવે તું શા માટે રડે છે તે હું તને સમજણ પાડું. જો તું પરણવા ગયો, વાજતે-ગાજતે ગયો ને જ્યારે ચોરીમાં ફેરા ફરવા માંડ્યા ત્યારથી 'આ મારી વહુ, આ મારી વહુ' એમ તેં આંટા વીંટવા માંડ્યા. તે ચોરીમાં તેને જોતો જાય ને 'આ મારી વહુ' એમ બોલતો જાય અને મમતા વીંટાતી જાય. વહુ જો બહુ સારી થઇ પડે તો રેશમનો આંટો અને નઠારી થઇ પડે તો સૂતરનો આંટો. જો હવે તારે એનાથી છૂટવું હોય તો હવે જેટલા આંટા 'મારી, મારી'ના કર્યા તેટલાં જ 'નહોય મારી, નહોય મારી' એમ કરીને એ આંટા ઉકેલ, તો જ મમતામાંથી છૂટાશે.

મારી આ વાત તે ભઇ સચોટ રીતે સમજી ગયો અને એણે તો 'ન્હોય મારી, ન્હોય મારી'નું હેન્ડલ એવું ફેરવ્યું, એવું ફેરવ્યું કે બધાં જ આંટા ઉકલી ગયા તેનાં ! તે પાછો પંદર દિવસે આવીને મને આનંદાશ્રુ સહિત પગે લાગી કહેવા લાગ્યો, 'દાદા, તમે મને બચાવ્યો. મારી બધી જ મમતાના આંટા ઉકેલવાનો માર્ગ બતાવ્યો, તેનાથી હું છૂટ્યો.'

મારી આ સાચી બનેલી વાત સાંભળીને કેટલાંકનાં આંટા ઉકલી ગયા છે !

## ક્રોધ

વર્લ્ડમાં કોઇ માણસ ક્રોધને જીતી શકે નહીં. ક્રોધના બે ભાગ, એક કઢાપા રૂપે અને બીજો અજંપા રૂપે. જે લોકો ક્રોધને જીતે છે તે કઢાપા રૂપે જીતે છે. આમાં એવું હોય છે કે એકને દબાવે તો બીજો વધે. અને કહે કે મેં ક્રોધને જીત્યો એટલે પાછું માન વધે. ખરી રીતે ક્રોધ સંપૂર્ણ રીતે



નથી જીતાતો. દૃશ્ય ક્રોધને જીત્યો કહેવાય. ક્રોધ એ તો અગ્નિ જેવો છે. પોતેય બળે ને સામાનેય બાળે.

જ્યાં ક્રોધ આવતો હોય ત્યાં ક્રોધ ના કરે, તે શુભ ચારિત્ર કહેવાય. શુભ ચારિત્રથી સંસારમાર્ગ સુધરે, જ્યારે મોક્ષ તો શુદ્ધ ચારિત્રથી જ થાય.

ક્રોધ એ ઉગ્ર પરમાણુઓ છે. કોઠીની મહીં દારૂ ભરેલો હોય, તે ફૂટે ત્યારે ઝાળ લાગે અને મહીં બધો દારૂ પૂરો થઇ જાય એટલે એની મેળે કોઠી શાંત થઇ જાય. તેવું જ ક્રોધનું છે. ક્રોધ એ ઉગ્ર પરમાણુઓ છે, તે જ્યારે 'વ્યવસ્થિત'ના નિયમના હિસાબે ફૂટે ત્યારે બધેથી બળે. અમે ઉગ્રતા રહે તેને ક્રોધ નથી કહેતા, ક્રોધમાં તાંતો રહે તે જ ક્રોધ કહેવાય. ક્રોધ તો ક્યારે કહેવાય કે આત્માની બળતરા થાય. બળતરા થાય એટલે ઝાળ લાગ્યા કરે અને બીજાને પણ તેની અસર લાગે. તે કઢાપા રૂપે કહેવાય અને અજંપા રૂપે અંદર જ એકલો બળ્યા કરે, પણ તાંતો તો બન્નેય રૂપમાં રહે. જ્યારે ઉગ્રતા જુદી વસ્તુ છે. ક્રોધમાં તાંતો હોય, તેને જ ક્રોધ કહેવાય. દા.ત. ધણી-ધણીયાણી રાત્રે ખૂબ ઝઘડ્યા, ક્રોધ જબરજસ્ત ભભૂકી ઊઠ્યો, આખી રાત બેઉ જાગતા પડ્યા રહ્યાં. સવારે બૈરીએ ચાનો પ્યાલો સહેજ પછાડીને મૂક્યો. તે ભાઇ સમજી જાય કે હજી તાંતો છે. આનું નામ ક્રોધ. પછી તાંતો ગમે તેટલા વખતનો હોય ! અરે, કેટલાકને આખી જિંદગીનો હોય ! બાપ બેટાનું મોઢું ના જુએ અને બેટો બાપનું મોઢું ના જુએ ! ક્રોધનો તાંતો તો બગડી ગયેલા મોઢા ઉપરથી જ જણાઇ જાય.

## લોભ

ક્રોધ-માન-માયા-લોભમાં લોભનો તાંતો ભારે હોય. લોભ એટલે કંઇક ઇચ્છા રાખવી તે. લોભિયાને કોઇ ટૈડકાવે તોય તે હસે. જ્ઞાની પણ હસે, પણ લોભિયા લોભની ગાંઠ વધારે મોટી કરીને હસે !

શેઠ દુકાને બેઠા હોય ને કોઇ ઘરાક ઝઘડવા આવે કે મારા બાબાના આઠ આના તમે છેતરીને લઇ લીધા. તે શેઠ ગાદી-તકિયે બેસીને હસ્યા કરે, જરાય પેટનું પાણી ના હાલે. રસ્તે જતાં લોકોનું ટોળું ભેગું થાય, તે

શેઠની અને ઘરાકની દશા જુએ. શેઠને શાંત, ધીર, ગંભીર જુએ અને ઘરાકને બેબાકળો થયેલો, બૂમબરાડા પાડતો જુએ. તે ટોળામાં લોકોય કહે કે, આ માણસનું જ ચસકી ગયું છે ! તે તેને જ ડામ દેતા જાય કે છાનોમાનો ઘેર જા. આવા મોટા શેઠ તે એવું કરતા હશે ? ને શેઠ મૂછોમાં હસતા હોય. તે શાથી ? કારણ તેમનો લોભ મનમાં તેમને કહે કે, 'આ ગાંડિયો બૂમબરાડા પાડીને ચાલતો થશે, તેમાં મારું શું જવાનું છે ? મારા ખિસ્સામાં તો આઠ આના આવી ગયા ને ! તે લોભિયો ખરેખર જ્ઞાની જેવો જ દેખાય !

જ્યારે માનીને કોઇ ટૈડકાવે તો તે ના હસે. તરત જ તેનો ક્રોધ ભભૂકી ઉઠે, પણ લોભિયાને ક્રોધ આવે નહીં.

ભગવાને કહ્યું, કે ક્રોધ અને માનને લીધે લોકોને દુઃખ થાય છે. માનને લીધે તિરસ્કાર થાય. માન પ્રગટ તિરસ્કાર કરે છે. ક્રોધ બળે ને બાળે. એનો ઉપાય ભગવાનનાં વાક્યો સાંભળીને લોકો કરવા ગયા. ક્રોધ ના કરાય, માન ના કરાય. તે ત્રિયોગ સાધના કરવા લાગ્યા. ત્રિયોગ સાધનાથી ક્રોધ-માન કંઇક ઓછાં થયા ને બુદ્ધિનો પ્રકાશ વધ્યો. બુદ્ધિનો પ્રકાશ વધવાથી લોભનું રક્ષણ કરવા કપટ વધાર્યું. ક્રોધ ને માન ભોળાં હોય. કોઇકેય બતાડનાર મળે, જ્યારે આ લોભ અને કપટ તો એવાં કે ધણીનેય ખબર ના પડે. એ તો પેઠા પછી નીકળવાનું નામ ના લે.

લોભિયો ક્યારે ક્રોધ કરે ? છેક છેલ્લી ઘડીએ જ્યારે મોટામાં મોટો લોભ હણાતો હોય ને કપટેય કામ ના કરતું હોય ત્યારે એ ક્રોધનો સહારો લે.

જન્મ્યો ત્યારથી જ લોભિયાનો લોભનો દોરો તૂટે જ નહીં. એક ક્ષણ પણ તેનો લોભ જાય નહીં. નિરંતર તેની જાગૃતિ લોભમાં ને લોભમાં જ હોય. માની તો બહાર નીકળે ત્યાંથી જ માનમાં ને માનમાં જ રહે. રસ્તામાંય જ્યાં જાય ત્યાં માનમાં જ અને પાછો આવે તોય માનમાં જ. પણ જો કોઇ અપમાન કરે ત્યાં તે ક્રોધ કરે.

મોક્ષે જતાં કોણ રખડાવે છે ? ક્રોધ, માન-માયા-લોભ. લોભનું રક્ષણ કરવા માટે કપટ છે, તે કપડું વેચતાં આંગળ (જેટલું) કાપી લે. માનનું



રક્ષણ કરવા ક્રોધ છે. આ ચારેયને આધારે લોક જીવી રહ્યાં છે !

ક્રોધ-માન-માયા-લોભ બે જાતનાં : એક વાળી શકાય તેવાં - નિવાર્ય. બીજાં વાળી ના શકાય તેવાં - અનિવાર્ય ! દા.ત. કોઈની ઉપર ક્રોધ આવ્યો હોય તો તે અંદરને અંદર ફેરવી શકાય અને તેને શાંત કરી શકાય, તે વાળી શકાય તેવો ક્રોધ. આ સ્ટેજે પહોંચે તો વ્યવહાર ઘણો જ સુંદર થઈ જાય.

બીજા પ્રકારનો ક્રોધ તે વાળી ના શકાય. લાખ પ્રયત્ન કરે પણ કોઠી ફૂટ્યા વગર રહે જ નહીં ! તે વાળી ના શકાય તેવો અનિવાર્ય ક્રોધ. આ ક્રોધ પોતાનું અહિત કરે ને સામાનુંય અહિત કરે.

ક્રોધ-માન કરતાં કપટ અને લોભની ગાંઠો ભારે. તે જલદી ના છૂટે. લોભને ગુનેગાર શાથી કહ્યો ? લોભ કર્યો એટલે બીજાનું લૂંટી લેવાનો વિચાર કર્યો તે. આજવાના પાણીના બધા જ નળ એક જણ ખોલી નાખે તો બીજાને પાણી મળે કંઇ ?

## કપટ

કપટ એટલે જેમ છે તેમ ન બોલવું તે ! મન-વચન અને કાયા ત્રણેયને સ્પર્શે છે ! સ્ત્રી જાતિમાં કપટ અને મોહના પરમાણુ વિશેષ હોય. પુરુષ જાતિમાં ક્રોધ અને માનના પરમાણુ વિશેષ હોય. જો કપટ અને મોહના પરમાણુઓ વિશેષ ખેંચાય, તો બીજો ભવ સ્ત્રીરૂપે આવે અને ક્રોધ અને માનના પરમાણુઓ વિશેષ ખેંચાય, તો બીજો ભવ પુરુષ રૂપે આવે.

સ્ત્રી જાતિ ભડકાટથી કપટ કરે છે. તેનાથી બહુ આવરણ આવે. મોહથી મૂર્છા વધે. પુરુષોને માન વધારે હોય. માનથી જાગૃતિ વધે. જેમ જેમ કપટ વધે તેમ તેમ મોહ વધતો જાય.

## ક્રોધ-માન-માયા-લોભનો ખોરાક

ક્રોધ-માન-માયા-લોભ નિરંતર પોતાનું જ ચોરી ખાય છે, પણ લોકોને સમજાતું નથી. આ ચારેયને જો ત્રણ વરસ ભૂખ્યાં રાખો તો તે

ભાગી જાય. પણ તે જે ખોરાકથી જીવી રહ્યાં છે તે કયો ખોરાક ? તે જો જાણો નહીં તો તે શી રીતે ભૂખ્યાં મરે ? તેની સમજણ નહીં હોવાથી તેમને ખોરાક મળ્યે જ જાય છે. એ જીવે છે શી રીતે ? ને તેય પાછાં અનાદિકાળથી જીવે છે ! માટે તેનો ખોરાક બંધ કરી દો. આવો વિચાર તો કોઈનેય નથી આવતો ને બધા મારી-ઠોકીને તેમને કાઢવા મથે છે. એ ચાર તો એમ જાય તેવાં નથી. એ તો આત્મા બહાર નીકળે એટલે મહીં બધું જ વાળીઝૂડીને સાફ કરીને પછી નીકળે. તેમને હિંસક માર ના જોઈએ. તેમને તો અહિંસક માર જોઈએ.

આચાર્ય શિષ્યને ક્યારે ટૈડકાવે ? ક્રોધ થાય ત્યારે. તે વખતે કોઈ કહે, 'મહારાજ, આને શું કામ ટૈડકાવો છો ?' ત્યારે મહારાજ કહે, 'તેને તો ટૈડકાવવા જેવો જ છે.' બસ ખલાસ, આ બોલ્યા તે ક્રોધનો ખોરાક. કરેલા ક્રોધનું રક્ષણ કરે તે જ તેનો ખોરાક.

કો'ક ઝીણા સ્વભાવનો તમને ચાની પડીકી લાવવા કહે ને તમે ૩૦ પૈસાની લાવો તો તે કહે કે, આટલી મોંઘી તે લવાતી હશે ? આવું બોલ્યો તેથી લોભ પોષાય અને કો'ક એંસી પૈસાની ચાની પડીકી લાવ્યો. તો લાફો માણસ કહે કે, આ સારી છે. તો ત્યાંય પણ લાફાપણાનો લોભ પોષાય, આ થયો લોભનો ખોરાક. આપણે નોર્મલ રહેવું.

હવે કપટ શું ખાતું હશે ? રોજ કાળાબજાર કરતો હોય પણ કપટની વાત નીકળે ત્યારે મૂઓ બોલી ઊઠે કે આવાં કાળાંબજાર અમે ના કરીએ. આમ તે ઉપરથી શાહુકારી બતાવે, તે જ કપટનો ખોરાક.

અને માનનો ખોરાક શું ? ચંદુલાલ સામા મળે ને આપણે કહીએ, 'આવો ચંદુલાલ' ત્યારે ચંદુલાલની છાતી પહોળી થઈ જાય, અક્કડ થાય અને ખુશ થાય એ માનનો ખોરાક.

આત્મા સિવાય બધું જ ખોરાકથી જીવે છે.

આપણે તો આ ચારેયને ક્રોધ-માન-માયા-લોભને કહીએ કે આવો, બેસો પણ તેમને ખોરાક ના આપીએ.



ક્રોધ-માન-માયા-લોભ, આ ચારેય શેનાથી ઊભાં થાય છે ? પોતાની જ પ્રતિષ્ઠાથી. જ્ઞાની પુરુષ એ પ્રતિષ્ઠામાંથી ઉઠાડી, એની જગતનિષ્ઠા ઉઠાવીને બ્રહ્મમાં, સ્વરૂપમાં બેસાડી દે ને બ્રહ્મનિષ્ઠ બનાવી દે, ત્યારે આ ચારેયથી છુટકારો થાય !

જ્ઞાની પુરુષ ચાહે સો કરે ! આ ક્રોધ-માન-માયા-લોભ એ તો આત્મા-અનાત્મા, જ્ઞાન-અજ્ઞાનના બંધરૂપ છે, સાંકળ છે. નહીં તો અનાસક્ત ભગવાનને આસક્તિ ક્યાંથી ?

## હોમ ડિપાર્ટમેન્ટ : ફોરેન ડિપાર્ટમેન્ટ

આ પરદેશમાં પેરૂમાં કે બીજે ગમે ત્યાં વાવાઝોડાં આવે કે જ્વાળામુખી ફાટી નીકળે ત્યારે દેશના વડાપ્રધાન મિટીંગ બોલાવે. એમના વિદેશ પ્રધાન પાસે પેરૂના વડાપ્રધાન ઉપર દિલસોજીનો પત્ર લખાવે કે તમારા દેશમાં વાવાઝોડું આવ્યું ને હજારો લોકો મરી ગયા અને લાખો લોકો બેઘર થયા, તે જાણી અમને ઘણું દુ:ખ થયું છે. અમારા દેશની પ્રજા પણ બહુ અફસોસ કરે છે. અમારા દેશના વાવટા પણ અમે ઉતાર્યા છે વિગેરે વિગેરે. તે એક બાજુ દિલસોજીનો પત્ર લખાતો હોય ને બીજી બાજુ નાસ્તા-પાણી, ખાણા-પીણાં બધુંય ચાલતું હોય ! આ તો એવું છે કે ફોરેન અફેર્સમાં બધા જ સુપરફ્લુઅસ રહે અને હોમ અફેર્સમાં ચોક્કસ ! ફોરેનની વાત આવી એટલે ઉપલક, ઉપલક શોક અને દિલસોજી હોય. અંદરથી કશું જ ન હોય. અંદરખાને તો ચા-નાસ્તો જ હોય. કમ્પ્લીટ સુપરફ્લુઅસ રહે ત્યાં તો !

તેવાં જ આપણી મહીં પણ બે ડિપાર્ટમેન્ટ છે, હોમ અને ફોરેન. ફોરેન ડિપાર્ટમેન્ટમાં સુપરફ્લુઅસ રહેવા જેવું છે અને હોમ ડિપાર્ટમેન્ટમાં ચોક્કસ રહેવાનું છે ! એકલા પોતાના આત્મા માટે જ ચોક્કસ રહેવા જેવું છે. બાકી મન-વચન-કાયાના સંસાર વ્યવહારમાં ફોરેન એફેર્સની જેમ સુપરફ્લુઅસ રહેવા જેવું છે.

'સંયોગો નિરંતર બદલાયા જ કરવાના પણ તેમાંના શુદ્ધ હેતુ જોગ સંયોગોમાં જ ભળવા જેવું છે. બાકી બધા સંયોગોમાં સુપરફ્લુઅસ જ રહેવા જેવું છે.'

## સંયોગો

આ જગતમાં સંયોગો ને આત્મા બે જ છે. સંયોગો સાથે એકતા થાય તો સંસાર અને સંયોગોનો જ્ઞાતા થાય તો ભગવાન.

આ જગતમાં નિરંતર ફેરફારો થયા જ કરે છે. કારણ કે તે સંસરણ સ્વભાવી છે. સંયોગ એ વિયોગ સ્વભાવી છે. સંયોગો તો સંસરણ થતા જ રહેવાના.

જગત આખું સંયોગો-વિયોગોથી જ ચાલી રહ્યું છે. આ જગતનો કર્તા કોણ ? કોઇ બાપોય કર્તા નથી. સાંયોગિક પુરાવાથી જ બધું ચાલ્યા કરે છે. 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' માત્રથી જ ચાલ્યા કરે છે.

વસ્તુઓનું સંમેલન જેવું થાય તેવું દેખાય, તેમાં કોઇનેય કશું જ કરવું પડતું નથી. આ મેઘધનુષ્ય દેખાય છે, તે તેમાં કોણ રંગ પૂરવા ગયું ? એ તો સાંયોગિક પુરાવાઓ ભેગા થયા, વસ્તુઓનું સંમેલન થયું ત્યારે મેઘધનુષ્ય દેખાયું. સાંયોગિક પુરાવામાં સૂર્ય હોય, વાદળાં હોય, જોનાર હોય વગેરે વગેરે કેટલાય પુરાવાઓ ભેગા થાય ત્યારે મેઘધનુષ્ય દેખાય. તેમાં જો સૂર્ય અહંકાર કરે કે હું ના હોત તો તે ના બનત, તો તે અહંકાર ખોટો છે. કારણ વાદળાં ના હોત તોય તે ના બનત અને જો વાદળાં અહંકાર કરે કે હું ના હોત તો મેઘધનુષ્ય થાત જ નહીં, તો તેય ખોટું છે. આ તો વસ્તુઓનું સંમેલન થાય તો જ રૂપકમાં આવે. સંમેલન ખસી જાય ત્યારે વિસર્જન થાય. સંયોગોનો વિયોગ થાય ત્યાર પછી મેઘધનુષ્ય ના દેખાય.

સંયોગ માત્ર વિયોગી સ્વભાવના છે અને પાછા 'વ્યવસ્થિત'ના હાથમાં છે. સંયોગો ક્યારે, કેવા ભાવે ભેગા થશે, તે 'વ્યવસ્થિત' છે. માટે ડખો મેલને મૂઆ ! આ દુનિયા કેમની ઊભી થઈ છે ? 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' માત્રથી ! બટ નેચરલ છે. મુખ્ય વસ્તુ 'વ્યવસ્થિત' છે. સંયોગો-વિયોગોને આધીન રહીને 'વ્યવસ્થિત' ચલાવે છે. કેટલાય સંયોગો ભેગા થાય ત્યારે એવિડન્સ ઊભો થાય, કેટલાય સંયોગો ભેગા થાય ત્યારે ઊંઘ આવે ને કેટલાય સંયોગો ભેગા થાય ત્યારે જગાય.



'વ્યવસ્થિત' એવું સરસ છે કે સંયોગ ભેગો કરી જ આપે.

આ ધોધ પડતો હોય ત્યાં પરપોટા દેખાય છે, તે કેવા જાત જાતના હોય છે ? કોઈ અર્ધ ગોળ હોય, નાના હોય, મોટા હોય, તે કોણે બનાવ્યા ? કોણે રચ્યા ? એ તો એની મેળે જ થયા. હવા, ફોર્સમાં પડતું પાણી, મોજાં વગેરે સંયોગો ભેગા થાય ત્યારે પરપોટા થાય. જેમાં વધારે હવા ભરાય તે મોટો પરપોટો ને જેમાં ઓછી હવા ભરાય તે નાનો પરપોટો થાય. તેમ આ મનુષ્યોય બધાય પરપોટા જ છે ને ? સંયોગો માત્રથી જ ઉત્પન્ન થાય છે !

એકના એક સંયોગો, એકને ગમતા આવે અને બીજાને ના ગમતા આવે. દરેક સંયોગનું આવું છે. એકને ગમે ને બીજાને ના ગમે. જે ગમતું ભેગું કરી રાખ્યું, તેનો વિયોગ ક્યારે થશે તેનું શું ઠેકાણું ? પાછું એવું છે કે, એક સંયોગ આવે ને બીજો આવે, પાછો ત્રીજો આવે. પણ એક આવ્યો તેનો વિયોગ થયા વગર બીજો સંયોગ ના આવે.

સંયોગો બે જાતના; ગમતા અને ના ગમતા. ના ગમતા સંયોગો એ અધર્મનું ફળ-પાપનું ફળ છે અને ગમતા સંયોગો એ ધર્મનું-પુણ્યનું ફળ છે અને સ્વધર્મનું ફળ મોક્ષ છે.

સંયોગ માત્ર દુઃખદાયી છે, પછી તે ગમતા હો કે ના ગમતા હો. ના ગમતાનો વિયોગ થાય તે દુઃખ અને ના ગમતાનો સંયોગ થાય તેય દુઃખ અને નિયમથી તો બંનેયનો સંયોગ-વિયોગ, વિયોગ-સંયોગ જ છે.

ભગવાને કહ્યું કે, સુસંયોગો છે અને કુસંયોગો છે, જ્યારે કુસંયોગને લોક એમ કહે છે કે આની બુદ્ધિ બગડી છે. ફોજદાર આવીને પકડી જાય તે કુસંયોગ ને સત્સંગમાં જવા મળે તે સુસંયોગ. આ જગતમાં સંયોગ એટલે કે પૂરણ અને વિયોગ એટલે કે ગલન, એ સિવાય બીજું કશું જ નથી.

જેટલું વિયોગ કરવાનું અઘરું છે તેટલું જ સંયોગ કરવાનું અઘરું છે.

સ્વાદ હંમેશાં સંયોગ આવતાં પહેલાં આવે. જ્યાં સુધી સિલક હોય ત્યાં સુધી સ્વાદ આવે. જ્યારથી સિલક વપરાવા માંડે એટલે સ્વાદ ઓછો

થતો જાય. જાત્રા રવિવારે જવાની છે, અત્યારે બધાને અનેરો સ્વાદ આવે છે. પણ રવિવારે સાડા સાત વાગે ગાડી ઉપડશે તેમ સિલક વપરાવા માંડશે અને પછી ખલાસ થશે.

સંયોગ જ્યારથી ભેગો થાય ત્યારથી જ એ વિયોગ ભણી જવા મંડે અને વિયોગ ભેગો થાય ત્યારથી સંયોગ ભેગો થવા મંડે. એકનો એવિડન્સ ભેગો થાય એનો વિયોગ થાય એટલે બીજાના એવિડન્સ મળવા માંડે.

જગતમાં સંયોગો તારણ કાઢવા માટે છે, એક્સપિરિયન્સ કરવા માટે છે, પણ લોકો ખાંચામાં પેસી ગયા છે. શાદી કરીને ખોળે કે સુખ શેમાં છે ? બૈરીમાં છે ? બાબામાં છે ? સસરામાં છે ? સાસુમાં છે ? શેમાં સુખ છે ? એનું તારણ કાઢને ! લોકોને દ્વેષ થાય, તિરસ્કાર થાય પણ તારણ ના કાઢે. આ જગતની સગાઈઓ એ રિલેટિવ સંબંધો છે, રિયલ નથી. માત્ર તારણ કાઢવા માટે સગાઈઓ છે ! તારણ કાઢનારા માણસોને રાગ-દ્વેષ ઓછા થાય અને મોક્ષના માર્ગનો શોધક થાય.

મનુષ્યદેહ સિવાય બીજો કોઈ એવો દેહ નથી કે જે મોક્ષનો અધિકારી હોય. મનુષ્યદેહ મળે અને મોક્ષપ્રાપ્તિના સંયોગો મળે, સાધનો મળે તો કામ થઈ જાય.

શુદ્ધ સંયોગ ભેગો થાય ત્યારે જ મોક્ષ પ્રાપ્ત થાય. જ્ઞાની પુરુષનો સત્સંગ એટલો જ શુદ્ધ સંયોગ છે. કારણ કે જ્ઞાની પુરુષ માટે શું લખાયું છે ?

'શુદ્ધાત્મા મૂળ ઉપાદાની, અહં મમતના અપાદાની.
મૂળ નિમિત્ત શુદ્ધ સંયોગી, છોડાવ્યો ભવ સંસારે,
વંદુ કૃપાળુ જ્ઞાનીને...'

જ્ઞાની પુરુષનો જ એક એવો સંયોગ છે, મૂળ નિમિત્ત છે કે જે 'શુદ્ધાત્મા'નું ઉપાદાન કરાવે અને અહંકાર ને મમતાનું 'હું' અને 'મારું'નું અપાદાન કરાવે. બીજા શબ્દોમાં શુદ્ધાત્માનું ગ્રહણ કરાવડાવે અને અહંકાર ને મમતાનો ત્યાગ કરાવડાવે. માટે તેમને મૂળ નિમિત્ત અને એકમાત્ર મોક્ષપ્રાપ્તિના શુદ્ધ સંયોગી કહ્યા છે.



જ્યારે આત્મા અને સંયોગોને તો જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ છે. આત્માને તો બધાનો સંયોગ સંબંધ માત્ર જ છે. 'શુદ્ધાત્મા' પોતે અસંયોગી છે અને તે સિવાયનું બીજું બધું જ, સંયોગ સંબંધ છે. સંયોગો-વિયોગો એ તો જ્ઞેય છે અને 'તું પોતે' જ્ઞાતા છે પણ જ્ઞાતા જ્ઞેયાકાર થઈ જાય છે, તેથી તો અનંત ભવ રખડ્યો છે. પાંચ કરણથી જે દેખાય છે, અનુભવાય છે, તે સ્થૂળ સંયોગો અને અંતઃકરણના સૂક્ષ્મ સંયોગો અને વાણીના સંયોગો, એ બધાય સંયોગો સાથે આત્માને સંયોગ સંબંધ માત્ર છે, સગાઈ સંબંધ નથી. જ્ઞાતા-જ્ઞેયનો સંયોગ સંબંધ માત્ર છે. જો જ્ઞાતા-જ્ઞેયના સંયોગ સંબંધ માત્રમાં જ રહે તો એ અબંધ જ છે.

જ્યારે લોક તો સંયોગોની સાથે શાદીસંબંધની કલ્પના કરી બેઠા, તેનાથી જે ફસામણ ઊભી થઈ કે બહાર નીકળાયું જ નહીં ને !

આત્મા તદ્દન નિરાળો છે. સંયોગોને સર્વ રીતે જોઈ શકે, જાણી શકે તેવો છે, પણ સંયોગોને વળગી પડો અને તેને પરણી બેસો તો શું થાય ?

બધા જ સંયોગો પૌદ્‌ગલિક છે, અનાત્માના છે. ગધેડો મળે તો પૌદ્‌ગલિક ના કહેવાય. કારણ મહીં અનાત્મા અને આત્મા બેઉનો સંયોગ ભેગો થયેલો છે. ખરી રીતે તેમાં આત્મા એકાકાર નથી થયેલો, પણ ભ્રાંતિથી તમને એક દેખાય તો તે ભયંકર ભૂલ છે.

સંયોગો બધા જ ઓટોમેટિક ભેગા થાય છે અને જ્ઞાન પણ તેનાથી ઓટોમેટિક વિભાવિક થયું છે. બાકી દ્રવ્ય બદલાયું નથી, ગુણ બદલાયા નથી, માત્ર પર્યાય બદલાયા છે. દર્શન-જ્ઞાન પર્યાય વિભાવિક થઈ ગયા છે.

એક લેબોરેટરીમાં બેઠેલો સાયન્ટિસ્ટ પ્રયોગનાં બધાં જ સાધનો લઈને બેઠો હોય અને ક્યાંક પ્રયોગ કરતાં અચાનક એકાદ વાસણમાંથી ગેસ છૂટી જાય ને પેલો માણસ મહીં ગૂંગળાવા માંડે અને બેભાન થઈ જાય ત્યારે એ બધું જ ભૂલી જાય. સંપૂર્ણ ભાન ગુમાવે, પણ પછી જેમ જેમ ભાનમાં આવતો જાય તેમ તેમ તેનો પ્રકાશ વધે અને તેને વધારે ને વધારે સમજાતું જાય. શરૂઆતમાં એમ સમજાય કે બધું મારા જ હાથમાં છે. મારી જ સત્તામાં છે. પછી જેમ ભાન વધતું જાય તેમ સમજાય કે આ

તો કોઈક ભગવાનની સત્તામાં છે, મારા હાથમાં નથી. એથી આગળ જ્યારે વધુ ભાનમાં આવે ત્યારે તેને એમ લાગે કે આ બધું તો ભ્રાંતિ સ્વરૂપ છે ! ભગવાનનીય સત્તામાં નથી અને છેલ્લે જ્યારે સંપૂર્ણ ભાનમાં આવે ત્યારે સંયોગો જ કર્તા છે એવું ભાન થાય અને ત્યારે જ એને સંયોગોથી મુક્તિસુખ વર્તાય. આમ ભાનમાં જ ફેરફાર થયા કરે છે. પ્રયોગી જો સંયોગોમાં સંયોગી થઈ ગયો, એકાકાર થઈ ગયો તો તે ભયંકર બેભાનપણું કહેવાય. અને જ્યારે સંયોગ જુદો અને હું જુદો એવું જો ભાન થાય ત્યારે મુક્તિ ચાખવા મળે.

અનેક સંયોગો ઊભા થાય છે. તેમાં પાછા તન્મયાકાર થાય એટલે નવાં બીજ પડે છે, તે શી રીતે ઉકેલ આવે ? એના જો જ્ઞાતા-દ્રષ્ટા રહેવાય તો પછી બીજ ના પડે. અનંત સંયોગો છે પણ એ બધા ઊગવા લાયક ના રહ્યા એટલે મોક્ષ.

મનુષ્ય માત્ર સંયોગોથી બંધાયો છે. અમારા મહાત્માઓ સંયોગોથી ઘેરાયા છે અને તે સંયોગ માત્રના જ્ઞાતા-દ્રષ્ટા છે. સંયોગોમાં ફસાયો, બંધાયો તો શક્તિ રૂંધાઈ જાય. જ્યારે જ્ઞાનીને સંયોગો આવે ને જાય. જ્ઞાની તેમની સાથે હાથ મિલાવવા ના રહે. અમે તો દૂરથી જ જોઈ લઈએ એટલે સંયોગોનો વિયોગ થઈ જાય. આત્મા સ્વ-પર પ્રકાશક હોવાથી તેમાં સંયોગ માત્ર ઝળકે જ. માત્ર પ્રકાશ લાધેલો હોવો જોઈએ.

સંયોગ થાય છે તે ચેતન નથી. અસંયોગી તે જ 'આપણું' દ્રવ્ય છે. કોઈને માટે સારા ભાવ થાય કે ખરાબ ભાવ થાય તે સંયોગ માત્ર છે, તે 'આપણા' નહોય. સંયોગ કાયમ ના રહે. જે આવે અને જાય, તે સ્વરૂપ નહોય. જે આપણું સ્વરૂપ ના હોય, તેને આપણું શી રીતે મનાય ? તે તો આપણા પાડોશી આવે છે અને જાય છે તેવા સંયોગ કહેવાય. અણસમજુ તો પોતાને વિચાર આવે છે તે જો સારા વિચાર આવે, કોઈકનું ભલું કરવાના વિચાર આવે, તો તેને આત્મા કહે છે પણ તે આત્મા ન્હોય. તમને ગમે તે ભાવ આવે પણ તે 'મારા નહોય' ! એટલું જ જાણવાની જરૂર છે. સ્વામીત્વભાવ કોઈ પણ સંયોગ માટે ના હોય, પછી તે શુભ વિચાર હોય કે અશુભ વિચાર હોય. અમે ચોખ્ખેચોખ્ખું જગતને કહી દઈએ



છીએ, જેમ છે તેમ, કે 'સ્થૂળ સંયોગો, સૂક્ષ્મ સંયોગો, વાણીના સંયોગો પર છે અને પરાધીન છે.'

આત્મા ને સંયોગો બે જ છે. કાર્ય-અકાર્ય સંયોગોને આધીન છે, પરાધીન છે, સ્વાધીન નથી. સ્વાધીન હોત તો ના ગમતા સંયોગોને કોઈ ભેગા જ થવા ના દે અને ગમતા સંયોગોનો કોઈ વિયોગ જ ના થવા દે અને તો કોઈ મોક્ષે જ ના જઈ શકે !

જે કંઈ પણ ટેમ્પરરી છે, સંયોગ-વિયોગ છે તે 'મારું' નહોય તેવું જે જાણે તે 'જ્ઞાન'. બધાં જ પર્યાય શુદ્ધ થયે અનંત જ્ઞાન કહેવાય. સૂક્ષ્મ સંયોગો તો તે જ્ઞાનના શુદ્ધ પર્યાયો ઉત્પન્ન થાય ત્યારે જ ઝળકે અને બધા જ પર્યાયો શુદ્ધ થાય તે અનંત જ્ઞાની, પરમાત્મા સ્વરૂપ !

સંયોગો જ કર્તા છે એવું જ્ઞાન ન હોય છતાં, અહંકારથી માને તોય બહુ મોટું પુણ્ય બંધાય, મોટા દેવ થાય. આ તો કશું કરે કે અવળું થાય તો કહે કે સંયોગ આધીન કરવું પડ્યું અને જો એ જ અવળું કરેલું ફેવરમાં જાય, તો કહે કે એ તો એમ જ કરવા જેવું હતું ! બસ, આટલું બોલ્યો કે તેનાથી સહી થઈ ગઈ અને જવાબદારી આવી ગઈ ! અમારા મહાત્માઓને તો રોંગ બિલિફ ઊડી ગઈ ! એમના બધા જ સંયોગ એના એ જ, બંધારણ એનું એ જ, સસરા-જમાઈ, બૈરી-છોકરાં વગેરે બધું જ એનું એ જ, છતાં પણ કેવું ગજબનું સુખ વર્તે છે તેમને !

સંયોગ કે જેનો વિયોગ થવાનો છે, તેનાથી ડરવાનું શું ?

'આપણને' તો ઘૈડપણ નહીં, મરણ નહીં, જન્મ નહીં. માત્ર સંયોગ આવે ને જાય. જ્ઞાની પુરુષને તો મરણ અને જમણ બેઉ સંયોગ સરખા હોય. સંયોગ માત્ર જ હોય.

પ્રાપ્ત સંયોગો વિના જગતમાં કોઈ વસ્તુ નથી. 'પ્રાપ્ત સંયોગોનો સુમેળ રાખીને સમતાભાવે નિકાલ કરો.' આ ગજબનું વાક્ય નીકળી ગયું છે. આ એક જ વાક્યમાં જગતનાં તમામે તમામ શાસ્ત્રોનાં જ્ઞાન સારરૂપે આવી ગયાં. પ્રાપ્ત સંયોગોના આપણે જ્ઞાતા-દ્રષ્ટા, અપ્રાપ્તના નહીં.

અગિયાર વાગે કોર્ટમાં જવાનું હોય અને અગિયાર વાગે જમવાની

થાળી આવી તો તે વખતે તે સંયોગ પ્રાપ્ત થયો કહેવાય. એનો પહેલાં સુમેળ રાખીને સમભાવે નિકાલ કરવો પડે. તે શાંતિથી જમી લેવાનું. ઓછું બે હાથેથી જમાય છે ? શાંતિથી જમવાનું એટલે ચિત્ત તે વખતે કોર્ટમાં ના જવું જોઈએ. તે ધોકડું અહીં ખાય ને તમે કોર્ટમાં હો. પહેલાં શાંતિથી જમો ને પછી કોર્ટમાં નિરાંતે જાવ. લોક શું કરે છે, કે પ્રાપ્ત સંયોગને ભોગવી જ નથી શકતા ને અપ્રાપ્તની પાછળ રઘવાયા થઈને પડે છે. તે બેઉને ખોઈ નાખે છે. મૂઆ, જમવાનું પ્રાપ્ત થયું છે તેનો સુમેળ કર, તેને ભોગવ. તો જ તેનો નિકાલ થશે. કોર્ટ તો હજી દૂર છે, અપ્રાપ્ત છે. તે એની પાછળ ક્યાં પડ્યો ? સંયોગ પ્રમાણે કામ કાઢી લેવાનું. જ્ઞાની પુરુષનો સંયોગ મળે ત્યારે કામ ના કરી લે, તો થઈ જ રહ્યું ને ! આવી સાચી ને સરળ સમજણ કોણે આપે ? એ તો આત્મ અનુભવીનું જ કામ.

આખા જગતના તમામ જીવો માટે આ 'જ્ઞાની પુરુષ' એ ઉત્તમ નિમિત્તનો સંયોગ છે.

'તેમ ભવિ સહજ ગુણે હોવે, ઉત્તમ નિમિત્ત સંયોગી રે.'

નજીકના મોક્ષે જનારને સહજ રીતે ઉત્તમ નિમિત્ત મળી આવે ! મોક્ષ અતિ સુલભ છે અને મોક્ષદાતાનો સંયોગ ભેગો થવો અતિ અતિ દુર્લભ છે. એની દુર્લભતા અવર્ણનીય છે.

બધાય અવતારમાં ભટકી ભટકીને આવ્યો છે, ક્યાંય સાચું સુખ મળ્યું નથી. ત્યાં અહંકારની ગર્જનાઓ અને વિલાપ જ કર્યા છે. છૂટવાની ઇચ્છા તો છે પણ માર્ગ મળતો નથી. માર્ગ મળવો અતિ અતિ દુર્લભ છે. 'આ જ્ઞાની પુરુષનો' સંયોગ ભેગો થવો જ મુશ્કેલ છે. બધા જ સંયોગો ભેગા થઈને વીખરાઈ જવાના પણ જ્ઞાની પુરુષના સંયોગથી 'કાયમની ઠંડક' પ્રાપ્ત થાય. હવે તો કામ કાઢી લેવાનું છે. જ્ઞાની પુરુષ પાસે પડ્યા રહેવું છે એવી ભાવનાથી પરાક્રમ ઊભું થાય. પછી ગમે તેવો સંયોગ આવે તો પણ પરાક્રમથી પહોંચી વળાય.

## પ્રાકૃત સંયોગો

આ તમને જે જે કંઈ આવી મળે છે, તે તમારી પ્રકૃતિના હિસાબે



જ મળે છે. પ્રકૃતિ પ્રમાણે જ દરેક ચીજો મળી જાય છે. મરીવાળાને મરી મળે, ઈલાયચીવાળાને ઈલાયચી મળી રહે છે, રીંગણાંવાળાને રીંગણાં, ચા પીતો હોય તેને ચા મળી રહે છે અને સૂંઠવાળી ચા જો પ્રકૃતિમાં હોય તો સૂંઠવાળી ચાય તેને મળી રહે છે. પણ મહીં જે ક્રોધ-માન-માયા-લોભ છે તે ડખો કરે છે. લોભ સંઘરો કરવાનું શીખવાડે છે. પાછું એના માટે કપટ કરે છે ને ભયંકર ડખો કરી નાખે છે. અલ્યા, કશો જ ડખો કરવાની જરૂર નથી. પ્રકૃતિ પ્રમાણે, મહીંની ડિમાન્ડ પ્રમાણે બધું જ તને આવી મળે તેમ છે. આ લોકોને જો વિચાર આવે કે કાલે સૂર્યનારાયણ નહીં ઊગે તો શું થશે ? મૂઆ, આ બધું જ તારા માટે છે. તને ભોગવતાં આવડવું જોઈએ. આ સૂર્ય, ચંદ્ર, તારા, હવા, પાણી બધું જ તારા માટે છે.

પ્રકૃતિ પ્રમાણે દસ દિવસ માટે હીલ સ્ટેશન જવાનું થાય, તો દસ દિવસ વધારે રહેવા મળ્યું હોય તો સારું એમ તેને થાય અને બીજે બે દહાડા વધારે રહેવાનું ના ગમે. આ ખાય છે, પીએ છે તે બધું જ પ્રકૃતિ પ્રમાણે મળી રહે છે. હા, લોભમાં હોય તેટલું ના પણ મળે. આ ત્યાગ કરે છે, ઉપવાસ કરે છે તેય પ્રકૃતિ પ્રમાણે થાય છે અને અહંકાર કરે છે કે 'મેં કર્યું'. ત્યાગ થયો તેય પ્રકૃતિ પ્રમાણે ! અને ના ત્યાગ થયો તેય પ્રકૃતિ પ્રમાણે !

વડોદરામાં એક શેઠ હતા. તેમની બૈરી બહુ કચકચ કરતી. ઘેર પાંચ-છ છોકરાં, ખાધેપીધે સુખી પણ બૈરી બહુ જબરી. તે શેઠ કંટાળી ગયા. તે તેમણે વિચાર્યું, ''આના કરતાં સાધુ થઈ જાઉં તો લોક 'બાપજી, બાપજી' તો કરશેને છેવટે !'' તે શેઠ છાનામાના નાસી ગયા, સાધુ થઈ ગયા. પણ બૈરી ભારે હોંશિયાર હતી. શેઠને ખોળી કાઢ્યા તેણે તો ! અને ઠેઠ દિલ્હીમાં અપાસરામાં બાઈ તો ઓચિંતી જઈ ચઢી. ત્યાં મહારાજનું વ્યાખ્યાન ચાલતું હતું. શેઠ પણ મૂંડાવીને સાધુવેશે બેઠા હતા. તે શેઠાણીએ તો ત્યાં ને ત્યાં જ શેઠને ટૈડકાવા માંડ્યું, 'અરે, તમે ય મારી જોડે શું વેપાર માંડ્યો છે ? આ ઘેર છ છોકરાં મારે માથે નાખી કાયરની જેમ શું નાસી ગયા ? એમને ભણાવશે-પૈણાવશે કોણ ?' એણે તો ઝાલ્યો શેઠનો હાથ ને ઢસડવા માંડી ! શેઠ સમજી ગયા. વધારે ખેંચ કરીશ તો ફજેતો થશે.

તેણે કહ્યું, 'અલી, ઊભી રહે જરી વાર ! મને કપડાં તો બદલવા દે.' ત્યારે શેઠાણી કહે, 'ના, એમ તમને હવે ચસકવા ના દઉં, આવા ને આવા ચાલો. ઘેરથી નાસી જતાં શરમ નહોતી આવી ?' તે મહારાજેય સમજી ગયા ને શેઠને સાનમાં જતા રહેવા સમજાવ્યું ને શેઠાણી તો શેઠને એના એ જ વેશ લઈને આવ્યા પાછાં. પ્રકૃતિમાં ત્યાગ નહોતો, તે ઠેઠ પાછું આવવું પડ્યું.

એક મહારાજ બહુ ઘરડા થઈ ગયેલા. તે હરવા-ફરવાનું ય બંધ થઈ ગયું. કોઈ ચાકરી કરનાર ના મળે. એટલે મહારાજને ઘર સાંભર્યું. બિચારા જેમ તેમ કરી કો'કની મદદથી ઘેર પહોંચ્યા. છેલ્લે છેલ્લે તો છોકરાં-વહુ ચાકરી કરશે એમ આશાએ સ્તો ને ! પણ ઘેર છોકરાં-વહુએ ઘસીને રાખવાની ના પાડી દીધી. પ્રકૃતિમાં ત્યાગ હતો તે જ સામો આવ્યો તેમને !

આવું વિચિત્ર છે પ્રકૃતિનું કામકાજ ! એ પ્રકૃતિ શું હશે ? એ જો કોઈ વસ્તુ હોય તો આપણે તેનું નામ ગંગાબહેન પાડીએ. પણ ના, પ્રકૃતિ એટલે 'સરકમસ્ટેન્શિયલ એવિડન્સ'. આ તો પ્રકૃતિ નચાવે તેમ નાચે છે ને કહે છે, 'હું નાચ્યો, મેં ત્યાગ કર્યો.' પ્રકૃતિમાં ત્યાગ હોય તો થાય, નહીં તો બાયડી ય ઉપાડી જાય છેવટે !

પ્રકૃતિનો પાર આવે તેમ નથી. જો પોતે પુરુષ થઈ બેઠો તો પ્રકૃતિ પ્રકૃતિનું કામ કરે ને પુરુષ પુરુષના ભાગમાં રહે. પુરુષ એટલે પરમાત્મા. જો પરમાત્મા ના થયો ત્યાં સુધી પ્રકૃતિ નચાવે તેમ નાચ્યા કરે.

બધાંય પુસ્તકોએ પુરુષનું, આત્માનું જ્ઞાન જાણવાનું કહ્યું પણ પ્રકૃતિનું જાણવાનું કોઈએ ના કહ્યું. અલ્યા, પર-કૃતિ જાણ તો આત્માને જાણીશ. જો તેલ અને પાણી ભેગું થઈ ગયું હોય તો પાણીને જાણ ને છૂટું પાડ, એટલે તેલને તું જાણીશ. માટે અમે કહીએ છીએ કે, પ્રકૃતિ જ્ઞાનને જાણો. ચંચળ ભાગ જે જે છે તે બધો જ પ્રકૃતિ ભાગ છે, તેને તું જાણ. ચંચળ ભાગમાં શું શું આવ્યું ? પાંચ ઈન્દ્રિયો. આંખ ના જોવું હોય તોય જોઈ જાય, વાંદરાની ખાડી આવે તે નાક ના સૂંઘવું હોય તોય સૂંઘી જાય. દેહ ચંચળ તે કેવી રીતે ? સામેથી મોટર ભટકાવા આવે તે ફટ દઈને મૂઓ,



બાજુએ ખસી જાય અને ત્યારે મન-બન કશું જ ના કરે. મન ચંચળ, ચિત્ત ચંચળ, તે અહીં બેઠા હોય તે ચિત્ત સ્ટેશને જતું રહે. બુદ્ધિ પણ ચંચળ. સ્ત્રી નહાતી હોય ત્યારે ના જોવું એમ કહે, તોય તે બુદ્ધિ ઝટ દેખાડી દે અને જો કોઈ એમ કહે કે 'ચંદુભાઈ, આવો' તો એકદમ છાતી કાઢે, એ અહંકારની ચંચળતા. આ બધોય ચંચળ ભાગ. તે ચંચળ ભાગને સંપૂર્ણ જાણી લીધો, તો બાકી રહેલો અચંચળ ભાગ તે જ આત્મા. દયા, માન, અહંકાર, શોક-હર્ષ, સુખ-દુઃખ, આ બધા દ્વંદ્વ ગુણો છે. એ બધા પ્રકૃતિના જ ગુણો છે. પ્રકૃતિ ધર્મ છે. પ્રકૃતિ એટલે ચંચળ વિભાગ-એક્ટિવ વિભાગ અને આત્મા-પુરુષ એ અચંચળ છે. જો પુરુષને જાણે તો આત્મજ્ઞાન થાય અને ત્યારે પરમાત્મા થવાય.

## યોગ-એકાગ્રતા

એક એન્જિનિયર ભાઈ મારી પાસે આવેલા. તે મને કહે, 'દાદા, મારે મોક્ષ સાધન જોઈએ છે.' મેં તેમને પૂછયું, 'અત્યાર સુધી તમે શું સાધન કર્યું ?' તેમણે કહ્યું, 'હું એકાગ્રતા કરું છું.' મેં તેમને કહ્યું, જે વ્યગ્રતાનો રોગી છે તે તેના પર એકાગ્રતાની દવા ચોપડે છે. એકાગ્રતા કોણ કરે ? જેને વ્યગ્રતાનો રોગ છે તે. આ મજૂરોને કેમ એકાગ્રતા કરવી પડતી નથી ? કારણ તેમને વ્યગ્રતા નથી તેથી. આ અમે જ્ઞાની પુરુષ પણ એકાગ્રતા નથી કરતા. અમને વ્યગ્રતા નામેય ના હોય. આ તો લહાય બળે છે તેની પર ઠંડક વળે તેવી દવા ચોપડે છે, તેમાં આત્મા ઉપર શો ઉપકાર કર્યો તેં ? એકેય ચિંતા ઘટી ? ભાઈ બ્રિલિઅન્ટ હતા. તે તેમણે કહ્યું, 'દાદા, મારી બુદ્ધિ ફ્રેક્ચર થઇ ગઇ. તમે કહ્યું, તે મને એકદમ એક્સેપ્ટ થઇ ગયું છે. એ રોગ જ નીકળી ગયો મારો તો !'

પણ કંઈક રહી ગયું તે પાછા મને કહે, 'દાદા, પણ હું રોજ ચાર કલાક યોગસાધના કરું છું ને ?' મેં પૂછયું, 'શાની યોગસાધના કરે છે ? જાણેલાની કે અજાણ્યાની ?' આત્માને તેં જાણ્યો નથી. જાણ્યો છે તો દેહને જ. માટે દેહને જાણીને દેહની સાધના કરી. કોઇ અજાણ્યા માણસના મોઢાનું ધ્યાન કરાય ? ના કરાય. આત્માથી અજાણ, તે આત્માનું ધ્યાન શી રીતે કરે છે ? આ કર્યું તે તો દેહસાધના થઇ, એમાં આત્મા ઉપર શો

ઉપકાર કર્યો ? આત્મયોગ ઉત્પન્ન થાય તો જ મોક્ષ થાય. દેહયોગથી તો સંસાર ફળ મળે. આ અમારા મહાત્માઓ બધા જ આત્મયોગી છે અને અમે આત્મયોગેશ્વર છીએ.

યોગ એટલે ટુ જોઇન, યુજ ધાતુ ઉપરથી થયેલો છે. જાણેલાનો જ યોગ થાય. દેહનો યોગ, વાણીનો યોગ, તો કોઇ મનનો પણ યોગ કરે. આવા યોગથી ભૌતિક શક્તિ વધે પણ મોક્ષ ના મળે. આત્મયોગથી જ મોક્ષ થાય.

આ જગતમાં મનોયોગી હોય છે, બુદ્ધિયોગી છે, અવળી-સવળી બુદ્ધિવાળા, કેટલાક સમ્યક્ અને કેટલાક વિપરીત બુદ્ધિવાળા હોય છે. દેહયોગી તપસ્વીઓ અને વચનયોગી વકીલો વગેરે વગેરે જાતજાતના ને ભાતભાતના યોગીઓ પડેલા છે. આત્મયોગ એ જ એક સાચો યોગ છે, બીજા બધા અયોગ છે. આત્મયોગમાં બેઠેલા હોઇએ ત્યારે મન ફાઇલો ધરે ત્યારે તેને કહેવું, કે ચાલ્યો જા, નહિ તો તારું અપમાન કરીશ. હમણાં ના આવીશ, પછી આવજે. આત્મયોગના ધ્યાનમાં રહો ત્યારે અનુભૂતિ થાય અને તે અનુભૂતિ ના જાય. સ્વરૂપના ભાન સિવાય જે જે જાણો છો તે અજ્ઞાન છે. સ્વરૂપના ભાન પછી જે જે જાણો તે જ જાણેલું કહેવાય. આત્મયોગ થયો તે જ સ્વરૂપનું ભાન થયું. જ્ઞાનયોગ એ જ સિદ્ધાંત છે. ત્રિયોગ (મન-વચન-કાયાનો યોગ) એ અસિદ્ધાંત છે.

## નિર્વિકલ્પ સમાધિ

યોગમાર્ગની સમાધિમાં મન-વચન-કાયાની બળતરા થાય ત્યારે યોગથી દેહની શાન્તિ લાગે ખરી પણ 'મુક્તિસુખ' અનુભવમાં ના આવે. એ સુખ તો આત્મયોગી જ અનુભવી શકે.

સમાધિ કોને કહેવાય ? આ દેહયોગની કષ્ટે કરીને પ્રાપ્ત કરેલી સમાધિ એટલે જેટલી વાર હેંડલ મારો તેટલી વાર ઠંડક લાગે. કાયમની ઠંડક તો નિર્વિકલ્પ સમાધિ ઉત્પન્ન થાય ત્યારે જ મળે. નિર્વિકલ્પ સમાધિ એટલે સહજ સમાધિ ઊઠતાં-બેસતાં, ખાતાં-પીતાં, અરે, ઝઘડતાંય સમાધિ ના જાય. એવી સમાધિ ઉત્પન્ન થાય ત્યારે જ મોક્ષ પ્રાપ્ત થાય.



વિકલ્પી ક્યારેય પણ નિર્વિકલ્પી ના થઇ શકે. એ તો જે પોતે નિર્વિકલ્પી નેચરલ થઇ ગયા છે, તે જ બીજાને નિર્વિકલ્પપદ આપી શકે. દેહ અને આત્મા બિલકુલ છૂટા ને છૂટા રહે, ક્યારેય તન્મયાકાર ના થાય. પછી ગમે તે અવસ્થા હોય, તેનું જ નામ નિર્વિકલ્પ સમાધિ.

સંકલ્પ-વિકલ્પ બંધ થાય ત્યારે આત્મા નિર્વિકલ્પ થાય. નિર્વિકલ્પનું જ્ઞાન લીધા વગર નિર્વિકલ્પ ના થાય. એવા કેટલાક યોગીઓ છે કે બધા જ સંકલ્પ-વિકલ્પ કાઢી નાખે અને એક જ સંકલ્પ-વિકલ્પ ઉપર આવે અને તે 'હું છું' જ હોય, લાઇટ ના હોય. તે દશા ઊંચી થાય, તેજ આવે પણ જ્ઞાન ના થાય. વસ્તુને (આત્મા) પોતાનો સ્વગુણ હોય, સ્વધર્મ હોય, સ્વઅવસ્થા હોય. ભગવાન અલખ નિરંજન છે. તે જ્ઞાની પુરુષના લક્ષમાં આવે. ધ્યેય જ્યાં સુધી જાણ્યો ના હોય ત્યાં સુધી ધ્યેય સ્વરૂપ ના થવાય. હજારો ઉલ્કાપાત આવે તો પણ સહજ સમાધિ ના જાય. ધારણા તો કલ્પિત હોય. ઇનડિરેક્ટ પ્રકાશ એ રિલેટિવ આત્મા છે. રિયલ આત્મા એન્ડલેસ રહ્યા કરે, તેમાં ફક્ત જ્ઞાતા-દ્રષ્ટાપણું જ રહે છે. સર્વ રીતે મનનું સમાધાન રહે, તેનું નામ જ્ઞાન. પાંચેય ઇન્દ્રિયો જાગૃત હોય અને સમાધિ રહે તે જ સાચી સમાધિ છે.

પ્રત્યેક અવસ્થામાં અનાસક્ત યોગ એ જ પૂર્ણ સમાધિ.

નાક દબાવીને તે કંઇ સમાધિ થતી હશે ? આ નાના બાળકને નાક દબાવી જુઓ, તો તરત જ બચકું ભરશે. એનાથી તો ગૂંગળાઇ જવાય. આધિ, વ્યાધિ અને ઉપાધિ ન હોય, તેને સમાધિ કહેવાય. છેલ્લે જવાનું થાય (મરણ વખતે) ત્યારે 'પોતાનો' ભાગ બધો જ સંકોચી લે અને તેની જ સમાધિમાં રહે. અમારા સમ્યક્ દૃષ્ટિવાળા મહાત્માઓને સમાધિ મરણ હોય. 'શુદ્ધાત્મા'ના લક્ષ સાથે જ દેહ છૂટે.

**પ્રશ્નકર્તા :** વૃતિ સ્થિર ન રહેવાનું કારણ ?

**દાદાશ્રી :** તમે પોતે સ્થિર બેસી શકો છો ? તો પછી વૃત્તિ સ્થિર શી રીતે રહી શકે ? વૃત્તિઓ સ્થિર કરવા અપાર સાધનો છે, પણ મુશ્કેલીઓ પણ અપાર છે. ત્રિવિધ તાપમાં પણ સમાધિ રહી શકે તેમ છે.

## ધ્યાતા - ધ્યેય - ધ્યાન

**પ્રશ્નકર્તા :** દાદાશ્રી, ધ્યાન બરોબર થતું નથી તો શું કરવું ?

**દાદાશ્રી :** ધ્યાનમાં તો હું તમને હમણાં જ બેસાડી આપું, પણ તે પછી અનંત પગથિયાં રહ્યાં તો તે ધ્યાનને શું કરવાનું ? હું તમને સીધા મોક્ષમાં જ બેસાડી દઈશ, આવજો. આપણે તો રિયલ જ આખું માંગી લેવું. રિલેટીવ ધ્યાન શું કામ માગવું ? તે તો અધૂરું છે.

**પ્રશ્નકર્તા :** એ તો બહુ મુશ્કેલ છે ને !

**દાદાશ્રી :** હું આપનાર છું ને પછી શેની મુશ્કેલી ? એક પ્રધાનની ઓળખાણથી બધા કામ થાય, તો જ્ઞાની પુરુષની 'ઓળખાણ'થી શું ના થાય ? અમારે પક્ષાપક્ષી ના હોય, વીતરાગતા હોય. સાચો હોય તે ભેગો થાય તેને આપીએ.

આ તમે ધ્યાન કરો છો પણ શેનું ધ્યાન ? ધ્યેય શું ? ધ્યાતા કોણ ? ધ્યેયને ઓળખ્યા વગર, નક્કી કર્યા વગર ધ્યાન શેનું કરવાનું ? ધ્યાન એ સાધન છે ધ્યેય સ્વરૂપનું ને ધ્યાતા 'શુદ્ધાત્મા', તો જ તે ધ્યાન ફળે. બાકી 'હું ચંદુભાઈ' અને તે ધ્યાતા માનીને પોતાની કલ્પનાએ કરીને ધ્યેય નક્કી કરે ને પોતાની જ કલ્પનાથી આવડે તેવું ધ્યાન કરે, તેનો શો ફાયદો ? એમ ક્યારે દહાડો વળે ? અમે તમને જ્ઞાન આપીએ ત્યારે તમને રિયલ ધ્યાતા બનાવી તમારા સ્વરૂપમાં જ બેસાડી આપીએ. ધ્યેય, ધ્યાન અને ધ્યાતા એક જ સ્વરૂપે થાય. સ્વરૂપ સ્વરૂપમાં જ રહે ત્યારે જ મોક્ષ વર્તાય. બાકી આ તો ધ્યાન કરવા બેઠા હો તમે ને નક્કી કરો કે આજે ધ્યાન કરતી વખતે ફલાણો ઈન્કમટેક્ષનો કે વિષયનો વિચાર ના આવે તો સારું. તે બેઠા ત્યાં જ પહેલાં ના ગમતા વિચારોનો જ ધડાકો થાય ! તેને ધ્યાન શી રીતે રહે ?

એક શેઠ ધ્યાનમાં બેઠા હતા. બહાર કોઈ તેમને પૂછતું આવ્યું કે, શેઠ ક્યાં ગયા છે ? શેઠાણીએ કહ્યું, 'ઢેડવાડે'. શેઠ મનોમન પત્નીને નમી પડ્યા. ખરેખર શેઠના ધ્યાનમાં વિષયો હતા તે સમયે !



જો આ ધ્યાનને યથાર્થ રીતે કરવામાં આવે તો તેનામાં ગજબની શક્તિ છે ! ધ્યાનની વ્યાખ્યા સમજો. ધ્યેય નક્કી થાય, તેથી ધ્યાતા થાય. ધ્યાતા અને ધ્યેયને જે જોઈન્ટ કરે છે તે ધ્યાન છે. એક કલાક જો હુક્કાને જોઈને પછી ધ્યેય નક્કી કરી લીધા પછી કહે કે આ હુક્કો મારે જોઈએ છે, પછી ભલે તે દુકાનમાં હોય. ધ્યેય, હુક્કાનો સાક્ષાત્કાર કરવો છે, એમ નક્કી કરી લીધા પછી પચાસ મિનિટ કન્ટિન્યુઅસ (એકધારું) તેનું ધ્યાન કરો, એક સેકન્ડ પણ બ્રેક ના થવું જોઈએ, તો પચાસ મિનિટમાં આ હુક્કો તમારા હાથમાં આવી જશે. ક્યાંથી આવશે ? તે ના વિચારશો. ધ્યાનની આટલી બધી ગજબની શક્તિ છે ! જો પદ્ધતિસરનું ધ્યાન થાય તો ધ્યેયનો સાક્ષાત્કાર અવશ્ય થવો જ જોઈએ, પણ આ તો રીત જ ખોટી હોય તો જવાબ શી રીતે આવે ? ધ્યાનથી તો પરમાત્મા પણ પ્રાપ્ત થઈ શકે તેમ છે. ધ્યાનમાં ગજબની શક્તિ છે. પણ ધ્યાન સમજમાં આવે તો કામ થાય. આ 'દાદા' ક્યારેય ના બન્યું હોય તેવું ભગવાનપદ તમને પચાસ મિનિટમાં આપે છે, તો બીજું શું ના મળે ?

જો આઠ મિનિટ સુધીય ધ્યાન રહે તો તે જમે થતું થતું પચાસ મિનિટ થઈ જાય. આઠ મિનિટનું ધ્યાન જમે થાય, સાતનું ના થાય.

**પ્રશ્નકર્તા :** 'પોતાના' (શુદ્ધાત્માના) ગુણધર્મ અનંત જ્ઞાન, અનંત દર્શન તેનું ધ્યાન કરે તો પ્રાપ્ત થાય ?

**દાદાશ્રી :** થાય, અવશ્ય થાય, આત્માના ગુણો જેટલા જાણ્યા અને તેટલાનું ધ્યાન કર્યું તો તેટલા ગુણધર્મો પ્રાપ્ત થાય.

ભગવાન એ નામ છે કે વિશેષણ ?

**પ્રશ્નકર્તા :** નામ.

**દાદાશ્રી :** જો નામ હોય તો આપણે તેમને 'ભગવાનદાસ' કહેવું પડે. ભગવાન એ તો વિશેષણ છે. જેમ ભાગ્ય ઉપરથી ભાગ્યવાન વિશેષણ થયું છે, તેમ ભગવત્ ઉપરથી ભગવાન થયું છે. જે કોઈ ભગવાનના ગુણને પ્રાપ્ત કરે, તેને તે વિશેષણ લાગુ પડે. અમને બધા ભગવાન કહે છે, પણ

'અમારું પદ' નિર્વિશેષ અનુપમેય છે. તેને વિશેષણ શું આપશો ? આ દેહને આપશો ? એ તો ફૂટી જવાનો છે. મહીં જે પ્રગટ થઇ થયા છે તે જ પરમાત્મા છે ! ગજબનો પ્રકાશ થઇ ગયો છે !

શુદ્ધ જ્ઞાન એ જ પરમાત્મા છે. આત્મા એ પણ શબ્દ મૂકવામાં આવ્યો છે. એ સંજ્ઞાસૂચક શબ્દ છે. 'જ્ઞાન' એ જ પરમાત્મા છે. જ્ઞાન બધું જ ચલાવે છે પણ શુદ્ધ જ્ઞાનનાં દર્શન થવાં જોઇએ. શુદ્ધ જ્ઞાનથી મોક્ષ. સદ્જ્ઞાન રાખીશ તો સુખ મળશે, વિપરીત જ્ઞાન રાખીશ તો દુઃખ મળશે. કોઈ બાપોય ઉપરી નથી. ભગવાન કોને કહેવાય ? જે આ દુનિયામાં 'સ્વતંત્ર' થયો છે તે અને જેનો કોઇ ઉપરી નથી તે ભગવાન. કોઈ ઉપરીય નહીં અને કોઈ અન્ડરહેન્ડ પણ નહીં પણ પોતાનું 'પરવશપણું' જ નથી સમજાયું, ત્યાં 'સ્વતંત્રપણું' ક્યાંથી સમજાય ? સંસાર એ તો પરવશતાનું સંગ્રહસ્થાન છે અને પરવશતા એ જ દુઃખ છે. આ તો લોકો પોતે પોતાનાથી જ ગુપ્ત રહ્યા છે ! જેટલા વિચારો આવે છે તેટલા જગતમાં માર્ગ છે. તને અનુકૂળ આવે તે માર્ગે ભટક ભટક કર અને જ્યારે થાકે ત્યારે 'આ' મોક્ષની કેડીએ આવ. તારે સ્વતંત્ર થવું હોય ત્યારે આવજે. મૂઆ, સંસાર ખોટો નથી, જગત ખોટું નથી, જગતમાં કશું જ ખોટું નથી પણ તારી સમજણ ખોટી છે. જગતમાં ક્ષણે ક્ષણે ભય છે, ક્ષણે ક્ષણે પરવશતા જ છે, તેનાથી જ ફફડાટ ફફડાટ રહ્યા કરે છે તને.

કેટલાક તો 'જમરા જમરા' કહીને લોકોને ભડકાવી માર્યા. જમરાજ-યમરાજ સ્તો ! તે લોકોએ તો જાતજાતના યમરાજ ચીતર્યા. પાડા ચીતર્યા ને મોટા મોટા દાંતવાળું રાક્ષસીરૂપ ચીતર્યું ને લોકોને ભડકાવી માર્યા ! અલ્યા, યમરાજ નામનું કોઇ જનાવર નથી. એ તો નિયમરાજ છે. નિયમરાજ બધું જ ચલાવે છે. નિયમરાજ જ જીવાડે છે અને નિયમરાજ જ મારે છે. જો આવી સાચી સમજણ મળે તો પછી રહે કશો ભો કે ભડકાટ ?

કોઇએ કહ્યું કે, આ જે જંગલના રસ્તે તારે જવાનું છે ત્યાં વાઘ-સિંહ નથી. પણ તે સાથે આટલું કહેવાનું ભૂલી ગયો કે એક જગ્યાએ વાઘ-સિંહ છે પણ તે પાંજરામાં છે. બસ, આટલું જ કહેવાનું રહી ગયું



અને પેલો તો જંગલને રસ્તે ગયો. ત્યાં એક જ વાઘે અવાજ કાઢ્યો કે તેના છક્કા છૂટી ગયા ! અને પાછો નાસી આવ્યો ! જો તેને પેલાએ પહેલેથી કહ્યું હોત કે વાઘ-સિંહ છે પણ પાંજરામાં છે, તો તેને ડર ના લાગત. એવા અધૂરા જ્ઞાનથી ક્યાં ઉકેલ આવે ? પેલાના અધૂરા જ્ઞાનથી પેલો ડરીને નાસી ગયો !

## ગુરુકિલ્લી

ભગવાને કહ્યું હતું કે, ગુરુ થશો નહીં ને થાઓ તો ગુરુકિલ્લી સાથે રાખશો, નહીં તો કેફ ચઢશે તેમ ડૂબશો. ભગવાન કોઇનાય ગુરુ નહોતા અને આ બધા ઠેર ઠેર ગુરુ થઇ બેઠા છે. ઘેર બે છોકરાં ને બૈરીના ત્રણ ઘંટ છોડીને અહીં બસો-પાંચસો શિષ્યોના ઘંટ ગળે લટકાવ્યા ! મૂઆ, ડૂબી જઇશ. ગુરુ એટલે ભારે. ભારે પોતે ડૂબે તો ડૂબે ને પાછા બીજાને પણ ડૂબાડે. અમે લઘુતમ છીએ. 'અમે' તો ડૂબીએ નહીં ને કોઇને ડૂબાડીએય નહીં. 'અમે' હલકાફૂલ જેવા હોઇએ. અમે તરીએ અને બધાને તારીએ. કારણ કે અમે તરણતારણ છીએ ! પોતે તર્યા ને બીજા અનેકને તારવાનું સામર્થ્ય ધરાવીએ છીએ !

ભગવાને પણ કહેલું કે, ગુરુપદ છે તે જોખમીપદ છે એવું લક્ષમાં રાખીને કરજે, નહીં તો માર્યો જઇશ. જો ગુરુ થવું હોય તો જ્ઞાની પુરુષ પાસેથી ગુરુકિલ્લી લઇને જાય તો જ કામ થાય, નહીં તો ભારે કેફ ચડે તેવું પદ છે. ગુરુપદ એ તો રિસ્પોન્સિબિલિટી છે !

લોકોના ગુરુઓ થઇ બેઠેલા પાંચ છ ગુરુઓ એક ફેર મારી પાસે આવ્યા. તે મને પૂછવા લાગ્યા, 'શું લોકોને ગુરુ ના જોઇએ ?' મેં કહ્યું કે સાચા ગુરુ તે કામના. બાકી ગુરુ એટલે ભારે અને ભારે તે ડૂબે અને બીજાને ડૂબાડે. હું તો લઘુતમ પુરુષ છું - ગુરુતમ પુરુષ છું. હું કાચો નથી કે ગુરુ થઇને બેસું. તું ગુરુ થઇ બેઠો તો જાણજે કે તું લઘુ છે ! નહીં તો લઘુતાના ભાન વગર ગુરુ થયેથી ડૂબીશ ને ડૂબાડીશ.

અગમ જ્ઞાન તો બધાની, લક્ષની બહાર જ ગયું છે. ક્યારેય ગમ ના પડે તે અગમ. અમે તમને અગમનુ જ્ઞાન આપ્યું છે. નિગમનું જ્ઞાન

લોકોને હોય, પણ અગમનું ના હોય. ગુરુગમ શબ્દ છે પણ ગુરુ પોતે જ ઉત્તરને દક્ષિણ સમજે તેને શું થાય ?

શુષ્કજ્ઞાન એટલે પરિણામ ના પામે તે. ઝાડને ફૂલ બેસે પણ પપૈયા ના બેસે. તે આજે ઠેર ઠેર શુષ્કજ્ઞાન પેસી ગયું છે. કાળની વિચિત્રતા છે !

## 'અક્રમ જ્ઞાન' - 'ક્રમિક જ્ઞાન'

'ક્રમિક માર્ગ'માં રિલેટીવ ધર્મની ભાષામાં જે વ્યવહાર-નિશ્ચયના ભાગ પાડવામાં આવ્યા છે તે સમજથી બરોબર છે, પરંતુ અક્રમ માર્ગની રિયલ ધર્મની જ્ઞાનભાષામાં તો નિશ્ચય વ્યવહાર છે અર્થાત્ નિશ્ચય યથાર્થ પ્રગટ થાય તે પછી જ યથાર્થ વ્યવહારની આદિ ગણાય છે. આવા નિશ્ચય-વ્યવહાર સંબંધમાં જ યથાર્થ નિશ્ચયથી યથાર્થ વ્યવહાર હોય છે અને તેથી ગમે તે જાત હો, વેશ હો, શ્રેણી હો કે પછી ગમે તે પ્રકારની અવસ્થા હો, પરંતુ તે દરેક પ્રસંગમાં, સંયોગોમાં સંપૂર્ણ, સમાધાનકારી જ્ઞાનજાગૃતિ રહે અર્થાત્ અસમાધાન માત્રથી વિરામ પામવાનું બને છે ! તાત્પર્ય એ કે વ્યવહાર યથાર્થ ત્યારે જ કહી શકાય કે જ્યારે યથાર્થ નિશ્ચય પ્રગટ થયો હોય. સર્વ અવસ્થાઓમાં સર્વ સમાધાન રહે એવું જ્ઞાન છે 'આ' !

## લખચોરાશી - ચાર ગતિ ભટકણ શાથી ?

આત્મા પોતે પુદ્ગલને ઊર્ધ્વગામી ખેંચે છે. જ્યારે પુદ્ગલનો બોજો વધે છે ત્યારે પુદ્ગલ આત્માને અધોગતિએ લઈ જાય છે. તે અત્યારે કળિયુગમાં તો ધર્મ એવો આપવો ઘટે કે 'ભાઈ, હિંસા-ચોરી વગેરેના ભાવો આવે તેને ભૂંસી નાખજે કે જેથી અધોગતિ ના થાય ! પાશવી અને રાક્ષસી વિચારોને ભૂંસી નાખ. તેમ કરીશ તો આત્માનો તો સ્વભાવ જ છે કે ઊર્ધ્વગામી થવું.'

આનાથી ગતિ પાંસરી થશે. પાશવતાના ને રાક્ષસી વિચારો આખો દહાડો કર્યા જ કરે છે. તેથી આખો દહાડો આત્મા ઉપર આવરણનો લેપ ચઢાવ્યા જ કરે છે. પોતાના ઘાટમાં ને ઘાટમાં રહ્યા કરે છે ! એ જ પાશવતા છે.



આ ટેપમાં જેવી રીતે ભૂંસી નખાય છે, તેમ મહીં પણ ભૂંસી નખાય તેમ છે. અગિયાર વાગે જમતાં પહેલાં વિચાર આવે તે પ્રગટ્યા પહેલાં ભૂંસી શકાય તેમ છે. અમે એ જ કહીએ છીએ કે અલ્યા, ભૂંસી નાખજો.

'જ્ઞાન એ જ આત્મા છે.' જેવું જેવું જેને જ્ઞાન હોય તેવો તેનો આત્મા થાય. વિપરીત જ્ઞાન એટલે વિપરીત આત્મા થાય. જે જ્ઞાન ઉપર શ્રદ્ધા બેસે તેવો તે થઈ જાય. શ્રદ્ધા બેઠી એટલે શ્રદ્ધાને મદદ કરનાર જ્ઞાન મળી જાય ને જ્ઞાન અને શ્રદ્ધા એક મળે એટલે ચારિત્ર તેવું જ થાય. આત્મા તેવો જ થઈ જાય. કો'ક સાસુ તેની વહુને ગાંડી કહે, પણ જ્યાં સુધી વહુને શ્રદ્ધા ના બેઠી હોય ત્યાં સુધી કોઈ ઈફેક્ટ ના થાય. તે આખું જગત એને ગાંડી કહે, તો પણ તેને સાયકોલોજી ઈફેક્ટ ના થાય. પણ જો તેની શ્રદ્ધા ફરી, તો તે ખરેખર ગાંડી થઈ જાય ! માટે વક્કર જ ના પડવા દેવો આ જગતમાં કોઈનોય.

જેવી જેની પ્રતિષ્ઠા તેં કરી તેવો જ તારો પ્રતિષ્ઠિત આત્મા થાય.

**પ્રશ્નકર્તા :** શ્રદ્ધા અને જ્ઞાનમાં ફેર શો ?

**દાદાશ્રી :** 'શ્રદ્ધા' એ અનડીસાઈડેડ જ્ઞાન છે, 'જ્ઞાન' એ ડીસાઈડેડ જ્ઞાન એટલે કે 'અનુભવનું જ્ઞાન' છે. બગીચામાં બેઠા હોઈએ અને કંઈક ખખડે તે હું કહું કે કંઈક છે, તમે ય કહો કે કંઈક છે, આનું નામ કયું જ્ઞાન ? એનું નામ 'શ્રદ્ધા' અથવા 'દર્શન'. પછી પાછા બધા તપાસ કરવા ઊઠીને ગયા. હાથ ફેરવીને બધાએ નક્કી કર્યું કે આ ગાય છે, તેને 'જ્ઞાન' કહેવાય. બિલીફમાં એટલે કે દર્શનમાં રોંગ પણ નીકળે કોઈવાર. સામાન્ય રીતે જાણવું તેને 'દર્શન' કહેવાય અને વિશેષ રીતે જાણવું તેને 'જ્ઞાન' કહેવાય.

ગજવાં કાપનારને ગજવાં કાપતાં શી રીતે આવડે ? પહેલાં શ્રદ્ધા ઉત્પન્ન થાય, તે પછી જ્ઞાન મળે ને ચારિત્ર તો એની મેળે જ આવી જાય.

જ્ઞાન-દર્શનનું ફળ ક્રિયામાન. લોકો તેને ચારિત્ર કહે છે. સમ્યક્ એટલે યથાર્થ, રિયલ. સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શનથી સમ્યક્ ચારિત્ર ઉત્પન્ન

થાય. જેનામાં રિયલ ચારિત્ર હોય તે સંપૂર્ણ ભગવાન. રિયલ ચારિત્રથી કોઈનેય દુઃખ ના થાય.

વર્તન, બિલીફ અને જ્ઞાન એકબીજાને ડીપેન્ડન્ટ છે. જેવી બિલીફ તેવું જ્ઞાન મળે અને તેવું જ વર્તન થઈ જાય. વર્તન એ કંઈ કરવાનું ના હોય.

ક્રિયા એ આત્મા નથી. આત્માના ગુણધર્મ તે પોતાના છે. પણ આત્માનું સક્રિયપણું નથી. જેવું જેવું કલ્પે તેવો તેવો અનુભવ થાય. દુઃખ-સુખ એ વસ્તુ નથી, કલ્પના છે. આત્માની એટલી બધી શક્તિ છે પણ પોતે નિર્લેપ છે. આત્માની હાજરીથી બીજા બધાની સક્રિયતા દેખાય.

ભગવાન શું કહે છે કે, જે બધી ક્રિયાઓ કરી છે તેનું ફળ આવશે. જે ક્રિયાથી ફળ ના આવે તે ક્રિયાથી મોક્ષ. પરમ વિનયથી મોક્ષ, એ સિવાય બધી જ જંજાળ છે અને એનો અંત ના આવે. ગુફામાં હોય તો ગુફાની જંજાળ પેસે અને સંસારમાં હોય તો સંસારની જંજાળ પેસે, એમ જ્યાં હોય ત્યાં જંજાળ પેસે.

આ લોકો કહે છે કે, ક્રિયા કરો પણ જ્ઞાન વગર ક્રિયા કેવી ? ક્રિયા તો જ્ઞાનની દાસી છે. ભગવાને કહ્યું કે, જ્ઞાન ક્રિયા કરો. 'જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષ.'

'જ્ઞાન ક્રિયા' એટલે શું ? પોતાના સ્વરૂપમાં જ રહેવું ને જાણવું. દર્શન ક્રિયામાં જોવું ને જ્ઞાન ક્રિયામાં જાણવું. જોવું અને જાણવું એ જ આત્માની ક્રિયા છે, જ્યારે આત્મા સિવાય બીજા કોઈ પણ તત્ત્વમાં જ્ઞાન-દર્શન ક્રિયા ના હોય. બીજી બધી જ ક્રિયા હોય.

**દાદાશ્રી :** આત્મા દેહથી જુદો જ હશે ને ?

**પ્રશ્નકર્તા :** જુદો જ છે.

**દાદાશ્રી :** તો આ દેહ તું ચલાવે છે તે કોઈની મદદથી ચાલે છે ? આ તો 'વ્યવસ્થિત' શક્તિની મદદથી બધું ચાલે છે. આ બધું કરે છે તે



'વ્યવસ્થિત' શક્તિ કરે છે, એમાં આત્મા કશું જ કરતો નથી. એ તો માત્ર જુએ છે ને જાણે છે.

જે જાણે તે કરે નહીં ને જે કરે તે જાણે નહીં. જે કરનાર હોય તે જાણનાર ના હોય ને જે જાણકાર હોય તે કરનાર ના હોય. આ એન્જીનને પૂછે તો તે કહે કે, ના, બા, હું કશું જાણું નહીં. આ ઈલેક્ટ્રિક બલ્બ લાઈટ આપે પણ તે જાણે નહીં.

આ દરિયામાંથી કિનારે લોંચ તમને લાવી કે તમે લોંચને લાવ્યા ? લોંચ લાવી. કરનાર એ લોંચ, પણ તે પોતે જાણે નહીં. આમ 'જાણનાર' અને 'કરનાર'ની બેઉ ધારા જુદી જ હોય છે. પણ જો જે કરે તે જાણે કહ્યું, એટલે બેઉ ધારા છૂટી વહેતી હતી, તે એક થઇ જાય અને તેથી જ તો સ્વાદેય બેભરમી કઢી જેવો લાગે છે ને ! કર્તાધારા ને જ્ઞાતાધારા બેઉ જુદી જ છે.

જે કરે તે જાણે નહીં ને જે જાણે તે કરે નહીં. કારણ કે કર્તાપણામાં એવિડન્સ જોઇએ, જ્યારે જ્ઞાતાપણાને એવિડન્સની જરૂર ના હોય. કંઈ પણ કરવું પડે, તેને સંયોગી પુરાવા જોઇએ. એમ ને એમ ના હોય.

## પ્રજ્ઞા

પ્રજ્ઞા એ આત્માનો ડિરેક્ટ પ્રકાશ છે, જ્યારે બુદ્ધિ એ ઈનડિરેક્ટ પ્રકાશ છે, મીડીયમ થ્રુ પ્રકાશ છે.

કેવળજ્ઞાનના, અંશ સ્વરૂપના ભાગને, અમે પ્રજ્ઞા કહીએ છીએ. પ્રજ્ઞા એ જ્ઞાન પર્યાય છે. જેમ જેમ આવરણો તૂટતાં જાય, તેમ તેમ પ્રકાશ વધારે થાય અને તેટલું કેવળજ્ઞાન અંશે કરીને વધતું જાય. સંપૂર્ણ કેવળ જ્ઞાન તો ૩૬૦ અંશ પૂરા થાય ત્યારે થાય.

જેમ એક માટલામાં હજારનો બલ્બ ફીટ કર્યો હોય અને માટલાનું મોઢું બંધ કરી દીધું હોય તો પ્રકાશ મળે ? ના મળે. તેવું આ મૂઢાત્માનું છે. મહીં તો અનંત જ્ઞાનપ્રકાશ છે, પણ આવરાયેલું હોવાથી અંધારું ઘોર છે. જ્ઞાની પુરુષની કૃપાથી, તેમની સિદ્ધિના બળથી માટલામાં જો સહેજ

કાણું પડે, તો આખીય રૂમમાં પ્રકાશ ફેલાઈ જાય. તેટલું આવરણ તૂટ્યું અને તેટલો ડિરેક્ટ પ્રકાશ પ્રાપ્ત થયો. જેમ જેમ આવરણ તૂટતાં જાય જેમ જેમ વધારે ને વધારે કાણાં પડતાં જાય, તેમ તેમ પ્રકાશ વધતો જાય અને જ્યારે આખુંય માટલું ફૂટી જાય અને બલ્બથી જુદું પડી જાય ત્યારે સંપૂર્ણ પ્રકાશ બધે ફેલાઈ જાય ! ઝગમગાટ થઈ જાય !!

ડિરેક્ટ જ્ઞાનકિરણ ફૂટે તે જ પ્રજ્ઞા કહેવાય. જ્યારે સર્વ આવરણોથી મુક્ત આત્મા થાય ત્યારે તેને આખાય બ્રહ્માંડને પ્રકાશવાની શક્તિ પ્રાપ્ત થાય, આખા બ્રહ્માંડને પ્રકાશે. બીજા શબ્દોમાં આખા બ્રહ્માંડના જ્ઞેયોને જોવાની-જાણવાની શક્તિ પ્રાપ્ત થાય તે જ કેવળજ્ઞાન.

પોતે પોતાની આખા બ્રહ્માંડને પ્રકાશવાની જે શક્તિ છે, તેને કેવળજ્ઞાન કહે છે.

આ પ્રજ્ઞાનું ફંકશન શું ? કાર્ય શું ? પ્રજ્ઞા એ તો 'પતિ એ જ પરમેશ્વર માનતી વફાદાર પત્ની'નું કામ કરે છે. આત્માનું સંપૂર્ણ હિતનું જ દેખાડે ને અહિતને છોડાવે. જેટલા જેટલા બાહ્ય સંયોગ આવે તેટલાનો સમભાવે નિકાલ કરી આપે અને પાછી સ્વરૂપના ધ્યાનમાં બેસી જાય. એટલે કે મહીંનુંય કાર્ય કરે ને બહારનુંય કરે, 'ઈન્ટ્રિમ ગવર્નમેન્ટ'ની જેમ. અને તેય જ્યાં સુધી ફુલ્લી ઈન્ડિપેન્ડન્ટ ગવર્નમેન્ટ સ્થાપિત ના થાય ત્યાં સુધી.

પ્રજ્ઞા એ શું ? આત્માથી જે પરાયું છે, તેને ક્યારેય પોતાનું ના થવા દે અને પોતાનું છે તે ક્યારેય પરાયું ન માનવા દે તે પ્રજ્ઞા ! પ્રજ્ઞા એ તો આત્માનું જ અંગ છે અને તે નિરંતર આત્માને મુક્તિ આપવાનું જ કાર્ય કરે. જેમ જેમ પ્રજ્ઞા ખીલતી જાય તેમ તેમ વર્તન બદલાતું જાય. વર્તન બદલાય એટલે બોજો ઓછો લાગે. 'પોતાનું' અને 'પરાયું' એમ હોમ ડિપાર્ટમેન્ટ અને ફોરેન ડિપાર્ટમેન્ટ બન્નેને છુટ્ટાં જ રાખે છે તે પ્રજ્ઞા છે, તે જ આત્મા છે, તે જ ચારિત્ર છે. વર્તન એ જ ચારિત્ર. વર્તન એટલે 'સ્વ' અને 'પર'ને એકાકાર ના થવા દે તે.

અમે જ્ઞાન આપીએ છીએ તે સીધી જ અનુભૂતિ થાય છે, એને પરમાર્થ



સમકિત કહે છે. તેથી પ્રજ્ઞાભાવ તે જ વખતે તમને ઉત્પન્ન થઈ જાય છે. આખું જગત જે ચાલી રહ્યું છે તે બધો જ ચંચળ ભાગ, જ્યારે પ્રજ્ઞાભાવ એ સ્થાયી રહી શકે તેવો ભાવ છે. પ્રજ્ઞા ઉત્પન્ન થાય એટલે સીડી કે પગથિયાં ચઢવાં ના પડે પણ સીધા જ ઉપર પહોંચી જવાય. પ્રજ્ઞા સિવાયના બધા જ ભાવ તે ભાવાભાવમાં ગણાય અને તે બધા જ ચંચળ ભાગમાં સમાય. પ્રજ્ઞાભાવને આત્મભાવ ના કહેવાય. પ્રજ્ઞાભાવ અચંચળ ભાગમાં આવે. પ્રજ્ઞાનું કાર્ય કેવળજ્ઞાન થતાં જ પૂરું થાય છે. માટે તેને આત્મભાવ ના જ કહી શકાય. કારણ તેમ જો કહેવામાં આવે તો તે તેનો અન્વય ગુણ ગણાય અને અન્વય ગુણ કહીએ તો સિદ્ધ ક્ષેત્રમાં વિરાજેલા સિદ્ધ ભગવંતોને પણ પ્રજ્ઞા હોય, પણ તેમ નથી હોતું. કારણ ત્યાં તેનું કંઈ જ કાર્ય હોતું નથી. ફુલ્લી ઈન્ડિપેન્ડન્ટ ગવર્ન્મેન્ટનું સ્થાપન થયા પછી ઈન્ટ્રિમ ગવર્ન્મેન્ટ એની મેળે જ ખલાસ થઈ જાય છે. તેવું જ પ્રજ્ઞાનું પણ છે.

અમે 'સ્વરૂપ જ્ઞાન' આપીએ એટલે પ્રજ્ઞાને બેસાડી દઈએ પછી એ પ્રજ્ઞા તમને ક્ષણે ક્ષણે ચેતવે. ભરત રાજાને તો ચોવીસેય કલાક ચેતવવા નોકરો રાખવા પડતા હતા ! ગમે તેવા વિકટ સંયોગો આવે ત્યારે અમારું જ્ઞાન હાજર થઈ જાય, અમારી વાણી હાજર થઈ જાય, અમે હાજર થઈ જઈએ અને તમે જાગૃતિમાં આવી જાવ ! ક્ષણે ક્ષણે જાગૃત રાખે તેવું અમારું આ 'અક્રમ જ્ઞાન' છે. આ કામ કાઢી લેવા જેવું છે. સાંધો જો એક ફેર મેળવી લીધો હોય તો કાયમી ઉકેલ આવી જાય !

આ શરીરમાં બે વિભાગ છે, એક ચંચળ વિભાગ અને બીજો અચંચળ વિભાગ. અચળ તે આત્મા છે. જેટલી આ તમને તમારા વેપારમાં ઝીણવટ છે તેટલી જો આત્મામાં ઉતરે તો કામની ! બધા વિષયોમાં ઊંડા ઉતરે પણ આમાં શી રીતે ઉતરે ? આ તો નિર્વિષય જ્ઞાન કહેવાય, પણ નિર્લેપ અને નિર્વિકારી !

આપણે તદ્દન છાસિયું સોનું લઈ ગયા હોઈએ તોય સોની વઢે નહીં. એ તો માત્ર સોનાને જ જુએ. લોકોનો તો બગાડવાનો જ સ્વભાવ, છતાં સોની તો સોનાને જ જુએ. આ ડૉક્ટરો તો વઢે કે અલ્યા, કેમ શરીર બગાડ્યું ? સોની ના વઢે. જ્ઞાની પુરુષ પણ સોનીની જેમ આત્મા જ જુએ,

બહારનો માલ ના જુએ. સોનાની અવસ્થાઓ બદલાય - છાસિયું થાય, પાણી થાય, પાવડર થાય ને તેમાંથી પાછું ચોખ્ખું સોનું થાય. આમ અવસ્થાઓ બદલાયા કરે છતાં સોનું તો સોનું જ રહે છે ! સોનીને સોનામાં જેવું લક્ષ રહે છે, તેવી રીતે તમને આત્મામાં લક્ષ હોય તો કામ થાય ! સોની સોનામાં જ લક્ષ રાખે. બહારથી ગમે તેવું છાસિયું દેખાય પણ લક્ષ સો ટચના સોનામાં જ હોય, તેમ જ્ઞાની પુરુષ ચેતનમાં જ લક્ષ રાખે.

કોઈ માણસ શાસ્ત્ર વાંચે, ધારણ કરે પણ સમજણ તો એની પોતાની ને ! લોક એમની ભાષામાં લઈ ગયા. વાત સાચી જીવાજીવ તત્ત્વની પણ પોતાની ભાષાની સમજણમાં લઈ ગયા. અજીવ તો કોણ જાણે શાનેય માને છે ? અને અજીવ જ ના સમજાય તો જીવ તો સમજણમાં જ ક્યાંથી આવે ? ભગવાન હતા ત્યારે પણ આત્માનું લક્ષ બેઠેલું નહીં. લક્ષ બેસે પણ તે શબ્દબ્રહ્મનું લક્ષ બેસે અને તે તો ભૂલી કે ચૂકી પણ જવાય. વાંચેલા વર્ણનના શબ્દબ્રહ્મ અને જોયેલા બ્રહ્મની વાતમાં મોટો ફેર છે. વાંચેલા વર્ણનવાળા ખેતરનું લક્ષ યાદ રહે કે ના રહે, પણ જોયેલા ખેતરનું લક્ષ જાય નહીં. આ તો શુદ્ધબ્રહ્મ જોયું તેનો આનંદ રહે છે અમારા મહાત્માઓને.

સંયોગ બાઝયો ના હોત તો સમસરણ માર્ગ જ ના હોત ! આ તો સંયોગથી બિલીફ બદલાઈ અને તેથી જ તૃતીયમ્ જીવાત ઉત્પન્ન થઈ. અને તેથી તો અનંત શક્તિઓ આવરાઈ ગઈ. એ જીવાત જેવી રીતે ઉત્પન્ન થઈ તેવી જ રીતે આથમી જાય તો જ આત્મા છૂટો પડે. જ્ઞાની પુરુષ એ તો સમસરણ માર્ગનો અંત છે. એ છેલ્લું નિમિત્ત છે, મુક્તિનું-ધર્મપ્રાપ્તિનું !

જેણે આપ્યું ભાન નિજ, તેને આત્મ અભિનંદન,
રણકે ઘંટ - ઘંટડીઓ, જય સચ્ચિદાનંદ.

**જય સચ્ચિદાનંદ**

## સંપર્કસૂત્ર


**દાદા ભગવાન પરિવાર**

**અડાલજ** : **ત્રિમંદિર,** સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ, જી. ગાંધીનગર-૩૮૨૪૨૧. **ફોન :** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
**e-mail :** info@dadabhagwan.org

**અમદાવાદ** : **દાદા દર્શન,** ૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪. **ફોન:** (૦૭૯)૨૭૫૪૦૪૦૮, ૨૭૫૪૩૯૭૯

**રાજકોટ :** **ત્રિમંદિર,** અમદાવાદ-રાજકોટ હાઈવે, તરઘડીયા ચોકડી પાસે, માલિયાસણ, રાજકોટ. **ફોન :** ૯૨૭૪૧૧૧૩૯૩

**વડોદરા :** **દાદા મંદિર,** ૧૭, લક્ષ્મીકુંજ, દાદા ભગવાનની પોળ (મામાની પોળ), રાવપુરા પોલીસ સ્ટેશનની સામે, સલાટવાડા. **ફોન :** (૦૨૬૫)૨૪૧૪૧૪૨

| | |
|---|---|
| **અમરેલી :** ૯૪૨૬૯ ૮૫૬૩૮ | **મહેસાણા :** ૯૯૨૫૬૦૫૩૪૫ |
| **ભાવનગર :** ૯૮૨૪૨ ૪૮૭૮૯ | **ભાદરણ ત્રિમંદિર :** ૯૯૨૪૩૪૩૭૨૯ |
| **સુરેન્દ્રનગર :** ૯૮૭૯૨ ૩૨૮૭૭ | **વડોદરા :** ૯૮૨૫૦ ૩૨૯૦૧ |
| **પોરબંદર :** ૯૪૨૭૨ ૫૯૩૪૫ | **ભરૂચ :** ૯૯૭૪૭ ૦૫૦૬૬ |
| **જામનગર :** ૯૩૭૭૭ ૧૬૫૬૧ | **નડીયાદ :** ૯૭૨૩૩૯૪૫૭૮ |
| **જૂનાગઢ :** ૯૪૨૭૨ ૪૨૮૮૯ | **સુરત :** ૯૩૭૪૭ ૧૬૯૮૯ |
| **અંજાર :** ૯૯૨૪૩ ૦૪૦૧૪ | **વલસાડ :** ૯૮૨૪૧ ૦૦૯૬૧ |
| **ગાંધીધામ :** ૯૯૨૪૩ ૦૪૦૫૩ | **મુંબઈ :** ૯૩૨૩૫ ૨૮૯૦૧-૦૩ |
| **ભૂજ :** ૯૯૨૪૩ ૪૩૭૬૪ | **પૂના :** ૯૮૨૨૦ ૩૭૭૪૦ |
| **મોરબી :** ૯૪૨૬૯ ૩૨૪૩૬ | **બેંગ્લોર :** ૯૩૪૧૯૪૮૫૦૯ |
| **ગોધરા :** ૯૯૨૪૩ ૪૩૪૬૮ | **કોલકત્તા :** ૦૩૩-૩૨૯૩૩૮૮૫ |

**U.S.A.** : **Dada Bhagwan Vignan Institue : Dr. Bachu Amin,** 100, SW Redbud Lane, Topeka, Kansas 66606, U.S.A.
**Tel :** 785-271-0869, **E-mail :** bamin@cox.net
**Dr. Shirish Patel Tel. :** 951-734-4715,

**U.K.** : **Dada Centre** 236 Kingsbury Road (Above Kigsbury Printers), Kingsbury, London, NW9 0BH Tel. : 07956476253, E-mail: dadabhagwan_uk@yahoo.com

**Canada:**+1416-675-3543; **Australia:** +61421127947; **Dubai :** +971506754832
**Singapore :** +6581129229; **Malaysia :** 126420710

**Website : www.dadabhagwan.org & www.dadashri.org**